શ્રી કુમારપાળ ચરિત્ર

KUMARPAL CHARITRA

PART–1

Acharya Shree
AJITA SAGAR SURISWARJI MAHARAJ

Place of Publication :
Shree Mahudi (Madhupuri) Jain S. M. P.
Trust Mahudi
Ta. Vijapur. (N.G.)

(C) Copyright reserved

Second Edition 1988
Vir Savant : 2514
V. S. 2044

PRICE : Rs. 20-00

Linotype Setting by :
Navnitbhai J. Mehta
Sagar Printers
Relief Road,
Ahmedabad-1.

Printed by :
Pooja Printers & Traders
Mahendikuwa, Shahpur,
Ahmedabad-380 001.

મહાકવિ
શ્રીજયસિંહસૂરિ
પ્રણીત

શ્રી કુમારપાળ ચરિત્ર

આચાર્યશ્રીમદ્
અજિતસાગર સૂરીશ્વરજી
મહારાજ

પ્રકાશક, પ્રાપ્તિસ્થાન :
શ્રી મહુડી (મધુપુરી) જૈન શ્વે. મૂ. પૂ. ટ્રસ્ટ
મહુડી
તા. વિજાપુર (ઉ. ગુ.)

(c) સર્વહક્ક પ્રકાશકને સ્વાધીન.

દ્વિતીય આવૃત્તિ
વીર સંવત ૨૫૧૪
વિ. સં. ૨૦૪૪
સને ૧૯૮૮

કિંમત :
૨૦–૦૦

મુદ્રક સહકાર :
નવનીતભાઈ જે. મહેતા
સાગર પ્રીન્ટર્સ
પાદશાહની પોળ, મોદીનું ડહેલું,
રીલીફરોડ, અમદાવાદ–૧

મુદ્રક :
નવપ્રભાત પ્રીન્ટીંગ પ્રેસ
ઘીકાંટા રોડ, નોવેલ્ટી સીનેમા પાસે,
અમદાવાદ-૩૮૦૦૦૧

શાસન સમ્રાટ ભુવન
ક્રમાંક 007816
તારીખ 09.03
વાડી, અમદાવાદ.

પરમ પૂજ્ય
યોગનિષ્ઠ આચાર્ય ભગવંત
શ્રીમદ્ બુધ્ધિસાગર સૂરીશ્વરજી મ.સા.



જન્મ: વિ.સં. ૧૯૩૦ મહા વદ ૧૪ વિજાપુર
દીક્ષા: વિ.સં. ૧૯૫૭ માગસર સુદ ૬ પાલનપુર
આ.પદ: વિ.સં. ૧૯૭૦ મહાસુદ ૧૫ પેથાપુર
નિર્વાણ: વિ.સં. ૧૯૮૧ જેઠ વદ ૩ વિજાપુર

પરમ પૂજ્ય, શાસન પ્રભાવક,
પ્રસિદ્ધવક્તા, આચાર્ય ભગવન્ત
શ્રીમદ્ અજીતસાગર સૂરીશ્વરજી મ.સા.



જન્મ સંવત ૧૯૪૨ પોષસુદ ૫ બારા
દીક્ષા સંવત ૧૯૬૫ જેઠ વદ ૧૧ અમદાવાદ
પન્યાસપદ સંવત ૧૯૭૨ માગશર સુદ ૫ સાણંદ
આચાર્યપદ સંવત ૧૯૮૦ મહા સુદ ૧૦ પ્રાંતીજ
સ્વર્ગવાસ સંવત ૧૯૮૫ આસોસુદ ૩ વિજાપુર

પાવનચરણે
અર્પણ

યોગનિષ્ઠ, અધ્યાત્મજ્ઞાનદિવાકર, શાસ્ત્રવિશારદ, જૈનાચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી સદ્ગુરૂદેવ !

પૂર્વાચાર્યોની પદ્ધતિને આપે આધ્યાત્મિક ૧૫૦ ગ્રંથો રચી અનેકધા દીપાવી છે,

જૈન તથા જૈનેતર સાક્ષરવર્ગને આપની રચેલી ગ્રંથમાળા સદોદિત અમંદ આનંદ અર્પી રહી છે.

આપના સદ્ગુણોનું સ્મરણ કરતાં કયા સજ્જનોને આનંદ ન થાય ?

આપે જે અનર્ઘ્ય જ્ઞાનદાનવડે મને ઋણી બનાવ્યો છે,

તેના સ્મરણથી પ્રેરાઈ હું પૂર્વાચાર્ય પ્રણીત રાજર્ષિ શ્રીકુમારપાલ ચરિત્રનો અનુવાદ રચી આપના ચરણકમળમાં સમર્પણ કરી અંતઃકરણપૂર્વક અલ્પાંશે અનૃણત્વની અભિલાષા રાખું છું.

ચરણોપાસક
અજિત

પ્રસ્તાવના

स्तुमस्त्रिसंध्यं प्रभुहेमसूरे-रनन्यतुल्यामुपदेशशक्तिम् ।
अतीन्द्रियज्ञानविवर्जितोऽपि, यःक्षोणिभर्त्तुर्व्यधित प्रबोधम् ॥१॥

પ્રાચીન મહાન્ વિદ્વાન્ જૈનાચાર્યોએ રચેલો જૈન સાહિત્યરત્નાકર એટલો બધો વિશાલ અને ગહન છે કે, જેમ જેમ તેનું અવગાહન કરવામાં આવે છે, તેમ તેમ તેમાંથી અપૂર્વ ગ્રંથરત્નો દૃષ્ટિગોચર થાય છે.

આ જૈન સાહિત્યસાગરનો સુગમતાથી પાર પામવા માટે પ્રાચીન વિદ્વાનોએ (૧) દ્રવ્યાનુયોગ, (૨) ચરણકરણાનુયોગ, (૩) ગણિતાનુયોગ, (૪) કથાનુયોગ એ ચાર વિભાગરૂપ નૌકાઓ તૈયાર કરેલી છે.

આ ચાર પૈકીમાં જૈનકથાસાહિત્ય પ્રમાણમાં અતિવિશાલ છે. પ્રાકૃત, સંસ્કૃત, અપભ્રંશ અને ગુજરાતિ વિગેરે ભાષાઓમાં લખાએલા સેંકડો ગ્રંથો સાંપ્રતકાળમાં વિદ્યમાન છે. જેથી લોકોમાં અદ્યાપિ ધર્મની જાગૃતિ અવિચ્છિન્ન રીતે પ્રવૃત્તિ રહી છે.

ધર્મ અને સમાજની ઉન્નતિ માટે સાહિત્ય એ એક સર્વોત્તમ સાધન છે. સાહિત્યની વૃદ્ધિમાં સામાજીક ઉન્નતિ સમાયેલી છે.

સમાજના અભ્યુદય માટે પરમપવિત્ર ધર્મ પ્રચારક પૂર્વાચાર્યો તેમજ ધર્મ પ્રભાવક રાજા મહારાજાઓ, વીરપુરૂષો, સમાજના અગ્રગણ્ય નેતાઓ, દાનવીર શ્રીમંતો અને દેશના સાચા હિતચિંતકોનાં સત્ય જીવનચરિત્રો ઐતિહાસિક દૃષ્ટિએ લખાયેલાં છે.

બુદ્ધિમાન પુરુષો પોતાની બુદ્ધિનો વૈભવ લોકોપકારમાં જ સફલ માને છે. આપણને આપણા પૂજ્ય આચાર્યો સાહિત્ય સમૃદ્ધિનો મોટો ફાળો આપી ગયા છે. તેમના આપણે ઋણી છીએ, માત્ર બુદ્ધિમાન પુરુષો તેમનું પઠનપાઠન કરી ચરિતાર્થ કરે છે.

હાલમાં પણ તેવી જ રીતે કેટલાક વિદ્વાન આચાર્યો સાહિત્ય વૃદ્ધિ તેમજ સમાજના હિત માટે અનેક શુભકાર્યો કરે છે, તે બહુ પ્રશંસનીય છે.

દેશ ધર્મ સમાજમાં જ્યારે અજ્ઞાનતા પ્રસરે છે, ત્યારે સમાજના ઉદ્ધાર માટે પ્રભાવિક પુરૂષો ઉત્પન્ન થાય છે.

यदा यदा हि धर्मस्य, ग्लानिर्भवति भूतले ।
तदा तदा भवत्येव, महापुरुषसंभवः ॥ १ ॥

જગતમાં જ્યારે જ્યારે ધર્મની હાનિ થાય છે, ત્યારે ત્યારે મહાન પુરુષોનો અવશ્ય જન્મ થાય છે.” વળી તે મહાત્માઓ પોતાની સદ્બુદ્ધિના પ્રભાવથી અનેક પ્રકારનાં સાહિત્ય પ્રગટ કરી જનસમાજને સન્માર્ગે પ્રવર્તાવે છે. તેવા મહાપુરુષોનું જીવન ચરિત્ર આદર્શભૂત ગણી શકાય.

જૈનશાસન પ્રભાવક સકલ શાસ્ત્રનિષ્ણાત, ન્યાય, વ્યાકરણ, કોષ, કાવ્ય, છંદોલંકાર, ચંપૂ અને નાટકાદિ વિવિધ ગ્રંથ પ્રણેતા, ધર્મધુરંધર, પ્રાકૃત ભાષાના ઉત્પાદક પાણિનિ સમાન જૂની ગુજરાતી ભાષાના આદ્યપ્રવર્ત્તક કલિકાલ સર્વજ્ઞ શ્રીમાન હેમચંદ્રાચાર્ય તથા પરમશ્રદ્ધાલુ તેમના પરમભક્ત પરમાર્હત ધર્માત્મા ચૌલુકયચૂડામણિ ગુર્જરેંદ્ર રાજર્ષિશ્રીકુમારપાલ ભૂપતિના પવિત્ર અને મનોરંજક અતિ ઉત્તમ જીવન ચરિત્રના સંબંધમાં અનેક જૈન વિદ્વાનોએ અનેક ગ્રંથોની રચના કરી છે. તેમાં ઉપરોકત મહાપુરુષોના જીવન સંબંધી પરમપવિત્ર આદર્શ આલેખવામાં આવ્યા છે. તેઓ આત્મિક ઉન્નતિ સાધવામાં અતીવ સહાયકારક થાય છે.

શ્રીહેમચંદ્રસૂરિ અને શ્રીકુમારપાલનરેશના સંબંધમાં રચાયેલા હાલમાં મળી આવતા ગ્રંથોની યાદી તથા ગ્રંથ પ્રણેતાઓનાં નામ નિર્દેશ નીચે મુજબ છે.

(૧) **કુમારપાલ પ્રતિબોધ** (હેમકુમાર ચરિત્ર) કર્તા શતાર્થી સોમપ્રભાચાર્ય રચના સમય વિ. સંવત ૧૧૪૧–

શ્લોક સંખ્યા લગભગ (૯૦૦૦)

આ ગ્રંથ રાજર્ષિ શ્રીકુમારપાલના સ્વર્ગવાસ પછી (૧૧) વર્ષે લખવામાં આવ્યો છે.

(૨) **મોહ પરાજય નાટક.** કર્તા, અજયપાલ નરેશના મંત્રી યશઃપાલ

રાજર્ષિ શ્રી કુમારપાલે વિ. સં. ૧૨૧૬ માર્ગશીર્ષ સુદિ દ્વિતીયાના દિવસે જૈનધર્મનો સ્વીકાર કર્યો, તેનું વર્ણન આ ગ્રંથમાં આપેલું છે.

ગ્રંથ રચના તેમના વ્રત સ્વીકારવાના સંવત્સરથી (૧૬) વર્ષની અંદર થયેલી જણાય છે.

(૩) **પ્રબંધ ચિંતામણિ** કર્તા શ્રીમેરૂતુંગાચાર્ય

આ ગ્રંથ ઐતિહાસિક ઘટનાઓથી ભરપુર છે, રાજશેખર કૃત રાજતરંગિણીની જેમ સંસ્કૃત ગદ્યમાં લખાયેલો છે. આધુનિક વિદ્વાનો આ ગ્રંથને અન્ય ઐતિહાસિક ગ્રંથોની અપેક્ષાએ અધિક પ્રમાણભૂત માને છે.

ગુજરાતના ઇતિહાસ માટે આ એક જ ગ્રંથ આધારભુત છે. બંગાલ રોયલ એસિયાટિકસોસાઈટી તરફથી અંગ્રેજીમાં આ ગ્રંથનો અનુવાદ પ્રગટ કરવામાં આવ્યો છે.

આ ગ્રંથના અંતમાં મહારાજા શ્રીકુમારપાળ તથા શ્રીમાન હેમચંદ્રસૂરિનું સવિસ્તર વર્ણન આપવામાં આવ્યું છે. વિ. સં. ૧૩૬૧ ના ફાગણ સુદિ (૧૫) ના દિવસે સૌરાષ્ટ્રના સુપ્રસિદ્ધ વઢવાણ શહેરમાં આ ગ્રંથની સમાપ્તિ થઈ છે.

(૪) **પ્રભાવક ચરિત્ર** કર્તા શ્રીપ્રભાચંદ્રાચાર્ય.

આ ચારિત્રની અંદર જૈનધર્મ પ્રભાવક અનેક મહાપુરુષોનાં જીવન ચરિત્રો આપવામાં આવ્યાં છે. તે સર્વ પદ્યમય સંસ્કૃત ભાષામાં રચેલાં છે. કાવ્યકૃતિ અતિ અદ્‌ભુત છે.

આ ગ્રંથમાં (૨૩) પૂર્વાચાર્યોનું વર્ણન આપવામાં આવ્યું છે. છેવટમાં શ્રીમાન હેમચંદ્રાચાર્યનું જીવન વૃત્તાંત સવિસ્તર આપેલું છે.

ગ્રંથ રચના વિ. સં. ૧૩૩૪માં થયેલી છે, એમ પોતે ગ્રંથકર્તા લખે છે

वेदानलशिखिशशधर–वर्षे चैत्रस्य धवलसप्तम्याम् ।
शुक्रे पुनर्वसुदिने, संपूर्णं पूर्वर्षिचरितम् ॥"

શ્રીમાન્ પ્રદ્યુમ્નસૂરિ સંશોધિત આ ગ્રંથ નિર્ણયસાગર પ્રેસમાં મુદ્રિત છે.

(૫) **કુમારપાલ ચરિત્ર** આ ચરિત્ર ગ્રંથની કૃષ્ણર્ષિય ગચ્છના શ્રીમહેંદ્ર સૂરિના વિદ્વાન શિષ્ય ષડ્‌ભાષા ચક્રવર્તી. શ્રીજયસિંહસૂરિએ ૧૪૨૨ માં રચના કરી છે. એમણે **ન્યાયસાર**ની ટીકા અને નવીન **વ્યાકરણ**ની રચના પણ કરી છે. આ પ્રસ્તુત કુમારપાલચરિત્રનું ભાષાન્તર અમારા તરફથી કરવામાં આવ્યું છે.

(૬) **કુમારપાલ ચરિત્ર**, કર્તા શ્રીસોમતિલકસૂરિ

(૭) **કુમારપાલ ચરિત્ર** કર્તા શ્રીચારિત્રસુંદરગણિ

(૮) **કુમારપાલ ચરિત્ર** (પ્રાકૃત) શ્રીહરિશ્ચંદ્ર વિરચિત.

(૯) **કુમારપાલ પ્રબંધ** કર્તા શ્રીજિનમંડનગણિ.

વિ. સં. ૧૪૯૨ માં, તપાગચ્છાચાર્ય શ્રીસોમસુંદરસૂરિના સુપ્રસિદ્ધ વિદ્વાન્ શિષ્ય **જિનમંડન** ગણિએ આ ગ્રંથની રચના સરલ ગદ્ય પદ્યાત્મક સંસ્કૃત ભાષામાં કરી છે. કોઈ કોઈ ઠેકાણે પ્રસંગોપાત્ત પ્રાકૃત પદ્ય પણ આપવામાં આવ્યાં છે.

આ ગ્રંથનો ચરિત્રાત્મક વિભાગ કેવલ કવિની કલ્પનામય નથી. પરંતુ યથાર્થ ઐતિહાસિક ઘટનાને અનુસરતો છે.

આ પ્રબંધને પ્રમાણભૂત અને લોકોપયોગી સમજી સાહિત્યપ્રિય મહારાજાશ્રી સયાજીરાવ ગાયકવાડ–વડોદરા નરેશે ગુજરાતી ભાષામાં અનુવાદ કરાવી રાજ્ય તરફથી છપાવી પ્રસિદ્ધ કર્યો છે.

આ ગ્રંથમાં ગુજરાતમાં ઇતિહાસની ઘણી ઉપયોગી વસ્તુઓ દાખલ કરવામાં આવી છે. અણહિલ્લપુર–પાટણની સ્થાપના વિ. સં. (૮૦૨) તેમજ મહારાજાશ્રી કુમારપાળની વિ. સં. ૧૨૩૦ સુધી ગુર્જર રાજ્ય પ્રવૃત્તિ વિગેરેનું સંક્ષેપથી વર્ણન કરવામાં આવ્યું છે.

સિદ્ધરાજ જયસિંહનો બંગાલાના મહોબકપુર–મહોત્સવપુરના અધિપતિ મદનવર્મા નરેશ સાથે સમાગમ હોવાનો ઉલ્લેખ પણ આ ગ્રંથમાંથી મળી આવે છે. તેજ ઉલ્લેખ જનરલ કનિંગહામના હિંદુસ્તાનની પ્રાચીન ભૂગોળવાળી હકીકતને પુષ્ટ કરે છે,

(૧૦) **ચતુર્વિંશતિ પ્રબંધ.** કર્તા શ્રીરાજશેખરસૂરિ રચનાસમય વિ. સં. ૧૪૦૫.

(૧૧) **કુમારપાળરાસ,** ગુર્જર કર્તા ભાષામાં શ્રીજિનહર્ષકવિ

(૧૨) **કુમારપાળરાસ,** શ્રેષ્ઠિવર્ય શ્રીઋષભદાસ વિરચિત.

આ ઉપરાંત વિવિધ **તીર્થકલ્પ, ઉપદેશપ્રાસાદ, ઉપદેશતરંગિણી** આદિ અનેક ગ્રંથોમાં ઉપરોક્ત મહાપુરુષોનું વર્ણવેલું જીવન વૃત્તાંત જોવામાં આવે છે. પ્રસ્તુત ગ્રંથના મુખ્ય નાયક શ્રીકુમારપાળભૂપાળ છે. માટે તેમના વંશનું સંક્ષિપ્ત વર્ણન અહીં આપવું તે અસ્થાને ન જ ગણાય.

ચૌલુક્યવંશ

ચુલુક એટલે ખોબલો અર્થાત્ સંધ્યા સમયે સૂર્યને અર્ઘ્ય આપતા કોઈ કોઈ મહાપુરુષની અંજલિમાંથી જે વીરપુરુષ પ્રગટ થયો, તે ચુલુક્ય નામે કૃષ્ણ-સમાન સુપ્રસિદ્ધ રાજા થયો. તેના વંશમાં જે રાજાઓ થયા તે ચૌલુક્ય નામથી પ્રસિદ્ધ થયા. આ વૃત્તાંત **વિક્રમાંકદેવ ચરિત્રના** પ્રારંભમાં પણ દર્શાવેલ છે.

દ્વયાશ્રય મહાકાવ્યના સોળમા સર્ગમાં **પરમાર** શબ્દની ટીકા કરતાં ટીકાકાર લખે છે કે, વિશ્વામિત્રની સાથે વશિષ્ઠઋષિને કામદુધા સંબંધી જ્યારે લડાઈ થઈ, ત્યારે વશિષ્ઠે પર–શત્રુને **માર**–મારનારો જે યોદ્ધો ઉત્પન્ન કર્યો, તે **પરમાર** થયો. તેના વંશજો તે નામથી પ્રસિદ્ધ થયા.

એ પરમાર વંશમાં ચાલુક્યવંશનો સમાવેશ થાય છે, તેમ પ્રાચીન પરંપરાએ જોતાં ચેદિરાજાએ કહેલાં વાક્યોના આધારે આ વંશનું મૂળ કારણ સોમવંશ પણ સમજાય છે, એમ કુત્રચિત્ ઉલ્લેખ જોવામાં આવે છે.

ચૌલુક્યવંશનો આદ્યપુરુષ તેમજ ગુરુ તરીકે **ભારદ્વાજ** હશે. એમ પણ દ્વ્યાશ્રયમાં છઠ્ઠા સર્ગના સાતમા શ્લોકની ટીકા ઉપરથી સૂચિત થાય છે. વસ્તુતઃ ચૌલુક્ય વંશનો આદ્યપુરુષ **ચુલુક્ય** થયો, જેની અંદર ધૈર્ય, ગાંભીર્ય ઔદાર્ય, ચાતુર્ય અને શૌર્યાદિ અનેક-ગુણો જગત્માં ભ્રમણ કરી થાકી ગયા હોય ને શું ? તેમ ચિરકાલ વિશ્રાંતિ; માટે સ્થિર થયા હતા.

મધુપદ્મ નામે નગરમાં તેણે રાજ્ય સ્થાપન કર્યું હતું. તેના નામથી તેના વંશજો ચૌલુક્ય સંજ્ઞાધારક થયા. તેમજ તે મહાપુરુષના વંશમાં અનુક્રમે **વિક્રમ**રાજા થયો. જેણે શંકરથી સુવર્ણસિદ્ધિ મેળવી અનેક દાનોવડે જગત્ને ઋણમુકત કર્યું અને સમુદ્ર પર્યંત પોતાનો સંવત્સર પ્રવર્તાવ્યો હતો. તેનો પુત્ર મહાપ્રભાવિક હરિ વિક્રમ થયો. તેના પછી અનુક્રમે મહાપરાક્રમી (૮૫) રાજાઓ થયા.

ત્યારબાદ ન્યાયપ્રિય રામચંદ્ર સમાન **રામરાજા** થયો. ત્યારબાદ ત્રણલાખ ઘોડાઓના અધિપતિ શકાધિરાજને પદાતિની માફક હણીને આખી દુનિયામાં વિખ્યાત **સહજરામ** ભૂપતિ થયો.

તેનો પુત્ર કુબેરસમાન દેદીપ્યમાન દડક્ક નામે રાજા થયો, જેણે પિપાસ નામે મંડલેશ્વરને પોતાના સ્વાધીન કર્યો હતો. ત્યારબાદ તેની રાજગાદીએ મહાદાનેશ્વરી **કાંચીવ્યાલ** નામે રાજા થયો,

તેના પછી ચક્રવર્તી સમાન સંગ્રામજિત એવો રાજાભૂપતિ થયો. જેણે ગુર્જરાધિપતિ **સામંતસિંહ**રાજાની બહેન લીલાદેવી સાથે લગ્ન કર્યું હતું.

તેનો પુત્ર મૂળરાજ પ્રસિદ્ધ અને સંપૂર્ણ લક્ષ્મીવાન થયો. વળી તે અયોનિજ-માતાના અકાલ મૃત્યુથી ઉદર ચીરીને કાઢેલ હોવાથી સજ્જનોને ચમત્કારજનક થયો.

જેણે બહુ પરાક્રમી **સામંતસિંહ** નામે પોતાના મામાને ઉત્કટ શક્તિવડે હણીને **ગુર્જર**દેશનું રાજ્ય મેળવ્યું. તેમજ તેણે સોમનાથના પ્રભાવથી રણસંગ્રામમાં કટીબદ્ધ થઈ સૌરાષ્ટ્રના **ગ્રહરિપુ** અને કચ્છ દેશના **લક્ષ**રાજાને તેમની દુષ્ટતાને લીધે નિર્મૂળ કર્યા હતા. તેમજ તેણે વિ. સં. ૯૯૩ થી ૧૦૫૨ વર્ષ સુધી રાજ્ય ચલાવ્યું હતું.

ત્યાર બાદ **ચામુંડરાજ** નામે રાજા થયો. જેણે ચામુંડાદેવીના વરદાનથી મદોન્મત્ત થયેલા સિંધુરાજ નામે રાજાને માર્યો હતો. વિ. સં. ૧૦૫૨ થી ૧૦૬૬ સુધી તેણે રાજ્ય ભોગવ્યું.

તેનો પુત્ર **વલ્લભરાજ** થયો. જેણે અવંતિપતિ મુંજરાજને બહુ દુઃખી કર્યો હતો. છ માસ સુધી તેણે રાજ્ય પાલન કર્યું.

ત્યારબાદ તેની ગાદીએ **દુર્લભરાજ** નામે રાજા થયો. જેણે લાટદેશના નરેશનો પરાજય કરી પૃથ્વી સહિત તેની સર્વ સંપત્તિ પોતાના સ્વાધીન કરી હતી. વિ. સં. ૧૦૬૬ થી ૧૦૭૨ સુધી રાજ્યભોકતા તે થયો.

ત્યાર પછી (૮) વર્ષ સુધી રાજ્ય વ્યવસ્થા નાગરાજ ભૂપતિએ ચલાવી.

ત્યારબાદ નાગરાજનો પુત્ર **ભીમદેવ૧** રાજ્યાધિપતિ થયો. જેના મહિમારૂપ હિમના આગમનથી ભોજરાજાનું મુખકમળ કરમાઈ ગયું હતું. વિ.સં. ૧૦૮૦થી (૧૧૨૦) સુધી તે રાજ્યપાલક થયો.

ભીમદેવને **ક્ષેમરાજ** અને નાનો **કર્ણરાજ** એમ બે પુત્ર હતા

બન્નેની માતાઓ ભિન્ન હતી. કર્ણરાજ કર્ણ સમાન બહુ પરાક્રમી હતો,

પોતાના પિતાના વચનથી ક્ષેમરાજે કર્ણરાજને રાજ્ય આપ્યું. વિ. સં. ૧૧૨૦ થી ૧૧૫૦ સુધી તેણે રાજ્ય કર્યું. ક્ષેમરાજના પુત્ર દેવપ્રસાદને **દધિ-સ્થલીનું** રાજ્ય આપ્યું. તેનો પુત્ર **ત્રિભુવનપાલ** થયો.

કર્ણરાજને **મયણલ્લા** નામે રાણી હતી. તેણીને **જયસિંહ** નામે એક પુત્ર થયો. તે બહુ ન્યાયી હતો. જેણે બાર વર્ષ સુધી પ્રચંડ સૈન્યવડે યુદ્ધ કરી પોતાના પટ્ટહસ્તિવડે નગરનું પૂર્વ દ્વાર તોડીને ધારાનગરીને ઉચ્છિન્ન કરી હતી.

તેમજ તેણે નરવર્મા, તેનો પુત્ર યશોવર્મા અને મહોબક નગરના અધિપતિ વિગેરે રાજાઓનો પરાજય કર્યો હતો. પાટણમાં પૂર્ણિમાના ચંદ્રસમાન મનોહર એક સરોવર બંધાવ્યું હતું. અનેક કીર્તિસ્તંભો સ્થાપન કરી જેણે બર્બર નામે દુષ્ટ અસુરનો પરાજય કરી સિદ્ધ ચક્રવર્તી એવું બિરૂદ સંપાદન કર્યું હતું.

સિદ્ધરાજ ભૂપતિએ વિ. સં. ૧૧૫૦ થી ૧૧૯૯ સુધી આરામિક ઉદ્યાનને જેમ પૃથ્વીનું પાલન કર્યું હતું.

સંવત ૧૧૯૬ ના તેના દોહદમાં મળેલા લેખનથી જણાય છે કે તેણે સૌરાષ્ટ્ર અને માળવાના રાજાઓને કેદ કર્યા હતા. સિંધુરાજ અને બીજા કેટલાક રાજાઓનો નાશ કર્યો હતો. તેમજ ઉત્તરદેશના રાજાઓ તેની આજ્ઞા માનતા

---

૧ દ્વયાશ્રય કાવ્યની ટીકાની અંતે આપેલી ટીપ પ્રમાણે ભીમદેવનો પિતા નાગરાજ છે. અને પ્રસ્તુત ચરિત્રમાં તેને દુર્લભરાજનો પુત્ર કહ્યો છે.

હતા. કચ્છમાં ભદ્રેશ્વર સંવત્ ૧૧૯૫ના શિલાલેખ ઉપરથી કચ્છ પ્રાંત તેના તાબામાં હતો. એમ જણાય છે.

આ ઉપરથી સ્પષ્ટ થાય છે કે, સિદ્ધરાજ જયસિંહે પિતૃ પ્રાપ્ત રાજ્ય અણહિલવાડ પાટણનો બહુ જ વિસ્તાર કર્યો. કેટલાક પ્રબલ રાજાઓને માંડલિક બનાવ્યા. ચૌલુક્ય વંશમાં મહા સમ્રાટોના બિરૂદો પ્રથમ જયસિંહને જ લગાડવામાં આવ્યા છે.

મહારાજાધિરાજ, પરમેશ્વર, પરમ ભટ્ટારક, અવંતીનાથ, ત્રિભુવનગંડ સિદ્ધચક્રવર્તી, બર્બરજિષ્ણુ વિગેરે વિશેષણો તેના નામ સાથે જોડાયેલાં એમ લેખોમાં મળી આવે છે.

આચાર્ય શ્રી હેમચંદ્રસૂરિ

કોટીગણ અને વજ્ર શાખાવડે સુશોભિત ચંદ્રગચ્છમાં શુદ્ધ ચારિત્રધારી શ્રીદત્તસૂરિ થયા. જેમનો વાણી વિલાસ બહુ જ રસિક હતો. તેમના શિષ્ય યશોભદ્રસૂરિ થયા. જ્ઞાનના અતિશયથી પોતાનો મૃત્યુ સમય જાણી ગિરનાર પર્વતપર તેઓ ગયા. ત્યાં સમાધિ પૂર્વક તેમણે સ્વર્ગવાસ કર્યો.

તેમની પાટે વિશાળ બુદ્ધિમાન પ્રદ્યુમ્નસૂરિ થયા. પોતાના અભિધાનની ઈર્ષ્યાની જેમ તેમણે કામનો પરાજય કર્યો હતો. તેમની ગુણશ્રીને ધારણ કરનાર ગુણસેનસૂરિ થયા.

તેમના શિષ્ય દેવચંદ્રસૂરિ થયા. જેમના ગુણ કીર્તનથી દેવતાઓ પણ વિરમતા નહોતા. જેમના રચેલા ગ્રંથો સ્થાનાંગસૂત્ર વૃત્તિ, શ્રી શાંતિનાથ ચરિત્ર આદિ અનેક ગ્રંથો મૂર્તિમાન જ્ઞાનાંશની માફક ખ્યાતિ ધરાવે છે.

તેમના જૈનશાસનપ્રભાવકશિષ્ય સકલશાસ્ત્રનિષ્ણાત શ્રી હેમચંદ્રાચાર્ય થયા. તેમનો જન્મ ધંધુકા નગરમાં મોઢજ્ઞાતીય ચાચીગ શ્રેષ્ઠીને ત્યાં પાહિની માતાની કુક્ષિથી વિ. સં. ૧૧૪૫ ના કાર્તિક સુદી ૧૫ થયો હતો. તેમનું નામ ચંગદેવ હતું.

ખંભાત નગરમાં વિ. સં. ૧૧૫૪ માઘ શુકલ ચતુર્દશી શનિવારે શુભયોગમાં નવ વર્ષની ઉંમરે ચંગદેવને દેવચંદ્રસૂરિએ દીક્ષા આપી હતી.

દીક્ષા સમયે ઉજ્જવળ બુદ્ધિ હોવાથી સોમચંદ્ર નામ રાખવામાં આવ્યું હતું. ઉદયનમંત્રીએ બહુ ઉત્સાહથી દીક્ષા મહોત્સવ કર્યો હતો.

તીવ્રબુદ્ધિનાયોગથી સોમચંદ્રમુનિ સ્વલ્પ સમયમાં સકલ શાસ્ત્રના પારગામી અને સર્વ પંડિતોમાં અગ્રગણ્ય થયા. તેમજ સરસ્વતી દેવીની પ્રસન્નતાથી અનેક ચમત્કારી વિદ્યાઓ-કલાઓ પ્રાપ્ત કરી. યોગશક્તિના પ્રભાવથી સર્વ ઇંદ્રિયો તેમના સ્વાધીન હતી.

તેમનું મનોબળ એટલું બધું પ્રબલ હતું કે, કોઈપણ પદાર્થ તેમને અસાધ્ય નહોતો. તેમજ કોઈપણ વ્યક્તિ તેમને વક્રદૃષ્ટિથી જોઈ શકતી નહોતી. એમ અનેક ગુણોથી વિરાજીત સોમચંદ્રમુનિને જોઇ પોતાના ગુરુ બહુ પ્રસન્ન થયાં. તેમજ તેમની જ્ઞાન શક્તિ, ચારિત્રની ઉત્કૃષ્ટતા અને અપૂર્વ વિદ્યા શક્તિથી સર્વ સંઘમાં બહુ આનંદ પ્રસર્યો.

દરેક જૈન સંઘના અતિ આગ્રહથી શાસનની ઉન્નતિ જાણી **શ્રી દેવચંદ્રસૂરિએ નાગપુરમાં વિ. સં. ૧૧૬૬ માઘ શુદિ ૩ ગુરુવારે તેમને આચાર્ય પદવી આપી. તે સમયે તેમનું હેમચંદ્રસૂરિ એવું નામ પ્રસિદ્ધ થયું.**

શ્રીમદ્ હેમચંદ્રસૂરિએ પ્રતિજ્ઞા કરી કે, આ જગતમાં સર્વત્ર જૈન ધર્મનો પ્રચાર કરવો. પરંતુ જ્યાં સુધી રાજા મહારાજા કોઈ ધર્મનેતા ન થાય, ત્યાં સુધી તે પ્રતિજ્ઞા સંપૂર્ણ સિદ્ધ થઈ શકે નહિ.

એમ ધારી ભવ્યજનોને ઉપદેશ આપતા પોતે પાટણમાં આવ્યા.

એક દિવસ સિદ્ધરાજ ભુપતિ ઘોડેસ્વાર સાથે રાજપાટીએ ફરવા નીકળ્યો. રાજમાર્ગમાં સામા આવતા સૂરીશ્વર તેની દૃષ્ટિગોચર થયા. તેમની અદ્‌ભુત અને અતિ તેજસ્વી મૂર્તિ જોઇ રાજા પોતાના મનમાં ચકિત થઈ ગયો. હાથીને સ્થિર કરી તેણે આચાર્ય મહારાજને વિનયપૂર્વક કહ્યું, હે મુનીંદ્ર! સમયોચિત વચનામૃતનું પાન કરાવો. આચાર્ય મહારાજ બોલ્યા.

सिद्धराज ! गजराजमुच्चकैः, कारय प्रसरमेतमग्रतः ।
संत्रसन्तु हरितां मतङ्गजा-स्तैः किमद्य भवतैव भूर्धृता ॥१॥

'સિદ્ધરાજ નરેશ! આ ગજેંદ્રને તું આગળ ચલાવ. દિશાઓના હાથીઓ ત્રાસ પામી ભલે ચાલ્યા જાય, તેઓની હવે કંઈપણ જરૂર નથી, કારણ કે, ખરેખર આ પૃથ્વીને તેં જ ધારણ કરેલી છે.''

એ પ્રમાણે અતિ અદ્‌ભુતવાણી સાંભળી પોતાના મનમાં ચમત્કાર પામી વિનીત થઈ રાજાએ કહ્યું હે પ્રભો! હંમેશાં આપશ્રીએ મારી પાસે કૃપા કરી પધારવું. એમ કહી રાજા સૂરીશ્વરના ગુણોનું સ્મરણ કરતો આગળ ચાલતો થયો.

નરેંદ્રની ધર્મજિજ્ઞાસા

ત્યારબાદ આચાર્ય મહારાજ રાજસભામાં ગુર્જરેશ્વર પાસે જવા લાગ્યા. સિદ્ધરાજના હૃદયમાં ધર્મજિજ્ઞાસા પ્રગટ થઈ. જેથી તેણે ષટ્દર્શનના વિદ્વાનોને પોતાની સભામાં બોલાવ્યા. પોતપોતાના મતનું પ્રતિપાદન કરતા દર્શનકારોના વિરૂદ્ધ વાદને સાંભળી રાજાનું મન સંશયમાં પડયું. સત્યાસત્યના નિર્ણય માટે ભૂપતિએ શ્રીહેમચંદ્રસૂરિને પૂછયું, પ્રભો ! સર્વજ્ઞભગવાને પ્રરૂપેલા ધર્મના આપ જ્ઞાતા છો. આપને કોઈપર રાગદ્વેષ નથી. માટે યથાસ્થિત સત્ય ધર્મનું સ્વરૂપ મને સમજાવો.

આચાર્ય મહારાજે પુરાણોકત શંખશ્રેષ્ઠી અને તેની સ્ત્રી યશોમતી તથા અન્ય નવીન સ્ત્રીના દૃષ્ટાંતથી સત્યધર્મનું સ્વરૂપ પ્રતિપાદન કર્યું. આ કથા પૃષ્ઠ (૨૯) થી (૩૩) સુધી પ્રસ્તુત ચરિત્રમાં આપેલી છે.

પુનઃ તેણે સામાન્ય ધર્મ વિષે પૂચ્છયું, ત્યારે આચાર્ય મહારાજે કહ્યું, રાજન્ ! સર્વ ધર્મનું મૂળ દયા છે, સર્વ પ્રાણીઓને હિતકર તેમ જ દુષ્કર્મોને પ્રતિકુળ એવો મુખ્ય ધર્મ દયારૂપ ગણવામાં આવ્યો છે. કારણકે, મેઘવિના વૃષ્ટિ, બીજવિના અંકુર અને સુર્યવિના દિવસનો જેમ અસંભવ હોય છે, તેમ દયાવિના ધર્મનો અસંભવ હોય છે. વળી તે દયાધર્મ ઉપકારથી સિદ્ધ થાય છે. ધર્મિષ્ઠ પુરૂષોએ હંમેશાં પરોપકાર કરવામાં લક્ષ રાખવો. એ સંબંધ અભયંકર ચક્રવર્ત્તીના દૃષ્ટાંતથી સૂરીશ્વરે ભૂપતિએ હૃદયમાં સ્થિર કર્યો. આ કથા પૃષ્ટ. ૩૪ થી શરૂ થાય છે.

આ પ્રમાણે ગુરુશ્રીના વાણી સાંભળી સિદ્ધરાજે પરોપકાર કરવાનો નિશ્ચય કર્યો અને તે પ્રમાણે પોતે આચરવા લાગ્યો. પોતાના કુલધર્મનો તેણે ત્યાગ કર્યો નહોતો પણ જૈનધર્મપર તેનો ભકિતભાવ વિશેષ હતો.

સિદ્ધરાજની પ્રેરણાથી આચાર્ય મહારાજે સિદ્ધહેમશબ્દાનુશાસનવ્યાકરણગ્રંથની રચના કરી. રાજાઓ સમાજ ધર્મના પાલક હોય છે. કોઈ ધર્મપર તેમને દ્વેષ હોતો નથી. સિદ્ધરાજ ભૂપતિ ન્યાયી અને સત્ય ધર્મનો પરીક્ષક હતો. જેથી તેના હૃદયમાં ગુરુપ્રભાવવડે જૈનધર્મની રૂચિ પૂર્વક દૃઢતા હતી.

કુમારપાલ જન્મ

દધિસ્થલીનું રાજ્ય ત્રિભુવનપાલના હસ્તક હતું. તેની સ્ત્રી કશ્મીરદેવીની કુક્ષિથી એક પુત્ર વિ. સં. ૧૧૪૯માં થયો. આ બાલક કુમાર-કાર્ત્તિકેયની માફક પરાક્રમી અને પૃથ્વીનું પાલન કરશે. એમ જાણી તેના પિતાએ કુમારપાલ નામ પાડયું. અનુક્રમે યુવાવસ્થાને પ્રાપ્ત થયો તે સમયે–

स्थैर्यं मेरुगिरिर्गतिं सुरगुरुर्गाम्भीर्यमम्भोनिधिः,
सौम्यत्वं शशभृत्प्रतापमरुणः शौर्यं च पञ्चाननः ।
औदार्यं त्रिदशद्रुमः सुभगतां कामःश्रियं श्रीनिधि-
र्नूनं ढौकयतिस्म यौवनपदे दृष्ट्वा कुमारं स्थितम् ॥१॥

"યુવાવસ્થાને દીપાવતા કુમારપાલને જોઈ મેરૂપર્વતે સ્થિરતા ગુણ બૃહસ્પતિ બુદ્ધિ, સાગરે ગાંભીર્ય, ચંદ્રમાએ મૃદુતા, રવિએ પ્રતાપસિંહે પરાક્રમ, કલ્પવૃક્ષે ઉદારતા, કામદેવે રૂપસૌંદર્ય અને કુબેરે લક્ષ્મી અર્પણ કરી."

ભોપલદેવી સાથે તેમનું લગ્ન થયું હતું. વળી ત્રિભુવનપાલને **મહીપાળ** અને **કીર્ત્તિપાળ** નામે બે પુત્રો હતા. તેમજ **પ્રેમલદેવી** અને **દેવલ્લદેવી** નામે બે પુત્રીઓ હતી. પ્રેમલદેવીને કૃષ્ણદેવ સાથે અને દેવલ્લદેવી ને **શાકંભરી** નરેશ–**અર્ણોરાજ** સાથે પરણાવી હતી. ધર્મ, અર્થ અને કામની મૂર્ત્તિસમાન ત્રણ પુત્રોવડે ત્રિભુવન–પાલની કીર્ત્તિ સર્વત્ર પ્રસરી હતી.

એક દિવસ કુમારપાલ પાટણમાં ગયો, ત્યાં સિદ્ધરાજ ભૂપતિની **સભામાં** બેઠેલા શ્રીહેમચંદ્રસૂરિનાં દર્શન થતાં. તેમની અદ્‌ભુત મહાતેજસ્વી મૂર્તિ જોઈ કુમારપાલને નિશ્ચય થયો કે, આ કોઈ મહાન પુરુષ સર્વ કલાઓના જ્ઞાતા છે. જેથી આચાર્ય મહારાજની બહુ ભાવથી તે સેવા કરવા લાગ્યો.

અન્યદા ગુણ સંબંધી વ્યાખ્યાન ચાલતું હતું, તે પ્રસંગે કુમારપાલે આચાર્ય મહારાજને પુછ્યું કે, સર્વગુણોમાં કયો ગુણ શ્રેષ્ઠ ગણાય ? શ્રી હેમચંદ્રસૂરિ બોલ્યા, સત્ત્વગુણ સમાન અન્ય કોઈપણ ગુણ શ્રેષ્ઠ નથી.

સત્ત્વગુણથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે, એ સંબંધમાં **અજાપુત્ર**ની પ્રાચીન અને અદ્‌ભુત એક અપૂર્વ કથા સંભળાવી "પૃષ્ઠ–૬૫ થી શરૂ" જેથી કુમારપાલને જૈનધર્મ પર કંઈક શ્રદ્ધા થઈ. પરંતુ તે સમયે તેને રાજ્ય સત્તાનો અધિકાર નહોતો. ન્યાયપૂર્વક રાજ્ય ચલાવતા સિદ્ધરાજને પુત્ર નહી હોવાથી ગુરુમહારાજને સાથે લઈ તે યાત્રા માટે નીકળ્યો.

પ્રથમ શત્રુંજ્યની યાત્રા કરી, ત્યાં ભાવપૂર્વક શ્રીઆદિનાથ ભગવાનની પૂજા કરી, ભાવના ભાવતાં ભૂપતિને વિચાર થયો કે, આવા ઉત્તમ તીર્થમાં પોતાની લક્ષ્મીનો સદુપયોગ ન થાય તો પ્રાણીઓને ઉત્તમ પ્રકારની રાજ્ય સંપત્તિઓ કયાંથી મળે ? એમ જાણી તેણે શ્રીઆદિનાથની પૂજા માટે **બાર ગામ આપ્યાં. તેમજ અનેક ભોજનશાળાઓ** બંધાવી.

ત્યાંથી સંઘસહિત રૈવતા–ચલની યાત્રાએ ગયા. ત્યાં નેમિનાથ ભગવાનની પૂજા સ્નાત્ર કરી પ્રભાસપાટણ ગયા. સોમેશ્વરની યાત્રા કરી ત્યાંથી તેઓ કોઠીનાર ગયાં. ત્યાં અંબિકાદેવીની પૂજા કરી સિદ્ધરાજે હેમચંદ્રસૂરિને પૂછ્યું.

પ્રભો ! રાજ્યશ્રીના આલંબનભૂત મારે પુત્ર નથી, માટે આપ કૃપા કરી અંબિકાને તુષ્ટ કરી પુછો, મારે પુત્ર થશે કે, નહીં ? અને મારા પછી રાજ્યાધિકારી કોણ થશે ?

એ પ્રમાણે રાજાનો પ્રશ્ન સાંભળી આચાર્ય મહારાજે ત્રણ ઉપવાસ કર્યા. પ્રસન્ન થયેલી દેવીના વચનથી તેમણે કહ્યું કે, હે રાજન્ ! તારે પુત્ર થવાનો નથી અને તારાનો રાજ્ય ભોક્તા કુમારપાલ રાજા થશે. એટલું જ નહીં પણ તે સંપ્રતિ રાજાની માફક ભૂમંડલમાં જૈનધર્મનો વિસ્તાર કરશે.

એ પ્રમાણે ગુરુનું વચન સાંભળી શલ્યથી વિંધાયેલાની માફક સિદ્ધરાજ યાત્રા પૂર્ણ કરી પોતાની રાજધાનીમાં આવ્યો.

ત્યારપછી અંબિકાદેવીનાં વચનની પરીક્ષા માટે તેણે નૈમિત્તિકોને બોલાવી પુત્ર સંબંધી પ્રશ્ન પુછયો. તેમણે પણ નિશ્ચય કરી દેવીના કહ્યા પ્રમાણે જવાબ આપ્યો. ઉભયના વચનથી રાજાને વિશ્વાસ રહ્યો નહી. જેથી તેણે નિશ્ચય કર્યો કે, સોમેશ્વરને પ્રસન્ન કરી જરૂર હું પુત્રવાન થાઉં, એમ ધારી તે પાદચારી થઈ તપસ્વી વૃત્તિથી પુનઃ પ્રભાસમાં ગયો.

શુદ્ધિ પૂર્વક સ્ત્રી સહિત તેણે ત્રણ ઉપવાસ કર્યા. પ્રત્યક્ષ થઈ સોમેશ્વરે કહ્યું, ત્યારે પુત્ર થવાનો નથી. તારા રાજ્યનો ભોકતા બહુ પરાક્રમી કુમાર પ્રગટ થયો છે, તે સાંભળી સિદ્ધરાજને નિશ્ચય થયો કે, મારા રાજ્યનો અધિકારી કુમારપાલ થશે.

એવી ચિંતાથી આતુર બની સિદ્ધરાજ કુમારપાલપર દ્વેષ કરવા લાગ્યો. પોતાના સુભટ મારફતે અનેક વિપત્તિઓથી કુમારપાલને બહુ હેરાન કર્યો. પૃષ્ટ ૧૨૯ થી" સિદ્ધરાજ ભૂપતિનો સ્વર્ગવાસ વિ. સં. ૧૧૯૯માં થયો.

તે સમયે શ્રીકુમારપાલ ભૂપતિને રાજ્ય સત્તા મળી. વિપત્તિ સમયમાં જેમણે સહાય આપી હતી, તેમને પોતે કૃતજ્ઞ હોવાથી યોગ્ય અધિકાર આપ્યા. કારણકે, અભ્યુદયનું આ મુખ્ય ફલ છે,

પુરજનપદગ્રામત્રાણં, ભટવ્રજસંગ્રહઃ,
કુનયદલનં નીતેર્વૃદ્ધિ–સ્તુલાર્થમિતિ સ્થિતિઃ ।
વ્રતિષુ સમતા ચૈત્યેષ્વર્ચા, સતામતિગૌરવં,
પ્રશમનવિધિં નવ્યે રાજ્યે, વ્યધાદિતિ સ પ્રભુઃ ॥ ૧ ॥

'નવીન રાજ્યમાં શાંતિ ફેલાય એટલા માટે પુર, નગર, દેશ અને ગ્રામ વિગેરેની રક્ષા, ઉદ્‌ભટ સુભટોનો સંગ્રહ, દુષ્ટ નીતિનો વિનાશ, સુનીતિની વૃદ્ધિ તોલ માપની યોગ્ય વ્યવસ્થા, વ્રતધારીઓ ઉપર સમતા, જૈન મંદિરોમાં પૂજા અને સત્પુરૂષોનો સત્કાર કરવાની શ્રીકુમારપાલ ભૂપતિએ વ્યવસ્થા કરી."

એમ પોતાના રાજ્યની વૃદ્ધિ માટે ભૂપતિએ અનેક પ્રકારની ઉદારતા પ્રવર્ત્તાવી. તેમજ રાજ્ય પ્રાપ્તિ પછી લગભગ દશ વર્ષ સુધી રાજ્ય વ્યવસ્થા અને રાજ્યસીમા વધારવામાં પ્રયત્ન કરીને ઉન્મત્ત રાજાઓને પણ પોતાની પ્રચંડ આજ્ઞાને સ્વાધીન કર્યા.

તે સમયના રાજાઓમાં કુમારપાળ રાજા એક અદ્વિતીય વિજેતા અને વીર રાજા હતો. ભારતવર્ષમાં તેની બરોબરીમાં આવે તેવો કોઈ અન્ય રાજા નહોતો.

રાજ્યસીમા બહુ વિશાલ હતી. "ઉત્તરદિશામાં તુર્કસ્થાન, પૂર્વમાં ગંગાનદી, દક્ષિણમાં વિંધ્યાચલ અને પશ્ચિમમાં સમુદ્ર પર્યંત તેમનું રાજ્ય હતું" એમ શ્રીમહાવીરચરિત્રમાં શ્રીહેમચંદ્રસૂરિએ લખ્યું છે.

દ્વયાશ્રય મહાકાવ્યની પ્રસ્તાવનામાં પ્રો. મ. ન. દ્વિ. લખે છે કે–"ગુજરાતના અથવા અણહિલ્લવાડના રાજ્યની સીમા બહુ વિશાલ જણાય છે.

દક્ષિણમાં કોલ્હાપુરના રાજા તેની આણ માને છે અને ભેટ મોકલે છે.

ઉત્તરમાં કાશ્મીરથી પણ ભેટો આવેલી છે,

પૂર્વમાં ચેદીદેશ તથા યમુનાપાર અને ગંગાપાર મગધ સુધી આણ ગયેલી છે,

પશ્ચિમે સૌરાષ્ટ્ર તે ગુજરાતને તાબે હતું અને સિંધુદેશ એટલે સિંધ અને પંજાબનો કેટલોક પંચનદ આગળનો ભાગ એ પણ ગુજરાતને તાબે હતો,

તે સિવાય ઘણાય દેશના રાજાનાં નામ આવે છે. એમને ઓળખવાનાં આપણી પાસે હાલ સાધન નથી."

એ પ્રમાણે સર્વ રાજ્ય વ્યવસ્થા સુસ્થિત કરી. પરંતુ પરમોપકારી શ્રીહેમચંદ્રસૂરીશ્વર તેમની સ્મૃતિમાં આવ્યા નહીં.

બાદ શ્રીકુમારપાલ રાજાના રાજ્યાભિષેકના સમાચાર કરણાવતી નગરીમાં આચાર્ય મહારાજના જાણવામાં આવ્યા. પ્રસન્ન થઇ પોતે વિચાર કરવા લાગ્યા કે, નિમિત્ત જોઇ મેં તેને પ્રથમ રાજ્ય પ્રાપ્તિનો સમય કહ્યો હતો, ત્યારે તેણે કબુલ કર્યું હતું કે, રાજ્ય મળવાથી હું જૈનધર્મની બહુ ભક્તિ કરીશ. તે વૃત્તાંત તેને યાદ છે કે નહીં; તેની તપાસ કરવી જોઇએ,

એમ ધારી સૂરીશ્વરે પાટણ તરફ વિહાર કર્યો. સંઘ સહિત ઉદયન મંત્રીએ મોટા ઉત્સાહથી પ્રવેશ મહોત્સવ કરાવ્યો. સૂરીશ્વરે ઉદયનમંત્રીને કહ્યું કે, એકાંતમાં કુમારપાળનો તરે કહેવું કે, આજ રાત્રીએ નવીન રાણીના મહેલમાં તમારે સુવું નહીં. એ સાંભળી રાજા બહુ આગ્રહથી પુછે તો મારૂં નામ તારે જાહેર કરવું.

મંત્રીએ રાજાને ગુરૂએ કહેલું વૃત્તાંત નિવેદન કર્યું. કુમારપાળ તે રાત્રીએ નવીન રાણીના મહેલમાં સુવા ગયો નહીં, રાત્રીના સમયે અકસ્માત્ વિદ્યુત્પાત થયો. રાણી મરી ગઈ. તે સાંભળી રાજાને ચમત્કાર થયો.

બહુ આગ્રહથી ભુપતિએ પૂછ્યું, આ ચમત્કારી વાર્ત્તા તને કોણે કહી ? એ પવિત્ર મહાત્માનું નામ શું ? એમણે મને જીવિતદાન આપ્યું.

મંત્રીએ કહ્યું, મહારાજ ? સ્તંભતીર્થ–ખંભાતમાં આપ આવ્યા હતા, ત્યારે આપને રાજ્ય પ્રાપ્તિનો સમય જેમણે ચોક્કસ બતાવ્યો હતો તેજ સદ્‌ગુરુએ આ સૂચના આપી આપની ઉપર મોટી કૃપા કરી છે. એમ સાંભળતાં જ કુમારપાળ ભુપતિને સૂરીશ્વરનું સ્મરણ થયું.

મારા જીવન દાતા તે સૂરીશ્વર કયાં છે ? મંત્રીએ કહ્યું, આપને આશિષ આપવા અહીં તેઓ પધાર્યા છે. અસાધારણ ભક્તિપૂર્વક ગુરુ મહારાજનાં દર્શન કરી ભુપતિ પોતાના અપરાધનું સ્મરણ કરી લજ્જીત થઈ સ્તુતિ કરવા લાગ્યો.

હે ગુરુ મહારાજ ! ખંભાત નગરમાં રાજ્યભયથી આપે મારૂં રક્ષણ કર્યું હતું, તેમજ રાજ્યાભિષેકનો ચોકકસ સમય પત્રિકા દ્વારા બતાવી મને શાંત કર્યો હતો. આપના આશીર્વાદથી હું અનેક સંકટોમાંથી મુકત થયો છતાં આ રાજ્યવૈભવ પામી આપના સ્મરણથી વિમુખ થયો. એથી આ દુનિયામાં ખરેખર મારા સરખો કોઈ કૃતઘ્ન નથી. અને આપ જેવા કોઈ કૃતજ્ઞ નથી. માટે હે કૃપા–નિધાન ! મારા સમગ્ર અપરાધને ક્ષમા કરી આ રાજ્યલક્ષ્મીનો આપ સ્વીકાર કરો. ગુરૂ મહારાજે ભુપતિને આશીર્વાદ આપ્યો :–

नतामस्यः स्फूर्त्तिं, दधति न वरं यस्य पुरतः
श्रियस्तैजस्योऽपि, त्रिजगदवगहैकरसिकाः ।
अचक्षुःसंलक्ष्यं, परिहृतपथं वाङ्मनसयो–
र्महस्तद्राजंस्ते, शमयतु समन्तादपि तमः ॥ १ ॥

"હે રાજન્! જેની આગળ અંધકારની છટાઓ સ્ફુરતિ નથી. એટલું જ નહીં પણ ત્રણે લોકમાં અવગાહન કરવામાં રસિક એવી તેજની પ્રભાઓ પણ સ્ફુરી શકિત નથી, તેમજ ચક્ષુષથી અગ્રાહ્ય અને મન તથા વાણીને અગોચર એવું તે જ્ઞાન સર્વ બાજુના તારા તમસ–અજ્ઞાનને શાંત કરો."

એમ આશિષ આપી ગુરુ મહારાજ બોલ્યા, હે ગુર્જરેશ! તું આત્મનિંદા ના માટે કરે છે? ઉપકાર કરવાનો સમય તો હવે જ તને પ્રાપ્ત થયો છે.

હે વિદ્વાન્! કૃતજ્ઞ પુરુષોમાં ચૂડામણિ સમાન તું છે. પોતાના પૂર્વજોની માફક ઉત્તમ પ્રકારની તારી ભક્તિ છે. વળી તું જે રાજ્યદાનની મને પ્રાર્થના કરે છે, તે તારી ભક્તિથી કંઈ અધિક નથી.

સર્વ સંગના ત્યાગી અમારા સરખા મુનિઓને રાજ્યવૈભવ કલ્પે નહીં, જલથી ચિત્ર જેમ રાજ્યવૈભવથી ચારિત્રધર્મ નષ્ટ થાય છે. માટે હે નરેંદ્ર! જો તું કૃતજ્ઞતાને લીધે પ્રત્યુપકાર કરવા ઈચ્છતો હોય તો દયામય શ્રીજિનશાસનની પ્રભાવના કર અને પ્રથમ કરેલીપ્રતિજ્ઞાને તું પૂર્ણ કર.

એ પ્રમાણે ગુરુમહારાજનું વચન સાંભળી ભુપતિએ કહ્યું કે, હે પ્રભો! આપના વચન પ્રમાણે હું વર્ત્તીશ, પરંતુ પ્રતિ–દિવસ આપનો સમાગમ હું ઈચ્છું છું, જેથી મને સત્ય તત્ત્વ પ્રાપ્ત થાય. સત્સંગ સિવાય તત્ત્વનો લાભ થતો નથી. હંમેશાં સૂરીંદ્રના સમાગમથી રાજાનું હૃદય બહુ વિશુદ્ધ થયું. સમયોચિત ધર્મકાર્ય પણ સાધતો હતો. જેમકેઃ–

રક્ષાऽऽયવ્યયચિન્તનં પુરજનાન્વીક્ષા સુરાર્ચાऽશને,
કોશાન્વેષણમન્યનીવૃતિચરપ્રેષોયથેચ્છં ભ્રમિઃ ।
હસ્ત્યશ્વાદિશરાસનાદિરચના જેતવ્યચિંતા સમં,
સેનાન્યેતિ કૃતિઃ ક્રમેણ નૃપતેરહ્નસ્ય ભાગાષ્ટકે ॥૧॥

"દિવસના પ્રથમ ભાગમાં પ્રજા રક્ષણ, આવક અને જાવકનો વિચાર, બીજા ભાગમાં નગર નિરીક્ષણ, ત્રીજા ભાગમાં દેવપૂજન અને ભોજન, ચોથા ભાગમાં નિધાનોનું અવલોકન, પાંચમામાં દેશાંતરમાં ચરપુરુષોનું પ્રેષણ, છઠ્ઠા ભાગમાં યથેચ્છિત પરિભ્રમણ, સાતમા ભાગમાં હાથી, ઘોડા અને ધનુષબાણ વિગેરેની ગોઠવણ અને આઠમા ભાગમાં સેનાપતિ સાથે વિજયનો વિચાર, એમ દિવસના આઠે ભાગમાં કાર્યક્રમ સંભાળતો હતો." તેમજઃ—

एकान्ते परमाप्तवाक्श्रुतिरतिप्रौढार्थशास्त्रस्मृति–
स्तूर्यध्वानपुरस्सरं च शयनं निद्रा च भागद्वये ।
बुद्ध्वा वाद्यरवैरशेषकरणध्यानानि मंत्रस्थिति—
र्विप्राशीर्भिषगादिदर्शनमिति स्याद्रात्रिभागाष्टके ॥१॥

"રાત્રિએ પણ પ્રથમ ભાગમાં એકાંતસ્થળે બેસી પરમ આપ્તપુરુષોની વાણીનું વિચાર પૂર્વક શ્રવણ, બીજા ભાગમાં આનંદજનક શાસ્ત્રાર્થનું સ્મરણ, ત્રીજા ભાગમાં વાજીંત્રના નાદપૂર્વક શયન, ચોથા અને પાંચમા ભાગમાં નિદ્રા, છઠ્ઠા ભાગમાં માંગલિક વાદ્યના નાદથી જાગ્રત્ થઇ સમગ્ર કર્ત્તવ્યનો વિચાર, સાતમામાં મંત્રીઓની સાથે ગુપ્ત વિચાર અને આઠમા ભાગમાં વિપ્રોનો આશીર્વાદ, તેમજ વૈદ્ય વિગેરેનું દર્શન, એ પ્રમાણે રાત્રિ દિવસનો સમય સદોદિત કર્ત્તવ્ય પરાયણ જ વ્યતીત થતો હતો."

જૈનધર્મસામ્રાજ્ય

મહારાજા કુમારપાલની અનિર્વચનીય કૃતજ્ઞતા હતી, ભાવ દયાલુ અને સ્વરૂપ સંચારી હતા. થોડા જ સમયમાં મુક્તિગામી હોવાથી તેમના હૃદયમાં શ્રીહેમચંદ્રસૂરિના વચનામૃતથી બોધિબીજ–સમકિત અંકુરિત થયું.

ગુરુના ચરણમાં નમસ્કાર કરી ભુપતિએ કહ્યું. પ્રભો હે ! જીવનપર્યંત હું આપની પ્રમાણે વર્ત્તીશ. આપ મારા સ્વામી, ગુરુ અને પ્રાણ સ્વરૂપ છો. એમ રાજાનો અભિપ્રાય જાણી ગુરુ મહારાજનું હૃદય આનંદિત થયું.

કુમારપાલે ગુરુની આજ્ઞા પ્રમાણે પોતાના સમગ્ર રાજ્યમાંથી, હિંસારાક્ષસીનો દેશનિકાલ કર્યો, સત્યનીતિના પ્રભાવથી, વૈર વિરોધ વિગેરે દુષણો પલાયન થયાં, પશુથી આરંભી નાનાં મોટાં અતિ સુક્ષ્મ પ્રાણીઓને કોઇપણ માણસ હણતો નહોતો. મનુષ્યોને અવનતિદાયક દ્યુતાદિ સાતે વ્યસનોનો પણ દેશમાંથી બહિષ્કાર કર્યો. રાજ્યમાં અનીતિ એ શબ્દ શ્રવણ માત્ર હતો,

ગુરુ મહારાજના ધર્મોપદેશથી કુમારપાળરાજા જૈનધર્મમાં દૃઢ શ્રદ્ધાલુ થયો. જગતનો પ્રપંચ મિથ્યા ભાસવા લાગ્યો. અનુક્રમે સંસારની નિઃસારતા અનુભવમાં આવી. જેથી તેમણે યથાવિધિ ગુરુ મહારાજની પાસે વિ. સં. ૧૨૧૬ માં શ્રાવકનાં બાર વ્રતનો સ્વીકાર કર્યો. અનેકધા જૈનધર્મની તેઓ પ્રભાવના કરવા લાગ્યા.

સમગ્ર આર્યાવ્રત દેશમાં જૈનધર્મની પ્રશંસા થવા લાગી, એમ સર્વ પ્રકારની જૈનશાસનની ઉન્નતિ જોઈ શ્રીહેમચંદ્રાચાર્ય પોતાની પ્રતિજ્ઞા સફલ થયેલી જાણી આત્માને કૃતકૃત્ય માનવા લાગ્યા. સત્યયુગથી પણ તે સમયની શ્રેષ્ઠતા માનવામાં આવી.

શ્રીકુમારપાળની પ્રાર્થનાથી નિત્યપાઠ માટે આચાર્ય મહારાજે વીતરાગસ્તોત્રની રચના કરી. તેમાં કહ્યું છે કે,–

यत्राल्पेनाऽपिकालेन, त्वद्भक्तैः फलमाप्यते ।
कलिकालः सएकोऽस्तु, कृतं कृतयुगादिभिः ॥ १ ॥

"હે વીતરાગ ભગવાન્ ! જે સમયમાં તમારા ભકતો સ્વલ્પ સમય વડે ઉત્તમ ફળ પ્રાપ્ત કરે છે, તેવો તે એક જ કલિયુગ સદા રહો, સત્ય યુગાદિવડે સર્યું. અર્થાત્ આ સમય ધર્મમય હોવાથી અતિ ઉત્તમ છે." વળી તેજ સ્તોત્રમાં આગળપર કહ્યું છે કે;–

श्राद्धः श्रोता सुधीर्वक्ता, युज्येयातां यदीश ! तत् ।
त्वच्छासनस्य साम्राज्य–मेकच्छत्रं कलावपि ॥ १ ॥

હે જીનેંદ્ર ! વિશુદ્ધ શ્રદ્ધાવાળો શ્રાવક શ્રોતા અને શાસ્ત્રનિષ્ણાત બુદ્ધિમાન વક્તા, એ બંનેનો જો યોગ હોય તો આ કલિયુગમાં પણ આપના શાસનનું એક છત્રની સુશોભિત અખંડ સામ્રાજ્ય દીપે.

આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે, યુગાંત વર્તમાન શ્રીહેમચંદ્રસૂરિસમાન સકલ શાસ્ત્ર પારગામી જૈનધર્મના વક્તા અને ચૌલુકય ચૂડામણિ શ્રીમાન્ રાજર્ષિ કુમારપાળ દેવ સરખો શ્રોતા શ્રાવક વિદ્યમાન છે, તે કલિકાલમાં જૈનધર્મનું એક છત્ર સામ્રાજ્ય હોય તેમાં આશ્ચર્ય શું ?

સૂરીશ્વરની જ્ઞાનશક્તિ અને ગ્રન્થનિર્માણતા

ભગવાન્ હેમચંદ્રાચાર્યનું જીવન જગત્માં હંમેશાં અમર અને અન્ય વિદ્વાનોને આશ્ચર્યજનક હોવાનું મુખ્ય કારણ તેમનો અગાધ જ્ઞાનગુણ હતો તેમના સમાન સમસ્ત ભૂમંડલમાં અન્ય વિદ્વાનો તે સમયમાં અસ્તિત્વ ધરાવતા નહોતા.

આવી અપૂર્વ તેમની જ્ઞાનશક્તિથી પ્રમુદિત થઇ સર્વ વિદ્વાનોએ "કાલિકાલ" સર્વજ્ઞ' પદવી આપી હતી. ખરેખર તે પદવી તેમને યોગ્ય હતી, એમાં કંઈ અતિશયોક્તિ નથી. એની સત્યતા પૂરવાર કરવામાં હાલ તેમના રચેલા અનેક ગ્રંથરત્નો વિદ્યમાન છે. હાલના વિદ્વાનો પણ સૂરીશ્વરના તત્ત્વદર્શક ગ્રંથોનું નિરીક્ષણ કરી 'જ્ઞાનાર્ણવ' તરીકે તેમને સંબોધે છે.

ગ્રંથોનું પ્રમાણ સાડાત્રણ કરોડ શ્લોક છે, તેમાં કેટલોક ભાગ સમયના વ્યત્યાસથી મળી શકતો નથી. વિદ્યમાન ગ્રંથો બહુ પ્રમાણમાં દરેક સ્થલે વિદ્વાનોને આનંદ આપી રહ્યા છે. કોઈપણ વિષય એવો નહોતો કે, જેનો વિશાદાર્થ આચાર્ય મહારાજે ન કર્યો હોય.

વ્યાકરણ, ન્યાય, કાવ્ય, કોષ. છંદોલંકાર, યોગ, નીતિ, સ્તુતિ વિગેરે વિષયો પર આચાર્ય મહારાજે અનેક ગ્રંથોની રચના કરી હતી. તે પૈકી ત્રિષષ્ટિશલાકા પુરૂષચરિત્ર, સિદ્ધહેમ શબ્દાનુશાસન, બૃહદ્વૃત્તિ, લઘુવૃત્તિ, બૃહન્ન્યાસ, લઘુન્યાસ, અભિધાન ચિંતામણિ, કાવ્યપ્રકાશ, દેશીનામમાલા, અનેકાર્થકોશ, અધ્યાત્મોપનિષદ્, પ્રમાણ મીમાંસા, દ્વયાશ્રય કાવ્ય વિગેરે કેટલાક ગ્રંથો હાલમાં વિદ્યમાન છે.

શિષ્ય સમુદાય અને સ્વર્ગવાસ.

ભગવન્ હેમચંદ્રસૂરિનો શિષ્ય સમૂહ અત્યંત પ્રભાવિક અને તત્ત્વજ્ઞાતા હતો. સાધુ સમુદાયમાં સૂરીશ્વરજીના પટ્ટધર શિષ્ય પ્રબંધશતકર્ત્તા, કવિ કટારમલ્લ ત્રૈવિદ્યવેદી મહાક વે **રામચંદ્રસુરિ** (૧)

શ્રી મહેંદ્રસુરિ (૨) એમણે અનેકાર્થ કૈરવાકરકૌમુદી નામે અનેકાર્થ કોષની ટીકા પોતાના ગુરુના નામથી પ્રસિદ્ધ કરી છે.

અનેક વિદ્યાસંપન્ન **શ્રીગુણચંદ્રગણિ** (૩) **શ્રીરામચંદ્ર** કવિસમાન પ્રખર વિદ્વાન હતા.

શ્રીવર્દ્ધમાન ગણિ (૪) એમણે કુમારવિહારપ્રશસ્તિ કાવ્યપર વ્યાખ્યાદ્વિકની રચના કરી છે.

દેવચંદ્ર મુનિ (૫) એમણે ચંદ્રલેખાવિજય પ્રકરણની રચના કરી છે.

યશશ્ચંદ્ર ગણિ (૬) નો પરિચય પ્રસ્તુત ચરિત્ર અને મેરૂતુંગાચાર્યે વિ. સં. ૧૩૬૧માં રચેલ પ્રબંધ ચિંતામણિના (સ. ૪ પૃ. ૨૦૬–૨૩૩ ઉપરથી સુચિત થાય છે.

વિદ્યાવિલાસી ઉદયચંદ્રગણિ (૭) સારા વિદ્વાન હતા, જેમના ઉપદેશથી દેવેંદ્રસૂરિના શિષ્ય બુદ્ધિમાન કનકપ્રભા મુનિએ લઘુ હેમન્યાસનો ઉદ્ધાર કર્યો.

કવિ બાલચંદ્ર (૮) રામચંદ્ર કવિના પ્રતિસ્પર્ધી અને અજયપાલ નરેશના મિત્ર હતા. તેમની રચેલી ‘स्नातस्याऽप्रतिमस्य’ વિગેરેની સ્તુતિ પ્રસિદ્ધ છે. અન્ય કૃતિ હાલમાં ઉપલબ્ધ નથી. એ સિવાય અન્ય વિદ્વાન્ શિષ્યો પણ હતા.

શ્રાવક સમુદાયમાં અગ્રગણ્ય રાજર્ષિ **કુમાર પાળ** દેવ, મહામાત્ય **ઉદયન**, રાજપિતામહ **આમ્રભટ** દંડનાયક શ્રીવાગ્ભટ, રાજધરટ્ટ ચાહડ, અને સોલાક વિગેરે રાજવર્ગીય તેમજ પ્રજાવર્ગીય શ્રીમંતો લક્ષાવધિ ભક્ત હતા.

વિવિધ તપશ્ચર્યાવડે ધર્મને વધારતા ચંદ્ર કુમુદને જેમ જૈન ધર્મને વિકસ્વર કરતા શ્રીહેમચંદ્રસૂરીશ્વરે ચોરાશિ વર્ષનું આયુષ પૂર્ણ કરી અદ્‌ભુત જ્ઞાનના અતિશય વડે પોતાના આયુષની સમાપ્તિ જાણી પોતાના ગુરુ ભાઈ શ્રીપ્રદ્યુમ્ન-સૂરિને ગચ્છની ભલામણ કરી. બાદ પોતાના શિષ્ય સમુદાયને આત્મોન્નતિ સંબંધી વિવિધ પ્રકારની અમૃતસમાન દેશના આપી.

તે સાંભળી શ્રી કુમારપાલનું હૃદય ભરાઈ આવ્યું. સૂરીશ્વરે મિષ્ટ વચનો વડે રાજાને શાંત કર્યો. અંત સમયમાં ધ્યાનવડે ઇંદ્રિયોનો રોધ કરી બહુ સમય સુધી સમાધિપૂર્વક આત્મચિંતન કરતાં સૂરીશ્વરે બ્રહ્મરંધ્ર દ્વારાએ પ્રાણ ત્યાગ કર્યો.

વિ. સં. ૧૨૨૯ માં અખિલ ભૂમંડલને શોકસાગરમાં ડૂબાવી શ્રીમાન કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્ય રૂપ અલૌકિક ચંદ્ર અસ્તંગત થયો. ખરેખર શ્રીહેમચંદ્રાચાર્ય એક અદ્વિતીય મહાપુરૂષ હતા.

તેમના સંબંધમાં પ્રો. પીટર્સન લખે છે કે, "હેમચંદ્ર એ મહાન આચાર્ય હતા. દુનિયાના કોઇપણ પદાર્થ ઉપર તેમને તિલમાત્ર પણ મોહ નહોતો. તેમજ તે મહાત્માએ પોતાની મોટી આયુષ અને જોખમદાર જીંદગીને ખરાબ કામોમાં ન રોકતાં સંસારના ભલા માટે વ્યતીત કરી હતી તેઓએ કરેલા સુકૃત્યો બદલ આ દેશની પ્રજાએ તેમનો મોટો ઉપકાર માનવો જોઈએ."

ધાર્મિક જીવન

શ્રી કુમારપાળ ભૂપતિના સમયમાં પાટણનગરમાં ૧૮૦૦ કરોડાધિપતિ વસતા હતા. કોઈપણ દુઃખી માણસને જોઈ તેઓ તેની સહાય કરતા હતા. પોતાની પ્રજાને આત્મવત્ પાળતા હતા. ગુણનારાગી હતા. અને દુર્ગુણોથી દૂર રહેતા હતા.

એમની પ્રકૃતિ ધર્મમયી હતી. સત્યવાદી અને નિર્વિકાર દૃષ્ટિવાળા હતા. તેમજ પોતાની સ્ત્રી સિવાય અન્ય સ્ત્રીને તેઓ મા અને બહેન સમાન માનતા હતા. મહારાણી ભોપળદેવીના મરણ પછી જન્મ પર્યંત બ્રહ્મચર્યવ્રત પાળતા હતા.

રાજકીય લોભથી દૂર રહેતા અને માંસ મદ્યાદિક અભક્ષ્ય પદાર્થોનો સર્વથા તેમને ત્યાગ હતો. દીન દુઃખી અને યાચક વર્ગને અગણિત દાન આપતા હતા. ગરીબ અને અશક્ત શ્રાવકોના નિર્વાહ માટે લાખો રૂપીયા રાજ્યના ખજાનામાંથી વાપરતા હતા.

જૈન શાસ્ત્રોના ઉદ્ધાર માટે લાખો રૂપીઆનો વ્યય કરી અનેક પુસ્તક ભંડાર સ્થાપન કર્યા. હજારો પ્રાચીન મંદિરોના જીર્ણોદ્ધાર તેમજ નવીન જૈન મંદિરો બંધાવીને ભારત ભૂમિને સર્વોત્તમ કરી.

તારંગાજી તીર્થમાં શ્રીમાન કુમારપાળ ભૂપતિએ બંધાવેલું ભારતવર્ષની દીવ્ય શિલ્પ કળાના અપૂર્વ નમુના રૂપ વિશાળ અને આકાશ સ્પર્શી મંદિર હાલમાં પણ તેમની જૈનધર્મ પ્રત્યેની પ્રિયતા સૂચવે છે. તેમજ અન્ય તીર્થોમાં પણ તેમનાં બંધાવેલાં ઘણાં મંદિરો જાહેર છે.

તે સંબંધમાં કોઈ કવિએ તેમના મરણ પછી લખ્યું છે કે:

लोको मूढतया प्रजल्पतु दिवं राजर्षिरध्यूषिवान्,
ब्रूमो विज्ञतया वयं पुनरिहैवास्ते चिरायुष्कवत् ।
स्वान्ते सच्चरितैर्नभोब्धिमुनिभिः कैलासवैहासिकैः,
प्रासादैश्चबहिर्यदेष सुकृती प्रत्यक्षय एवेक्ष्यते ॥ १ ॥

'શ્રીકુમારપાળ રાજર્ષિ સ્વર્ગમાં ગયા એમ અજ્ઞાનતાને લીધે લોકો ભલે બોલે, પરંતુ અમે તો સમજીને કહીએ છીએ કે, તે ભૂપતિ ચિરંજીવીની માફક આ લોકમાં જ વિરાજે છે.

કારણ કે, હૃદયમાં ઉત્તમ ચરિત્રોવડે અને બહારથી કૈલાસગિરિનું ઉપહાસ કરતા ચૌદસો ચાળીશ ૧૪૪૦ પ્રાસાદ-જીનમંદિરો બંધાવવાવડે આ ભાગ્યશાળી રાજા પ્રત્યક્ષ જ દેખાય છે.'

વળી અન્ય ચરિત્ર ગ્રંથો ઉપરથી સિદ્ધ થાય છે કે, જૈન મંદિરો ઉપરાંત તેમણે શિવમંદિરો બંધાવ્યાં હતાં તેમજ ઘણાં મંદિરોને સુવર્ણ કલશથી વિરાજીત કર્યા હતા.

જિર્ણોદ્ધાર તથા સર્વ સમાજોપયોગી ધર્મકાર્ય માટે સરોવરાદિક નિર્માણ કરાવ્યાં હતાં. અપુત્રક રૂદતી સ્ત્રીઓનું વાર્ષિક ધન (૭૨,૦૦,૦૦૦) રાજ્યમાં લેવાતું હતું, તેનો લેખ ફાડી નાખ્યો અને અધિકારીઓને આજ્ઞા કરી કે, આજથી રૂદતી ધન લેવું નહીં.

એ સંબધમાં કુમારપાળ પ્રબંધમાં ઉલ્લેખ છે કે, પરમાર્હત કુમારપાળે વિ. સં. ૧૨૩૦ માં ૩૦ વર્ષ નવમાસ સત્તાવીસ દિવસ રાજ્ય ભોગવી સ્વર્ગ વાસ કર્યો.

પરમાર્હત શ્રીકુમારપાળે ૧૪૦૦ પ્રાસાદ બંધાવ્યા. ૭૨ સામંતો પર પોતાની આજ્ઞા ચલાવી.

૧૮ દેશોમાં જીવદયા પળાવી. ૧૬૦૦૦ જિર્ણ મંદિરોનો ઉદ્ધાર કરાવ્યો. ૧૪૪૪ નવીન જિન ચૈત્યો પર સુવર્ણ કલશ ચઢાવ્યા. ૯૮ લાખ રૂપીયા ઉચિત દાનમાં ખર્ચ્યા.

૭ વાર તીર્થયાત્રા કરી. પ્રથમ યાત્રામાં ૯ લાખ રૂપીઆની કિંમતનાં નવ રત્નથી પ્રભુપૂજા કરી હતી. ૨૧ જ્ઞાન ભંડાર લખાવ્યા.

અપુત્રીયાઓનું દ્રવ્ય પ્રતિ વર્ષે ૭૨ લાખ રાજ્ય ભંડારમાં આવતું હતું. તે સદ્દાને માટે માફ કર્યું. ૭૨ લાખ રૂપીઆનો શ્રાવકોનો લેવાતો કર માફ કર્યો. અશક્ત શ્રાવકોની સહાય માટે એક કરોડ રૂપીઆ દરેક વર્ષે આપવામાં આવતા હતા.

પરનારી સહોદર (૧) શરણાગત વજ્રપંજર (૨) વિચાર ચતુર્મુખ (૩) પરમાર્હત (૪) રાજર્ષિ (૫) જીવનદાતા (૬) મેઘવાહન (૭) આદિ અનેક બિરૂદો પ્રાપ્ત થયાં હતાં.

પેતાાના રાજ્યમાંથી સાતેવ્યસનોને દૂર કર્યા હતાં. સંઘભક્તિ, સ્વધર્મી વાત્સલ્ય, ત્રિકાલ દેવપૂજા, બંને કાલ આવશ્યક, પર્વ દિવસોમાં પૌષધ, જિન શાસની પ્રભાવના, દીનોદ્ધાર, શાસ્ત્ર શ્રવણ અને ગુરૂસેવા વિગેરે અનેક પુણ્ય કાર્ય કરી પોતાના આત્માને સદ્દગતિ ભાજન બનાવ્યો હતો.

"कुमारपालभूपस्य, किमेकं वर्ण्यते क्षितौ ? ।
जिनेन्द्रधर्ममासाद्य, यो जगत्तन्मयं व्यधात् ॥ १ ॥

એ પ્રમાણે અનેક ધર્મ કાર્ય કરી શ્રીમાન્ ભૂપતિએ પોતાના આત્મોદ્ધાર માટે સર્વત્ર અમારી પ્રવર્ત્તાવી યજ્ઞ યાગાદિકમાં પણ હિંસાનું નિવારણકરી અન્ના દિકદ્રવ્યથી ધાર્મિક કાર્ય ચલાવ્યાં હતાં.

તે સંબંધમાં એક વિદ્વાન્ લખે છે કે, "કુમારપાળે જ્યારથી અમારી ઘોષણા કરાવી. ત્યારથી યજ્ઞ યાગમાં પણ માંસ બળી આપતો બંધ થઈ ગયો અને યવ તથા ડાંગર હોમવાનો ચાલ શરૂ થયો.

લોકોને જીવ ઉપર અત્યંત દયા વધી અને માંસ ભોજન એટલું બધું નિષિદ્ધ થઈ ગયું કે, આખા હિંદુસ્થાનમાં એકકે બીજે પ્રકારે થોડું ઘણું માંસ કહેવાતા હિંદુઓ વાપરે છે, છતાં ગુજરાતમાં તો તેની ગંધ આવે તો પણ નાહી નાખે, એવી લોકોની વૃત્તિ તે સમયથી બંધાયેલી તે અદ્યાપિ છે."

વળી શ્રીકુમારપાળ નરેશના સંબંધમાં એક વિદ્વાન લખે છે કે, કુમારપાળે જૈન ધર્મની અતિ ઉત્કૃષ્ટ રીતે રક્ષા કરી અને સમસ્ત ગુજરાતમાં એક જૈન ધર્મનું જ સામ્રાજ્ય પ્રગટ કર્યું.

મહારાજા કુમારપાળ એક શ્રેષ્ઠ કવિ હતા તેમનાં બનાવેલાં સ્તોત્રો મળી આવે છે. શ્રીમાન્ કુમારપાળ રાજર્ષિ પોતાના ગુરુશ્રી હેમચંદ્રસૂરિના સ્વર્ગવાસ પછી ૭ માસે એટલે વિ. સં. ૧૨૩૦ માં એંસી (૮૦) વર્ષનું આયુષ્ય પૂર્ણ કરી અનશન પૂર્વક દેહત્યાગ કરી સ્વર્ગવાસ પામ્યા.

આ સંબંધી ઘણી હકીકત મૂળ ચરિત્રમાં આપેલી છે જેથી અહીં લખવાની જરૂર નથી.

પ્રસ્તુત ચરિત્રકર્તા

કૃષ્ણર્ષીય ગચ્છના નાયક શ્રીમહેંદ્રસૂરિના શિષ્ય શ્રીજયસિંહસૂરિ હતા. જેમનો પ્રતાપરૂપ સૂર્ય અજ્ઞાન તિમિરનો ઉચ્છેદ કરી જગત્ જીવોને વિકસ્વર કરતો હતો. જેમની પ્રતિભા અસાધારણ હતી.

તેઓ ઉત્તમ પ્રકારના કવિ હતા. વ્યાકરણ, ન્યાય અને કાવ્યાદિ રચવામાં અતિ નિપુણ હતા. વાદીરૂપ મૃગયૂથને ત્રાસ આપવામાં સિંહ સમાન હતાં. તેમના પ્રશિષ્ય શ્રીનયચંદ્રસૂરિએ હમીર કાવ્યના ચૌદમાં સર્ગની પ્રશસ્તિમાં લખ્યું છે કે,—

जयति जनितपृथ्वीसंमदः कृष्णगच्छे ।
विकसितनवजातीगुच्छवत् स्वच्छमूर्तिः ।
विविधबुधजनालीभृङ्गसङ्गीतकीर्त्तिः,
कृतवसतिरजस्रं मौलिषु च्छेकिलानाम् ॥ १ ॥

"ભૂમંડલને પ્રમોદ આપનાર કૃષ્ણ ગચ્છ જયવંત વર્તે છે. વિકસિત થયેલા નવીન જાઈના ગુચ્છની માફક જેની મૂર્ત્તિ સ્વચ્છ દીપે છે. અનેક વિદ્વાન્ લોકો ભ્રમરની માફક જેના ગુણોનું કીર્ત્તન કરે છે. તેમજ બુદ્ધિમાન્ પુરુષોના મસ્તક પર હંમેશાં જેનો વાસ થાય છે."

तस्मिन् विस्मयवासवेश्मचरितश्रीसूरिचक्रे क्रमा-
ज्जज्ञे श्रीजयसिंहसूरिगुरुः प्रज्ञालचूडामणिः ।
षड्भाषाकविचक्रशक्रभखिलप्रामाणिकाग्रेसरं,
सारङ्गं सहसा विरङ्गमतनोद् यो वादविद्याविधौ ॥ २ ॥
श्रीन्यायसारटोकां, नव्यं व्याकरणमथ च यः काव्यम् ।
कृत्वा कुमारनृपतेः, रव्यातस्त्रौविद्यवेदिचकीर्ति ॥ ३ ॥

તે કૃષ્ણ ગચ્છની અંદર વિસ્મય કારક ચારિત્રથી વિરાજીત અનેક સૂરીશ્વરો થયા. અનુક્રમે પંડિતોમાં ચૂડામણી સમાન શ્રીજયસિંહસૂરિ થયા. જેમણે ૭ ભાષાઓના કવિઓમાં ચક્રવર્ત્તી સમાન અને સમગ્ર નૈયાયિકોમાં અગ્રેસર એવા સારંગ[૧] પંડિતને વાદ વિદ્યામાં પરાજીત કર્યા હતા. તેમજ ભાસર્વજ્ઞ એ રચેલા ન્યાય સારની ટીકા અને નવીન વ્યાકરણના પ્રણેતા તેઓ છે.

વળી શ્રીકુમારપાળ ચરિત્ર રચવાથી 'ત્રૈવિદ્યવેદિકચક્રી' એ પદવીથી તેઓ પ્રખ્યાત છે. **ન્યાયતાત્પર્યદીપિકા**માં આચાર્ય મહારાજે દરેક મતનાં પ્રમાણો પ્રતિપાદન કરેલાં છે.

જે ન્યાયસાર ગ્રંથમાં પ્રત્યક્ષ અને અનુમાન એ બે પ્રમાણ વૈશેષિકને અભિમત છે. પ્રત્યક્ષ અનુમાન, ઉપમાન, અને શબ્દ એ ચારને નૈયાયિકાદિક માને છે.

પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શાબ્દ અને અર્થાપત્તિ એ પાંચ પ્રભાકર ભટ્ટ. પ્રત્યક્ષ, અનુમાન, ઉપમાન, શાબ્દ અર્થાપત્તિ અને અનુપલબ્ધિ એ છને વિદ્વાંતિઓ તેમજ ઐતિહ્ય અને ચેષ્ટા સહિત આઠ પ્રમાણોને પૌરાણિકો માને છે. વિગેરે પ્રમાણ વિવાદનો યથાર્થ વિચાર કરી ગ્રંથ કર્તા આચાર્ય ભાસર્વજ્ઞે પ્રત્યક્ષ, અનુમાન અને આગમ એ ત્રણ પ્રમાણોને વિસ્તાર પૂર્વક પ્રતિપાદન કરેલાં છે. અન્ય પ્રમાણોનો તેમાં અંતર્ભાવ થઈ શકે છે. પાંચ હેત્વાભાસ, વાદ, જલ્પ, વિતંડા, છલ, જાતિ નિગ્રહ સ્થાન તેમજ અન્ય પદાર્થોનું પણ યથાર્થ નિરૂપણ કરેલું છે.

ન્યાયસાર ગ્રંથના મંગલવાદથી આરંભી મહાન્ વિદ્વાનોના હૃદયને આશ્ચર્યજનક ઉક્તિ, પ્રત્યુક્તિ, ઉદાહરણ અને પ્રત્યુદાહરણ સહિત તેમજ પ્રસંગોપાત્ત અન્યમત નિરૂપણના પ્રત્યાખ્યાન પૂર્વક સર્વવાદિ પ્રતિવાદિઓના ભેદાદિકને સૂચન કરનાર આ ગ્રંથપર ટીકા રચેલી છે. જેના અવલોકન માત્રથી જયસિંહસૂરિની અલૌકિક વિદ્વત્તા જણાય છે.

---

૧ જેણે સારંગધર પદ્ધતિ નામે સાહિત્ય ગ્રંથ રચ્યો છે, તે ગ્રંથ–ડૉ૦ પી પીટર્સન્–સાહેબે મુદ્રિત કર્યો છે. સારંગધર પંડિત હમ્મીર રાજાનો પંડિત હતો. દામોદર પંડિતના ત્રણ પુત્ર હતા. લક્ષ્મીધર અને કૃષ્ણથી આ સારંગધર નાનો હતો. બીજો મહાદેવનો પુત્ર હતો. ત્રીજો મુકુંદભુનુદ્ધનો પુત્ર હતો. તેમાં આ ગ્રંથનો કર્ત્તા હમ્મીર રાજાનો પંડિત છે.

તેમજ પ્રસ્તુત ગ્રંથકર્ત્તા શ્રીમાન્ સૂરિના પ્રશિષ્ય મહાકવિ નયચંદ્રસૂરિ કાવ્યકલામાં તેમના સમાન હતા. જેમણે હમ્મીર મહાકાવ્ય અને રંભા મંજરી નાટક રચ્યાં છે.

જયસિંહસૂરિનો સત્તા સમય આ ચરિત્રના પ્રાંત ભાગમાં આપેલા "श्रीविक्रमनृपाद्द्वि–" એ શ્લોક પરથી વિ. સં. ૧૪૨૨ માં આ ગ્રંથની સમાપ્તિ કરી છે. તેથી વિક્રમની પંદરમી શતાબ્દીમાં સિદ્ધ થાય છે.

આ ગ્રંથની યોજના દશ સર્ગમાં કરેલી છે. આ ગ્રંથ ઐતિહાસિક છતાં તેમાં પણ વિવિધ દૃષ્ટાંત સિદ્ધાંતની એવી રચના ગોઠવી છે કે, વાચકોને અપૂર્વ બોધ આનંદપૂર્વક મળી શકે તેમ છે. એ હેતુથી આ ગ્રંથનો ગૂર્જર ભાષામાં અનુવાદ કરવામાં આવ્યો છે. મૂળ ગ્રંથને અનુસારે ન્યૂનાધિક ન કરતાં ક્લિષ્ટતા રહિત સુગમ અને સરલ ભાષામાં રચાયેલા આ અનુવાદનો આશય સમજી સજ્જનો કર્તાના શ્રમને સફલ કરશે.

માણસા
વીર સંવત–૨૪૫૫–
કાર્તિક કૃષ્ણ ૧૧ શુક્ર.

અજિતસાગરસૂરિ

ઉપોદ્‌ઘાત

ગૂર્જર લોકો આ પ્રાંતમાં આવીને વસ્યા, ત્યારથી આ પ્રાંતનું નામ ગુજરાત પડ્યું છે.

સૌરાષ્ટ્રની ઉત્તર સરહદે આવેલા પંચાસરના છેલ્લા મહારાજા જયશિખરીના પુત્ર વનરાજ ચાવડે ગુજરાતનું પાટનગર અણહિલ્લપુર વસાવ્યું અને ત્યાં રાજગાદી સ્થાપી વનરાજને મુખ્ય આશ્રય આપનાર જૈનધર્મના શીલગુણસૂરિજી હતા.

વનરાજના સમયમાં જૈનધર્મના આગેવાનોએ ગુજરાતના રાજકારભારમાં આગેવાનભર્યો ભાગ લીધેલો. આ કારણથી ગુજરાતમાં જૈનધર્મ આગેવાન બનવાના પુણ્યવંતા પાયા રોપી શકયો.

વનરાજની ગાદીએ કેટલાક રાજા થયા પછી છેલ્લે સામંતસિંહ ચાવડો થયો. દારૂના બુરા વ્યસનથી એણે ચાવડા રાજ્યનો અંત આણ્યો.

જૈનધર્મના આગેવાનોની અપૂર્વ સહાયવડે બળવાન્ બનેલા ચાવડા રાજાઓનાં અવશેષ રાજ્યો આજે પણ ગુજરાતમાં માણસા, વરસોડા વગેરે સ્થળે અસ્તિત્વ ધરાવે છે.

સામંતસિંહ ચાવડાને મારીને તેના ભાણેજ સોલંકી મૂળરાજે ગુજરાતનું રાજ્યાસન હાથ કર્યું. મૂળરાજ પોતે ગુજરાતનો રાજા થયો. અણહિલ્લપુર પાટણમાં ચાવડા અને સોલંકી રાજાઓના અમલ દરમીયાન સૌથી પ્રતિભાશાલી રાજા તો સિદ્ધરાજ જયસિંહ થયો.

સિદ્ધરાજના જેવો રાજપ્રકરણમાં કુશલ બીજો એકેય રાજા ગુજરાતમાં આજ સુધી થયો નથી.

સિદ્ધરાજના સમયમાં પ્રખ્યાત જૈન પંડિત કલિકાલ સર્વજ્ઞ હેમચંદ્રાચાર્યજી પ્રખ્યાતિમાં આવ્યા. આ પ્રસિદ્ધિનું કોઈ મોટામાં મોટું પરાક્રમ હોય તો તે સિદ્ધહેમ વ્યાકરણ છે. આ વ્યાકરણ પાણિની વગેરે વ્યાકરણ કરતાં યે કેટલીક બાબતોમાં ચઢીઆતું લેખાયું છે. કહેવાય છે કે, શ્રી હેમચંદ્રાચાર્યજીએ સાડાત્રણ કરોડ શ્લોકો બનાવ્યા હતા. આજે એ સઘળા શ્લોકો ઉપલબ્ધ નથી. કદાચ પાંચેક લાખ શ્લોકો ઉપલબ્ધ થતા હશે. શ્રી હેમચંદ્રાચાર્યજી મહારાજના જે જે ગ્રંથો ઉપલબ્ધ થયા છે. તે સઘળા પ્રતિભાથી પૂર્ણ છે.

સિદ્ધરાજ પોતે શિવધર્મ પાળતો હતો એવું લોકો માને છે. ખરૂં જોતાં રાજાના સર્વ ધર્મો હોય છે. રાજધર્મનું પાલન કરવામાં જ રાજાનું કલ્યાણ સમાયેલું છે. રાજા અમુક પંથમાં પ્રવેશીને માળા ગણ્યા કરે અને પ્રજાનું ગમે તે થતું હોય તો તેવા સંયોગોમાં રાજા અમુક ધર્મમાં પ્રવેશેલો છતાં પ્રવેશ્યો નથી પણ ઉલટો એવો રાજા રાજધર્મથી ભ્રષ્ટ થએલો લેખાય છે. રાજાને રાજધર્મ–પ્રજા પાલનના શાસન પુરતો ઉપદેશ આપવો, તે વિચક્ષણ ધર્માચાર્યોની ફરજ છે. જૈન પંડિત કલિકાલ સર્વજ્ઞ શ્રીહેમચંદ્રાચાર્યજીએ પણ સિદ્ધરાજને પ્રજા પાલન ધર્મને લગતો ઉપદેશ આપ્યો હતો.

સિદ્ધરાજ ઘણો પ્રતિભાશાલી અને ગુણજ્ઞ રાજા હોવાથી તે વખતે જૈનો, શૈવો, વગેરે પોત પોતાના ધર્મોની મજબુતી કરવા અને બની શકે તો સિદ્ધરાજને પોતાના પંથમાં ભોળવી દેવાના ભગીરથ પ્રયત્નો થઈ રહ્યા હતા.

ભગવાન્ હેમચંદ્રાચાર્યે પણ જૈનધર્મને રાજધર્મ અને દેશધર્મ બનાવવા માટે વધારેમાં વધારે પ્રયત્નો કીધા હતા.

આવા શુભ પ્રયાસોનું સુંદર ફળ મહારાજા કુમાર પાલના સમયમાં આવ્યું હતું. તે એ હતું કે, મહારાજા કુમારપાલે જૈનધર્મનો સ્વીકાર ઘણા જ પ્રેમ પૂર્વક કર્યો હતો.

પૂર્વાચાર્યોમાં મતસહિષ્ણુતાનો ગુણ ખાસ કેળવાયો હતો. એક વખતે સિદ્ધરાજની સાથે ભગવાન્ હેમચંદ્રાચાર્યજી સોમનાથની યાત્રાએ ગએલા. ત્યાં સર્વના દેખતાં શ્રીહેમચંદ્રાચાર્યજીએ મહાદેવને નમસ્કાર કર્યા હતા અને મહાદેવ માટે એક સુંદર સ્તોત્ર પણ રચેલ.

જૈનધર્મના પૂર્વાચાર્યોએ મહાદેવની વ્યાખ્યા ઘણીજ ઉદાર રીતે બાંધેલી છે. જે દેવમાં કોઈપણ જાતનો દોષ નથી પણ કેવળ નિર્દોષ છે. નિષ્કલંક છે તેજ મહાદેવને–આવા પરમપવિત્ર મહાદેવને નમસ્કાર કરવાને શ્રીહેમચંદ્રાચાર્ય જેવા ધર્માચાર્યો સદાયે ઉત્સુક હોય, એમાં નવાઈ જેવું કશુયે નથી.

જ્યારે મહારાજા કુમારપાલ સાથે શ્રીહેમચંદ્રાચાર્યજી સોમનાથની યાત્રાએ ગયા હતા, ત્યારે ઘણીજ ઉદારતાથી શ્રી હેમચંદ્રાચાર્યજીએ જૈનધર્મી મહારાજા કુમારપાલને ઉપદેશ આપ્યો હતો કે, તમે આ સોમનાથ મહાદેવના દેવાલયનો જીર્ણોદ્ધાર કરાવો.

આ ઉપદેશથી મહારાજા કુમારપાલે સોમનાથના દેવાલયનો જીર્ણોદ્ધાર કરાવ્યો હતો, આવી અપૂર્વ ઉદારતા વડે જ શ્રીહેમચંદ્રાચાર્યજીએ સમગ્ર ગુજરાત અને ગુર્જરપતિને હાથ કરેલ હતા.

કુમારપાલ ઉપર શ્રીહેમચંદ્રાચાર્યજીના ઉપકારો મહાન્ હતા. શ્રી હેમચંદ્રાચાર્યજીની સહાય ન હોત તો કુમારપાલની કોણ જાણે કેવી યે સ્થિતિ સિદ્ધરાજ જયસિંહે કરી હોત.

કુમારપાલ ગુણચોર ન હતો પણ ગુણગ્રાહી હતો. એણે ભગવાન્ હેમચંદ્રાચાર્યજીના ઉપકારો યાદ રાખ્યા અને જૈનધર્મ પાળીને પોતાનું વચન મરણાંત સુધી બરાબર પાળ્યું. મહારાજા કુમારપાલના સમયમાં જૈનધર્મ ફાલ્યો ફૂલ્યો અને ખૂબ વૃદ્ધિ પામ્યો.

ગુજરાતના સમગ્ર જૈનો, કલિકાલ સર્વજ્ઞ ભગવાન્ હેમચંદ્રાચાર્યજીએ અમારી પટહ વગડાવ્યો હતો, એને સૌથી મહાન્ પરાક્રમ લેખે છે. શ્રી હેમચન્દ્રાચાર્યજીના ઉપદેશથી આખા ગુજરાતમાં શિકાર કરવાની અને બીજી રીતે જીવહિંસા કરવાની મનાઈ થઈ હતી.

સર્વજ્ઞ પ્રાણીરક્ષાનું સામ્રાજ્ય પ્રવર્તું હતું. એ સમય વીત્યા પછી આજ સુધીમાં ગુજરાતમાં ફરી અહિંસાને એવું સર્વોત્તમ સ્થાન કોઈ અપાવ્યું નથી. અલબત અકબર બાદશાહના સમયમાં હીરવિજયસૂરિએ અહિંસાનો પ્રચાર કરવા માટે કેટલાક શુભ પ્રયાસો કર્યા હતા અને તેનું રૂડું પરિણામ પણ આવ્યું હતું, પણ તે મહારાજા કુમારપાળના સમય જેવું તો નહિ જ!

કેટલાક કહે છે કે, શ્રીહેમચંદ્રાચાર્યજીના ઉપદેશથી ગુજરાતમાં પ્રાણી રક્ષાનો પ્રચાર થયો પણ લોકો શસ્ત્ર વાપરતા બંધ થયા, તેથી બાયલાપણું ફેલાયું એને જ પરિણામે ગુજરાતની પડતીનાં પગરણ શરૂ થયાં.

આ એમનું કથન અસ્થાને છે. પ્રાણીની હિંસા કરવામાં જેટલી બહાદૂરીની જરૂર પડે છે તેના કરતાં પ્રાણીનું રક્ષણ કરવામાં અનંત ગણી વધારે બહાદૂરીની જરૂર પડે છે. ખરું જોતાં ભગવાન્ હેમચંદ્રાચાર્યજીએ તો ગુજરાત વાસીઓમાં પ્રાણી માત્રનું રક્ષણ કરવાનું મહાન્ પરાક્રમ ખીલવ્યું હતું.

પ્રાણી રક્ષામાં રહેલા મહાન્ પરાક્રમને નહિ સમજનારાઓ હિંસામાં પરાક્રમ સમજે છે. ખરું જોતાં હિંસામાં પરાક્રમ નથી પણ ક્રૂરતા છે. રક્ષામાંજ પરાક્રમ છે. ગુજરાતનું રાજ્ય મહારાજ કુમારપાળે ગુમાવ્યું નથી પણ સમગ્ર હિંદુનું રાજ્ય ઈ. સ. ૧૮૧૮માં ખડકી અને કોરેગામનાં યુદ્ધમાં પેશ્વાઓ–બ્રાહ્મણોએ ગુમાવ્યું અને બ્રિટિશ સરકારને સોંપ્યું.

ભગવાન્ હેમચંદ્રાચાર્યે અમાસની પૂર્ણિમા કર્યાના ચમત્કારની વાતો સમગ્ર ગુજરાતમાં થાય છે. જૈનો કરતાં જૈનેતરો આ વાતમાં વધારે રસ લે છે. આવા ચમત્કારો થવા એ મનોમય સૃષ્ટિની રચના છે.

જેનું મન દૃઢ હોય તેજ ચમત્કારો કરી શકે છે અને જેનામાં પૂર્ણ શ્રદ્ધા હોય તેજ આવા સાત્ત્વિક ચમત્કારો જોઈ શકે છે.

આ દુનિયામાં ચમત્કારો માટે ઘણા જુના કાળથી એમત ચાલ્યા આવે છે. પ્રાચિન કાળમાં ચાર્વાક ઋષિ ચમત્કારોને માનતા ન હતા, આજે પણ અનેક ભાઈઓ ચમત્કારને માનતા નથી. ચમત્કારો માનવા કે ન માનવા એ સૌ સૌની મરજી ઉપર આધાર રાખે છે. ગમે તેમ હો પણ ચમત્કાર નામની વસ્તુ અનાદિ કાળથી ચાલી આવે છે.

ચમત્કારોનું મૂળ કારણ સંયમ છે. યૂરોપ અને અમેરિકા જેવા સુધરેલા દેશોમાં પણ ચમત્કારને માનવાવાળા અનેક છે.

રસાયન શાસ્ત્રીઓ જેમ રસાયનના પ્રયોગો વડે અનેક ચમત્કારો કરી બતાવે છે તેમજ સંયમવાન્ પુરૂષો માનસિક ખીલવટવડે અનેક પ્રકારના ચમત્કારો કરી શકે છે અને દૃઢ શ્રદ્ધાવાન્ તેવા ચમત્કારો જોઈ શકે છે,

જેમ સ્થૂલ સૃષ્ટિ છે તેમ બીજી મનોમય સૃષ્ટિ છે, મનોમય સૃષ્ટિની પ્રક્રિયાઓ જ્યારે સ્થૂલ સૃષ્ટિમાં વિચરનાર પ્રાણીના જોવામાં આવે છે ત્યારે તે ચમત્કાર રૂપે ભાસે છે. મનોમય સૃષ્ટિમાં આજે પણ અનેક વિધ ચમત્કારો થઈ રહ્યા છે.

દેવી દેવતા ઉપર આસ્થા રાખવામાં આવે છે અને કાર્ય ફળિભૂત થાય છે, એમાં પણ મનની દૃઢતા મુખ્ય છે. મનની દૃઢતાવડે આજે પણ અનેક ચમત્કારો બતાવી શકાય છે.

ભગવાન્ હેમચંદ્રાચાર્યજીમાં સંપૂર્ણ સંયમ હતો. એથી જ એમણે મહારાજા કુમારપાળને અનેક વખત ચમત્કારો બતાવ્યા હતા. બાદશાહને પલંગ સહિત મહારાજા કુમારપાળના મહેલમાં દાખલ કર્યાના ચમત્કારને કેટલાક ભાઈઓ સમજી શકતા નથી. ખરૂં જોતાં આતો એક સામાન્ય ચમત્કાર છે.

આખી દુનિયાને છક કરી શકે તેવા ચમત્કારો મહાપુરુષો બતાવી શકે છે. ચમત્કાર શાસ્ત્ર તો દુનિયાનાં શાસ્ત્રો કરતાં ન્યારાં છે, જેમણે અધ્યાત્મ શાસ્ત્રમાં પ્રવેશ કરીને માનસિક સૃષ્ટિનો વિચાર કર્યો હોય છે, તેવાઓ જ ચમત્કારને સમજી શકે છે.

દુનિયામાં ડાહ્યા કહેવાતા હોય તે સઘળી બાબતોમાં ડાહ્યા હોય એવું માનવાને કાંઈપણ કારણ નથી.

અધ્યાત્મ ડહાપણ તો સઘળાં દુન્યવી ડહાપણોથી નિરાળું છે. કોઈ વિરલાજ અધ્યાત્મ ડહાપણને મેળવી શકે છે. જેણે અધ્યાત્મ માર્ગમાં પ્રવેશ

કર્યો ન હોય અને માત્ર દુન્યવી માયા જાળમાં જ રમણ કર્યું હોય એવા એક પક્ષી ભાઇઓ ભલે ચમત્કારને ન માને પણ એથી ચમત્કારનું અસ્તિત્વ અને મહત્તા ઝાંખાં પડતાં નથી.

ચમત્કાર નામની વસ્તુ હૈયાતી ધરાવે છે, એ વાત તો નિર્વિવાદ છે, જેમણે અધ્યાત્મ માર્ગમાં પ્રવેશ કર્યો હોય છે, મન ઉપર કાબુ મેળવ્યો હોય છે, એવા મહાશયો આજે પણ ચમત્કારોને જોઈ શકે છે અને બતાવી શકે છે.

મારો તો સ્પષ્ટ અભિપ્રાય છે કે, આ દુનિયામાં ચમત્કાર નામની વસ્તુ હયાત છે. આ વાત કલ્પિત નથી પણ અનુભવ જન્ય છે.

આવા ચમત્કારો માત્ર જૈન ધર્મમાં જ છે એવું કાંઈ નથી. જે જે ધર્મમાં સંયમવાન્ મહાપુરુષો થઈ ગયા છે, તેમણે પોતાના ભક્તોને અને વિરોધીઓને ચમત્કારો બતાવ્યા છે.

શ્રી **શંકરાચાર્યજીએ** અમરક રાજાના મૃતક દેહમાં પ્રવેશ કર્યો, પાઠીને મુખે વેદ બોલાવ્યા. શ્રી રામાનુજાચાર્યે સહસ્ત્ર મુખે શાસ્ત્રાર્થ કર્યો. શ્રી કૃષ્ણ ભગવાને મુખમાં બ્રહ્માંડ બતાવ્યું, નરસિંહ મહેતાને વિષ્ણુ ભગવાને હાર પહેરાવ્યો, મામેરૂં પુર્યું, હુંડી સ્વીકારી વગેરે ચમત્કારો ઘણા જ જાણીતા છે. આવા ચમત્કારો થઈ શકે છે એમ હું તો માનું છું.

જેમણે ચમત્કારના માર્ગમાં પ્રવેશ કર્યો ન હોય તેવાઓ ગમે તેમ બોલે તેથી શું? ભગવાન્ હેમચંદ્રાચાર્યજીએ જેવા ચમત્કારો બતાવ્યા હતા, તેવા ચમત્કારો સંયમવાન્ પુરુષ હમણાં પણ બતાવી શકે છે. કોઈક સંયોગો ઉત્પન્ન થયા ત્યારે જ આવા ચમત્કારો બતાવવામાં આવે છે.

સ્થૂલ સૃષ્ટિના અભ્યાસીઓ સાયન્સના જોઈ શકે છે એમ જ સૂક્ષ્મ સૃષ્ટિના અભ્યાસીઓ સૂક્ષ્મ ચમત્કારો જોઈ શકે છે અને કરી શકે છે. સ્થૂલ સૃષ્ટિના માનવીઓ સૂક્ષ્મ સૃષ્ટિમાં માથું મારે તો જરૂર નિરાશા જ મેળવે.

ભગવાન હેમચંદ્રાચાર્યજીએ મહારાજા કુમારપાળને જૈન ધર્મમાં આણ્યો અને જૈન ધર્મને રાષ્ટ્ર ધર્મ બનાવ્યો. રાજાની પ્રજાને માત્ર માનવ જાતિ જ નથી. પશુ પક્ષીઓ પણ રાજાની પ્રજા છે.

જે ધર્મ પ્રાણીમાત્રનું હિત જાળવે અને ન્યાય અપાવે, તેજ રાષ્ટ્રધર્મ થઈ શકે છે. એવો માત્ર એકજ ધર્મ છે અને તે જૈનધર્મ મહારાજા કુમારપાળ પાસે અમારી પડહ પ્રાણી માત્રથી રક્ષાનું ફરમાન બહાર પડાવીને માનવ જાતિની સાથે પશુ પક્ષીઓ વગેરે બીજાં સઘળાં પ્રાણીઓને રક્ષણ અપાવ્યું હતું.

પ્રાણીમાત્રનું હિત જાળવવા માટે અને એમને ન્યાય અપાવવા માટે એકલો જૈનધર્મ ઘણા જૂના કાળથી મથન કરી રહ્યો છે. બીજા ધર્મો કેવલ સ્વાર્થ પૂર્ણ છે. કેવળ માનવ જાતિના સ્વાર્થની વાતો કરે છે.

જૈનધર્મ માનવ જાતિના કલ્યાણની વાતો કરે છે ખરો પણ સાથે સાથે પશુ પક્ષીઓ વગેરેના હિતની પણ એટલા જ જોર શોરથી વાતો કરે છે ઘણે લાંબે સમયે આજે પશુપક્ષીઓ તરફ જે કાંઈ જગત્ સહાનુભૂતિ બતાવનારૂં થયું છે, તે કેવળ જૈનધર્મનો ઉપકાર છે.

જૈનધર્મ કહે છે કે સર્વ જીવો સુખેથી જીવો સુખેથી હરો, ફરો અને આનંદ ભોગવો આ સૃષ્ટિ સર્વ પ્રાણી માટે છે. બીજાં પ્રાણીઓને ભોગે માત્ર એકલો મનુષ્ય જાતિનેજ જીવવાનો અને આનંદ ભોગવવાનો અધિકાર નથી.

બીજા પ્રાણીઓના હકકો માનવ જાતે છીનવી લીધા છે અને તેમ કરવામાં બીજા ધર્મોએ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ટેકા આપ્યા છે, એનું પરિણામ એ આવ્યું છે કે પશુપક્ષીના જીવવાના હકકોનો નાશ થયો છે.

આ હકકો પાછા અપાવવા માટે જૈનધર્મની મોટામાં મોટી લડત છે. જ્યારે માનવ જાતિની સાથે જગતનાં બીજાં સઘળાં પ્રાણીઓને ઇન્સાફ મળશે, ત્યારે જૈનધર્મ એ માત્ર ગુજરાતનો જ કે મારવાડનો જ નહિ પણ આખી દુનિયાનો ધર્મ બનશે અર્થાત્ રાષ્ટ્રધર્મ થશે.

ભગવાન હેમચંદ્રાચાર્યજી અને મહારાજા કુમારપાળના સંબંધમાં આટલું ટૂંકું કથન અસ્થાને લેખાશે નહિ.

'રાજર્ષિ કુમારપાળ ચરિત્ર' જૈનધર્મના પ્રભાવશાળી આચાર્ય શ્રીમાન જયસિંહસૂરિએ વિક્રમ સંવત ૧૪૨૨ માં રચ્યું છે. બીજી પણ અનેક દંતકથાઓ મહારાજ કુમારપાળ અને હેમચંદ્રાચાર્યજીના સંબંધમાં ચાલે છે.

આ ચરિત્રનું ગુજરાતી ભાષામાં ભાષાંતર કરીને શાસ્ત્રવિશારદ આચાર્યજી મહાત્મા શ્રી અજીત. સાગરસૂરીશ્વરજી મહારાજે ગુજરાત ઉપર મહાન ઉપકાર કર્યો છે.

ભાષાંતરની ભાષા સરળ અને સુગમ છે. જે ભાઈઓ સંસ્કૃત નથી જાણતા તેવા જૈન અને જૈનેતર ભાઈઓ માટે આ વસ્તુ ઉપકારક થઈ પડશે. ચાલુ જમાનામાં આવા પ્રયાસો ખાસ સ્તુતિપાત્ર લેખાય છે.

શ્રી અજીતસાગરસૂરિજી મહારાજે અગાઉ 'સુરસુંદરી ચરિત્ર' નું ભાષાંતર બહાર પાડયું હતું. અગાઉના ભાષાંતર કરતાં આ ભાષાંતર વધારે છટાદાર થયું છે.

વીશમી સદીના છેલ્લા યુગમાં જૈન લેખકોએ ગુજરાતી ભાષાની જે સેવાઓ બજાવી છે, તેમાં શાસ્ત્ર વિશારદ જૈનાચાર્યજી મહાત્માશ્રી અજીતસાગર-સૂરીશ્વરજીનું સ્થાન અગ્રસ્થાને છે.

પ્રકાશકીય

પરમ પૂજ્ય, યોગનિષ્ઠ આચાર્ય ભગવન્ત શ્રીમદ્ **બુદ્ધિસાગર સૂરીશ્વરજી મ. સા** ના પટ્ટધર મહાન શાસન પ્રભાવક પ્રસિદ્ધ વકતા આચાર્ય ભગવન્ત **શ્રીમદ્ અજિતસાગર સૂરીશ્વરજી** મહારાજે સંસ્કૃત ભાષામાં તેમજ ગુજરાતી ભાષામાં અનેક ગ્રન્થોની રચના કરી જૈન શાસન ઉપર મહાન ઉપકાર કર્યો છે.

ગુજરાતી ગ્રન્થો પૈકી (૧) ભીમસેન-ચરિત્ર (૨) સુર-સુંદરી ચરિત્ર ભા. ૧-૨ (૩) સુપાર્શ્વનાથ ચરિત્ર ભા. ૧-૨-૩ તથા (૪) અજિતસેન શીલવતી ચરિત્ર સંસ્કૃત ગ્રન્થનું પ્રકાશન કાર્ય પૂર્ણ થયા બાદ અમોએ 'કુમારપાળ-ચરિત્ર' ભા. ૧-૨ ગ્રન્થના પ્રકાશન શરૂ કર્યું.

આજે 'કુમારપાલ ચરિત્ર' પ્રથમ ભાગનું પ્રકાશન કરતાં મહુડી (મધુપુરી) જૈન શ્વે. મૂર્તિ. ટ્રસ્ટ આનંદ અનુભવે છે.

પૂજ્યપાદ પરમોપકારી આચાર્ય ભગવન્ત શ્રીમદ્ અજિતસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબ વિરચિત ગ્રન્થોના પુનઃ પ્રકાશન માટે અમોને પ્રેરણા આપનાર પરમપૂજ્ય પ્રશમરસ નિધિ આચાર્ય ભગવંત **શ્રીમત્ કીર્તિસાગર સૂરીશ્વરજી મ. સા.** ના પટ્ટધર પરમપૂજ્ય પ્રવચન પ્રભાવક, ગચ્છાધિપતિ આચાર્ય ભગવન્ત **શ્રીમત્ સુબોધ સાગર સૂરીશ્વરજી મ. સા.** ના મહાન ઉપકારોનું સ્મરણ કરી અનૃણી બની આનંદ અનુભવીએ છીએ.

પુણ્યમયી આર્યભૂમિના અઢાર રાજ્યોમાં જીવદયા પ્રવર્તાવનાર પુણ્યશ્લોકી કુમારપાળ મહારાજાના જીવનચરિત્રની વિ. સં. ૧૪૨૨માં સંસ્કૃત ભાષામાં મહાન કવિ શ્રી જયસિંહ સૂરીશ્વરજી મહારાજાએ રચના કરીને અનુપમ ઉપકાર કર્યો છે. અને પરમ પૂજ્ય, શાસ્ત્ર-વિશારદ, આચાર્ય શ્રીમદ્ અજિતસાગર સૂરીશ્વરજી મહારાજાએ ગૂર્જર ભાષામાં અનુવાદ કરીને મહાન ઉપકાર કર્યો છે.

'કુમારપાલ ચરિત્ર' ગ્રન્થનું વારંવાર પુનઃ પુનઃ પરિશીલન કરી સર્વ ભાવિક આત્માઓ સ્વ-જીવનને ધન્ય બનાવે એજ શુભેચ્છા....

×

પ્રકાશક

અનુક્રમણિકા

પૃષ્ઠ	પરિચય
૩	અદ્વર્ય
૪	પ્રસ્તાવના
૨૭	ઉપોદ્ઘાત
૩૩	અનુક્રમણિકા
૩	મંગલ સ્તુતિ
૪	કર્તવ્ય નિર્દેશ
૪	અહંકાર પરિહાર
૪	કુમારપાળ વંશ વર્ણન
૪	ચુલુક રાજા
૫	ચૌલુકય વંશ પ્રસિદ્ધિ
૫	વિક્રમસિંહ રાજા
૫	હરિ વિક્રમ રાજા
૫	રામ રાજા
૬	સહજરામ, દદ્દક અને કાંચિ કવ્યાલ રાજા
૬	રાજીરાજા, મૂલરાજ, ચામુંડ રાજા
૭	દુર્લભરાજ, ભીમરાજ
૭	ક્ષેમરાજ અને કર્ણરાજ
૭	દેવપ્રસાદ અને ત્રિભુવનપાળ
૭	જયસિંહ રાજા
૮	કોટીગણ, વજ્રશાખા ચંદ્રગચ્છ
૮	શ્રીદત્ત સૂરીશ્વર મહારાજ
૯	વાગડ દેશ વટપદ્ર નગર યશોભદ્ર રાજા
૯	જિનધર્મોપદેશ–મનુષ્ય જન્મની સાર્થકતા
૯	વિષ્ણુશર્મા વિપ્ર દૃષ્ટાન્ત
૧૦	ધર્મહિન વિપ્રને પત્ની શીલવતીનું ઉદ્બોધન
૧૧	નિર્ધનતાથી અધમતા
૧૨	ધિક્કાર પાત્રનિર્ધનતા
૧૨	ધન પ્રાપ્તિ અર્થે પરદેશ ગમન
૧૨	વૃદ્ધ વિપ્રનો સમાગમ, ધન પ્રાપ્તિની પૃચ્છા
૧૩	રત્નદ્વીપ અધિષ્ઠાત્રી દેવી
૧૩	દેવી ઉપાસના, ધ્યાન, તપ અને નિશ્ચલતા
૧૩	દેવીની પ્રત્યક્ષતા વિપ્રને પુણ્ય હિનતાથી લક્ષ્મીની અપ્રાપ્તિનું સૂચન
૧૪	દેવીને ઉપાલંભ અને વિપ્ર સાહસ
૧૪	રત્ન ચિન્તામણિની પ્રાપ્તિ અને સ્વદેશ–પ્રયાણ
૧૫	રાત્રીનો સમય પૂર્ણિમાનો ચંદ્ર
૧૫	પુણ્યહિન વિપ્રે રત્નચિન્તામણિ ગુમાવ્યું.
૧૫	ગુરુ–ઉપદેશથી યશોભદ્ર રાજાને ધર્મ–પ્રાપ્તિ
૧૬	અગ્નિથી બળેલી ગર્ભવંતી સર્પિણી
૧૬	અન્તરમાં પારાવાર પશ્ચાત્તાપ
૧૭	પશ્ચાત્તાપપૂર્વક ગુરુપાસે પ્રાયશ્ચિતની માગણી
૧૭	ગુરુવાણી શ્રવણ દિક્ષા ગ્રહણ સૂરિપદ પ્રાપ્તિ, અણસણ અને સ્વર્ગ ગમન
૧૭	યશોભદ્રસૂરિની પાટે પ્રદ્યુમ્ન સૂરિ
૧૮	ગુણસેનસૂરિ અને દેવચંદ્રસૂરિ

પૃષ્ઠ	પરિચય
૧૮	ધંધુકામાં આગમન
૧૮	ચાચિંગ શ્રેષ્ઠિ પાહિની-શ્રેષ્ઠી પત્ની
૧૮	સ્વપ્ન-દર્શન ચિંતામણિરત્ન ગુરુને અર્પણ
૧૮	સ્વપ્ન ફલ પૃચ્છા અને કથન
૧૯	શકુન ગ્રન્થી-આકાશવાણી
૧૯	પુત્ર જન્મ-ઉત્સવ નામ-સ્થાપન ચંગદેવ
૧૯	પાહિની પુત્ર સાથે ગુરુ વન્દન ગમન
૧૯	ગુરુ આસને પુત્ર
૨૦	ગુરુ વાણી શ્રવણ પાહિનીનો પ્રત્યુત્તર
૨૧	ઉદયન મંત્રીને ગુરુની પ્રેરણા
૨૧	ચંગદેવની દીક્ષા અને સોમચંદ્ર નામ-સ્થાપન
૨૧	ગુરુ નિશ્રા-શાસ્ત્ર-અભ્યાસ-અન્તર સ્ફુરણા
૨૨	સરસ્વતી પ્રસન્ન કરવા કાશ્મીર તરફ...
૨૨	ગુરુ-આજ્ઞા પ્રાપ્તિ અને પ્રયાણ
૨૨	દેવી સાક્ષાત્કાર-પ્રસન્નતા-પ્રસાદ
૨૩	ગુરુ નિશ્રામાં પ્રયાણ, ગુરુને નિવેદન ગુરુની આશિષ
૨૩	નાગપુર નગર ધનદ શ્રેષ્ઠી
૨૪	પુણ્યોદયે અઢળક સંપત્તિ
૨૪	પાપના ઉદયે ભયંકર વિપત્તિ
૨૪	જમીનમાં દાટેલી સંપત્તિ બની ગઈ કોલસા

પૃષ્ઠ	પરિચય
૨૪	પુણ્યોદયે લીલાલહેર, પાપોદયે કાળોકેર
૨૫	ભયંકર દુઃખદ દરિદ્રી અવસ્થા
૨૫	ધનદ શ્રેષ્ઠીનો વિલાપ
૨૫	પુણ્યવંત મહિમાવંત ગુરુદેવ સોમચંદ્ર મુનિના પાવન પગલે લીલા લહેર
૨૫	પાપોદયે કોલસા બનેલી લક્ષ્મી પુણ્યવંતના પગલે સુવર્ણ ભંડાર
૨૬	લઘુ શ્રમણ સોમચંદ્રની દૃષ્ટિમાં સુવર્ણ અને અન્યની દૃષ્ટિમાં કોલસા
૨૬	પ્રશ્નોત્તરી, આમ કેમ ?
૨૬	શ્રેષ્ઠીની પૃચ્છા મુનિનો પ્રત્યુત્તર
૨૭	ધનની પુનઃ પ્રાપ્તિ અને ધનની સફળતા
૨૮	નાગપુરથી વિહાર અને અણહિલ્લપુરમાં પ્રવેશ પ્રસ્થાન
૨૮	કલા અભ્યાસ માટે આજ્ઞા અને પ્રસ્થાન
૨૮	વૃદ્ધ મુનિ-સમાગમ અને સંવાદ
૨૯	વૃદ્ધમુનિના મનોરથ પૂર્ણ કર્યા
૨૯	સત્પાત્રમાં વિદ્યા અર્પણ
૨૯	રૈવતાચલમાં કયાંથી ?
૨૯	શાસનદેવીનું સાનિધ્ય-મન્ત્ર શક્તિ પ્રદાન
૩૦	અમૃત પાન-પ્રાર્થના અને આકંઠ-પાન
૩૧	સૂરિપદ
૩૨	સિદ્ધરાજ-જયસિંહને હેમચંદ્ર સૂરિનો સમાગમ અને સ્તુતિ

પૃષ્ઠ	પરિચય
૩૩	સૂરીશ્વરને સમ્રાટનું આમન્ત્રણ
૩૩	સિદ્ધરાજની ધર્મ જિજ્ઞાસા
૩૩	પુરાણોક્ત કથા–ધર્મનું સત્ય સ્વરૂપ
૩૮	સિદ્ધરાજનો પ્રશ્ન : સર્વમાન્ય સર્વસંમત ધર્મ કયો ? દયા ધર્મ
૩૯	અભયંકર નૃત્ય–કથા
૪૧	દિવ્ય પુરુષનો પ્રભાવ
૪૨	માનસ સરોવર
૪૨	યોગીન્દ્રનો સમાગમ
૪૩	યોગીન્દ્રનો ચમત્કાર
૪૪	સુખમય સજ્જન સમાગમ
૪૪	કુપાત્રને વિદ્યાદાનથી નાશ
૪૫	સુપાત્રને વિદ્યાદાનથી મહિમા વૃદ્ધિ
૪૬	કુમારની અનિચ્છા છતાં યોગીએ કુમારને વિદ્યા આપી
૪૬	ક્ષેમંકર રાજાની દીક્ષા
૪૭	અભયંકર રાજાની સભામાં નૃસિંહ રાજાનું આગમન અને વિજ્ઞપ્તિ
૪૭	અભયંકર રાજાની અસીમ ઉદારતા
૪૮	દૂધ માગનારને ગાયનું દાન ? ફળ માગનારને બગીચાનું દાન ? રાત્રી વિસામા માટેનું ઘરનું દાન ?
૪૯	ધનવાહન રાજાની અભયંકર રાજાને વિજ્ઞપ્તિ
૫૦	અભયંકર રાજાએ પોતાની રાજગાદી ધનવાહનને આપી
૫૨	ઘાસ અભાવથી ગાય શું દૂધ આપતી નથી ?
૫૩	અભયંકર રાજાની તીર્થ–યાત્રાની ઇચ્છા
૫૪	સિંહ અને સત્પુરુષ સહાય વિના દેશાન્તરે
૫૪	સિદ્ધયોગીનો સમાગમ
૫૬	મણિચૂડ વિદ્યાધરને અભયંકરનો ઉપદેશ
૬૦	યોગીની મૂર્ચ્છા
૬૧	અપરાજિત દેવીનું આગમન
૬૨	અભયંકર રાજાનો દેવીને આગ્રહ
૬૩	પરાર્થકાજે અભયંકર રાજાનું આત્મ બલીદાન
૬૩	પ્રજ્ઞાલોકમંત્રીની અભયંકરને વિનંતિ
૬૪	અરિકેસરી રાજાનું અકાલે અવસાન
૬૪	અભયંકરને રાજ્યપ્રાપ્તિ
૬૪	પરોપકારનો અચિન્ત્ય પ્રભાવ
૬૫	મણિચૂડ વિદ્યાધરનું આત્મ–નિવેદન
૬૫	અભયંકર રાજાની અનુમતિ પૂર્વક સ્વ–સ્થાને પ્રયાણ
૬૬	ચક્ર–રત્ન પ્રાપ્તિ
૬૬	છ ખંડની સાધના
૬૮	ચક્રીનો અભિષેક

પૃષ્ટ	પરિચય
૬૮	ગુરુ-મહારાજનું આગમન ધર્મ-દેશના શ્રવણ
૬૯	અભયંકર ચક્રવર્તીને પરોપકારથી પરમપદની પ્રાપ્તિ
૬૯	કુમારપાળ જન્મ
૭૧	યૌવન અવસ્થા
૭૨	ગુરુ સમાગમ અને પ્રશ્ન કયા ગુણની મુખ્યતા ?
૭૨	સર્વગુણોમાં સત્વ ગુણની મુખ્યતા
૭૨	અજા પુત્ર કથા
૭૨	ચંદ્રાનના નગરી ધર્મોપાધ્યાય બ્રાહ્મણ
૭૩	ઉત્તમ લગ્ન પુત્ર જન્મ
૭૩	લગ્ન કુંડલી વિચાર-રાજા થશે
૭૫	પુત્રનો વનમાં ત્યાગ, અજા-સ્તન-પાન
૭૫	વાગ્ભટ ગોવાળે બાળકને ગ્રહણ કર્યો. અજાપુત્ર નામ સ્થાપન
૭૬	દેવી વચન
૭૭	જંગલમાં ત્યાગ
૭૮	યક્ષમંદિર, અગ્નિકુંડ-જ્વાલા શા માટે ?
૭૯	તું બાળક શું સમજે ?
૭૯	શું મોટા કામ મોટા જ કરે ! નાનો શું ન કરી શકે ? અજાપુત્રનો પ્રશ્ન ?
૭૯	વૈદેશિક મહાત્મા
૮૦	અદ્‌ભુત પરોપકાર

પૃષ્ટ	પરિચય
૮૧	અગ્નિમાં પ્રવેશ
૮૧	કપિ પુરુષ
૮૩	દિવ્ય-તેજ
૮૫	શિવંકરા નગરી
૮૮	નિષ્ફલ-પ્રયોગ
૯૦	નૃપ મૂર્ચ્છા
૯૧	ઉપકાર સ્મરણ
૯૧	સજ્જન મૈત્રી
૯૨	માયાવી હાથી
૯૪	મિત્ર ખેદ
૯૪	ચંડિકા દેવી
૯૫	સર્વાંગ સુંદરી
૯૬	વ્યંતરી પ્રાર્થના
૯૭	વ્યન્તરેન્દ્રનું સ્થાન
૯૮	વ્યન્તરેન્દ્રનો અતિથિ
૯૯	નરક સ્વરૂપ
૧૦૧	નરકમાં દશ પ્રકારની વ્યથા
૧૦૨	મિત્ર ચિન્તા
૧૦૩	મૈત્રીનો પ્રભાવ
૧૦૪	અજાપુત્ર સંકટમાં
૧૦૪	મિત્ર મિલન
૧૦૫	સરોવર પ્રાપ્તિ
૧૦૬	નગર પ્રવેશ
૧૦૮	અષ્ટાપદ તીર્થ-યાત્રા
૧૧૦	દિવ્ય સંગીત
૧૧૨	પુણ્ય મહિમા
૧૧૩	શરદ ઋતુ
૧૧૫	વિક્રમ રાજા
૧૧૬	વસંતોત્સવ
૧૧૮	કેલિ-મર્કટ

પૃષ્ટ	પરિચય
૧૧૯	ઉન્મત્ત હાથી
૧૧૯	વિમલ વાહન
૧૨૧	મહાસેનરાજા-રણસંગ્રામ
૧૨૨	બુદ્ધિબળ મંત્રી- અજાપુત્રનો બોધ
૧૨૫	રાજ્યાભિષેક
૧૨૭	વિજય પ્રાપ્તિ-ચંદ્રાપીડ રાજા
૧૨૮	નૈમિત્તિક વચન
૧૨૯	મંત્રી ત્યાગ
૧૩૦	સૈન્યની તૈયારી
૧૩૧	વિજય પ્રયાણ
૧૩૨	રાજ્ય પ્રાપ્તિ
૧૩૩	ચમત્કારી શ્લોક
૧૩૫	જનેતાની શોધ
૧૩૬	માતા પુત્ર મિલન
૧૩૭	દેવોનો આશીર્વાદ
૧૩૯	મોક્ષ પ્રાપ્તિ
૧૪૧	પુત્ર ચિંતા
૧૪૨	ગુરુ-પ્રાર્થના
૧૪૩	નિસ્પૃહતા-પ્રભુ પૂજા
૧૪૪	રૈવતકગિરિ
૧૪૫	અંબિકા-આરાધન સોમેશ્વર પ્રાર્થના
૧૪૭	કૃષ્ણ દેવ
૧૪૯	ગુપ્ત પ્રયાણ
૧૫૧	જટીલ શુદ્ધિ
૧૫૨	ભીમસિંહ
૧૫૩	ધનની આસક્તિથી ઉંદરનું મૃત્યુ
૧૫૪	દેવશ્રી

પૃષ્ટ	પરિચય
૧૫૪	સજ્જન કુંભાર
૧૫૫	બોસરી મિત્ર
૧૫૬	ભિક્ષા માતા
૧૫૭	કૃતજ્ઞતા
૧૫૮	સ્થંભન તીર્થ
૧૫૯	બપ્પભટ્ટી સૂરિની જેમ
૧૬૦	સિદ્ધરાજના સકંજામાં કુમારપાળ...
૧૬૦	હે સૂરીશ્વરજી ! સિદ્ધરાજના સુભટોથી મારું તમે રક્ષણ કરો...
૧૬૦	કુમારપાળનું રક્ષણ...
૧૬૧	સૂરીશ્વરના સ્થાનમાં સુભટો
૧૬૨	વટપત્તન
૧૬૩	શકુનવેદી મારવાડી
૧૬૩	યોગી સમાગમ
૧૬૪	રાજ્યદાયક મન્ત્ર
૧૬૪	મન્ત્ર સાધના – સ્મશાનભૂમિ
૧૬૫	વક્રદન્ત ક્ષેત્રપાલ
૧૬૬	લક્ષ્મી દેવીનું વરદાન
૧૬૮	કાંચીપુરી
૧૬૮	મસ્તક વગરનું ધડ પનીહારીઓના વાર્તાલાપથી આશ્ચર્ય
૧૬૯	અમૃત સાગર તળાવ
૧૭૦	શિરો મજ્જન અને રાજપ્રશ્ન ???
૧૭૧	મરૂધરદેશ બહુશ્રુત બ્રાહ્મણ
૧૭૪	નૃપ પ્રશ્ન...કેલિકીલ વ્યન્તર
૧૭૫	પ્રતાપસિંહ રાજા
૧૭૬	કુમારપાળનો સત્કાર
૧૭૭	ચિત્રકુટ ગમન

પૃષ્ઠ	પરિચય
૧૭૭	ભૂતાનંદ યોગી
૧૭૯	ભુતાનંદનો અત્યાચાર
૧૮૧	સુવર્ણપુરુષ
૧૮૨	કૂટ સુર
૧૮૩	શ્રીમલીશ રાજા
૧૮૫	અપ્સરીકા વેશ્યા
૧૮૬	અણહિલ્લ પત્તન
૧૮૮	રાજ્યાભિષેક
૧૮૯	રાજ્યતન્ત્ર
૧૯૦	નૃપવધ-ઉપાય
૧૯૧	કૃષ્ણ દેવની અવદશા
૧૯૩	કૃષ્ણદેવને શિક્ષા
૧૯૪	ભીમસિંહ ખેડુત-દેવશ્રી સજ્જન કુંભાર બોસરી-કુટકશેઠ-પ્રત્યુપકાર
૧૯૫	વિદ્યુત્પાત
૧૯૬	હેમચન્દ્રસૂરિનું સ્મરણ-દર્શન આશીર્વાદ
૧૯૮	મહાન પુરુષોની મનની ઉદારતા
૧૯૯	સૂરીશ્વરની નિઃસ્પૃહતા
૨૦૦	દિગ્વિજય
૨૦૨	રાજ-સેવા
૨૦૪	વિજય-યાત્રા
૨૦૭	મૂળરાજ સાથે યુદ્ધ
૨૦૯	ગૂર્જરેન્દ્રનો વિજય
૨૧૨	રાજધાની પ્રવેશ
૨૧૪	સૂરીશ્વર સમાગમ
૨૧૫	અર્ણોરાજનું ઉપહાસકારક વચન
૨૧૭	દેવલદેવીનો પતિ ત્યાગ-ભ્રાતૃ ગૃહે ગમન
૧૨૮	ચૌલુકય કોપ
૨૧૯	ચર પ્રેષણ
૨૨૧	ચૌલુકય પ્રયાણ
૨૨૨	ચંદ્રાવતી નગરી
૨૨૪	વિક્રમસિંહનું વિક્રમ પરાક્રમ
૨૨૫	વિક્રમસિંહનું ચૌલુકયને આમન્ત્રણ
૨૨૬	અર્ણોરાજની શાકંભરી નજીક ચૌલુકયનો પડાવ
૨૨૬	અર્ણોરાજ પ્રતિ દૂત પ્રેષણ
૨૨૭	અર્ણોરાજ-પ્રયાણ
૨૨૯	બન્ને સૈન્યોની યુદ્ધની તૈયારી
૨૩૦	ચારભટ કુમાર
૨૩૧	ગૂર્જરેશ્વર પ્રયાણ
૨૩૩	બન્ને સૈન્યોનું પરસ્પર યુધ્ધ
૨૩૫	રયામલ મહાવતને પૃચ્છા સામંતો મંદોત્સાહવાળા કેમ થયા ?
૨૩૫	સામંતો યુદ્ધમાં નિરૂત્સાહી કેમ ?
૨૩૫	સામંતોનો દ્રોહ
૨૩૫	હવે શો ઉપાય ? રાજ-પ્રશ્ન
૨૩૬	ચૌલુકયનું અતુલ પરાક્રમ
૨૩૮	ચૌલુકય અને અર્ણોરાજ
૨૩૯	ચૌલુકય ચતુરાઈ
૨૪૧	ચૌલુકયનો વિજય
૨૪૧	પ્રતિજ્ઞાની પૂર્ણતા
૨૪૩	ચૌલુકય ચંદ્રાવતીમાં

પૃષ્ટ	પરિચય
૨૪૫	રાજધાની પ્રવેશ
૨૪૬	મલ્લિકાર્જુન
૨૪૭	આમ્રભટનું પ્રયાણ
૨૪૯	આમ્રભટ અને મલ્લિકાર્જુનનું યુદ્ધ
૨૫૧	આમ્રભટનો વિજય
૨૫૧	મલ્લિકાર્જૂનનું મૃત્યુ
૨૫૨	આમ્રભટ કુમારપાલની રાજસભામાં
૨૫૩	સોમનાથના પૂજારા
૨૫૪	સોમનાથ મંદિરનો જિર્ણોદ્ધાર
૨૫૫	માંસાહાર ત્યાગ પ્રતિજ્ઞા
૨૫૬	યાત્રામાટે સૂરીશ્વરજીને પ્રાર્થના
૨૫૮	સૂરીશ્વરજીની સોમનાથની સ્તુતિ ભવબીજાङ्कुरजनना
૨૫૯	શંકરનો સાક્ષાત્કાર
૨૬૦	ચૌલુકયને શંકરનું ઉદ્‌બોધન
૨૬૧	ગુરુ પ્રાર્થના
૨૬૨	દેવબોધી સન્યાસી
૨૬૩	મરણાભિમુખ દિપક
૨૬૪	સરસ્વતી દેવી
૨૬૫	દેવબોધી પ્રયાણ
૨૬૬	દેવબોધીનો ચમત્કાર
૨૭૦	હેમચંદ્રાચાર્યજીનોચમત્કાર
૨૭૧	ઉપદેશનો પ્રારંભ
૨૭૨	આસન વિના નિરાધારપણે આખ્યાન

કુમારપાળ ચરિત્ર

મંગલ સ્તુતિ

કમલને વિષે હંસીની જેમ જેને વિષે શિવલક્ષ્મી ક્રીડા કરે છે, તે ચિદાકાર આનંદના એક કંદરૂપ પરમાત્માને નમસ્કાર થાઓ.

જે પરમાત્માએ મુક્તિ અને મોક્ષના ઉપદેશથી સજ્જનોને બન્ને પ્રકારનું પણ સુખ બતાવ્યું છે.

તે શ્રીમાન્ નાભિરાજાના પુત્ર શ્રીઆદિનાથભગવાન સર્વ જગતનું રક્ષણ કરો.

ભવભ્રમણરહિત (આકાશના પ્રાંત ભાગમાં) સ્થિતિ-નિવાસ વડે શોભતા,

નિરંતર પૃથ્વીને વિષે આનંદ (કમલસમૂહ) ને વિસ્તારતા, મૃગના લાંછનથી સુશોભિત શ્રીશાંતિનાથભગવાન ચંદ્રની જેમ અજ્ઞાનરૂપ અંધકારના સમૂહને દૂર કરો.

શ્યામ કાન્તિથી વિરાજમાન એવા પણ જે ભગવાન ધ્યાન કરાયા છતા ઉત્તમ લક્ષ્મીને પુષ્ટ કરે છે,

આશ્ચર્યના અદ્વિતીય નિધિરૂપ તે શ્રીમાન નેમિનાથભગવાન તમારી સમૃદ્ધિ માટે થાઓ.

હૃદયમાંથી ઉભરાતું હોય તેમ જેમના મસ્તક ઉપર સ્ફુરણાયમાન ફણીંદ્રની ફણામાં રહેલા મણિના મિષથી ઉત્કૃષ્ટ તેજ શોભે છે,

તે શ્રીપાર્શ્વનાથભગવાન તમ્મારી ઉત્તમ લક્ષ્મીને પ્રગટ કરો.

જે ભગવાનનો જ્ઞાનરૂપી સૂર્ય અજ્ઞાનરૂપ અંધકારનો નાશ કરવાથી સજ્જનોને શ્રેષ્ઠ માર્ગ બતાવનાર થયો

તે શ્રી મહાવીર ભગવાન કલ્યાણના વિસ્તાર કરનારા થાઓ.

જેમના તપવડે સર્વલબ્ધિઓ દાસીઓની માફક સ્વાધીન થઈ હતી

તે ગણધરોમાં મુખ્ય એવા શ્રી ગૌતમભગવાન મારી ઉપર તુષ્ટ થાઓ.

ધ્યાનીજનોના સર્વ મનોરથ સિદ્ધ થવાથી કલિયુગને લીધે ભય પામેલી કામધેનુ જેના નામમાં લીન થઈ હોયને શું ?

તે શ્રીકૃષ્ણમુનિ મારા હર્ષને માટે થાઓ.
સર્વ કવિઓએ કરી છે ઉપાસના જેની,
સર્વજનોના તાપને હરણ કરનારી અને
કમલાસન વડે શોભતી એવી સરસ્વતીદેવી મને પવિત્ર કરો.

કર્તવ્યનિર્દેશ

ક્ષાયિક સમ્યક્ત્વને પ્રાપ્ત થયેલા, પ્રભાવશાલી અને શાસનને દીપાવનારા શ્રેણિક નૃપતિ વિગેરે ઘણાયે શ્રાવકો થઈ ગયા તે પ્રભાવિક શ્રાવકોમાં, અમારી પ્રવર્તાવવાવડે વસ્તુતઃ કુમારપાલ રાજા સર્વ નક્ષત્રોમાં તેજવડે ચંદ્રની જેમ મુખ્ય છે.
માટે તેમના ગુણગ્રામના સૌન્દર્યરૂપ સંપત્તિવડે પ્રેરાયેલો હું પોતે શુદ્ધ થવાની ઈચ્છાવડે એમનું સંક્ષેપથી ચરિત્ર લખું છું.

અહંકાર પરિહાર

ક્ષુદ્રબુદ્ધિમાન ચરિત્રકર્તા હું ક્યાં ? અને
આ રાજર્ષિનું પવિત્ર ચરિત્ર ક્યાં ?
તેમ છતાં હું જે પ્રવૃત્તિ કરૂ છું, તે આંગળીઓથી આકાશની સીમા માપવાની ઈચ્છા બરોબર છે.
અથવા આ ચિંતા કરવાની કંઈ જરૂર નથી, કારણ કે–
ગુરૂકૃપાથી તેમનું ચરિત્ર રચવામાં હું શકિતમાન થઇશ,
ચંદ્રના ખોળામાં રહેલો મૃગલો શું આકાશમાં નથી ખેલતો ?

વંશવર્ણન

શ્રી કુમારપાલ રાજા ચૌલુક્ય વંશમાં ચૂડામણિ સમાન હતા. તેથી ઇતિહાસની પરંપરા પ્રમાણે તેમની વિશાળ ઉત્પત્તિ પ્રથમ વિસ્તારવામાં આવે છે.
પ્રથમ કૃષ્ણની જેમ સર્વજગત્નો ઉદ્ધાર કરવામાં ધુરંધર અને સુપ્રસિદ્ધ ક્ષત્રિયવંશમાં ઉત્તમ ચુલુક્ય નામે રાજા હતો.
ધૈર્ય, ગાંભીર્ય, ચાતુર્ય, ઔદાર્ય અને શૌર્યાદિ અનેક ગુણો જગત્માં પરિભ્રમણ કરવાથી થાકી ગયા હોયને શું ?

તેમ જે રાજાને વિષે અવિશ્રાંતપણે સ્થિરતા પામ્યા હતા.

વળી રણસંગ્રામમાં નિપુણ બુદ્ધિવાળા જે ચુલુકયરાજાએ પ્રાણીઓને ભયંકર ત્રાસ આપવામાં દૈત્ય સરખા શત્રુઓના સમૂહોને તીક્ષ્ણ ખડ્ગવડે નિર્મૂલ કરી ભૂમંડલને નિર્ભય બનાવી.

મધુપદ્મ નામે નગરમાં સ્વર્ગભુવનને ઉપહાસ કરનારી છે લક્ષ્મી જેની એવું રાજ્ય સ્થાપન કર્યું હતું.

તેના નામથી વિશ્વવિખ્યાત, નરરત્નોના આકર–જન્મસ્થાન અને અનેક વિબુધોની શ્રેણીથી વિરાજમાન **ચૌલુકય** એ પ્રમાણે પ્રસિદ્ધ વંશ થયો.

તેના વંશમાં એક બીજાની ઈર્ષ્યાથી પ્રવૃત્ત થતા ધર્મ, અર્થ અને કામના સંસર્ગથી મનોહર વૈભવવાળા

તેમજ જગતમાં વખાણવા લાયક પરાક્રમવાળા ઘણા રાજાઓ થયા.

ત્યારપછી તેમાં અનુક્રમે **શ્રી વિક્રમસિંહ** નામે રાજા થયો, જેણે મહેશ્વર–શંકર થકી સુવર્ણસિદ્ધિ મેળવીને અનેક દાનોથી ભૂમંડળને ઋણ–દેવા રહિત કરી સમુદ્રપર્યંત પોતાનો સંવત્સર પ્રવર્ત્તાવ્યો હતો.

તેનો પુત્ર **હરિવિક્રમ** નામે વીરપુરુષોમાં ચૂડામણિ સમાન મહાપરાક્રમી થયો.

જેણે પોતાની કીર્ત્તિરૂપ કેતક–કેવડાના સુગંધવડે દિશાઓને સુગંધિત કરી હતી

તે પ્રભાવિક રાજાથી અનુક્રમે વિસ્મયકારક પ્રભાવવાળા પંચાશી રાજાઓ વિરાજમાન થયા.

જેમના પ્રતાપરૂપ અગ્નિને બહુ પરાક્રમી શક કર્તા રાજાઓ પણ સહન કરી શકયા નહી.

તેના વંશમાં **ખરદૂષણ**–નામે રાક્ષસ=કઠિન દૂષણોનો ઉચ્છેદ કરનાર અને ન્યાયનો એક નિવાસ સ્થાન રામના સરખો **રામરાજા** થયો.

ત્યારબાદ **સહજરામ** નામે રાજા થયો, જે ભૂપતિ પોતાના પરાક્રમવડે ત્રણ લાખ ઘોડાનો અધિપતિ એક **શકપતિ** રાજાને પાયદળની માફક હણીને આખી દુનિયામાં સુભટ તરીકે વિખ્યાત થયો.

તેનો પુત્ર **શ્રી દદક્ક** નામે લક્ષ્મીવડે કુબેરસમાન દીપતો હતો, જેણે **પિપાસ** નામે મંડલેશ્વરરાજાને સિંહ જેમ હાથીને તેમ જીત્યો હતો.

ત્યારબાદ તેની રાજ્યગાદીએ **કાંચિકવ્યાલ** નામે રાજા થયો, જેના દાનગુણ વડે યાચકો પણ કલ્પવૃક્ષની માફક દાન આપવામાં પ્રવીણ થયા.

ત્યારબાદ અનેક સંગ્રામોમાં વિજય મેળવનાર **રાજ** નામે રાજા ચક્રવર્તીસમાન પ્રખ્યાત થયો.

વળી સદાચારથી પવિત્ર જે રાજા શ્રી **સોમનાથ**ના વચનથી **દેવનગર**-પ્રભાસમાં યાત્રા કરી સ્વાધીન વૃત્તિવાળી લક્ષ્મીની માફક જગત્માં એક વીરપુરુષને પ્રગટ કરનારી **લીલા** નામે ગુર્જરાધિપતિ **સામંતસિંહ** રાજાની બેનને પરણ્યો હતો.

તેમનો પુત્ર **શ્રી મૂલરાજ** નામે પ્રસિદ્ધ અને સંપૂર્ણ લક્ષ્મીવાન્ થયો, વળી તેનો જન્મ અયોનિ જ હોવાને લીધે સજ્જનોને ચમત્કાર જનક થયો.

જે મૂલરાજ નૃપતિએ બહુ પરાક્રમી સામંતસિંહ નામે પોતાના મામાને શક્તિવડે હણીને ગુર્જરદેશનું રાજ્ય મેળવ્યું.

તેમજ તેણે સોમનાથના પ્રભાવથી રણભૂમિમાં કટીબદ્ધ થઈ વિજય મેળવનાર **લક્ષ** નામે રાજાને નિર્મૂલ કર્યો હતો.

ત્યારપછી **ચામુંડ** નામે રાજા થયો, ચામુંડાદેવીના વરદાનથી ઉદ્ધત બની જેણે ગજેંદ્રની માફક મદોન્મત્ત થયેલા **સિંધુરાજ** નામે રાજાને રણસંગ્રામમાં માર્યો હતો.

તેનો પુત્ર વલ્લભરાજ નામે રાજા થયો.

જેના પ્રતાપ રૂપી અગ્નિથી બહુ તપી ગયેલો અવંતીદેશનો અધિપતિ **મુંજરાજા** ધારાયંત્રમાં પણ શાંતિ પામ્યો નહીં.

ત્યારબાદ તેની ગાદીએ ન્યાયરૂપી બગીચાને પ્રફુલ્લ કરવામાં મેઘ સમાન **દુર્લભરાજ** નામે રાજા થયો,

જેણે લાટ દેશના રાજાનો પરાજય કરી પૃથ્વી સહિત તેની સંપત્તિ પોતાને સ્વાધીન કરી.

તેનો પુત્ર **ભીમદેવ** નામે રાજ્યાધિપતિ થયો,

જેના મહિમારૂપી હિમનું આગમન થયે છતે **ભોજરાજા** કમળની માફક ગ્લાની પામ્યો હતો, તે યોગ્ય છે.

ભીમદેવને બે સ્ત્રીઓ હતી. બન્નેને એકેક પુત્ર હતો. મોટાનું નામ **ક્ષેમરાજ** અને નાનાનું નામ **કર્ણરાજ** હતું.

વળી તે કર્ણરાજ પરાક્રમમાં કર્ણ સમાન હતો. પોતાના પિતાએ દશરથ રાજાની પેઠે તેની માતાને પ્રથમ વચન આપેલું હતું, જેથી ક્ષેમરાજે પોતાના લઘુ બંધુ **કર્ણરાજને** રાજ્યપદ આપ્યું.

ક્ષેમરાજનો પુત્ર **દેવપ્રસાદ** નામે મહાન ઉદયથી વિરાજમાન અને દેવની માફક સેવક જનોને બહુ પ્રિય હતો.

ભક્તિથી ઉલ્લસિત છે હૃદય જેનું એવા તે દેવપ્રસાદને આજીવિકા માટે કર્ણરાજાએ પ્રસન્ન થઇ મૂર્ત્તિમાન પોતાના પ્રસાદની માફક **દધિસ્થલીનું** રાજ્ય આપ્યું.

ત્યાંના વહિવટકર્તા દેવપ્રસાદને એક પુત્ર થયો, જેનું નામ **ત્રિભુવનપાલ** હતું. વળી તે બહુ વિનયી હતો. શત્રુઓ તેને કાળ સમાન દેખતા હતા.

કર્ણરાજાને **મયણલ્લા** નામે રાણી હતી. જેની કુક્ષિરૂપ શુક્તિકા (છીપ) માંથી મૌક્તિક સમાન **જયસિંહ** નામે પુત્ર થયો. તે બહુ ન્યાય માર્ગનો પ્રવર્ત્તક રાજા થયો,

તે જયસિંહ રાજાએ બાર વર્ષ સુધી પ્રચંડ સૈન્યના સમુદાય વડે યુદ્ધ કરી પોતાના પટ્ટહાથીવડે નગરનું પૂર્વદ્વાર તોડીને **ધારા** નગરી છિન્નભિન્ન કરી નાખી. પશ્ચાત્ તેણે **નરવર્મા** રાજાને બાંધી તેના પાદાગ્રની ચામડીથી બનાવેલા કોશ (મીયાન) માં પોતાનો અડ્ગ બંધ કરી પોતે કરેલી દરેક પ્રતિજ્ઞાઓ પૂર્ણ કરી હતી.

તેમજ તેણે **મહોબકક** નગરના અધિપતિ **મદનવર્મા** નામે રાજાનો પરાજય કરી તેની પાસેથી છન્નુ કરોડ સોનૈયા તેના માનની માફક ગ્રહણ કર્યા હતા.

તેમજ તે જયસિંહ રાજાએ **શ્રીપત્તન** (પાટણ)માં ઉછળતા જળતરંગોની લીલાઓવડે આકાશને સ્પર્શ કરતું સાક્ષાત્ પૂર્ણિમાના ચંદ્રમંડળ સમાન એક મનોહર તળાવ બંધાવ્યું હતું.

તેના કીનારે કૈલાસગિરિની માફક મનોહર,

પવનથી ઉડતી પતાકાઓથી સુશોભિત,

મૂર્તિમાન પોતાના યશની જેમ કીર્તિસ્તંભ સ્થાપન કર્યો હતો.

જેણે ભુજબળવડે **બબ્બેરક** નામે દુષ્ટ સુભટને પરાજીત કરી **સિદ્ધચક્રવર્ત્તી** એવું નામ ઉપાર્જીત કર્યું અને તે નામ સર્વ જનોમાં માન્ય હતું.

વત્સલતારૂપ કુલ્યા (નીકો) વડે સિંચન કરતો, ભયંકર ઉપદ્રવોને નિવારતો તે જયસિંહ રાજા જેમ આરામિક (માળી) ઉદ્યાન તે પૃથ્વીનું પાલન કરે છે.

ચંદ્રગચ્છ

હવે શ્રી કોટીકગણ રૂપી એક વૃક્ષ છે. જેનો વિસ્તાર દરેક દિશાઓમાં વ્યાપી રહ્યો છે.

તેની **વજ્ર** નામે શાખા છે, તેમાં ગુચ્છની માફક **ચંદ્રગચ્છ** શોભે છે.

તે ચંદ્રગચ્છમાં વાદી જનોને ત્રાસ આપતા, પોતાના દાસની માફક કામને ધિક્કારતા અને વિશુદ્ધ ચારિત્રવડે પરિપૂર્ણ એવા **શ્રીદત્તસૂરીશ્વર** હતા.

તેમના વચન વિલાસ દ્રાક્ષા સમાન સુકોમળ હતા,

આશ્ચર્યમાત્ર એ હતું કે, તેવી સુકોમલ છતાં પણ તે વાણી સજ્જનોના દુર્ભેદ્ય મોહાદ્રિને પણ ભેદતી હતી.

ભવ્ય પ્રાણીરૂપ કમલોને પ્રફુલ્લ કરવામાં સૂર્યસમાન તે શ્રીદત્ત

સૂરિ અન્યદા વિહાર કરતા કરતા **વાગડ** દેશમાં સર્વ સમૃદ્ધિથી ભરપુર એવા **વટપદ્ર** નામે નગરમાં ગયા.

ત્યાં સજ્જનોને સુખદાયક **યશોભદ્ર** નામે રાજા રાજ્ય કરે છે, જેના પાસમાં હંમેશાં અનેક રાજાઓ વિરાજમાન હોય છે,

તે યશોભદ્ર રાજાના મહેલની પાસે દોષ રહિત એક ઉપાશ્રયમાં નિવાસ કરી શ્રીદત્તસૂરિ ભવ્યજનોને ધર્મોપદેશ આપતા હતા.

તે વાત યશોભદ્ર રાજાના જાણવામાં આવી અને તેણે જાણ્યું કે સાક્ષાત્ પુણ્યમૂર્તિ સૂરીશ્વર પધાર્યા છે, એમ સમજી તે ત્યાં ગયો અને ગુરુમહારાજને વંદન કરી યોગ્ય સ્થાને બેઠો.

આ રાજા ધર્મોપદેશને લાયક છે એમ માની શ્રીદત્તસૂરિએ સર્વ શોકને દૂર કરનાર શ્રીજિનેંદ્ર ભગવાને પ્રરૂપેલા ધર્મોપદેશનો પ્રારંભ કર્યો.

હે ભવ્યાત્માઓ! નરક સ્થાનમાં પડતા પ્રાણિઓને અપાર સમુદ્ર માં તરવાને વહાણની માફક ધર્મ એ જ આશ્રય છે.

સંસારમાં પરિભ્રમણ કરતા પ્રાણીઓના માતા, પિતા, બંધુ, સ્વામી, મિત્ર અને અંગરક્ષક–સેવક પણ ધર્મ કહ્યો છે.

અતિ ખેદ જનક છે કે, જેઓ ધર્મ કર્યા સિવાય રાજ્યાદિક સંપત્તિઓની આશા રાખે છે, તેઓ વૃક્ષને નિર્મૂલ કરી ફલ ખાવાની કલ્પના કરે છે.

જ્યાં સુધી પ્રબળ પુણ્યરૂપી વર્ષા ઋતુનો મેઘ વૃષ્ટિ કરતો નથી ત્યાં સુધી પ્રાણિઓનો મનોરથરૂપી વૃક્ષ લાંબી મુદ્દત ટકી શકતો નથી.

જે મૂઢપ્રાણી દુર્લભ એવો મનુષ્યભવ પ્રાપ્ત કરી ધર્મને આરાધતો નથી, તે મનુષ્ય વિપ્રની માફક મહાકષ્ટથી પ્રાપ્ત થયેલા ચિંતામણિ રત્નને સમુદ્રમાં ખરેખર પાડી નાખે છે.

વિપ્રવિષ્ણુશર્મા

નિર્ધનતાને દેશવટો આપનાર લક્ષ્મીનું મૂલસ્થાન અને ગોદાવરી નદીના કાંઠાને સંપૂર્ણ દીપાવનાર **પ્રતિષ્ઠાનપુર** નામે એક નગર છે.

ત્યાં **શ્રીમુનિસુવ્રત** સ્વામીનું મંદિર છે. અપૂર્વ શોભા યુકત તે મંદિર ભવસાગરમાં ડુબતા એવા ભવ્યાત્માઓને વહાણની માફક સહાય કરે છે.

તેજ નગરમાં વેદપાઠી **વિષ્ણુશર્મા** નામે એક બ્રાહ્મણ રહેતો હતો. જેમ ચંદ્રની ભાર્યા રોહિણી તેમ **શીલવતી** નામે તેની સ્ત્રી હતી.

સર્વ કલાઓમાં તે બ્રાહ્મણ બહુ નિપુણ હતો, છતાં પણ તેના પ્રાચીન કર્મના દોષથી લક્ષ્મીદેવી, દરિદ્રીને સ્ત્રી જેમ સન્મુખ થતી નહોતી.

લક્ષ્મી અને સરસ્વતી દેવીને પરસ્પર વૈર છે, એ લોકવાણી ખરેખર સત્ય છે. અન્યથા લક્ષ્મીદેવી સરસ્વતીના ઉપાસક લોકોને શા માટે તજે ?

વારાંગનાની માફક દુષ્ટ આશયવાળી આ લક્ષ્મીદેવી પ્રાયે કુલ, રૂપ ગુણ કે વિદ્યાથી રકત થતી નથી.

હવે નિર્ધન અવસ્થામાં બન્ને સ્ત્રી-પુરૂષ પોતાનું ગુજરાન ચલાવતાં હતાં. એમ કરતાં અનુક્રમે મૂર્તિમાન ચિંતા લતા કિંવા સાક્ષાત્ વિપત્તિઓની મૂર્ત્તિસમાન તે દરિદ્રીને ત્યાં ઘણી પુત્રીઓ જન્મી.

એક તરફ નિર્ધનતા અને બીજી તરફ બહુ પુત્રીઓની ચિંતાથી પીડાયેલી શીલવતીએ એક દિવસ દીનમુખથી પોતાના સ્વામીને કહેવા લાગી કે,

હે પ્રાણપતે ! પ્રથમ તો આપણે બન્ને જ હતાં, તેથી જેમ તેમ દાણા માગીને પણ આપણો નિર્વાહ થતો હતો. હવે તો બહુ કન્યાઓ થઇ છે, થોડા સમયમાં તેમને પરણાવવી પડશે, તેનો કંઈ તમે વિચાર કરો છો ? ધનવિના તમે શું કરશો ?

ધન વિનાના માણસોમાં ગૃહસ્થ ધર્મ,
જ્યાં ન્યાય ન મળતો હોય ત્યાં સ્વામિપણું અને

શીલથી ભ્રષ્ટ થયેલામાં ચારિત્ર ધર્મ કેવી રીતે સંગત થાય?

આ દુનિયામાં આંધળો, બોબડો-મુંગો, પંગુ-લંગડો અને કુંઠો માણસ કંઈક સારો ગણાય છે,

પરંતુ સમગ્ર વિપત્તિઓ જેને વીંટાઈ વળી હોય તેવો દરિદ્રી માણસ સર્વ પ્રકારે નિંદનીય છે.

ગૃહસ્થધર્મમાં જોડાયેલો પુરુષ ધનાઢ્ય હોય તોજ લોકમાં પૂજાય છે અને મુનિજન તો દ્રવ્યનો ત્યાગ કરવાથી જ પૂજ્ય બને છે.

આ બંને જણ વિપરીતપણાને પ્રાપ્ત થાય તો તે એકેની શોભા ગણાય નહી. માટે.

હે સ્વામિન ! આપ કટિબદ્ધ થઈ ઉદ્યમ કરો અને પુષ્કળ ધનસંપત્તિ મેળવો, કારણ કે ઉદ્યમ કરવાથી મનુષ્યોનું દરિદ્રપણું દૂર થાય છે, એ લૌકિક વાણી સત્ય છે.

તે પ્રમાણે પોતાની સ્ત્રીનું વચન સાંભળી વિષ્ણુશર્મા વિચાર કરવા લાગ્યો.

અરે ! આ દુનિયામાં મારા સરખો દુર્ભાગી કોઈક જ હશે, કારણ કે જન્મકાળથી જ હું દરિદ્રતાને વશ થયેલો છું.

વળી અન્ય લોકોમાં કોઇક વખત નિર્ધનતા અને કોઈકે સમયે સધનતા દેખવામાં આવે છે અને મારે તો હંમેશાં નિર્ધનતા જ રહેલી છે. હવે નિરાશ થયેલો હું કયે માર્ગે જાઉં અને મારે શો ઉપાય કરવો.

તેમજ આ જગતમાં નિર્ધનતા સમાન બીજો કોઈ પ્રબલ દોષ નથી.

ગુણા યાન્તિ ધ્વંસં નયવિનયદાક્ષ્યાર્જવમુખાઃ,
न मान्यत्वं लोके प्रसरति न कीर्त्ति र्विलसति ।
कुटुंब पार्थक्यं प्रथयति विरज्यन्ति तनयाः,
न कान्ताऽपि स्नेहं कलयति धिगेतामधनताम् ॥१॥

નિર્ધનતાથી અધમતા

" જેને લીધે નીતિ, વિનય, દક્ષતા, અને નમ્રતા, વિગેરે અનેક ગુણો નાશ પામે છે,

લોકમાં માન્યતા નષ્ટ થાય છે,
કીર્ત્તિનો લોપ થાય છે,
કુટુંબીજનો સંગ કરતા નથી,
પુત્રો વિરક્તપણે વર્તે છે અને
પોતાની સ્ત્રી પણ સ્નેહ રાખતી નથી, એવી નિર્ધનતાને સર્વથા ધિક્કાર છે."

મૃત્યુ અને નિર્ધનતા એ બન્નેમાં મૃત્યુ કંઇક સારૂં ગણાય છે, પણ દરિદ્રતા તો સર્વથા સમયે નેષ્ટ છે. કારણ ? મૃત્યુથી થોડું દુઃખ થાય છે અને નિર્ધનતાથી સમયે સમયે બહુ દુઃખ થાય છે.

માટે દેશાંતર જઇ ઘણું ધન મેળવી અહીં હું આવું, એમ વિચાર કરી વિશાળ બુદ્ધિમાન તે વિષ્ણુશર્મા એકલો પોતાના ઘરથી નીકળ્યો.

ચાલતાં ચાલતાં ઘણા દેશ તથા સમુદ્રો ઉલ્લંઘન કરતો, તેમજ પોતાની સર્વ કલાઓની અજમાશ કરી, દાની જનોનો મેળાપ પણ સારી રીતે સિદ્ધ કર્યો,

પરંતુ કોઇપણ રીતે તેને જોઇતી લક્ષ્મી મળી નહીં. કારણ ? દેશાંતરમાં પણ પૂર્વોપાર્જીત કર્મની સ્થિતિ બદલાતી નથી.

"ધનની ઇચ્છાથી કોઇ માણસ વેપાર કરે,
"રાજાનો આશ્રય કરે, સ્વર્ગ લોકમાં પ્રવેશ કરે,
પાતાલમાં પ્રયાણ કરે, ધનપતિ-કુબેરની સેવા કરે,
અરે ! દરેક શાસ્ત્રનો અભ્યાસ કરે, તપશ્ચર્યા કરે અને સર્વ કલાઓ શીખે, પરંતુ કોઇપણ સમયે પ્રાચીન કર્મ અન્યથા થતું નથી."

ત્યારબાદ બહુ દુઃખી થયેલા તે વિષ્ણુશર્માને એક હોંશીયાર વૃદ્ધ બ્રાહ્મણ મળ્યો. તેની આગળ તેણે પોતાની દુર્દશા કહીને તેને દ્રવ્ય મેળવવાનો ઉપાય પૂછ્યો.

વૃદ્ધ બ્રાહ્મણ બોલ્યો-સમુદ્રની અંદર એક રત્નદ્વીપ છે, તેમાં રત્નખાણની અધિષ્ઠાત્રી દેવી રહે છે, તેનું આરાધન કરવાથી તે દેવી પ્રસન્ન થઈ ભાગ્ય પ્રમાણે રત્ન આપે છે.

મંદ ભાગી પુરુષ પણ તે દેવીએ આપેલા દીવ્યરત્નના પ્રભાવથી ઉત્તમ પ્રકારના વૈભવ મેળવી રાજા મહારાજાની માફક હંમેશાં આનંદ ભોગવે છે.

આ પ્રમાણે વૃદ્ધ બ્રાહ્મણના ઉપદેશથી વિષ્ણુશર્મા બ્રાહ્મણ પણ મનના સરખી ગતિવાળા વહાણમાં બેસી સમુદ્રમાર્ગે ચાલતો થયો,

અનુક્રમે તે રત્નદાયિની દેવી પાસે ગયો અને તેને પ્રસન્ન કરવાને આદરવાન્ થયો.

પ્રથમ સ્નાન કરી ધોયેલાં શુદ્ધ વસ્ત્રોપવસ્ત્ર ધારણ કરી સુવાસિત પુષ્પોથી દેવીનું પૂજન કર્યા બાદ હાથ જોડી તે બોલ્યો–

હે દેવિ ! તું કલ્પવેલીસમાન દારિદ્રને દૂર કરનારી છે. એમ સાંભળી લક્ષ્મીની પ્રાપ્તિ માટે બહુ ભક્તિપૂર્વક હું તારીપાસે આવ્યો છું.

માટે મારી ઉપર તું તેવી રીતે પ્રસન્ન થા, કે જેથી હું સર્વ સંપત્તિઓનો નિધાન બનું. નહિ તો પત્થરના ટુકડાઓ માફક મારા પ્રાણો હું તારી ઉપર છોડી દઉં છું.

એમ કહી વિષ્ણુશર્મા દેવીની આગળ એક ચિત્તે યોગીંદ્રની માફક નિશ્ચલ આસને બેઠો અને દેવીનું ધ્યાન કરવા લાગ્યો.

એમ ધ્યાન કરતાં તેને એકવીશ દિવસ થયા એટલે વિજળીની માફક ભવ્ય કાંતિમય તે દેવી પ્રગટ થઇ, તેને કહેવા લાગી–

રે વિપ્ર ! તું શા માટે પ્રયત્ન કરે છે ?

પૂર્વભવમાં તેં કોઈપણ પ્રકારનું ઉત્તમ પુણ્ય ઉપાર્જન કર્યું નથી.

બીજ વિના અંકુરાઓની માફક પુણ્ય વિના ઇચ્છિત વસ્તુ પ્રાપ્ત થતી નથી.

માટે જલદી અહીંથી તું ઉભોથા મારા મંદિરમાંથી બહાર ચાલ્યો જા, નહિ તો ઢેફાની માફક ઉપાડી તને હું સમુદ્રમાં ફેંકી દઈશ.

વિષ્ણુશર્મા પ્રણામ કરી બોલ્યો–

દેવી ! પ્રાર્થના કરનારને તું કલ્પવૃક્ષ સમાન ફલદાતા ગણાય છે. છતાં તું આ પ્રમાણે બોલે છે, તો હવે મને જીવતો જોઇશ નહીં,

તેમજ હે દેવિ ! જો પુણ્યથી લક્ષ્મી મળે તો પછી તારો વૈભવ શા કામનો ?

પથ્ય ભોજનથી રોગની શાંતિ થતી હોય તો વૈદ્યનો આશ્રય લેવાની શી જરૂર ?

દેવ વિગેરેના પ્રસાદથી નિષ્પુણ્યક જીવ પણ સંપત્તિ મેળવે છે. સ્પર્શમણિ–પારસમણિના સ્પર્શથી લોહ શું સુવર્ણ નથી બનતું ?

હે સુરાંગને ! પ્રથમ તેં સેવકજનોના મનોરથ કલ્પવૃક્ષની માફક પૂર્ણ કર્યા છે અને હવે તું કૃપણતાનું શરણ લે છે, એથી તું કેમ લજ્જા પામતી નથી ?

અચેતન એવા કલ્પવૃક્ષાદિ પણ ઇષ્ટ વસ્તુ આપે છે, તો હે સચેતને ! તું બોલ મારા મનોરથ કેમ પૂર્ણ કરતી નથી ?

માટે હે દેવી ! કૃપા કરી ઉત્તમ પ્રકારનું એક ચિંતામણિરત્ન આપ. જે રત્નના પ્રભાવથી કુબેરના સરખો હું વૈભવશાળી થાઉ.

જો મને તું રત્ન નહીં આપે, તો અવશ્ય મારૂં મરણ તું જોઈ લે.

એમ કહી તરત જ તે વિષ્ણુશર્માએ ચકચકાટ ધાર વાળી તરવાર લઈ કુષ્માંડ–કોળાની માફક પોતાનું મસ્તક છેદવાની તૈયાર કરી.

તેટલામાં તેના અપૂર્વ સાહસથી એકદમ તે દેવી પ્રસન્ન થઈ અને સાક્ષાત્ પોતાના પુણ્યની જેમ દેવીએ તેને એક દિવ્યમણિ આપ્યો. અને પછી તરત જ તે દેવી જળના રેલાની જેમ અદૃશ્ય થઈ ગઈ.

વિષ્ણુશર્માએ પણ પોતાનું કાર્ય સિદ્ધ થયું એટલે ત્યાંથી ઘેર જવાની તૈયારી કરી.

વહાણમાં બેસી બહુ ઝડપથી સમુદ્ર માર્ગે તે ચાલવા લાગ્યો.

સમુદ્રમાં ચાલતાં રાત્રી પડી એટલે અંધકારથી ઘેરાયેલો નાવિક લોકોનો માર્ગ પ્રગટ કરાવાને જેમ પૂર્ણિમાનો ચંદ્ર ઉદિત થયો.

સમુદ્ર પોતાના પુત્ર ચંદ્રને જોઈ તેને આલિંગન કરવાની ઇચ્છા વાળો હોયને શું ? તેમ પોતાના હાથની માફક ચંચળ તરંગોને ઉંચે પ્રસારવા લાગ્યો.

વિશેષ કાંતિમય ચંદ્રને જઈ વિષ્ણુશર્માએ જાણ્યું, કે આ મારો મણિ તો નહીં હોય ? એમ ધારી તેણે તે મણિને જોવા માટે પોતાના હાથમાં લીધો અને તે મણિ તથા ચંદ્રબિંબને વારંવાર જોતો હતો, તેવામાં તેનો હાથ વહાણની બહાર હોવાથી તે મણિ સમુદ્રમાં પડી ગયો.

પોતાના જીવિતની માફક તે ચિંતામણી પડી જવાથી તે બ્રાહ્મણ તત્કાળ મૂર્છિત થઈ ગયો. એમાં કંઈ આશ્ચર્ય નથી.

કેટલીક વાર પછી તે કંઈક શુદ્ધિમાં આવ્યો એટલે પોતાની મૂઢતાને વારંવાર ધિક્કારવા લાગ્યો અને બહુ દુઃખને લીધે લુંટાએલાની માફક અનહદ શોક કરવા લાગ્યો.

હે ભવ્યાત્માઓ ! જેમ તે મૂઢ બ્રાહ્મણે સમુદ્રમાં ચિંતામણિ ગમાવ્યો, તેમ ધર્મ વિનાનો મનુષ્ય ખરેખર માનવભવ નિષ્ફળ ગુમાવે છે.

માટે હે યશોભદ્ર ! સર્વ સંપત્તિઓના સાધનભૂત આ માનવભવ પામી પોતાના કલ્યાણ માટે સારી રીતે તું સુકૃત સંપાદન કર.

યશોભદ્ર રાજા

એ પ્રમાણે ગુરુમહારાજના ઉપદેશથી સુગંધથી જેમ તેનું હૃદય સુવાસિત થયું. જેથી તે તત્વની માફક ધર્મને માનવા લાગ્યો.

પોતાનું હિત કરો માણસ ન માને ! અર્થાત્ સર્વને સ્વહિત તો પ્રિય જ હોય.

ગુરુ મહારાજના વિહાર કર્યા બાદ પણ નિર્ધન માણસ જેમ નિધાનને તેમ ગુરુમહારાજે કહેલાં ધર્મને તે યશોભદ્ર સારી રીતે પાલતો હતો.

અન્યદા યશોભદ્ર મયૂરના ટૌકારથી મનોહર વર્ષા ઋતુના પ્રારંભમાં પોતાનાં ક્ષેત્ર જોવા માટે ઘેરથી નીકળ્યો.

ક્ષેત્રોમાં જઇ તે તપાસ કરવા લાગ્યો, તેવામાં ત્યાં પોતાના ચાકરો ઘાસ વિગેરેનાં મુળીઆં બાળતા હતા, તેની અંદર બળી ગયેલી એક ગર્ભવંતી સર્પિણી તેના જોવામાં આવી. તેથી તે બહુ પશ્ચત્તાપ કરવા લાગ્યો.

તેના મનમાં આવ્યું કે જે મનુષ્યો આવાં ક્ષેત્રોના નિષિદ્ધ કામ કરાવે છે, તેઓ ધિક્કારને પાત્ર છે. કારણ કે તેની અંદર આવા પંચેન્દ્રિય પ્રાણીઓનો વધ થાય છે. એ બહુ ખેદની વાત છે.

એક જીવનો વધ કરવાથી પણ પ્રાણીઓની કોઇપણ સમયે મુકિત થતી નથી, તો અનેક જીવોને વધ થયે છતે અરેરે હવે મારી શી ગતિ થશે ?

મનુષ્યો પોતાના કુટુંબના પોષણ માટે આરંભ સમારંભ કરે છે, પરંતુ તજ્જન્ય દોષથી તે કર્તા એકલો નરકાવાસમાં બહુ હેરાન થાય છે.

મારા સરખા અતિશય પાપ કરનારા પ્રાણીઓની વધારે સંખ્યા આ દુનિયામાં ન હોય તો આ સમગ્ર નરક સ્થાનો ભરાયેલાં કયાંથી રહે ?

જિનેંદ્ર ભગવાનના સિદ્ધાન્તમાં નરકસ્થાન સાત જ કહેલાં છે, તો તે સાત ભૂમિમાંથી આવાં પાપ કરનારા અમે કઇ ભૂમિમાં ઉત્પન્ન થઇ શું ?

વળી જે મનુષ્યો સમસ્ત આરંભનો ત્યાગ કરી જિનેંદ્ર ભગવાને કહેલા દીક્ષા વ્રતને ગ્રહણ કરી, પાપ રહિત જીવન ગાળે છે, તેઓએ ધન્યવાદ ઘટે છે અને વિવેકી પણ તેઓ જ છે.

એ પ્રમાણે વિચાર કરી યશોભદ્ર કંઠમાં હાર પહેરી જૈન ધર્મી પોતાના મંત્રીને સાથે લઇ ડિડવાણુક ગામમાં વિરાજમાન થયેલા પોતાના ગરુની પાસે ગયો.

ત્યાં ગુરુ મહારાજને વંદન કરી પોતાના પાપનું તેણે નિવેદન કર્યું અને આંખમાંથી અશ્રુ વરસાવતો બોલ્યો,

હે સૂરીશ્વર ! આવા ભયંકર પાપનું પ્રાયશ્ચિત્ત મને આપો. જેથી મારો ઉદ્ધાર થાય.

તે સાંભળી ખુલ્લી રીતે સૂરિએ કહ્યું.

હે નરેશ ! હવે તું સાવધાન થઈ સાંભળ. સર્વ પાપની અપેક્ષાએ પ્રાણીનો વધ કરવો તે મોટું પાપ ગણાય છે.

તેમાં પણ જે પંચેંદ્રિયનો વધ કરવો તે અધિક પાપ છે. કારણ કે જે પંચેંદ્રિયના વધથી પર્વતના શિખર પરથી પડેલા પાષાણની જેમ પ્રાણી અધોગતિને પામે છે. માટે આ પાપથી છુટવા માટે તારે ચરિત્રધર્મ પાળવો પડશે. તે સિવાય તારી મુક્તિ થવાની નથી. અમૃતપાનનો ત્યાગ કરી વિષભક્ષણથી મનુષ્ય જીવી શકે ખરો ?

એ પ્રમાણે ગુરુ મહારાજનું વચન સાંભળી યશોભદ્ર વૈરાગ્ય પામ્યો અને પોતાના અમૂલ્ય હારથી એક જિનમંદિર બંધાવીને શ્રીદત્ત ગુરુની પાસે દીક્ષા ગ્રહણ કરી.

બાદ તે યશોભદ્ર મુનિએ તેજ દિવસે ગુરુની આગળ છ વિકૃતિ–વિગઈનો ત્યાગ કર્યો. અને દેહાંત સુધી એકાંતર ઉપવાસનો અભિગ્રહ લીધો.

વળી તે મુનીશ્વર સર્વ સિદ્ધાન્તનો અભ્યાસ કરવા લાગ્યા, અને દુશ્ચર તપ કરવા લાગ્યા. અનુક્રમે ગીતાર્થ થયા બાદ યોગ્યતા જાણી સૂરીશ્વરે તેમને પોતાની પદવી આપી–સૂરિપદ આપ્યું.

યશોભદ્રસૂરીંદ્ર અજ્ઞાનરૂપી અંધકારના સમૂહને નિવૃત્ત કરતા ભવ્યાત્મરૂપ કમળોને વિકાસ આપતા સૂર્યની માફક દીપવા લાગ્યા ?

તે સૂરીંદ્ર પોતે જ્ઞાનના અતિશયથી પોતાનું મરણ જાણી ત્રયોદશ ઉપવાસ કરી શ્રી રૈવતકાચલ ગિરિ ઉપર સ્વર્ગવાસ પામ્યા.

તેમની પાટે વિશાળ બુદ્ધિમાનૂ **પ્રદ્યુમ્નસૂરિ** થયા. જેમણે પોતાના સમાન નામના રોષથી જેમ પ્રદ્યુમ્ન–કામને જીત્યો હતો.

ત્યારબાદ તેમના ગણની શોભાને ધારણ કરનાર શ્રી **ગુણસેન**-સૂરિ થયા, જેમણે ગુણરૂપી સેનાવડે નાયક બની વિઘ્નનો પરાજય કર્યો હતો.

તેમના સ્થાનમાં વિશુદ્ધ એવા આત્મિક ગુણોથી વિરાજમાન અને ગર્વહીન શ્રી **દેવચંદ્ર** નામે સૂરિ થયા. જેમના ગુણવર્ણનથી દેવ પણ શાંત થતા નથી. જેમણે રચેલા **સ્થાનાંગવૃત્તિ, શ્રીશાંતિનાથ** ચરિત્ર આદિ અનેક ગ્રંથો મૂર્ત્તિમાન્ જ્ઞાનાંશો જેમ પ્રખ્યાતિ ધરાવે છે. તે સૂરીશ્વર વિહાર કરતા પોતે મૂર્ત્તિમાન્ ધર્મ જેમ ગુર્જરદેશમાં રહેલા **ધંધુકા** નામે સુપ્રસિદ્ધ નગરમાં ગયા.

તે નગરમાં રહેલા સમસ્ત સંઘના લોકો સૂરીશ્વરના દર્શનથી સૂર્યના પ્રકાશથી કમલોની માફક પ્રફુલ્લ થયા તે યોગ્ય છે.

હેમચંદ્રજન્મ

તેજ નગરમાં મોઢ જ્ઞાતિમાં પ્રદીપ સમાન મેરૂ ગિરિની માફક ગાંભિર્યાદિગુણો વડે અતિ પ્રૌઢ, શ્રેષ્ઠ બુદ્ધિથી વિરાજમાન અને ધર્મ કાર્યમાં અગ્રણી **ચાચિંગ** નામે શ્રેષ્ઠિ-શેઠ હતો.

અમારા વૈરી એવા દયા દાક્ષિણ્યાદિગુણોમાં આ શેઠ હંમેશા આસકત રહે છે, એમ જાણી કોપાયમાન થયેલા હોય તેમ દુર્ગુણો કોઈપણ સમયે જેનો સ્પર્શ કરતા નહોતા.

દરેક ભાગ્યના ચિન્હોથી વિભૂષિત મૂર્ત્તિમાન્ લક્ષ્મી સમાન **પાહિની** નામે તે શ્રેષ્ઠીની સ્ત્રી હતી. તે સ્ત્રી કામને હરણ કરવામાં ખીલા સમાન શીલવ્રતની ક્રીડાને જ પ્રસન્ન કરતી હતી.

એક દિવસ તે પાહિની સુખનિદ્રામાં સુતી હતી, તેવામાં તેણીને સ્વપ્નઅવસ્થામાં ઉત્તમ એક ચિંતામણિ પ્રાપ્ત થયો અને તે ચિંતામણી તેણીએ ગુરુ મહારાજને અર્પણ કર્યો, પછી તત્કાળ તે જાગી.

બાદ પોતાના ગુરુ **દેવચંદ્ર** સૂરિ પાસે ગઈ, વંદન કરી સ્વપ્નનું ફલ પૂછ્યું.

દેવચંદ્રસૂરિ બોલ્યા-ભદ્રે સર્વત્ર ઉત્તમ સ્થિતિવાળો એક પુત્ર

તારે થશે. સ્વપ્નમાં પ્રાપ્ત થયેલો જે ચિંતામણિ તેં ગુરુ મહારાજને આપ્યો તેથી હું જાણું છું કે તારો પુત્ર આચાર્ય થઇને જૈન શાસનનો મહિમા ફેલાવશે.

એ પ્રમાણે અમૃત સમાન મનોહર ગુરુની વાણી સાંભળી પાહિની શેઠાણીએ ગુરુ મહારાજ! આપની વાણી સત્ય થાઓ, એમ કહીને શકુન ગ્રંથી બાંધી પોતાને સ્થાનમાં આવી.

તેજ રાત્રિએ તેની કુક્ષિમાં એક પુણ્યશાળી જીવ સરોવરમાં રાજહંસ જેમ અવતર્યો. અનુક્રમે ગર્ભનો સમય પૂર્ણ થયો એટલે તેણીએ સર્વલોકોને ઈષ્ટ એવા કલ્પવૃક્ષને મેરૂગિરિની ભૂમિ જેમ ઉત્તમ પુત્રનો જન્મ આપ્યો.

તે સમયે આકાશવાણી થઈ કે આ પુત્ર તત્ત્વનો જાણકાર થશે અને શ્રી જિનેશ્વરભગવાનની માફક તે જૈનધર્મનું સ્થાપન કરનાર મુખ્ય આચાર્ય થશે.

ત્યારબાદ પોતાના વૈભવ પ્રમાણે **ચાચિંગ** શ્રેષ્ઠીએ પુત્રનો જન્મોત્સવ કરીને **ચંગદેવ** એ પ્રમાણે તેનું નામ પાડયું.

પુત્રની ઉમર બહુ નાની હતી, છતાં તેની બુદ્ધિ અગાધ હતી. જેથી સર્વ લોકોમાં તેનો અતિશય મહિમા બહુ પ્રસરી ગયો. ઉદય પામતા સૂર્યની અદ્‌ભુત કાંતિ વિશ્વાતિશાયી શું નથી હોતી ?

એક દિવસ મોઢ ચૈત્યમાં દેવચંદ્રઆચાર્ય પધાર્યા હતા. તે સમયે ચંગદેવને સાથે લઇ પાહિની ત્યાં દર્શનાર્થે આવી.

ગુરુમહારાજ ચૈત્યની પ્રદક્ષિણા કરી દેવચંદન કરે છે, તેટલામાં બાલપણાને લીધે ચંગદેવ ગુરુના આસન ઉપર બેસી ગયો.

તે જોઈ સૂરિએ તેની માતાને કહ્યું–ભદ્રે! આ વાત તને સાંભરે છે કે સ્વપ્નમાં ચિંતામણિ લઈને તેં ગુરુને આપ્યો.

બાલમાં આ તારા પુત્રે પોતાની મેળે:જ તેવું યોગ્ય કાર્ય કરી લીધું, કારણ કે પુણ્ય પ્રભાવથી પ્રાપ્ત થયેલું સ્વપ્ન પ્રાયે નિષ્ફળ થતું નથી.

માટે હે ભદ્રં! પવિત્ર બુદ્ધિમાન આ બાલક તું અમને આપી દે, જેથી આ બાલક આચાર્યપદ ધારણ કરી સર્વ જગત્માં જૈનધર્મનું સામ્રાજ્ય પ્રગટ કરે.

તારા ઘરની અંદર રહેલો આ બાલક કોઇ ઠેકાણે પ્રખ્યાત થશે નહીં અને જો તે આચાર્ય થશે તો સર્વ જગત્માં શ્રી જિનશાસનની હયાતિ સુધી તેની ખ્યાતિ રહેશે.

આ પ્રમાણે ગુરુની વાણી સાંભળી ભક્તિ ભાવથી આકર્ષિત થયેલી પાહિની બોલી

ભગવન્! આપનું કહેવું સત્ય છે, પરંતુ આ બાબત એ ના પિતાને તમારે કહેવી જોઇએ.

પછી સૂરીશ્વરે **ચાચિંગ** શ્રેષ્ઠીને બહુ બોધ આપીને સમજાવ્યો અને તેના કુળની લક્ષ્મીના સર્વસ્વની માફક તેની પાસેથી ચંગદેવને લઇ લીધો.

તેજ વડે સૂર્યસમાન તે ચંગદેવને લઈ દેવચંદ્રસૂરિ ત્યાંથી વિહાર કરી **સ્તંભતીર્થ**–ખંભાત ગયા.

બૃહસ્પતિ સમાન તે બાળકની અતિશય બુદ્ધિ જોઈ સૂરીશ્વરે સંભાવના કરી કે, આ બાલક શાસ્ત્રરૂપી સાગરનો પાર ગામી થશે.

માણિક્ય રત્નમાં તેજસ્વિતા અને પુષ્પમાં સુગંધતાની માફક શાસ્ત્રમાં પ્રવેશ કરવાથી તે બાળકની અંદર અદ્‌ભુત ચતુરાઇ પોતાની મેળે જ વિલસી રહી છે.

એમ વિચાર કરી દેવચંદ્રગુરુએ જિનશાસનનો પૂર્ણ રાગી અને શ્રીમાલ વંશમાં જન્મેલા ઉદયન નામે મંત્રીને પોતાની પાસે બોલાવી કહ્યું કે,

મંત્રિ! ચાચિંગશ્રેષ્ઠીનો આ પુત્ર છે. એનું નામ ચંગદેવ છે અને તે દીક્ષા ગ્રહણ કરવામાં બહુ ઉત્સાહ ધરાવે છે. એની બુદ્ધિ બહુ સ્થિર છે તેથી તે દીક્ષા લઈ જિનશાસનો ઉદ્યોત કરનાર થશે.

માટે એનો દીક્ષા મહોત્સવ તારે કરવાનો છે, એ વાત પોતાને

હિતકર જાણી શુભકાર્યમાં ઉત્કંઠાવાળો તે ઉદયન મંત્રી પુણ્યને આકર્ષણ કરનારી હોયને શું ? તેમ સર્વ પ્રકારે ઉત્કૃષ્ટ દીક્ષા મહોત્સવની સામગ્રી તૈયાર કરાવવા લાગ્યો.

દીક્ષામહોત્સવ

મહા સુદિ ૧૪ શનિવારે રોહિણી નક્ષત્રનો ચંદ્ર તેમજ અન્ય શુભયોગનો સમાયોગ છતાં તેરમો રવિયોગ હતો.

સૂર્યાદિ સાત ગ્રહો ઉચ્ચ સ્થાનમાં રહ્યા હતા, વૃષભલગ્નના શુભવાળી નવમાંશમાં, દર્શન માત્રથી પાપ પડલને દૂર કરનાર શ્રી વર્ધમાન જિનેંદ્રના મંદિરમાં શ્રી સૂરિમંત્રના સ્મરણથી અદ્‌ભુત અતિશય શ્રીમાન્ દેવચંદ્રસૂરિએ પોતાના પવિત્ર હસ્તે અંગદેવને દીક્ષા આપી.

વિશુદ્ધ વશ અને મુખવડે આ મુનિએ બે વાર ચંદ્રનો પરાજય કર્યો હતો તેથી જ એનું નામ **સોમચંદ્ર** રાખવામાં આવ્યું.

બાદ આચાર્ય મહારાજે ઉદયનમંત્રીને આશીર્વાદ આપી કહ્યું કે બહુ ઉત્સાહથી મહાન આ દીક્ષા મહોત્સવ કરવાથી ઉદાયન મંત્રીએ પાપને દૂર કર્યાં. પોતાની લક્ષ્મી સફલ કરી અને શુભ પુણ્ય મેળવ્યું હવે કંઇપણ કર્તવ્ય બાકી રહ્યું નહીં.

પછી બહુ બુદ્ધિશાળી સોમચંદ્ર મુનિએ અભ્યાસ માટે બહુ ઉત્સુક થઇ પોતાના ગુરુ પાસે સર્વશાસ્ત્રો ભણવા માટે પ્રારંભ કર્યો. ગુરુ પણ અન્ય શિષ્યો કરતાં તેને સારી રીતે અભ્યાસ કરાવવા લાગ્યા "પ્રાયે બુદ્ધિમાન્ પુરુષ સત્પાત્રમાં જ ખરેખર પ્રયત્ન કરે છે"

પ્રમાદરહિત નિરંતર અભ્યાસ કરતા તે સોમચંદ્રમુનિ અલ્પ સમયમાં પ્રજ્ઞા–બુદ્ધિરૂપી નાવ વડે શાસ્ત્ર સમુદ્રના પારગામી થયા.

અન્યદા સર્વ વિદ્વાનોમાં પ્રધાનપદ પામેલા સોમચંદ્ર મુનિના સાંભળવામાં આવ્યું કે,

પ્રથમના સૂરિઓ વિદ્યામાં પ્રૌઢ અને એક પદ ઉપરથી સર્વ પદો જેમની બુદ્ધિમાં સ્ફુરતાં હતાં, તેવા સર્વ પૂર્વાચાર્યો મારે સ્તુતિ કરવા લાયક છે. કે જેઓ પદાનુસારી બુદ્ધિ વડે ચતુર્દશ પૂર્વ ભણ્યા હતા.

આ સમયના અમારા સરખા મંદબુદ્ધિવાળાઓને સર્વથા ધિક્કાર છે કે, જેઓ ગુરુઓને અતિશય કલેશ ઉપજાવે છે અને કંઈ પણ તેઓ સમજતા નથી. માટે

હું જો કે વિદ્વાન થયો છું, તો પણ દરેક વિદ્યામાં નિપુણ એવા **કાશ્મીર** દેશમાં જઈને મારા **સરસ્વતીને** પ્રસન્ન કરવી.

એમ નિશ્ચય ધારી સોમચંદ્રે તે વાત પોતાના ગુરુને કહી.

ગુરુએ જ્ઞાનન અતિશયથી સરસ્વતી દેવીનું સન્મુખ આગમન જાણી તે વાત કબુલ કરી.

ત્યારબાદ સોમચંદ્ર મુનિએ ગુરુની આજ્ઞા લઈ આનંદપૂર્વક શુભ દિવસે કાશ્મીર દેશમાં જવા માટે **ઉજ્જયંતાવતાર** નામે ચૈત્યમાં પ્રસ્થાન કર્યું.

દેવી સાક્ષાત્કાર

ત્યાં પ્રથમ મંત્ર સ્નાન કરી જ્યોતિર્મય પરમાત્માનું સ્મરણ કરતા તે મુનિ તેજ રાત્રિએ સરસ્વતીનું ધ્યાન ધરી દઢાસને એકાંતમાં બેઠા.

સર્વ જગત્ને અભય આપનાર,

ડાબામાં પુસ્તક અને જમણા હાથમાં અક્ષમાલા ધારણ કરનાર,

ભક્તજનોને વાંછત વર આપનાર,

કર્પૂરના શશિ સમાન ઉજ્વલ કાંતિવડે દિગ્મંડલને દીપાવતી

પ્રફુલ્લ એવા કમલ પત્ર સમાન નેત્રની કાંતિવડે નિરીક્ષણ કરતી અને,

તેજોમય એવી સરસ્વતીદેવીનું હૃદયમાં ધ્યાન કરતા સોમચંદ્રના ધ્યાન બળથી ન હોય ખેંચાયેલી તેમ દેવી ક્ષણમાત્રમાં પ્રત્યક્ષ થઇ,

બ્રહ્માની પુત્રી સાવિત્રીની માફક સ્નેહાર્દ્ર દૃષ્ટિપાતવડે પ્રસાદને જણાવતી હોય, તેમ તે દેવી મુનિને કહેવા લાગી.

વત્સ! તું મને પ્રસન્ન કરવા માટે કાશ્મીરદેશમાં જઈશ નહીં, હાલમાં હું તારી ભક્તિ અને ધ્યાનવડે અહીં પણ પ્રસન્ન થઈ છું.

અધુના મારા પ્રસાદવડે **સારસ્વતમંત્ર** તને સિદ્ધ થયો છે. એમ કહી તે દેવી તરતજ વિજળીની માફક અદૃશ્ય થઈ ગઈ.

તે સમયે સ્ફુરણાયમાન સાર–સ્વતમંત્રના પ્રભાવથી સૂર્યની પ્રભા જેમ સોમચંદ્રની બુદ્ધિ સર્વ સ્થાનમાં–મતમાં પ્રસાર પામી.

બાદ સરસ્વતીનાં નવીન રચેલાં સ્તોત્રોવડે શેષ રાત્રી નિર્ગમન કરીને કૃતાર્થ થયેલા સોમચંદ્ર પ્રભાતકાલમાં પોતાના ગુરુ પાસે ગયા.

સૂર્યના પ્રકાશથી પ્રફુલ્લ થયેલા કમલને જોઈ ભ્રમર જેમ દેવચંદ્રસૂરિ સરસ્વતીના પ્રસાદથી ભવ્ય કાંતિમય પોતાના શિષ્યને જોઈ બહુ ખુશી થયા.

બાદ સોમચંદ્રે સરસ્વતી પ્રસન્ન થયાનું રાત્રિ વૃતાન્ત નિવેદન કર્યું.

તે સાંભળી ગુરુ મહારાજ પોતે પ્રસન્ન થઈ તેમની સ્તુતિ કરવા લાગ્યા, કારણે કે " ગુણવાન અને સુપાત્રની પ્રશંસા કોણ ન કરે ?

શ્રીમતી વાગૂદેવીના પ્રસાદથી સોમચંદ્ર મુનિ ચારે વિદ્યાઓના તત્ત્વજ્ઞાતા થયા અને સર્વલોકોના સંશયરૂપ અંધકારને સૂર્યની માફક દૂર કરવા લાગ્યા.

અન્યદા દેવચંદ્રસૂરિએ પોતાના શિષ્ય સાથે ત્યાંથી વિહાર કર્યો. અને ગામોગામ વિચરતા ભવ્યજનોનો ઉદ્ધાર કરતા તેઓ **નાગપુર** નામે નગરમાં ગયા.

ત્યાં આગળ હંમેશાં સૂરીશ્વર ધર્મોપદેશરૂપી અમૃતના પ્રવાહવડે તે નગરના વિવેકશાળી ભવ્યાત્મરૂપ વૃક્ષોને સિંચવા લાગ્યા.

સોમચંદ્ર મુનિ પોતે બાલવયમાં હતા, છતાં પણ દ્વિતીયાના ચંદ્રની માફક એક વિદ્વત્તારૂપી કલાને લીધે સર્વ વિદ્વાનોને વંદનીય થયા

હવે તેજ નગરમાં પૌરલોકોના બહુમાનને લીધે ગૌરકાંતિવાળો બહુ ધનવાન અને લોકમાન્ય **ધનદ** નામે એક શ્રેષ્ઠી રહેતો હતો.

તે શેઠ ટોળાનો નાયક અન્ય હાથીઓ વડે જેમ પ્રતિ દિવસ બહુ મહિમાને લીધે યોગ્યતાને પાત્ર બનેલા પુત્ર પૌત્ર અને દૌહિત્રના પરિવારથી બહુ વધી ગયો.

સદ્ભાગ્યને લીધે તેના ત્યાં લક્ષ્મીદેવીએ વાસ કર્યો હતો અને

સર્વ સંતાપને શાંત કરનાર તે લક્ષ્મી શુકલ પક્ષના ચંદ્રની કલાજેમ બહુ વધતી ગઈ.

તે જોઈ શ્રેષ્ઠી માર્ગમાં રહેલા ફલથી ભરપૂર વૃક્ષની માફક સર્વ લોકોનો ઉપકાર કરતો છતો લક્ષ્મીદેવીનું અસ્થિરપણું જાણતો હોય ને શું ? તેમ પોતાની લક્ષ્મીને સાર્થક કરતો હતો.

વેપારમાં રોકેલું ધન કોઈ વખત નાશ પામે, એમ જાણી તેણે ઘણું દ્રવ્ય પૃથ્વીમાં દાટયું;

એક સ્થળે ભંડારેલું ધન મળે તો બધુ મળે, નહીં તો એક સાથે સર્વ ચાલ્યું જાય, એમ સમજી ફરીથી તેણે ભિન્ન ભિન્ન ઘણા સ્થાનોમાં બહુ ધન ગુપ્ત રીતે ભંડાર્યું. એમ કરતાં તેનો ઘણો સમય સુખમાં પ્રસાર થયો.

તેવામાં તેના અભાગ્યના યોગને લીધે જ કૃષ્ણ પક્ષના ચંદ્રની કલા જેમ સંપત્તિઓ ક્ષીણ થવા લાગી.

ઘર, દુકાનો અને વેપારમાં રહેલી લક્ષ્મી દિવસે દિવસે ગ્રીષ્મ-ઋતુમાં નદીની માફક અનુક્રમે વિનાશ પામી અને લક્ષ્મીનો નાશ થવાથી તેના ગુણો પણ નાશ પામ્યા કારણ,

દિવો નષ્ટ થયા પછી તેનો પ્રકાશ કયાંથી પ્રસરી શકે ?

વળી લક્ષ્મી એ સ્ત્રીજાતિ છે, તો પણ તેની શકિત બહુ ચમત્કારી હોય છે, કારણ કે જેણીના આવવાથી ન હોય છતાં પણ સમસ્ત ગુણો પ્રાપ્ત થાય છે અને તે શકિત જયારે ચાલી જાય છે, ત્યારે ક્ષણમાત્રમાં સર્વ ગુણો ચાલ્યા જાય છે.

હવે તે ધનદ શ્રેષ્ઠી એકદમ બહુ દુઃખમાં આવી પડયો. અને એટલું બધું દારિદ્ર તેને વીંટાઈ વળ્યું કે ભોજન માત્રનો પણ સર્વથા સંદેહ થઈ પડયો.

પછી તેને વિચાર થયો કે આ દુરંત સંકટના સમયમાં પ્રથમ દાટેલા ભંડાર આ સમયે ઉપયોગી નહીં થાય, તો તેઓ શા કામમાં આવશે, એમ જાણી શેઠ અને પોતાનો દિકરો બંને જણ પોતે તૈયાર થઇ સર્વ નિધિસ્થાનો ખોદવા લાગ્યા,

જે જે ભંડારો ખુલ્લા કરી જુવે છે, તે તે નિધાનોમાં તેના દુર્ભાગ્યને લીધે કેવલ કોલસા ભરેલા હતા.

તે જોઈ શેઠ તો એકદમ પોતાની છાતી કૂટવા લાગ્યો અને આમ તેમ મસ્તક ફોડવા મંડી પડયો, એમ બાહ્ય અને આંતરિક પીડાને લીધે ક્રોધાયમાન સર્પના કરડવાથી જેમ તત્કાળ તે મૂર્છા પામ્યો અને પૃથ્વીપર પડી ગયો.

ક્ષણમાત્ર પછી તે ધીમે ધીમે સચેતન થયો, એટલે રંકની માફક દીન સ્વરે વિલાપ કરવા લાગ્યો.

અરે ! દૈવ ! આવું દારૂણ દુઃખ મને શા માટે તેં આપ્યું ? વેપાર વિગેરેમાં રહેલી બહારની લક્ષ્મીનો સંહાર કરવાથી તારા હૃદયમાં સંતોષ ન થયો ! જેથી ભોંયમાં દાટેલા ગુપ્ત ભંડાર પણ તે ખાલી કરી નાખ્યા.

બહારનું ધન કદાચિત્ ચાલ્યું જશે, તો પણ અંદરનું ધન મારે ઉપયોગી થશે, એવી બુદ્ધિથી મેં આ કામ કર્યું હતું, તે પણ રચના તેં વૃથા કરી."

રે દૈવ ! જ્યાં સુધી મનોરથરૂપી રથના વિશાલ અને ગહન માર્ગમાં તું પ્રતિકૂલ નથી થતો, ત્યાં સુધી મનુષ્યોની બુદ્ધિ સ્ફુરે છે, શાસ્ત્રના સિદ્ધાન્તો યાદ આવે છે, પરાક્રમ ઉલ્લાસ પામે છે અને ઉચ્ચ પ્રકારનો મહિમા પ્રાપ્ત થાય છે.

અથવા એવો તારો સ્વભાવ છે કે, ધનવાન પુરુષ ભિક્ષુકની માફક નિર્ધન બને છે અને નિર્ધન હોય તે ચક્રવર્ત્તીની માફક લક્ષ્મીવાન થાય છે.

એમ વિલાપ કરી ધૈર્યથી પોતાનું હૃદય દૃઢ રાખી તેણે તે કોલસાઓ બહાર કઢાવીને બહાર ઘરના એક ખુણામાં ઢગલો કરાવ્યો. ત્યાર બાદ ધનદ શ્રેષ્ઠી મહાજનમાં શરમાવા લાગ્યો અને બહુ કષ્ટથી દુઃખ અવસ્થાના દિવસોને નિર્ગમન કરવા લાગ્યો.

એક દિવસ સોમચંદ્ર મુનિ સહિત **વીરચંદ્ર** ગણી આપત્તિને ભાંગવા માટે જેમ ફરતા ફરતા ભિક્ષા લેવા માટે તે શેઠના ઘરમાં ગયા.

તે સમયે નિર્ધનોમાં અગ્રેસર તે ધનદ શ્રેષ્ઠી પોતાના પરિવાર સાથે બહુ કષ્ટથી મળેલી રાબ દુધની માફક પીતો હતો.

ધીમે ધીમે પાછળ ઉભા રહેલા સોમચંદ્ર મુનિએ ચારે બાજુએ તેનું ઘર અને તે રૂક્ષ ભોજન જોઈ વીરચંદ્રગણિને કહ્યું,

આ શેઠ બહુ ધનાઢય છે, છતાં પણ નિર્ધનની માફક રાબનું ભોજન કેમ કરે છે? રાજાની માફક ઉત્તમ પ્રકારની રસોઇ શા માટે જમતો નથી!

તે સાંભળી ગણિએ કહ્યું. તું મોટા શેઠીઆઓના ઘેરથી મિષ્ટાન લાવી ભોજન કરે છે, તેથી નિર્ધનોની સ્થિતિ કેવી હોય છે? તે તું બરોબર જાણતો નથી.

હે મુનિ! કદાચિત્ દરિદ્રિઓના સહવાસમાં તું રહ્યો હોત તો તને તેમની સર્વ સ્થિતિનો અનુભવ સારી રીતે થાત.

સોમચંદ્ર ફરીથી બોલ્યા,

આ શેઠ નિર્ધન શાથી કહેવાય છે? કારણ કે એના ઘરના ખુણા ઓમાં સોનાના ઢગલા હું દેખું છું.

તે ઢગલા કયાં છે? એમ પૂછવાથી સોમચંદ્ર મુનિએ મંગળના તારાની માફક ચળકતા સોનામહોરોના ઢગલા તરત જ ગણિને બતાવ્યા. તે જોઈ વીરચંદ્ર ગણી એકદમ ચકિત થઈ ગયા.

નજીકમાં બેઠેલા શ્રેષ્ઠીએ પણ તે વાત સાંભળી અને તેણે પૂછયું કે, આ નાના મુનિએ તમને શું કહ્યું? મને તો કંઈ કહ્યું નથી, એમ કહી ગણી મહારાજ મૌન રહ્યા.

પછી શ્રેષ્ઠીએ બહુ આગ્રહ કર્યો એટલે ગણીએ સોમચંદ્રે કહેલી વાત શેઠને કહી દીધી.

સોમચંદ્રની દ્રષ્ટિએ કોલસાના સુવર્ણરાશિ થયેલા જોઈ નવીન દ્રવ્યના લાભથી જેમ શેઠ તો બહુ જ ખુશી થઈ ગયા. અને પવિત્ર બુદ્ધિવડે તેણે સોમચંદ્ર મુનિના પગમાં પડી પોતાનું સઘળું વૃત્તાન્ત નિવેદન કર્યા બાદ જીવિતદાયકની માફક તેમને માનીને કહ્યું.

હે મુનીંદ્ર! હું માનુ છું કે પુણ્યવંત પુરુષોમાં તમે જ મુખ્ય છો. જેનો બાલ વયમાં પણ અદ્‌ભુત પ્રભાવ પ્રકાશી રહ્યો છે.

વળી તૃષાતુર ચાતકને મેઘ જેમ સુવર્ણરૂપી જળ વડે મારા કુટુંબને ખરેખર આપે જીવાડયું.

પરંતુ કૃપા કરી પોતાના હાથથી આ સુવર્ણરાશિનો સ્પર્શ કરો. જેથી આપના ગયા પછી પણ આ સોનાના ઢગલાઓ બદલાઈ જાય નહીં.

સોમચંદ્ર મુનિએ દયાવડે તે પ્રમાણે સ્પર્શ કર્યો. પછી શ્રેષ્ઠીએ મુનિના દેખતાં સઘળું ધન પોતાના ખજાનામાં ભરી દીધું.

ત્યારબાદ મુનિઓની સાથે શ્રેષ્ઠી દેવચંદ્રસૂરિ પાસે આવ્યા. ગુરુને વંદન કરી તેણે સોમચંદ્રમુનિનો સર્વ પ્રભાવ નિવેદન કર્યો અને પ્રાર્થનાપૂર્વક કહ્યું કે

હે પ્રભો! પ્રસન્ન થઇ મને આજ્ઞા કરો. આપના શિષ્યના અતિશય-પ્રભાવથી સુવર્ણરાશિ મને પ્રાપ્ત થયો છે, તે સર્વ ધન આપનું જ હું માનું છું.

હવે તે ધન કયા કયા સ્થાનમાં મારે વાપરવું?

સર્વથા લોભના ત્યાગી એવા જ્ઞાની ગુરુ બોલ્યા, હે મહેભ્ય! આવી ઉત્તમ પ્રકારની તારી ભક્તિ હોય તો વિમાન સમાન જિનેંદ્ર ભગવાનનું એક મંદિર તું બંધાવ.

તે સાંભળી શ્રેષ્ઠીને સંતોષ થયો. પછી તેણે ઉત્તમ પ્રકારનું સર્વોત્તમ ચૈત્ય બંધાવ્યું અને દેવચંદ્રસૂરિએ તેમાં પ્રતિષ્ઠા કરીને વીર ભગવાનની મૂર્ત્તિ પધરાવી.

સર્વ નગરના લોકો તેવું અદ્‌ભુત ચરિત્ર સાંભળી પોતાના મનમાં અતિશય ચમત્કાર પામ્યા અને માગધ ચારણની માફક સોમચંદ્રમુનિની બહુ સ્તુતિ કરવા લાગ્યા, કે શ્રી સોમચંદ્રમુનિ આ લોકમાં ચિરકાલ સુધી આનંદ પામો,

બાલ્યાવસ્થામાં પણ જેના દ્રષ્ટિપાતથી જ સિદ્ધરસના સ્પર્શથી લોહરાશિની માફક અંગારાના રાશિ સુવર્ણ થઈ ગયા.

હવે તે નગરમાંથી દેવચંદ્રસૂરિએ પોતાના પરિવાર સહિત વિહાર કર્યો. પવિત્ર ચરણરજવડે પૃથ્વી પીઠને પવિત્ર કરતા તેઓ અણહિલ્લપતન-પાટનગરમાં આવ્યા. ત્યાં ચંદ્ર ને કુમુદની માફક સોમચંદ્રમુનિના મિત્ર **દેવેંદ્રસૂરિ** રહે છે, આશ્ચર્યમાત્ર એ છે કે તેમાં જડત્વ નથી.

કલાભ્યાસ

ત્યારબાદ કોઇક સમયે તે બંને જણે ગૌડદેશના રહીશ એક માણસના મુખથી સાંભળ્યું કે, જળનો સમુદ્ર જેમ સર્વ કલાઓનો ખજાનો ગૌડદેશ છે.

પછી તેઓએ વિચાર કર્યો કે, આપણે બંન્નેએ ગૌડદેશમાં જઈને કોઈપણ આશ્ચર્યકારક કલાભ્યાસ કરવો.

કારણ કે બાળક પણ કલાના યોગથી મોટા માણસોમાં પણ માન મેળવે છે. આ બાબતના દ્રષ્ટાંતમાં શંકરના મસ્તકે રહેલો ચંદ્ર સ્પષ્ટ છે.

વળી દ્રવ્ય અચેતન છે, છતાં પણ તે કલાંતર-વ્યાજ વૃદ્ધિથી દિવસે દિવસે વધે છે, તો સચેતન કલાના આશ્રયથી કેમ ન વધી શકે?

એમ નક્કી કરી તે બંને મુનિઓ પોતપોતાના ગુરુઓની બહુ મહેનતે આજ્ઞા લઈ સાયંકાળે પ્રસ્થાન કરી પાટણથી નીકળ્યા અને ખેરાલું ગામે રહ્યા.

ત્યાં તે બંનેને વિદ્યાધર સમાન કોઈ એક વૃદ્ધ યતિ મળ્યા અને તે બંને જણે વૃદ્ધમુનિનો વિનયાદિક બહુ સત્કાર કર્યો.

પછી વૃદ્ધ મુનિએ પૂછયું, તમે બંને કયાં જાઓ છો? ત્યારે તેઓએ પોતાના અભિપ્રાય જાહેર કર્યો.

તે સાંભળી ફરીથી વૃદ્ધમુનિ બોલ્યા. જો કલા શિખવા માટે આ તમારો સમારંભ હોય તો વિના કારણે શરીરને દુઃખી કરનાર દેશભ્રમણ કરશો નહીં.

હું પોતે જ સુંદર એવી સર્વ કલાઓ તમને આપીશ. પૂર્ણિ-

માના ચંદ્રની માફક મારો આ દેહ સર્વ કલાઓથી ભરેલો છે. પરંતુ તમે બંને જણ કોઈપણ રીતે મને ઉજ્જયંત પર્વત પર લઈ જાઓ. જેથી ઔષધિઓની યોજના કરી તમારો મનોરથ હું પૂર્ણ કરૂં.

સત્પાત્રને વિદ્યા આપવાથી મારૂં મન શાંત થાય પછી તમે નિર્વાણ ક્રિયા કરાવો એટલે હું પરલોકમાં સધાવું.

એ પ્રમાણે વૃદ્ધમુનિનું વચન સાંભળી તે બંને પ્રસન્ન થયા અને ગામના મુખી મારફત પાલખી મંગાવી તેમજ તેને ઉપાડનાર માણસો તૈયાર કરાવ્યા પછી રાત્રીએ તેઓ સુઈ ગયા.

ક્ષણમાત્ર સુઈ રહી તેઓ જાગૃત થયા.

રૈવતાચલ ઉપર રહેલા પોતાને જોઈ તે બંને જણ મનમાં બહુજ આશ્ચર્ય પામ્યા અને વિચારમાં પડયા.

અરે ! તે ગામ અને આપણું તે સ્થાન કયાં ગયું ? વળી તે વૃદ્ધ મુનિ કયાં ગયા ? આપણ બન્ને આ રૈવતાચલ ઉપર કયાંથી આવ્યા ? આ સર્વ આશ્ચર્યકારક બનાવ કયાંથી થયો ?

એમ બંને મુનિઓ વિચાર કરતા હતા તેટલામાં પ્રચંડ સૂર્યને નિસ્તેજ કરતા કાંતિમંડળથી વિરાજમાન કોઈક દેવી પ્રગટ થઈ બોલી,

હું શાસનદેવી છું. તમારા ભાગ્યથી ખેંચાયેલી હું કલાઓમાં લુબ્ધ થયેલું તમારૂં ચિત્ત જોઈ તે કલાઓ આપવા માટે અહીં આવી છું.

વૃદ્ધ મુનિનો સમાગમ વિગેરે આ સર્વ પ્રપંચ તમને અહીં લાવવા માટે મેં જ કર્યો છે.

ખરેખર તીર્થ છે. આ તીર્થના નાયક શ્રીનેમિનાથ ભગવાન છે. અહીંઆં દીવ્ય ઔષધિયો તથા અતિફળદાયક મંત્રો રહેલા છે.

એમ કહી તુષ્ટ થયેલી તે શાસનદેવીએ રાજા અને દેવતાઓને વશ કરવામાં બળવાન અને પઠનમાત્રથી સિદ્ધ એવા ઘણા મંત્રો તેમને આપ્યા.

ત્યારબાદ તેઓને વશ થયેલી તે દેવીએ પર્વતના શિખરોમાં

ફરી ફરીને તત્કાળ પ્રતીતિ આપનાર જંગલની ઔષધિઓ પણ ઓળખાવી દીધી. આ મુનિઓને મંત્રાદિક ઔષધિઓનું વિસ્મરણ ઓળખાવી દીધી.

આ મુનિઓને મંત્રાદિક ઔષધિઓનું વિસ્મરણ ન થાય એટલા માટે દેવીએ પોતાનું કમંડલુ હાથમાં લઈ અમૃતપાન કરાવવા માટે પ્રાર્થના કરી કહ્યું,

મુનિંદ્રો ! આ મારા કમંડલુમાં રહેલા અમૃતનું તમે પાન કરો, જેથી તમને મંત્રાદિક વિદ્યાનું વિસ્મરણ થાય નહીં.

તે સાંભળી દેવેંદ્રસૂરિ બોલ્યા. અમે જૈનસાધુઓ છીએ માટે રાત્રિએ અમૃતપાન પણ અમારે કલ્પે નહીં, માટે તે વાત અમારાથી બની શકે તેમ નથી. અહો ! "મુનિઓને વ્રત પાળવામાંકેવી દૃઢતા હોય છે ?"

બાદ ઉત્સર્ગ અને અપવાદનો વિચાર કરીને મહાન્ બુદ્ધિશાલી સોમચંદ્ર મુનિએ બહુ ઉત્કંઠાવડે કંઠ સુધી દેવીએ આપેલું અમૃત પીધું. તેથી તેમને તે મંત્રાદિકનું સર્વ સ્મરણ આબાદ રહ્યું. અને દેવચંદ્રસૂરિએ અમૃતપાન ન કર્યું તેથી તેમને તે સર્વ વિસ્મરણ થઈ ગયું.

"ભાગ્ય સિવાય બુદ્ધિ સ્ફુરતી નથી." પછી પવિત્ર તીર્થાધિદેવનું વંદન કરી કૃતાર્થ થયેલા તે બંને મુનિઓને તે દેવી પોતે જ રાત્રીના અવસાનમાં ઉપાડીને ગુરુ મહારાજની પાસમાં લાવી મૂકયા.

સૂરિપદ

અતિ આશ્ચર્યકારક આ વૃત્તાન્ત પ્રભાત કાલમાં તે બંને મુનિઓએ પોતપોતાના ગુરુની આગળ નિવેદન કર્યું–તે વાત જાણવાથી સકલ સંઘને પણ બહુજ આનંદ થયો.

ત્યારબાદ દેવચંદ્ર ગુરુએ વિચાર કર્યો કે, મારા પાસે શિષ્યસમુદાય તો ઘણોય છે, પરંતુ ગચ્છનો નાયક તો આ સોમચંદ્ર જ થઈ શકે તેમ છે.

એની બુદ્ધિ બહુ વિશાલ છે. તેમજ શાસ્ત્રનો પારગામી એજ છે.

એમ જાણી તેમને સૂરિપદ આપવા માટે ગુરુશ્રીએ બહુ ઉત્સાહથી તૈયારી કરી. અને સંઘની આજ્ઞા લઇ ગણક–જ્યોતિષીઓને બોલાવીને આચાર્ય મહારાજે તેમની પાસે જગત્ને પણ કલ્યાણકારી ઉત્તમ પ્રકારનું આચાર્ય પદવીનું મહૂર્ત્ત કઢાવ્યું.

મહા સુદી ૩ અને ગુરૂવારે કર્ક લગ્નમાં બૃહસ્પતિ,

કન્યારાશિમાં રાહુ, ધનરાશિએ મંગળ,

મીનરાશિએ શુક્ર, બુધ અને રવિ બંને મેષ સ્થાનમાં,

ચંદ્ર અને શનિ વૃષસ્થાનમાં, કર્ક લગ્નનો સ્વામી ચંદ્રમા, હોરાદ્રેષ્કાણ,

વર્ગોત્તમ નવાંશ અને દ્વાદશાંશ બહુ ઉચ્ચ પ્રકારે રહેલા હતા. શુક્રનો તૃતીય ત્રિશાંશ ચાલુ હતો.

આવા ઉત્તમ પ્રકારના માંગલિક મુહૂર્ત્તમાં સંતોષ પામતા શ્રી સંઘે મહોત્સવ કરે છતે ગુરુશ્રીએ ઉત્કૃષ્ટ પ્રકારે નંદિવિધાન કરી સોમચંદ્ર મુનિને જિનશાસનના સર્વસ્વની માફક આચાર્ય પદવી આપી.

આ સૂરિ કાંતિમાં સુવર્ણ સમાન અને આનંદ આપવામાં ચંદ્ર સમાન છે, એ હેતુથી જ ગુરુ મહારાજે તેમનું નામ **હેમચંદ્ર** એ પ્રમાણે જાહેર કર્યું.

તે સમયે વિવિધ પ્રકારનાં વાજીંત્રો વાગતાં હતાં, જેમના પ્રચંડ નાદને લીધે સર્વ દિશાઓમાં ઘોંઘાટ થઈ રહ્યો. અને તે માંગલિક વાજીંત્રોના શબ્દો મહારાજાને બીવરાવવા માટે નવીન સૂરીંદ્રને જાહેર કરતા હોય ને શું?

વળી કેટલીક લોકો હર્ષથી નાચ કરવા લાગ્યા.

કેટલાક ગીત ગાતા હતા,

કેટલાક વાજીંત્રો વગાડતા હતા.

કેટલાક ગુણાનુવાદ કરતા હતા.

સદ્‌ગૃહસ્થ શેઠીઆઓ સતત ધારાઓથી સેના રૂપાની વૃષ્ટિ કરવા લાગ્યા.

વર્ષાકાલમાં મયૂરનાં ટોળાં જેમ યાચકલોકો બહુ આનંદ પામ્યા.

વળી હેમચંદ્રાચાર્ય સૂરિપદ પામ્યા, તે સમયે ભવ-સંસાર ભયભીત થઈ ગયો,

અમાંગલિક કાર્યોના અભાવ થયો.

મિથ્યાત્વની જાગ્રતી બંધ પડી.

કુવાસના દેશાંતર ચાલી ગઈ,

ધર્મકાર્ય આનંદથી પ્રવૃત્ત થવા લાગ્યા,

સંયમની સ્ફુરતી થવા લાગી,

તપની જાગ્રતી થઈ અને

સર્વત્ર જ્ઞાનનો વિકાસ થવા લાગ્યો હોય તેમ દેખાવા લાગ્યું.

સિદ્ધરાજ

એક દિવસ તે નગરનો રાજા સિદ્ધરાજ ઘોડેસ્વાર થઈ રાજ-પાટીએ ફરવા નીકળ્યો, તેવામાં તેણે રાજમાર્ગમાં સામા આવતા **હેમચંદ્ર** આચાર્યને જોયા ત્યારે અદ્‌ભુત કાંતિમય તેમની મૂર્તિ જોઇ રાજાના મનમાં બહુ આશ્ચર્ય થયું. તેથી તેણે પોતાનો હાથી ઊભો રાખીને કહ્યું.

મુનીંદ્ર ! આ સમયે કંઇક બોલો. એકદમ ગજેંદ્રને રોકી ઉભા રહેલા રાજાને જોઇ હેમચંદ્રાચાર્ય આનંદ પૂર્વક સમયોચિત એક શ્લોક બોલ્યા :-

सिद्धराज ! गजराजमुच्चकैः, कारय प्रसरमेतमग्रतः ।
संत्रसन्तु हरितां मतङ्गजा-स्तैः किमद्य भवतैव भूर्धृता ॥१॥

"સિદ્ધરાજ નરેશ ! આ ગજેંદ્રને તું આગળ ચલાવ. દિશા-ઓના હાથીઓ ભલે ત્રાસ પામી ચાલ્યા જાય. તેઓની હવે કંઇપણ જરૂર નથી. કારણ કે,

ખરેખર આ પૃથ્વીને ધારણ કરનાર હવે તુંજ છે."

એ પ્રમાણે અતિ અદ્‌ભુત વાણી સાંભળી રાજા પોતાના હૃદયમાં ચકિત થઇ ગયો અને તેણે કહ્યું.

પ્રભો ! હંમેશાં આપને મારી પાસે પધારવું, એમ કહી રાજા ચાલતો થયો.

ત્યારબાદ આચાર્ય મહારાજ રાજાની પાસે જવા લાગ્યા. એક દિવસ મધ્યાન્હસમયે સૂરીશ્વર રાજા પાસે ગયા. અમૃત સમાન વચનોથી રાજાને બહુ ખુશી કર્યો.

ધર્મજીજ્ઞાસા

ત્યાર બાદ સિદ્ધરાજને ઇચ્છા થઇ કે, સમ્યક્ પ્રકારે શુદ્ધધર્મનું સ્વરૂપ મારે જાણવું જોઇએ, એમ જાણી તેણે ષડ્‌દર્શનના વિદ્વાનોને બોલાવ્યા અને ધર્મનું સ્વરૂપ પૂછયું.

સર્વ દર્શનકારો એક બીજાના દર્શનની નિંદા કરવા લાગ્યા અને પોતાના મતને અનુસારે પોતાના ધર્મની પ્રશંસા કરવા લાગ્યા.

પોતપોતાના ધર્મને સ્થાપન કરનાર દર્શનવાદિઓનાં વચન સાંભળી રાજા બહુ સંદેહમાં પડી ગયો. કયો ધર્મ સત્ય અને કયો અસત્ય એ સંશય દુર કરવા માટે નૃપતિએ હેમચંદ્રસૂરિને પૂછયું.

પ્રભો ! સર્વજ્ઞ ભગવાને પ્રરૂપેલા ધર્મને જાણવાવાળા આપ છો અને આપને કોઇપર દ્વેષપણ નથી, માટે યથાસ્થિત ધર્મનું સ્વરૂપ મને જણાવો. જેથી હું તેનું આરાધન કરી કૃતાર્થ થાઉં,

કારણ કે ધર્મવિનાનો મનુષ્યજન્મરૂપી વૃક્ષ વાંઝીઓ કહેલો છે. આપ સરખા ગુરુ મહારાજ વિદ્યમાન છતાં પણ ધર્મનો સંશય રહે તો તે ચિંતામણિરત્ન જેની પાસે રહેલો છે, એવા માણસને વીંટાઈ વળેલા દારિદ્રની માફક અતિ આશ્ચર્ય ગણાય.

ત્યાર પછી ચારે વિદ્યાઓના પારગામી આચાર્ય મહારાજ પુરાણોક્ત એક કથા રાજાની આગળ કહેવા લાગ્યા. જેના શ્રવણ માત્રથી સત્યધર્મનું સ્વરૂપ સમજાય.

શંખપુર નામે એક પ્રાચીન નગર હતું, જેના વૈભવનો તો પાર જ ન હોતો.

લંકા નગરીની માફક જે નગરી અનેક પુણ્યજન–ભાગ્યશાળી જનોથી ભરપુર હતી.

તેમાં શંખની માફક નિર્મલ આશયવાળો અને સત્યવાદી **શંખનામે** શ્રેષ્ઠી હતો,

આશ્ચર્ય માત્ર એટલું જ હતું કે, તેનું હૃદય બહુ સરલ હતું. **યશોમતી નામે** તેની સ્ત્રી હતી. વળી તે પ્રેમરસનું એક પાત્ર હતી અને ઉલ્લાસ માન લાવણ્યરૂપી રસ વડે કામરૂપી વૃક્ષને હંમેશાં સિંચતી હતી.

પોતાના સ્વામીની સેવામાં તત્પર રહેતી હતી, છતાં પણ કોઇક દોષને લીધે વિરક્ત થયેલા તેના પતિએ તેનો ત્યાગ કર્યો. અને ઉત્તમ રૂપવાળી બીજી સ્ત્રીને તે પરણ્યો.

ત્યાર પછી તે નવીન સ્ત્રીએ કામણ કરી પોતાનો પતિ બહુ ચતુર હતો, છતાં પણ તેને દાસની માફક પોતાને સ્વાધીન કર્યો.

નવીન સ્ત્રી ઉપર બહુ રાગી થયેલ તે શંખ શ્રેષ્ઠી જુની સ્ત્રીને દૃષ્ટિથી પણ દેખતો ન હતો. અથવા સર્વ લોકોનો એવો સ્વભાવ જ હોય છે કે "નવીન નવીન વસ્તુ પ્રિય લાગે છે."

હવે યશોમતી પોતાના પતિના અપમાનને લીધે બહુ દુઃખ પામવા લાગી, તેમજ તેની સપત્ની–શોક તરફથી તેની ઉપર તિરસ્કારની વૃષ્ટિ થવાં લાગી.

દાવાનલથી બળેલાની માફક યશોમતી હૃદયમાં અતિશય બળવા લાગી. જેથી તે વિચારવી લાગી.

વરં ગેહત્યાગો વરં ગુરુવિરાગો ભવસુખે,
વરં શ્વેડગ્રાસો વરમભિનિવાસો વનભુવિ ।
વરં કંઠે પાશો વરમખિલનાશો મૃગદૃશાં,
ન તુ પ્રેયાન્ દૃષ્ટઃ કથમપિ સપત્નીવશગતઃ' ॥ ૧ ॥

" ઘરનો ત્યાગ કરવો, સંસારસુખનો સર્વથા ત્યાગ કરવો, વિષ ભક્ષણ કરવું, જંગલમાં નિવાસ કરવો, કંઠમાં પાશ નાખી પ્રાણત્યાગ કરવો અને સર્વ સ્ત્રીઓનો સર્વથા નાશ થવો, એ સારૂં પણ શોકયને વશ થયેલ પતિના તાબે રહી તેનું નિરીક્ષણ કરવું શ્રેષ્ઠ નથી."

એમ જાણી બહુ દુઃખી થયેલી યશોમતી પોતાના પતિને વશ કરવા માટે અન્ન વસ્ત્રાદિકથી કલાઓમાં પ્રવીણ એવા ઘણા લોકોને સંતુષ્ટ કરી પૂછવા લાગી.

ભાઈઓ ! તમે વશીકરણની વિદ્યા જાણો છો ? એમ પુછતાં પૂછતાં તેના ત્યાં ગૌડદેશમાંથી કોઇ એક કલાવાન હોંશિયાર પુરુષ આવ્યો. વળી તે વશીકરણવિદ્યામાં બહુ પ્રવીણ હતો, તે વાત યશોમતીના જાણવામાં આવી, તેથી તેણીએ તેની બહુ સેવા કરી.

પછી યશોમતીએ પોતાનો વિચાર તેને જણાવ્યો અને કહ્યું,

બુદ્ધિમન ! નાથેલા બળદની માફક મારો પતિ મારે વશ થાય તેવો ઉપાય મને તું બતાવ

ધૂર્ત બોલ્યો, બાઈ ! હું તને જે વસ્તુ આપું છું, તે તારા પતિને તું ભોજનની અંદર બવરાવી દેજે. જેથી તારૂં કાર્ય સિદ્ધ થશે, એમ કહી તે ધૂર્તે યશોમતીના હાથમાં કંઇક ઔષધ આપીને પોતાના રસ્તે ચાલતો થયો.

ત્યાર પછી યશોમતીએ ધૂર્તે આપેલું ચૂર્ણ પોતાના સ્વાધીન. રાખ્યું જ્યારે ક્ષયદિવસ-શ્રાદ્ધતિથિ આવી ત્યારે દુધપાક બનાવ્યો, તેની અંદર ચૂર્ણ નાખી પોતાના સ્વામીને જમાડ્યો. અને તે પરમાન્ન જમવાથી તરત જ તે શંખ શ્રેષ્ઠી બળદ થઈ ગયો.

યશોમતી પણ જન્માંતર પામેલાની માફક તેને જોઈ બહુ ચકિત થઈ ગઈ અને વિચાર કરવા લાગી,

નાથેલા બળદની માફક મારા પતિને મેં વશ કરવાનું કહ્યું હતું, પણ તે દુષ્ટે ખરેખર તેને બળદ કરી મૂક્યો.

તે કપટી પિશાચની માફક વાક છળથી ઠગાઇ કરી વિશ્વાસમાં ને વિશ્વાસમાં મને છેતરી ગયેા,

અરે! હવે શું કરવું ? મારી ઈચ્છા તેા પતિને વશ કરવાની હતી, છતાં હું પતિને પણ ગુમાવી બેઠી. લાભ મેળવવાના લેાભથી મૂળ ધન પણ ચાલ્યું ગયું, "તે કહેવત સત્ય થયું." જે વિચાર કર્યા વિના સરલ સ્વભાવથી કામ કરે છે, તે મનુષ્ય મારી માફક પશ્ચાત્તાપ રૂપી અગ્નિથી હંમેશાં બળી મરે છે."

તે વાત તેની શેાકચને જાણવામાં આવી, તેથી તેણીએ યશેા-મતીને કહ્યું,

રે દુષ્ટે ! આ તેં શું કર્યું ? જેથી મારા પ્રાણપ્રિય પતિને તેં બળદ કરી નાખ્યેા.

રે દુર્બુદ્ધે ! તેં જે કામ કર્યું, તે કેાઈ પિશાચી અથવા કેાઈ ભૂતડી પણ કેાઈ સમયે ન કરી શકે.

પ્રથમ સમયમાં પણ સ્ત્રીએા કામણ ટુમણ વિગેરે વશીકરણ ક્રિયાએા કરતી હતી, પણ તારી માફક કેાઈ એ પેાતાના પતિને પેાઠીએા બનાવ્યેા નહેાતેા.

વળી કેાઇ અન્ય માણસની પણ આવી વિડંબના કરવાથી મહા પાપ થાય છે, તેા જેનું સર્વસ્વ લેાગવવામાં આવે છે, તે પેાતાના પતિનું તેા કહેવું જ શું ?

એ પ્રમાણે પેાતાની શેાકયે ધિક્કારેલી યશેામતી પેાતાના સ્વામીને મનુષ્ય બનાવવાનેા ઉપાય નહી જાણવાથી બહુ દુઃખી થઇ અનેક પ્રકારના સંતાપ કરવા લાગી.

બાદ તે પેાતાના ધણીને દેારડાથી બાંધી નગરની બહાર ગેાચર ભૂમિમાં ચરવા લઇ જાય છે, ત્યાં સુકેામળ દુર્વા વિગેરેનેા ચારેા હંમેશાં પેાતાની દેખરેખ નીચે ચરાવે છે.

એક દિવસ યશેામતી પેાઠીઆને લઈ જંગલમાં ગઇ.

બહુ તાપને લીધે ગ્રીષ્મનેા સમય ભયંકર દેખાતેા હતેા.

મધ્યાન્હકાળનો સૂર્ય બહુ તપવા લાગ્યો.

અસહ્ય તાપને લીધે તે બીચારી બળદને લઇ એક ઝાડને નીચે ગઈ. ત્યાં તેની નીચે લીલું ઘાસ ઉગેલું હતું.

બળદ ચરવા લાગ્યો. યશોમતી વારંવાર સ્મરણ કરવા લાગી,

અરે! મારા જેવી દુર્ભાગિણી સ્ત્રી કોણ હોય?

પોતાના પતિની આવી દુરવસ્થા કરી.

આથી કુકર્મ બીજું શું? એમ વિચાર કરતી તે દુઃખ સાગરમાં ડુબેલાની માફક દીન સ્વરથી અત્યંત વિલાપ કરવા લાગી.

તેવામાં દેવયોગે વિમાનમાં બેસી શંકર અને પાર્વતી બંને આકાશમાર્ગે ઝડપથી ચાલ્યાં જતાં હતાં.

યશોમતીના વિલાપ તેમના સાંભળવામાં આવ્યા.

પાર્વતીને તેણી ઉપર દયા આવી. જેથી તેણીએ શંકરને પૂછયું,

આ સ્ત્રી જંગલમાં શામાટે રૂદન કરે છે?

શંકરે તેણીના દુઃખનું સ્વરૂપ યથાસ્થિત પાર્વતીને કહી સંભળાવ્યું.

પછી શંકરે પાર્વતીને કહ્યું, જો તારી જાતિની સ્ત્રીઓ કેવી હોય છે?

બહુ ખેદની વાત છે કે, જે સ્ત્રી પોતાના વંશમાં રહેલા મનુષ્યને પણ બળદ બનાવે છે, એમ કહી પાર્વતીને બહુ હસાવી.

તે બળદનું વૃત્તાન્ત સાંભળી પાર્વતીને બહુ અચંબો થયો અને લજ્જા પણ આવી,

પછી પાર્વતીએ પોતાના પતિને પૂછયું,

હે સ્વામિ! પુનઃ એને મનુષ્ય કરવાનું કંઇ પણ ઔષધ છે કે નહીં? તે મને કૃપા કરી કહેો.

એમ પાર્વતીના બહુ આગ્રહને લીધે શંકરે કહ્યું,

હે પ્રિયે! આ વૃક્ષની જ નીચે ઔષધિ ઉગેલી છે, જેના ખાવાથી તરત જ મનુષ્યપણું પ્રાપ્ત થાય છે. એમાં કોઇપણ પ્રકારનો સંદેહ નથી.

તે વાત ત્યાં ઉભેલી યશોમતીના સાંભળવામાં આવી કે, તરત જ તે વૃક્ષના મૂળમાં રહેલું દુર્વાંકુરાદિ સઘળું ઘાસ કાપી કાપીને બળદને ખવરાવવા લાગી.

જો કે યશોમતી માનવભવદાયક ઔષધિને ઓળખતી નહોતી, પરંતુ તે ઔષધિ ઘાસની અંદર આવાથી એકદમ વૈક્રિયરૂપ ધારી દેવની માફક તે બળદ મનુષ્ય થઈ ગયો.

તે જોઈ સ્ત્રી બહુ ખુશી થઈ, એટલે શંખે તેણીને પૂછયું, કે અહીંયાં આપણે આવવાનું શું કારણ ?

પછી તે સ્ત્રીએ પોતાનું કુકર્મ પોતાના પતિ આગળ નિવેદન કરી વારંવાર ક્ષમા માગી.

એમ વાર્તા કહ્યા બાદ હેમચંદ્રસૂરિએ કહ્યું કે, હે રાજન! દર્ભાદિકના અંકુરાઓથી જેમ દ્રવ્ય ઔષધિ આચ્છાદિત થઈ ગઇ, તેમ આ યુગમાં સત્ય ધર્મ અન્ય ધર્મોથી તિરોહિત થયો છે. પરંતુ સમગ્ર ધર્મોનું સેવન કરવાથી દર્ભાદિક ઘાસની અંદર રહેલી દ્રવ્ય ઔષધિની માફક કોઈક સમયે કોઈક માણસને શુદ્ધ ધર્મની પ્રાપ્તિ થાય છે. માટે

હે નૃપ! સમસ્ત ધર્મનું બહુ આદર પૂર્વક તું આરાધન કર. જેથી બન્ને પ્રકારની સિદ્ધિ તને તત્કાલ પ્રાપ્ત થશે.

એ પ્રમાણે સર્વ ધર્મને અનુકૂલ એવી સૂરીશ્વરની વાણી સાંભળી સર્વ સભ્ય જનો બહુ પ્રસન્ન થયા, તો સિદ્ધરાજ ભૂપતિની વાત જ શી કરવી.

પછી સિદ્ધરાજે હેમચંદ્રસૂરિને પૂછયું.

ગુરુ મહારાજ! ત્રણે લોકને સંમત અને સર્વ સામાન્ય ધર્મ કયો હશે ? તે આપ કૃપા કરી કહો.

દયાધર્મ

આચાર્ય મહારાજ બોલ્યા.

હે નરેંદ્ર! સર્વ પ્રાણીઓને હિતકર અને કુકર્મોને પ્રતિકુલ એવો મુખ્ય ધર્મ દયા મૂળ ગણવામાં આવ્યો છે.

કારણ કે મેઘવિના વૃષ્ટિ, બીજ વિના અંકુરો અને સૂર્ય વિના દિવસ હોઇ શકે જ નહિ, તેમ દયા વિના ધર્મ હોતો નથી.

વળી તે દયા ધર્મ માણિક્ય રત્નથી જેમ આભૂષણ તેમ ઉપકાર વડે સિદ્ધ થાય છે. જેમની અંદર દયા ધર્મ હંમેશાં તરૂણાવસ્થા ભોગવે છે. માટે વિદ્વાન પુરુષોએ નિરંતર પરોપકાર કરવામાં પ્રયત્ન કરવો.

કારણ કે પદ્મની અંદર જેમ લક્ષ્મી તેમ ઉપકાર વ્રતમાં પુણ્ય તત્ત્વ રહે છે.

અન્ય ધર્મમાં સર્વ દર્શનિઓ પરસ્પર વિવાદ કરે છે, પરંતુ સર્વ સંમત ઉપકાર વ્રતમાં કોઈ પણ વિવાદ કરતા નથી.

રાજન ! પ્રથમકાલમાં અભયંકર ચક્રવર્તી ઉપકાર કરવાથી અપાર લક્ષ્મીના અધિપતિ થયો, તે વૃત્તાંત યથાર્થપણે તું સાંભળ.

અભયંકર ચક્રવર્તી

પૂર્વ વિદેહમાં પુષ્કલાવતી નામે વિજય છે. તેમાં ઇંદ્રપુરી સમાન લક્ષ્મીને ધારણ કરતી **પુંડરીકિણી** નામે નગરી છે.

જેની અંદર રાજમહેલોની ભીંતોમાં જડેલાં માણિક્ય રત્નોની દીવ્યકાંતિ વડે દિવાઓની શ્રેણી ઝાંખી દેખાય છે. તે નગરીમાં પ્રજાના હિતમાં જ પ્રવૃત્તિ કરનાર **ક્ષેમંકર** નામે રાજા રાજ્ય કરતો હતો.

જે રાજા સંગ્રામમાં બહુ કુશલ હોવાથી વીરપુરૂષોમાં મુકુટ સમાન ગણાતો હતો. હું માનું છું કે બ્રહ્માએ વડવાનલ વડે જેના પ્રતાપની રચના કરી હશે, અન્યથા અતિશય ક્ષારમય શત્રુની સ્ત્રીઓનાં અશ્રુપાન કરી તે કેવી રીતે વૃદ્ધિ પામે.

હંમેશાં બહુ આભૂષણોથી વિરાજમાન અમરસેનાની જેમ પ્રશસ્ત પ્રેમવાળી **અમરસેના** નામે તેની સ્ત્રી હતી. તેણીના અંગોપાંગમાં ધારણ કરેલાં ભવ્ય આભૂષણોની શોભાને લીધે બંને સ્ત્રી પુરૂષના હૃદયમાં કામદેવનો નિવાસ રહેતો હતો. સંપૂર્ણ સુખમાં તેમના દિવસો વ્યતીત થતા હતા.

એમ કરતાં કેટલોક સમય ગયો. એક દિવસ અમરસેના રાણી પોતાના શયનસ્થાનમાં સુઈ રહી હતી, ત્યારે તેણીએ સ્વપ્નાવસ્થામાં દેવને પણ દુર્લભ એવાં ચૌદ સ્વપ્ન જોયાં.

સિંહ, હાથી, વૃષભ, લક્ષ્મી, ચંદ્ર, સૂર્ય, પુષ્પમાલા, ધ્વજ, સમુદ્ર, સરોવર, વિમાન, રત્નનો ઢગલો, પૂર્ણ કલશ અને અગ્નિ એમ ચૌદ સ્વપ્ન જોઇ તે જાગ્રત થઈ અને તરત જ ત્યાંથી નિકળીને પોતાના સ્વામી પાસે ગઇ. વિનયપૂર્વક ભવ્ય સ્વપ્નોનું વૃત્તાંત નિવેદન કર્યું.

ત્યાર પછી બહુ બુદ્ધિશાળી તે અમરસેનાએ પોતાના સ્વામીને પૂછ્યું.

પ્રાણપ્રિય ! આ ચૌદ સ્વપ્નથી આપણને શું ફલ થશે ?

રાજાએ વિચાર કર્યો અને તે સમજ્યો કે આ સ્વપ્નો અતિ ઉત્તમ ફલ આપનાર છે. એમ જાણી તે બોલ્યો,

સુભગે ! આ સ્વપ્નોના પ્રભાવથી ચક્રવર્તી પુત્ર તને થશે. આપનું વચન સત્ય થાઓ, એમ કહી અમરસેના પોતાના પતિનાં વચન અનુમોદવા લાગી.

ત્યાર પછી રત્નભૂમિ ઉત્તમ નિધિને જેમ તેણીએ ગર્ભધારણ કર્યો. જે જે દોહલાઓ ઉત્પન્ન થયા તે સર્વે ભૂપતિએ પૂર્ણ કર્યા.

ગર્ભસમય પૂર્ણ થવાથી પૂર્વદિશા તેજસ્વી સૂર્યને પ્રગટ કરે, તેમ અમરસેના પુત્રને પ્રગટ કર્યો.

તેના પિતાએ જન્મોત્સવ કર્યો, તેમાં શી નવાઇ ? કારણ કે તેના જન્મથી પ્રસન્ન થયેલા નગરના લોકોએ પણ મોટા ઉત્સવો કર્યા.

આ પુત્ર સર્વલોકોને અભય કરનાર થશે. એમ જાણી રાજાએ તેનું નામ **અભયંકર** પાડયું.

પ્રાથમિક ખેદને દૂર કરવા માટે દયા દાક્ષિણ્યાદિક સર્વગુણો વસંતઋતુમાં જેમ વૃક્ષો તેમ અભયંકરમાં વાસ કરી રહ્યા અને બહુ જ આનંદ પામવા લાગ્યા.

સર્વ કલાઓને ધારણ કરતો અને કુવલય=રાત્રીવિકાસી કમલ

સમૂહ=ભૂમંડલને આનંદ આપતા પૂર્ણ ચંદ્રની જેમ અભયંકર કુમાર મનોહર યુવાવસ્થાને દીપાવવા લાગ્યો.

દેવાંગનાઓને વિમોહિત કરનાર અને અદ્‌ભુત કાંતિમય તેનું તારૂણ્ય જોઈ કોઇપણ એવી સ્ત્રી નહોતી કે, તેને વરવા માટે પોતાના મનમાં ઈચ્છા ન કરે ?

દીવ્યપુરુષ

એક દિવસ તે રાજકુમાર પોતાના ઘરમાં સૂતો હતો. રાત્રીના અન્તે એ જલાશયની પાર રહેલા વનમાં પોતાને જોઇ આ શું ? એમ કહી તે એકદમ સંભ્રાંત થઈ મનમાં સંકલ્પ કરતો હતો. તેવામાં ત્યાં દીવ્ય મૂર્ત્તિધારી કોઇપણ પુરુષ તેને મળ્યો અને તે સ્પષ્ટ રીતે કહેવા લાગ્યો કે,

હે કુમાર ! તું બીલકુલ ગભરાઈશ નહીં, હું પોતે જ તને અહીં લાવ્યો છું, તેનું કારણ ક્ષણમાત્ર પછી તરત જ તારા જાણવામાં આવશે.

તે સાંભળી કુમાર બહુ ખુશી થયો અને કંઈક બોલવાનો વિચાર કરે છે, તેટલામાં તે દીવ્યપુરૂષ વિજળીની માફક અંતર્ધાન થઇ ગયો. તેટલામાં સન્માર્ગને બતાવનાર ભૂપતિની માફક સૂર્યનો ઉદય થયો.

સર્વ પ્રકારની અનીતિની માફક રાત્રીનો ક્ષય થયો. તે સમયે સમગ્ર અંધકાર સૂર્યના ભયથી જેમ એકઠું થઈને ઘુવડના નેત્રોમાં પેશી ગયું. અન્યથા તેનું અંધપણું કયાંથી હોય ?

દિન-દિવસ=કિંવા ભાગ્યનો ઉદય થવાથી હું પોતે ચાલીને સુપ્ત= સંકુચિત=કિંવા નિરૂદ્યમીનો આશ્રય કરૂં છું, એમ વિજ્ઞ પુરૂષોને જણાવતી હોય તેમ લક્ષ્મી=શોભા કિંવા લક્ષ્મીદેવીએ કમલ વનનો આશ્રય લીધો.

દેશાંતરથી આવેલા પોતાના સ્વામીની માફક સૂર્યને જોવા માટે પદ્મિનીએ આનંદથી પત્રરૂપી નેત્રોનો વિકાસ કર્યો.

પ્રભાતનો સમય બહુ રમણીય જોઇ તે કુમાર વનની અંદર ફરવા લાગ્યો. સર્વ ઋતુઓથી સુશોભિત તે વનમાં વસંતની શોધમાં ફરતો કામદેવ હોય ને શું ? તેમ તે દીપતો હતો.

નંદન વનની માફક તે વનની શોભા જોઇ કુમારની દૃષ્ટિ સ્થિર થઈ ગઈ અને પોતાના મનની માફક સ્વચ્છ **માનસ** નામે એક સરોવર તેના જોવામાં આવ્યું.

તેની ઉજ્વલતા એટલી હતી કે, જે હંમેશા જલની અધિષ્ઠાત્રી દેવીઓને રત્નના આરિસાનું કામ કરતું હતું.

વળી જે સરોવર અમૃતમય અને તાપને શાંત કરવાના સ્વભાવથી રાહુના ભયને લીધે ત્રાસ પામી ત્યાં આવી રહેલો જાણે ચંદ્ર હોય તેમ દેખાતું હતું.

કુમાર તેના કીનારે ગયો અને સ્નાન કરવા લાયક સુંદર પાણી જોઇ તેણે સ્નાન કર્યું.

પછી તે વનની અંદર પુનઃ ફરવા લાગ્યો. આગળ જતાં એકાંત જગાએ એક મનોહર મઠ તેના જોવામાં આવ્યો.

તેના દ્વાર આગળ જઈ તપાસ કરવા લાગ્યો.

તેના અંદરના ભાગમાં પદ્માસનવાળી બેઠેલો કાંતિવડે સૂર્યસમાન અંતરાત્માનું ધ્યાન કરતો હોય,

તેમ આંખો મીચેલી,

એકલો છતાં પણ શરીરના તેજવડે જાણે સભાના મધ્યપ્રદેશમા રહેલો હોય અને,

સાક્ષાત્ યોગની મૂર્ત્તિસમાન ધ્યાનમાં કુશલ એવા એક **યોગીદ્ર**ને જોઇ અભયંકર કુમાર તરત જ તેની પાસે ગયો અને બહુ ભક્તિપૂર્વક યોગીને નમ્યો.

યોગીદ્રે ધ્યાનથી મુક્ત થઇ પ્રસન્ન દૃષ્ટિએ કુમારને આશીર્વાદ આપ્યો. પછી બંને જણે પરસ્પર કુશલવાર્ત્તા પૂછી.

એક બીજાની હકીકત પૂછતાં લાંબો વખત વ્યતીત કર્યો. કારણ કે સજ્જનોનો સમાગમ સુખકારક હોય છે એટલું જ નહીં પણ વાર્ત્તા કરવાનો ટાઇમ પણ પુરો મળતો નથી.

ત્યારબાદ યોગીએ કહ્યું, હે કુમાર તારા હિતના માટે જ હું તને અહીં લાવ્યો છું, તે બાબત આગળ ઉપર હું તને જણાવીશ, એમ

કહી યોગીએ ધ્યાન કરી દિવ્ય રસોઇ પ્રગટ કરી કુમારની આગળ મૂકી અને ભોજન માટે તેણે પ્રાર્થના કરી.

કુમાર હાથ જોડી બોલ્યો, યોગીંદ્ર ! આપના દર્શનરૂપી અમૃત-રસથી હું કંઠ સુધી ધરાઈ ગયો છું, હવે મને બીલકુલ ભોજનની રૂચી નથી.

આ રસોઇ જમવાથી થોડા વખતની તૃપ્તિ થાય, પરંતુ આપના વચનામૃતના પાનથી મને જીવન પર્યંતની તૃપ્તિ થઇ છે.

એ પ્રમાણે બોલતા કુમારને બહુ યુક્તિઓથી યોગીએ જમવાની હા પડાવી. પછી બંને જણ સાથે બેસી જમ્યા, મુખ પ્રક્ષાનલનો સમય થયો એટલે આકાશમાંથી જળ ભરેલી ઝારીઓ આવી, મુખ ધોઇ તૈયાર થયા. યોગીએ હુંકારો કર્યો, કે તરત જ ભોજનાદિક સર્વ સામગ્રી ત્યાંથી અદૃશ્ય થઈ ગઇ.

પછી કર્પૂર વિગેરેથી સુંદર બનાવેલું પાન બીડું કુમારને આપ્યું. ચિંતામણિ સમાન પોતાના પ્રભાવથી કોઈ વસ્તુની અપૂર્ણતા જોવામાં આવતી નહોતી.

પછી કુમારને ખુશી કરવા માટે તે યોગીએ અપ્સરાઓના વૃંદ ત્યાં બોલાવ્યા અને તેમની પાસે બહુ સુંદર હાવભાવ સાથે નાટચ કરાવ્યું.

જેની અંદર અનેક પ્રકારનાં દિવ્ય વાજીંત્રો વાગતાં હતાં, ગીત-રૂપી અમૃતનાં ઝરણાં વહેતાં હતાં. અહો ! યોગનો પ્રભાવ અચિંત્ય હોય છે.

દૈવની માફક આ યોગીનો અદ્‌ભુત ચમત્કાર જોઈ રાજકુમાર મનમાં વિચાર કરવા લાગ્યો,

અહો ! આ યોગી બહુ પ્રભાવશાળી છે. સાક્ષાત્ એકત્ર થયેલી સિદ્ધિઓની માફક એની મૂર્તિ ચળચળે છે.

એ પ્રમાણે કૌતુકથી પ્રમુદિત થયેલ તે કુમારનો તે દિવસ ક્ષણની માફક ચાલ્યો ગયો એમાં કંઈ આશ્ચર્ય નથી. કારણ કે " સજ્જ-

નનો સમાગમ હંમેશાં સુખમય હોય છે" અને તે ક્ષણમાત્રમાં વ્યતીત થાય છે.

એ પ્રમાણે કુમાર વિચાર કરતો હતો, તેટલામાં અપાર આકાશ રૂપી અરણ્યમાં ભ્રમણ કરવાના જેમ શ્રમને લીધે સૂર્યદેવે પશ્ચિમ સમુદ્રમાં સ્નાન માટે ઝંપાપાત કર્યો.

તે સમયે પૃથ્વીરૂપ આંગણામાં બહુ તેજને વિસ્તારી તેનું આકર્ષણ કરતા સૂર્યની પાછળ રહેલા તેના અંશ જેમ દિવાઓ દીપવા લાગ્યા.

વળી હું માનું છું કે, અંધકારરૂપ કાદવમાં ખુંચી ગયેલ ગોમંડલ–ગાયોનું મંડલ=કાંતિમંડલનો ઉદ્ધાર કરવામાં માટે જેમ વિષ્ણુભગવાન તેમ પ્રૌઢ તેજસ્વી ચંદ્ર પ્રગટ થયો.

ચંદનના રસ વડે સિંચાયેલું, કર્પૂરના પરાગ વડે પૂરાયેલું અને ઉછળતા ક્ષીર સાગરના તરંગો વડે છવાયેલું હોય ને શું ? તેમ તે ચંદ્રના કિરણો વડે સર્વ જગત્ વ્યાપ્ત થઈ ગયું.

પછી યોગીએ અભયંકર કુમારને કહ્યું. ભાઈ ! મારી પાસે સેંકડોથી પણ વધારે બહુ ચમત્કારી વિદ્યાઓ છે. તેઓનો યોગ્ય સ્થાનોમાં મેં નિયોગ કર્યો છે. પરંતુ હજુ પણ ખડગસિદ્ધિ કરનારી એક વિદ્યા મારી પાસે રહેલી છે, તેના પ્રભાવથી મનુષ્ય દેવોને પણ અજય થાય છે.

વળી યોગ્ય પાત્ર નહીં મળવાથી તે વિદ્યા કોઈપણ સ્થાને મેં આપી નથી.

કારણ કે " અયોગ્યને વિદ્યા આપવાથી વિદ્યાવાન પુરુષ તેનો ઘાતકી બને છે. "

આવી ઉત્તમ વિદ્યાને લાયક મને કોઈ માણસ મળ્યો નહીં અને મારૂં આયુષ્ય હવે થોડું રહ્યું છે, એમ હું ચિંતા કરતો હતો, તેવામાં તે વિદ્યા જ પોતે મારી પાસે આવી મને કહેવા લાગી,

વત્સ ! તું ચિંતા કરીશ નહિ, પ્રભાત કાળમાં કોઈપણ ઉત્તમ પુરુષ હું તને લાવી આપીશ, તેને મારૂં દાન કરી તું સુખી થા.

એમ કહી તે દેવીએ કોઈક વ્યંતરને મોકલી તને અહીં લવરાવ્યો છે. માટે આ વિદ્યાને તું ગ્રહણ કરી મારી ચિંતાને દૂર કર. " સુપાત્રને વિદ્યા આપવાથી ગુરુનો પણ મહિમા બહુ વૃદ્ધિ પામે છે.

જેમ સારા ક્ષેત્રમાં વાવેલું બીજ તેના સ્વામીને બહુ લાભદાયક નિવડે છે.

વળી છીપોના યોગથી જલ જેમ મુક્તાપણું પામે છે, તેમ વિદ્યા પણ સત્પાત્રના યોગથી અધિક મહિમાવાળી થાય છે.

વળી આ વિદ્યા તારા ગુણોમાં લુબ્ધ થયેલી જેમ કન્યા તેમ તારી ઉપર બહુ ખુશી થયેલી છે.

આ વિદ્યાદાનમાં હું તો નિમિત્ત માત્ર છું. માટે આ વિદ્યા તારે લેવી જ પડશે.

એ પ્રમાણે યોગીનું વચન સાંભળી કુમાર બોલ્યો.

યોગીંદ્ર ! આપના દર્શનથીજ સર્વ સિદ્ધિઓ મને મળી ચૂકી છે, એક આ ખડ્ગસિદ્ધિનું મારે શું પ્રયોજન છે?

આ લોકનું સુખ આપનાર ચિંતામણિ વિગેરેનું દર્શન તો સુખેથી થઇ શકે છે, પરંતુ બંને લોકનું સુખ આપનાર સંતપુરુષોનું દર્શન બહુ દુર્લભ હોય છે.

વળી સત્પુરુષનો સમાગમ પૂર્વજન્મનાં અનેક પાપોને દૂર કરે છે.

પુણ્યને વિસ્તારે છે.

સદ્બુદ્ધિને પ્રગટ કરે છે.

નવીન નવીન કલાઓને પલ્લવિત કરે છે.

અજ્ઞાનરૂપી અંધકારનો ક્ષય કરે છે, અને

પર બ્રહ્મનું સુખ આપે છે,

અધિક શું કહેવું ? કલ્પવૃક્ષની જેમ દરેક વાંછિત પૂર્ણ કરે છે.

એમ બોલતા કુમારને જો કે વિદ્યા લેવાની ઈચ્છા નહોતી, છતાં યોગીએ બહુ આગ્રહથી તેને વિદ્યા આપી અને તે વિદ્યાનું આરાધન પણ આદ્યંત યથાસ્થિત કહ્યું.

અહો ! "આ દુનિયામાં મનુષ્યોને અખંડિત એક ભાગ્ય જ બરોબર ઇચ્છિત વસ્તુ આપી શકે છે."

જે ભાગ્યથી દુર્લભ એવું પણ સદ્‌વસ્તુ હસ્ત ગોચર થાય છે. યોગીની પાસમાં રહેલા કુમારને તત્કાલ વિદ્યાસિદ્ધ થવાથી બહુ આનંદ થયો.

પછી યોગીએ તરત જ તેને વ્યંતરો પાસે પોતાના સ્થાનમાં પહોંચાડી દીધો.

ક્ષેમંકરરાજા

ત્યારબાદ તેના પિતા ક્ષેમંકર રાજાએ પણ પોતાના પુત્રને આવેલો જોઈ નવીન જન્મેલાની માફક જાણી મોટો ઉત્સવ કરાવ્યો. અને તે બોલ્યો,

હે પુત્ર ! આ રાજ્યનો અધિકાર હવે તને સોંપવામાં આવે છે. કારણ કે કુલમાં ધુરંધર પુત્ર થયે છતે આપણા વંશજોને ગૃહસ્થાશ્રમમાં રહેવું તે ઉચિત ગણાતું નથી, અર્થાત્ વૈરાગ્ય પામી દીક્ષા ગ્રહણ કરવી લાયક છે.

એ પ્રમાણે પિતાનું વચન સાંભળી અમૃતમય વાણીવડે ભક્તિરૂપ વેલીને પલ્લવિત કરતો હોય તેમ વિનયગુણથી નમ્ર બનેલો અભયંકર કુમાર પોતાના પિતાને પ્રાર્થના પૂર્વક કહેવા લાગ્યો.

પ્રભો ! બંને પ્રકારે નરકાંત–નરકદાયક આ રાજ્યથી મને શો ફાયદો છે ! સુરકાંતસ્વર્ગ સુખ આપનાર આપની ભક્તિરૂપ સમૃદ્ધિ મને મળે તો હું બહુ આનંદ માનું.

આપના ચરણકમલમાં સત્યાસત્યની પરીક્ષામાં હેતુભૂત રાજહંસપણું મને ગમે છે, પણ કલંક દાયક રાજ્ય પદવી મને રૂચતી નથી.

એ પ્રમાણે રાજ્યની ઈચ્છા ન હોવા છતાં પણ અભયંકરને રાજ્યાભિષેક કરી ક્ષેમંકર રાજાએ પોતે કલ્યાણકારી દીક્ષા ગ્રહણ કરી.

હવે સજ્જન રૂપી ચકવાકને આનંદ આપનાર અભયંકર રૂપી સૂર્યનો ઉદય થવાથી એકદમ મિત્રવર્ગ પદ્મની માફક પ્રફુલ્લ થવા લાગ્યો અને શત્રુઓ કુમુદની માફક મીંચવા લાગ્યા.

વળી તે રાજા હંમેશાં નીતિની રીતમાં તત્પર હતો છતાં પણ સર્વ પ્રજા વર્ગ અનીતિ–અન્યાયમય જ હતો આશ્ચર્ય હતું, એમ નહીં પણ અનીતિ સર્વ ઉપદ્રવ રહિત હતો, એમ આનંદથી અભયંકર રાજા રાજ્ય ચલાવતો હતો.

નૃસિંહરાજા

એક દિવસ અભયંકર રાજા સભામાં બેઠો હતો, ત્યારે **પુષ્પપુર** નગરનો સ્વામી **નૃસિંહ** રાજા ત્યાં આવ્યો અને રાજાને નમસ્કાર કરી બોલ્યો,

હે પ્રભો ! દાવાનળથી બળેલા વૃક્ષોને જેમ વર્ષાકાલ પ્રફુલ્લ કરે છે. તેમ શત્રુઓથી ભ્રષ્ટ થયેલા રાજાઓના ઉદ્ધાર કરનાર આપ છો.

વળી હે રાજન્ ! નીચે પડતા હાથીઓનો ખરો આધાર જેમ પૃથ્વી છે, તેમ પદભ્રષ્ટ થયેલા રાજાઓના આધાર ભૂત આપ છો.

મારે આપને વિનતિ કરવાની એ છે કે, **તગરા** નામે એક નગરી છે, તેમાં **ધનવાહન** રાજા રાજ્ય કરે છે. તે વિના કારણે મારો દ્વેષી બન્યો છે. અને હાલમાં તેણે મને પદભ્રષ્ટ કરી મારું રાજ્ય પોતાને તાબે કર્યું છે. આવો અન્યાય એના વિના બીજો કોણ કરે ?

ક્ષીણમંડલ થવાથી ચંદ્ર જેમ સૂર્યને પ્રાપ્ત થાય છે, તેમ ક્ષીણબળ થવાથી હું આપને મિત્ર જાણી મારા ઉદ્ધારની ઇચ્છા માટે આપના શરણમાં આવ્યો છું. માટે ખડ્ગસિદ્ધિ વિગેરે સહાય આપી મને તેજસ્વી કરો, જેથી હું બલિષ્ઠ થઈ શત્રુનો સંહાર કરી પોતાની રાજ્ય લક્ષ્મી સ્વાધીન કરું.

અભયંકર રાજાએ તરત જ તેનું વચન માન્ય કર્યું અને તેના ઉતારા માટે અધિકારીને આજ્ઞા કરી એટલે તે ત્યાંથી વિદાય થયો.

પછી **સુમતિ** નામે તેના મંત્રીએ રાજાને પ્રાર્થનાપૂર્વક કહ્યું કે,

હે દેવ ! આપની ઉદારતા તો સીમા વિનાની દેખાય છે,

કારણકે બળ માત્રની ઈચ્છાવાળા આ રાજાને ખડ્ગસિદ્ધિ આપવા માટે આપે કબુલ કર્યું.

કોઈપણ બુદ્ધિમાન્ પુરુષ એવો ન હોય, કે માત્ર એક રાત્રી રહેવાની ઈચ્છાવાળાને ઘરનું દાન કરે.

અથવા ફળ માગનારને બગીચો અર્પણ કરે અને

દુધ માગનારને ગાયનું દાન કરે !!!

વિશ્વનો જય કરનારી આવી ખડગવિદ્યાને ક્ષણ માત્રમાં કોણ આપે ? કારણકે સ્વર્ણસિદ્ધિની માફક સદ્વિદ્યા તો સજ્જનોને પણ દુર્લભ છે.

તે સાંભળી અભયંકર રાજા બોલ્યો, મંત્રિન્ ! તારૂં કહેવું સત્ય છે, પરંતુ તેણે તે જ વિદ્યા મારી પાસેથી માગી છે, હવે મારે શું કરવું ?

વિદ્યા પણ સત્પાત્રને આપવામાં આવે તો તે સ્થિર થાય છે અને તે પોતાની પાસે રહેવાથી ટકી શકતી નથી.

દૃષ્ટાંત તરીકે, શંકરને અર્પણ કરેલી ચંદ્રની કળા હંમેશાં સ્થિર હોય છે અને તેની પાસમાં રહેલી કલાઓમાં વારંવાર અસ્થિરતાં બુલ્લી રીતે દેખવામાં આવે છે.

વળી બહુ કલેશથી મેળવેલી કલા અને લક્ષ્મી બંને પણ જો લાંબા વખત બીજાઓને ઉપયોગમાં ન આવે તો તે વૃથા છે.

એમ સુમતિ મંત્રીને સારી રીતે સમજાવ્યા બાદ રાજાએ બલ-સૈન્ય સહિત ખડગસિદ્ધિ આપી નૃસિંહરાજાને શત્રુ તરફ લડાઈ માટે મોકલ્યો.

નૃસિંહરાજાએ પણ વિદ્યાના બળથી બહુ શૂરવીર બની ઘનવાહન રાજાને જીતી વિના પ્રયાસે શત્રુના રાજ્ય સાથે પોતાનું રાજ્ય લઇ લીધું.

પછી નૃસિંહ રાજા ફરીથી નિષ્કંટક રાજ્ય સુખ ભોગવવા લાગ્યો. "જળમાં રહેલી ઉષ્ણતાની માફક સજ્જનોની દુર્દશા ક્ષણ માત્ર હોય છે."

હવે શત્રુના હસ્તમાં પોતાનું સર્વસ્વ જવાથી ધનવાહન રાજા શાખાથી ભ્રષ્ટ થયેલા વાનરની માફક હૃદયમાં અતિશય પીડા પામતો વિચાર કરવા લાગ્યો,

અહો ! હું સ્વપ્નમાં પણ જાણતો નહોતો કે, આ નૃસિંહરાજા પરાક્રમી બની મારી રાજ્ય લક્ષ્મી લઈ લેશે, અથવા

આ બાબતમાં એનો કોઈ પણ દોષ નથી, કારણ કે એને તો પોતાની સિદ્ધિ માટે ઉપાય કરવો જોઇએ, પરંતુ દોષ માત્ર મારો જ છે,

જ્યારે મેં એનું પ્રથમ રાજ્ય લીધું, ત્યારે તે ઉદ્ધત બની મારા સામો થયો, નહીં તો એને આ કાર્ય કરવાની જરૂર પડત નહીં,

ખરેખર અસંતોષ એ નાશરૂપ વૃક્ષનું મોટું મૂળ છે, કારણ કે પરરાજ્ય ભોગવવાની ઇચ્છાથી પોતાનું રાજ્ય પણ હું ગુમાવી બેઠો.

વળી વિવેકી પુરૂષોએ પોતે મેળવેલી લક્ષ્મીથી તૃપ્ત થવું જોઇએ, અન્યની લક્ષ્મી ઉપર તૃષ્ણા રાખવી નહીં,

પારકી સંપત્તિની સ્પૃહા રાખનાર લોભી માણસ મારી માફક પોતાની સંપત્તિથી પણ વિમુખ થાય છે.

હવે હું શું કરૂં ? ક્યાં જાઉં ? કોનું સ્મરણ કરૂં ? અને કોનો આશ્રય લેવો ?

હાથમાંથી ગયેલા રત્નની માફક ફરીથી મારૂં સ્થાન મને કયાંથી મળે ? એમ વિચાર કરતાં તેણે જાણ્યું કે જેની સહાયથી આ નૃસિંહરાજાએ મને જીત્યો છે, તે જ અભયંકર રાજાની પાસે હું પણ જાઉં,

ધનવાહનરાજા

એમ ધારી **ધનવાહન** રાજા **પુંડરીકિણી** નગરીમાં ગયો અને અભયંકર રાજાને પ્રણામ કરી તે બોલ્યો. શેષનાગ, કૂર્મ વિગેરે પૃથ્વીને ધારણ કરે છે એમ કૃદ્ધિ માત્રથી કહેવાય છે, પરંતુ

આ પૃથ્વીના ખરા ઉદ્ધારક અને ઉપકારી તો આપ એક જ છો,

આ દુનિયામાં વડવાનલ સરખા કેવલ ઉદરભરિ કોણ નથી !, પણ મેઘની માફક પરોપકારની બુદ્ધિવાળા તો કોઇક જ હોય છે.

વળી જે દીન બની બીજાની યાચના કરે અને જે શક્તિમાન્ છતાં અન્યનું રક્ષણ કરતો નથી, તેવા પુરૂષને જનનીએ ઉત્પન્ન કરવો ન જોઇએ. કારણ કે તેવાઓનો જન્મ આપવાથી પોતાનું યૌવન વૃથા ગુમાવે છે.

હે દેવ ! મારી વિનંતિ એ છે કે, આપની સહાય મેળવી નૃસિંહરાજા બહુ બળવાન્ થયો, મને જીતીને મારૂં સર્વસ્વ પોતાને તાબે કરી તેણે દિગંબરી દીક્ષામાં મને લાવી મૂકયો છે.

ભૂપતે ! મને આવો ત્રાસ આપ્યો, તે આપને ઉચિત નથી, કારણ કે ચંદ્રની માફક સંત પુરૂષો બંને પક્ષમાં સમાન ભાવે વર્તે છે.

જડત્વને લીધે ચંદ્ર કમળમાંથી લક્ષ્મીનો અપહાર કરી કુમુદ વનને શોભાવે છે,

પરંતુ હે રાજન્ ! આપ તો વિદ્વાન છો, છતાં મારી સંપત્તિનો અપહાર કરી નૃસિંહરાજાને તે કેમ અર્પણ કરી ?

એટલા જ માટે હે નરેંદ્ર ! રોગી માણસ વૈદ્યનો જેમ આશ્રય લે, તેમ હું આપની પાસે આવ્યો છું, હવે જલદી કૃપા કરો, જેથી હું સુખી થાઉં.

એ પ્રમાણે ધનવાહનનું વચન સાંભળી અભયંકર શરમાઈ ગયો અને તેણે ધનવાહનને કહ્યું.

મારી મોટી ભૂલ થઈ છે, એ કાર્યમાં મારે ન પડવું જોઈએ. મેં જે તારો અપકાર કર્યો છે, તેની હું ક્ષમા માગું છું.

હે બુદ્ધિમન્ ! આ સંબંધી તારે મનમાં ખોટું લગાડવું નહીં, આ લૌકિક સમૃદ્ધિ માટે મુઝાઇશ નહીં, ક્ષણ માત્રમાં હું તને સુરેંદ્ર સમાન લક્ષ્મીવાળો કરીશ.

એમ કહી તે અભયંકર રાજા ઉદાર ચિત્તથી તેજ વખતે પોતાના બંધુની માફક ધનવાહનને પોતાની રાજ્યગાદીએ બેસારે છે, તેટલામાં તેનો મંત્રી બોલી ઉઠયો.

રાજન્! આવી ઉદારતા આપની પાસે જ જોવામાં આવે છે, કારણ કે પિતૃ પરંપરાથી પ્રાપ્ત થયેલું રાજ્ય તૃણની માફક એને આપવાને તમે તૈયાર થયા છો,

વળી રાજ્ય એજ રાજાઓની સંપત્તિ ગણાય છે. રાજ્ય વિના તેઓ નિર્ધન ગણાય છે.

સરોવરનો ત્યાગ કરવાથી કમળવન શોભે ખરૂં?

જ્યાં સુધી લક્ષ્મીનો ભંગ ન થાય, ત્યાં સુધી રાજા પણ પૂજાય છે.

તેમજ પક્ષીઓ સૂકાઇ ગયેલા વૃક્ષને જેમ ત્યજે છે, તેમ સ્વજન વર્ગ નિર્ધન રાજાને ત્યજે છે.

કેવળ મનુષ્યોને જ લક્ષ્મી પ્રિય હોય છે, તેમ નથી દેહને પણ તે બહુ પ્રિય હોય છે, એમાં કંઈ આશ્ચર્ય નથી. કારણ કે સૂર્યાદિક ગ્રહો હંમેશાં સુવર્ણગિરિ-મેરૂની આસપાસ ભમે છે.

જીવતા-રોગિઓને જીવાડનારા આ દુનિયામાં ઘણા હોય હોય છે. પણ મૃતપ્રાય-મરેલાઓને જીવાડનાર તો ત્રણે લોકમાં એક લક્ષ્મી જ જોવામાં આવે છે,

અર્થાત્ લક્ષ્મીનો પ્રભાવ અલૌકિક છે, માટે એને દેશ વિગેરે કંઇક આપીને ખુશી કરો. પ્રાણથી પણ અધિક એવા રાજ્યને તમે ગમાવશો નહીં.

આ પ્રમાણે મંત્રીનું વચન સાંભળી અભયંકર રાજા બોલ્યો.

મંત્રિન્! તારૂં કહેવું સત્ય છે, પરંતુ મારા બળને લીધે આ પુરુષ રાજ્યથી ભ્રષ્ટ થયો છે.

આ રાજા બહુ દુઃખી થયો છે. એને જો હું રાજ્ય ન આપું તો લજ્જાને લીધે મારે એને કેવી રીતે મુખ દેખાડવુ?

વળી પાત્રને આપેલી સંપત્તિ વિકસ્વર થઇ પુનઃ પ્રાપ્ત થાય છે.

સજ્જન એવા વણિક લોકોએ આપેલું દ્રવ્ય વૃદ્ધિ પામીને શું ફરીથી પ્રાપ્ત થતું નથી?

સત્પુરુષોને જે કંઈ દ્રવ્ય આપવામાં આવે છે. તે તરત જ અલૌકિક ફલ આપનાર થાય છે, કારણ કે ગાયોને ઘાસનું પુળીયું નીરવામાં આવે છે, તો તે પણ અમૃતમય દુધ આપ્યા વિના રહેતું નથી.

વળી કોઈક વખત મંત્રાદિકના મહિમાથી વિજળી પણ સ્થિર થાય છે. પરંતુ તેનાથી પણ આ રાજ્યલક્ષ્મી તો અતિશય ચંચલ છે.

તે રાજ્યશ્રી ગુણોથી પણ રાજી થતી નથી અને બંધનથી બાંધેલી પણ રહી શકતી નથી.

તો તે પણ્ય સ્ત્રીની માફક રાજ્યલક્ષ્મી ઉપર મિથ્યા મમત્વ શા માટે કરવું જોઇએ ?

કેટલાક સત્પુરુષો પરોપકારની ખાતર પોતાના પ્રાણ પણ અર્પણ કરે છે, છતાં હું આ લક્ષ્મી માત્ર જો ન આપું તો મારી શી ગતિ થાય ? રાજ્યશ્રીનું પાલન કરવું, એ રાજાનો મુખ્ય ધર્મ છે, પરંતુ તેનું મુખ્ય કારણ સુકૃત કહેલું છે, તો તે પરોપકારક સુકૃત મેળવીશ. તેમાં મારૂં અયોગ્ય આચારણ શું છે ? તે તું બતાવ.

એ પ્રમાણે મંત્રીને સમજાવી અભયંકર રાજાએ ધનવાહનને પોતાની રાજ્ય ગાદીએ બેસાડ્યો.

" અહો સત્પુરુષોની ઉદારતા નિરવધિ હોય છે. "

જેઓ પરોપકાર માટે રાજ્યને તૃણ સમાન ગણે છે અને

પ્રાણોને કાંકરા સમાન ગણે છે, તેવા ધીર પુરૂષો કોને સ્તુત્ય ન હોય ?

તેવા પવિત્ર ચરિત્રવડે અભયંકર રાજા કયા સત્પુરુષોના મનમાં આશ્ચર્ય ન પ્રગટ કરે ?

ચતુરંગ સેનાવડે બલિષ્ઠ એવા અદ્‌ભુત રાજને પામી ધનવાહન-રાજા નામ અને અર્થ એમ બંને પ્રકારે સત્ય થયો.

પછી તે ધનવાહન રાજા હંમેશાં અભયંકરની સેવામાં હાજર રહેતો અને તે અભયંકર રાજા પોતાન સ્થાનમાં મુનિની માફક નિશ્ચિંત રહેતો હતો.

તીર્થયાત્રા

એક દિવસ અભયંકર રાજા તીર્થયાત્રાની ઇચ્છાથી હાથમાં તર વાર લઈ એકાકી પોતાના નગરમાંથી બહાર નીકળ્યો.

તે સમયે નગરના લોકો અને મંત્રી વિગેરે રૂદન કરતા તેની પાછળ ચાલ્યા અને હાથ જોડી વિનય પૂર્વક વિનંતી કરવા લાગ્યા.

હે દેવ! પ્રથમ તો આપે આ રાજ્યનો ત્યાગ કર્યો અને હાલમાં આ નગરનો પણ ત્યાગ કરો છો.

વળી અમે આપના સેવક છીએ, છતાં અમારો પણ ત્યાગ કરી આપ કયાં પધારો છો?

આપ અહીંથી જશો એટલે આ નગર વસંત ઋતુથી ત્યજીએલા બગીચાની માફક નિસ્તેજ થશે.

આપના વિદેશ પ્રયાણથી આ સમગ્ર પ્રજાવર્ગ દ્વીપાંતરમાં ચંદ્ર-ગમનથી કુમુદવન જેમ મીચાઈ જશે. પ્રભો! વળી આપને તીર્થયાત્રાની ઘણી ઉત્કંઠા હોય તો અમને પણ આજ્ઞા કરો, જેથી અમે આપની સાથે આવીએ.

હે નાથ! આપની સાથે યોગ્ય વાહન નથી, હોંશિયાર નોકર ચાકર નથી તેમજ સાથે જોઈતું ધન પણ લીધુ નથી. પ્રયાણ કરવાની આવી રીત હાલમાં નવીન દેખવામાં આવે છે.

માટે કૃપા કરી હાલમાં પ્રયાણ બંધ રાખો અથવા સાથે આવવા માટે મહેરબાની કરી અમને આજ્ઞા આપો.

એમ તેઓનું વચન સાંભળી અમૃત વૃષ્ટિમય દૃષ્ટિવડે સિંચન કરતો હોય તેમ રાજા તેમને કહેવા લાગ્યો,

વિનયોચિત આ સર્વ તમારી વિનંતિ હું સત્ય માનું છું, પરંતુ તીર્થયાત્રાથી પાપ રાશિ દૂર થાય છે અને પુણ્યરાશિ પ્રગટ થાય છે. માટે હું આ કાર્યમાં ઉદ્યુકત થયો છું.

તમે મને વિઘ્નભૂત થશો નહીં, તમારે કોઈ બાબતની ચિંતા કરવી નહી, આ નગર તથા સર્વ પ્રજા વર્ગને આ ઘનવાહન રાજા જેમ ચાતક પક્ષીઓને મેઘ તેમ મારી માફક સંતુષ્ટ કરશે.

વળી "સિંહ અને સત્પુરુષોનો દેશાંતર જતાં અન્ય સહાયની અપેક્ષા રાખતા નથી."

તેજસ્વી પુરુષોનો આવો સ્વભાવ જ હોય છે. મારી સાથે ચાલવાથી તમને નકામો પરિશ્રમ થાય છે. અને મને પણ પગ બંધન છે, માટે હવે મહેરબાની કરી તમે અહીં ઉભા રહો તો બહુ સારૂં,

એમ કહી મંત્રી વિગેરેને ત્યાં ઉભા રાખ્યા અને ધનવાહન રાજાને પૂછીને અભયંકર રાજા એકલો તીર્થયાત્રા માટે ચાલતો થયો.

માર્ગમાં ચાલતા રાજાને વેલીઓને નચાવવામાં કલાચાર્ય સમાન,

પુષ્પોની સુગંધને હરણ કરવામાં ચોર સમાન અને

સરોવરના બિંદુઓથી શીતલતાને વહન કરતો પવન સેવતો હતો.

દરેક તીર્થોને નમન કરતો, જિનેંદ્ર ભગવાનની પૂજા કરતો અને પોતાની શક્તિ મુજબ તપશ્ચર્યા કરતો તે રાજા બહુ સુકૃત ઉપાર્જન કરવા લાગ્યો.

સિદ્ધિયોગી

એ પ્રમાણે પૃથ્વી ઉપર ફરતો ફરતો અભયંકર કોઇ એક પર્વતની ગુફામાં જઇ પહોંચ્યો. સૂર્યાસ્ત થઇ ગયો. ઘોર અંધારૂ પ્રસરી ગયું. એકાકી છતાં તેનું મન બહુ અડગ હતું. ધૈર્ય રાખી આમ તેમ ફરતો હતો. તેવામાં બહુ દૂરથી નીકળતો કરૂણ શબ્દ તેના સાંભળવામાં આવ્યો. કે તરત જ વિચારમાં પડયો.

અરે! આ શૂન્ય પર્વતની ગુફામાં કોણ રોતું હશે!

રાત્રીના પ્રસંગે અહીં માણસ કયાંથી? અને

આ શબ્દ કોઇ માણસનો હોવો જોઈએ.

ચાલો ત્યાં જઈ હું તપાસ કરૂં.

એમ વિચાર કરી રાજા તે શબ્દને અનુસારે આગળ ચાલ્યો.

તેવામાં ત્યાં બળતા અગ્નિનો એક કુંડ તેના જોવામાં આવ્યો અને તેની પાસમાં ઉભેલી એક સ્ત્રી હતી.

જેના શરીરે રકત ચંદનનો લેપ કર્યો હતો.

કંઠમાં કરેણુના પુષ્પેાની માળા પહેરેલી હતી.

વળી કામદેવ સમાન તેજસ્વી કેાઈક યેાગી તરવાર ઉગામી મૃત્યુની માફક તેણીને મારવા તૈયાર થયેા હતેા.

રે સૂર્ય ! તું જગત્ ચક્ષુ કહેવાય છે. માટે હું તારી યાચના કરૂં છું કે,

મારેા રક્ષક અહીંયાં કેાઇ ન હેાય તેા અન્ય દ્વીપમાંથી તું કેાઇને લાવી આપ. જેથી તે મારૂં રક્ષણ કરે.

હે રત્નગર્ભે ! પૃથ્વીદેવિ !

આ અબળાનેા ત્રાસ અટકાવનાર કેાઈ શૂરવીર છે ?

જે કૃપાલુ પુરુષ મૃત્યુ સમાન આ દુષ્ટના મુખમાંથી મને મુક્ત કરે.

એ પ્રમાણે પ્રલાપ કરતી તેણીના શબ્દેાથી સર્વત્ર ઘેાઘાટ થઇ રહ્યેા હતેા.

મુખપર અશ્રુના પ્રવાહ ચાલતા હતા.

હવે શેા ઉપાય કરવેા ! અને કયાં જવું,

એમ શૂન્યચિત્તે સ્થિર ઉભી હતી.

રૂપવડે રતિ સમાન તે સ્ત્રીની દુર્દશા જોઈ રાજાના મનમાં બહુ દયા આવી અને

તરત જ તેણે યેાગીને કહ્યું,

આ તારી આકૃતિ વડે તું યેાગી નથી, પરંતુ તેનાથી પણ કેાઇ મહાપુરુષ દેખાય છે. છતાં આ ખરાબ કામ કરવા તું તૈયાર થયેા છે,

તે તારા મહત્વને લજાવનાર છે. "સત્પુરૂષેા પેાતાના પ્રાણેા ચાલ્યા જાય તેા પણ અનુચિત કાર્ય કરતા નથી.'

ચંદન વૃક્ષેાને છેદવાથી પણ તેઓ દુર્ગંધ આપતા નથી,

માટે મહાશય ! કૃપા કરી આ સ્ત્રીને તું છેાડી દે. કારણ કે,

અપરાધ હેાય છતાં પણ સત્પુરૂષેા સ્ત્રીજાતિ ઉપર શસ્ત્ર ચલાવતા નથી.

અમૃતમય તેની વાણીવડે સિંચાયેલી તે સ્ત્રીને શાંતિ મળી અને તે પરાક્રમી રાજાને જોઈ પુનઃ તેણીએ જીવનની આશાધારણ કરી.

પછી યોગીએ કહ્યું,

રાજન્! આવા ઉત્તમ લક્ષણોથી તું પણ ચક્રવર્ત્તી દેખાય છે, સામાન્ય નથી.

વળી આ સ્ત્રીવધ કરવો તે અયોગ્ય છે, પરંતુ મારૂં વાકય તું સાંભળ પછી એના બચાવનો તું વિચાર કર.

તારા સરખા મહાત્માઓની આગળ ગુપ્ત વાતો કહેવા માટે હરકત નથી,

મણિચૂડ વિદ્યાધર

વૈતાઢય પર્વતની ઉત્તર શ્રેણીમાં **શ્રીરથનૂપુર** નામે નગર છે. તેમાં વિદ્યાધરોનો અધિપતિ **રત્નચૂડ** નામે રાજા છે. નિષ્કલંક ચંદ્રની રેખા સમાન **રત્નમંજરી** નામે તેની સ્ત્રી છે. મણિચૂડ નામે પ્રખ્યાતિ પામેલો હું તેનો પુત્ર છું,

અપરાજિતા નામે અમારા કુલની વિદ્યા છે. તે બહુ સુખદાયક હોવાથી સાક્ષાત્ સિદ્ધિની માફક તેના આરાધન માટે મેં પ્રારંભ કર્યો હતો.

શુદ્ધ જગાએ બેસી હું જાપ કરતો હતો. સમાપ્તિના દિવસે દીવ્ય સ્વરૂપ ધારણ કરી વિદ્યાધિષ્ઠાત્રી તે દેવી મને પ્રયત્યક્ષ થઈ. જેનું સ્વરૂપ વિજળી સમાન ચળકતું હતું.

તે બોલી, હે વત્સ! ઉછળતા તરંગવાળી ગંગાને સ્થિર કરનાર આ તારી સેવાથી તને વર આપવા માટે હું પ્રસન્ન થઈ છું. પરંતુ બળતા અગ્નિ કુંડમાં બત્રીશ લક્ષણી સ્ત્રી અથવા પુરુષનો હોમ કરી તું વરદાન માગ, જેથી તને ઈચ્છિત સિદ્ધિ હું આપીશ.

મારી પ્રસન્નતા માટે આ કાર્ય તું નહીં કરે તો પાકેલા ચિભડાની માફક તારૂં મસ્તક જરૂર કુટી જશે.

એ પ્રમાણે દેવીનું વચન મેં કબુલ કરી સ્વાર્થ સિદ્ધિ માટે બત્રીસ લક્ષણી સ્ત્રીની શોધ માટે હું પૃથ્વીપર ફરવા નીકળ્યો.

તપાસ કરતો કરતો **અહિપુર** નગરમાં હું ગયો. ત્યાં તે નગરના

રાજાની યથોક્ત લક્ષણવાળી આ કન્યાને જોઈ હું તેને અહીં લાવ્યો છું. અને દેવીને માટે હાલમાં હોમ કરવાની મારી ઈચ્છા છે.

માટે હે રાજન્! એને છોડાવીને તું મારી સિદ્ધિનો શા માટે નાશ કરે છે?

હર્ષની વાત તો એ છે કે, સજ્જન પુરુષો સ્વાર્થની માફક કદાપિ પરકાર્યનો નાશ કરતા નથી.

ખરેખર એકનું કાર્ય બગાડવું અને બીજાનું સુધારવું એવો ધર્મ સમાન દૃષ્ટિવાળા સત્પુરુષોએ કોઇ સ્થળે માન્ય કર્યો નથી.

વળી પોતાનું ઉદર ભરનાર આ સ્ત્રીને જ તું પ્રિય માને છે, ઘણા લોકોનો ઉપકાર કરનાર હું રાજપુત્ર તારા હિસાબમાં નથી

એ પ્રમાણે યોગીનાં વચન સાભળી અભયંકર બોલ્યો.

તારૂં કહેવું ઠીક છે. પરંતુ આ સ્ત્રીનો વધ કરવો તે તને લાયક નથી કારણ,

સ્ત્રી વધ કરવાથી નરકની પ્રાપ્તિ થાય છે. જે પ્રાણીનો વધ કરવાથી સિદ્ધિ થાય તેવી સિદ્ધિથી શું ફળ?

વળી જે હિંસા કરવાથી પ્રાપ્ત થાય તેવી લક્ષ્મીથી પણ સર્યું.

હે યોગીંદ્ર! તું સમજું છે પણ મારે તને કહેવું પડે છે કે

સર્વ સિદ્ધિઓ ધર્મથી સિદ્ધ થાય છે. અધર્મ કરવાથી નથી થતી.

મેઘ વરસવાથી નદીઓનો પ્રાદુર્ભાવ થાય છે. ગ્રીષ્મના તાપથી તેઓ સૂકાઇ જાય છે.

જો એક પ્રાણીના ઘાતથી સિદ્ધિ મળતી હોય તો તે ઘણા પ્રાણીઓના વધ કરનાર મનુષ્યોને સર્વ સિદ્ધિઓ કેમ સિદ્ધ થતી નથી?

વળી સ્ત્રીનો વધ કરવાથી દેવી પ્રસન્ન થાય છે, તે વાત કોઈ વખત જોવામાં આવી નથી, તેમજ સાંભળવામાં પણ આવી નથી.

માત્ર કૂટ કાર્યમાં કુશલ એવી તે દેવીએ તને છેતર્યો છે. કિંવા દેવીએ તને સત્ય કહ્યું હશે છતાં પણ આ બીચારી સ્ત્રીને છોડી દઈ મારા મસ્તકનો હોમ કરી, હે આર્ય! તું પોતાનું કાર્ય સિદ્ધિ કર.

હે વિબુધ ! એમ કરવાવી વિદ્યાદેવી તને પ્રસન્ન થશે.

આ સ્ત્રી જીવતી રહેશે અને મારો સત્કાર પણ સારી રીતે સચવાશે.

પછી મણિચૂડ બોલ્યો, હે નરેંદ્ર ! આ તારૂં સમજવું ભૂલ ભરેલું છે. કારણ કે એક સ્ત્રીને માટે ચક્રવર્ત્તીને લાયક આ શરીરનો ત્યાગ કરવા તું તૈયાર થયો છે.

આ સ્ત્રીનું રક્ષણ કરવાથી તે જીવતી રહીને અસાધ્ય કાર્ય શું કરી શકશે ? વળી તું જીવતો હઈશ તો પિતાની માફક હંમેશા પ્રજાનું રક્ષણ કરીશ.

તેમજ તું પોતાના શરીરને બદલે આ સ્ત્રીને બચાવવાની ઈચ્છા કરે છે તે કોટીરત્નો આપીને એક પાષાણનો ટુકડો લેવાની ઈચ્છા કરે છે.

અલ્પ વસ્તુના બદલે જે વધારે લે છે, તે બુદ્ધિમાન્ ગણાય, પણ એનાથી વિપરીત કરનારને તો મૂર્ખનો શિરોમણિ ગણાય.

તે સાંભળી પોતાના દાંતની સુંદર કાંતિના મિષથી હૃદયમાં ઉછળતા દયા રૂપી ક્ષીરસાગરને બતાવતો હોય તેમ રાજા ફરીથી બોલ્યો.

હે યોગીંદ્ર ! આ તારાં વચન સ્નેહને ઉચિત છે, પણ ધર્મને ઉચિત નથી.

પોતાના પ્રાણોથી પણ અન્ય જીવોનો બચાવ કરવો, એ મોટામાં મોટો ધર્મ છે.

વળી આ દેહને સારી રીતે નવરાવો, ચંદનના લેપ કરો, અલંકારોથી શણગારો અને સારા ભોજનથી તૃપ્ત કરો, પણ તે બલની માફક પોતાના સ્વાધીન કોઈ દિવસ થવાનો નથી.

તેમજ જે શરીરની આખર સ્થિતિ કૃમિ-ક્રીડા અથવા ભસ્મ થાય છે, તો તેના બદલે હું પરોપકાર કરૂં છું, તેમાં મારી અણ-સમજ શી છે ?

રોગોથી ભરેલા શરીરવડે જે પુરૂષ સુકૃત મેળવે છે, તે પ્રાણનાશક વિષને બદલે અમૃતરસ ખરીદે છે.

તેમજ કેાઇક જ્ઞાની પુરૂષે જ બહુ મળથી ભરેલા,
ક્ષણમાત્રમાં નાશવાન,
માત્ર આ લેાકમાં રહેનાર,
અધમ સ્થિતિવાળા,
પરાધીન અને હંમેશાં વૈર વધારનાર આ શરીરવડે

શુદ્ધ, સ્થિર, સાથે રહેનાર, અતિશ્રેષ્ઠ, પેાતાને સ્વાધીન અને સુખદાયક સુકૃતને ગ્રહણ કરે છે.

આ લેાકમાં કીર્ત્તિમય અને પરલેાકમાં ધર્મમય શરીર ઉપર સજ્જનેાની શ્રદ્ધા હેાય છે, પણ ક્ષણભંગુર આ શરીર પર આસ્થા હેાતી નથી,

કેાઈ માણસ વેપારમાં હારી જાય છે, વળી કેાઈક લાભ પણ મેળવે છે, પરંતુ સ્ત્રી અથવા પુરૂષને જીવન આશા તેા સરખી જ હેાય છે.

માટે તું સમજીને આ તારૂ ખડ્ગ મને આપ. જેથી મસ્તકનેા છેદ કરી હું તને અર્પણ કરૂં.

આ સ્ત્રી ઘણા કાલ જીવતી રહેા અને તારી વિદ્યા પણ સિદ્ધ થાએા.

એ પ્રમાણે રાજાએ ઘણું કહ્યું છતાં પણ મણિચૂડે તેને ખડ્ગ આપ્યું નહી, એટલે રાજાએ વિદ્યાધરની ઇચ્છા નહેાતી પણ બહુ આગ્રહ કરી તેની પાસેથી તરવાર લઈ લીધી.

રાજાનું શરીર બહુ ગૌર હતું અને હાથમાં તરવાર આવવાથી ભુજંગથી વીંટાએલા ચંદન દ્રુમની માફક તે દીપવા લાગ્યેા,

પછી મુખની આકૃતિ પ્રફુલ્લ અને કંઈક હાસ્યથી સુશેાભિત દેખાતી હતી, એવા રાજાએ પેાતાના હસ્તવડે સુથાર કાષ્ઠ પર જેમ કુઠાર ચલાવે તેમ સ્કંધ-ડેાક પર તરવાર ચલાવી.

તે સમયે પરસ્પર મિત્રેાની માફક રાજાનેા સ્કંધ તરવારનેા સ્પર્શ થવાથી મૂર્ત્તિમાન હર્ષ જેમ રેામાંચિત થઈ ગયેા.

ત્યારબાદ શક્તિમાન્ એવા રાજાનો હાથ મસ્તક છેદવા માટે ઘણોએ ચલાવ્યો છતાં પણ કોઈએ સ્તંભાવ્યો હોય તેમ તે સ્થિર થઈ ગયો.

પછી રાજાએ વિચાર કર્યો,

અરે ! આ મારો દક્ષિણભુજ પ્રથમ મદોન્મત્ત હાથીઓનાં ગંડસ્થલ ભેદવામાં બલવાન્ હતો, તે હાલમાં આવો નિર્બળ કેમ થઈ ગયો ?

એમ ચિંતાતુર થઈ સ્વામીનો દ્રોહ કરનાર ભૃત્યની માફક દક્ષિણ હાથ પર કોપાયમાન થયેલા રાજાએ તેનો ત્યાગ કરી ડાબા હાથમાં ખડ્ગ લીધું.

અને તરત જ તેણે પોતાના સ્કંધ પર ચલાવ્યું. ખડ્ગની ધાર બહુ તેજસ્વી હતી છતાં પણ તે પત્થર પર પછડાયેલાની માફક કુંઠિત થઇ ગયું.

હાથની મંદતા અને ખડ્ગનો પ્રહાર નિષ્ફલ થવાથી દુઃખ-સાગરમાં આવી પડેલો રાજા દીનમુખે મંત્રથી સ્તંભિત થયેલો સર્પ તેમ પોતાના હૃદયમાં બહુ બળવા લાગ્યો અને બુદ્ધિપૂર્વક વિચાર કરવા લાગ્યો,

અરે ! મારા દુર્ભાગ્યને ધિક્કાર છે, આ પરોપકારની લાગણી પણ મારાથી ન બની શકી.

જેઓ પરોપકાર કરવામાં સ્પૃહાલુ હોય છે, તેવા પ્રાણીઓને ધન્યવાદ ઘટે છે. તેમજ જેઓની પરોપકારની ઇચ્છા સિદ્ધ થાય છે, તેવા સત્પુરૂષો તો વારંવાર ધન્યવાદને લાયક થાય છે.

યોગીની મૂર્ચ્છા

એમ કહી રાજા એકદમ પોતાનું મસ્તક કાપવા માટે યોગીની યાચના કરે છે, તેટલામાં તે યોગી પણ મૂર્છિત થઈને છેદેલા દ્રુમની માફક પૃથ્વી પર પડ્યો.

તે જોઈ રાજાને વિસ્મય થયો.

અહો! એકદમ આ યોગીને શું થયું?

એમ ચિંતવન કરતાં રાજાને પણ દુઃખથી મૂર્છા આવી ગઇ અને બેભાનમાં પડેલા રાજાએ આકાશમાં રહેલા દેવતાઓનો હાહાકાર સાંભળ્યો.

ક્ષણવાર પછી રાજા સચેતન થયો અને પોતાની આગળ ઉભેલી એક **દેવી** તેણે જોઈ.

તે દેવી મેઘમાળાની માફક કમંડલુના જળથી સિંચન કરતી,
પ્રદીપની માફક પોતાની કાંતિવડે અંધકારને દૂર કરતી,
દીવ્ય આભરણોની રચના વડે કલ્પલતાની માફક દીપતી,
ભ્રમરીઓ વડે પદ્મિની જેમ દેવાંગનાઓ વડે સેવાતી,
મનોહર દર્શનથી ચંદ્રલેખાની માફક આનંદ આપતી,
બહુ સ્નિગ્ધ દૃષ્ટિવડે માતાની માફક વારંવાર અવલોકન કરતી

અને જેણીના શરીરની કાંતિ સુવર્ણ સમાન ચળકતી હતી એવી તે દેવી બોલી,

વત્સ! તે અપરાજિતા દેવી હું પોતે છું. તારા સાહસવડે હું પ્રસન્ન થઈ છું. તારી ઇચ્છા પ્રમાણે વર માગ.

પ્રણામ કરી અભયંકર બોલ્યો,

દેવિ! જો તું મારી પર તુષ્ટ થઈ હોય તો કાર્ય કરવામાં ઉદ્યુક્ત થયેલા આ મારા ભુજને સ્તંભનથી મુક્ત કર. જેથી મારા મસ્તકના દાનવડે આ તારા ભક્ત યોગિની વિદ્યાસિદ્ધિને સિદ્ધ કરું. મારે રાજ્યાદિક સમૃદ્ધિનું કંઈ પ્રયોજન નથી.

વળી જો તું આ કાર્ય કરવાને શક્તિમાન ન હોય તો આ મણિચૂડની સિદ્ધિ પરિપૂર્ણ કર.

તે સાંભળી દેવી બોલી. સિદ્ધિની વાર્તા દૂર રહી, પરંતુ આ પાપીને સચેતન કરવાની પણ મારી ઇચ્છા નથી, કારણ કે

આ દુષ્ટે અધમ એવો સ્ત્રીવધ કરવાનો પ્રારંભ કર્યો છે. વળી

આ દુષ્ટ એટલાથી પણ નહીં અટકતાં કલ્પવૃક્ષ સમાન જગતનું રક્ષણ કરનાર તને હણીને પોતાનો સ્વાર્થ સાધવા માટે તૈયાર થયો છે.

વળી હે પુત્ર ! આ અનિષ્ટ કાર્ય એના સત્ત્વની પરીક્ષા માટે મેં એને કહેલું હતું, પરંતુ આ દુર્બુદ્ધિ યોગી તો સ્ત્રીને મારવા માટે ખરેખર તૈયાર થઈ ગયો. તેથી તારા હાથ તથા ખડ્ગને મેં સ્તંભાવી દીધા અને આ દુષ્ટ પર મને બહુ ક્રોધ ચઢયો, તેથી એને આ દુર્દશામાં લાવી મૂક્યો છે.

સ્ત્રી વધ કરવામાં એણે દુર્બુદ્ધિ વાપરી તેથી એને સિદ્ધિ કેવી રીતે મળે ? "પાપી પુરુષોને સંપત્તિઓની માફક કલા સિદ્ધ થતી નથી.

અપરાધ વિનાના પ્રાણીઓની હિંસા કરનાર આળસુ અને સત્ત્વ વિનાના પ્રમાદી પુરૂષો ધર્મ અને અર્થને સિદ્ધ કરી શકતા નથી.

માટે આ દુષ્ટના કારણને લીધે તું પોતાના આત્માને હણવા માટે યોગ્ય નથી. કારણ કે ભસ્મના માટે કલ્પવૃક્ષને કોઈ પણ બાળે નહીં.

આ આત્મઘાતરૂપી અકૃત્ય તું કરીશ, તો પણ આ દુષ્ટ તારો ઉપકાર માનવાનો નથી. કારણ કે વૃષ્ટિ થવાથી પણ ક્ષાર ભૂમિમાં યોગ્ય ફલ થતું નથી.

તે સાંભળી રાજા બોલ્યો. હે દેવિ ! આ પુરુષની સિદ્ધિ મને ઇષ્ટ છે, વળી તું એનો નિષેધ કરે છે. તો બોલ ! તું શા માટે મને પ્રસન્ન થઈ ? આ પુરુષ ભલે ગમે તેવો હોય પણ એની ઉપર તારે અનુગ્રહ કર્યા વિના ચાલશે નહીં.

શું શંકર પોતાને આશ્રય રહેલા સર્પ ઉપર પણ ક્રોધાયમાન થાય છે ? વળી આ પુરૂષને સિદ્ધિ ન પ્રગટ થાય તો મારી પ્રતિજ્ઞાનો ભંગ થાય.

માટે પ્રાણ જવાથી જેમ જીવતો પણ હું મરેલો ગણાઉં.

જે પુરુષ પ્રાણથી પણ અધિક પોતાની પ્રતિજ્ઞાનો ભંગ કરે છે; તે અધમ પુરુષ સજ્જનોને નિંદવા લાયક થાય છે. એટલું જ નહીં પણ તેનું જીવન નિષ્ફળ થાય છે.

માટે હે દેવિ ! તું અહીંથી સ્વેચ્છા પ્રમાણે ચાલી જા. હું આ અગ્નિમાં પ્રવેશ કરૂં છું, એમ કહી રાજા તરત જ અગ્નિમાં પોતાના દેહનું બલિદાન આપવા તૈયાર થયો.

તે જોઈ અરે ! આ રાજા મારા માટે મરવાને તૈયાર થયો છે, મને ધિક્કાર છે, એમ બોલતી ત્યાં ઉભેલી તે સ્ત્રી પણ મૂર્છિત થઈ એકદમ પૃથ્વીપર પડી ગઇ.

ત્યારબાદ દેવીએ રાજાને અગ્નિમાંથી બહાર કાઢીને કહ્યું,

હું તારી ઉપર બહુ પ્રસન્ન થઇ છું. તું જો તારા માટે આ બંનેને હું સજીવન કરૂં છું.

એમ બોલી તે દેવીએ અમૃત સમાન પોતાના કમંડલનું પાણી છાંટી મણિચૂડ અને કુમારીને જીવતાં કર્યાં.

પછી તે કન્યા રાજાને જીવતો જોઇ બહુ રાજી થઇ અને પોતાના મનમાં તેણીએ રાજાને વરવાની ઇચ્છા કરી, કારણ કે તેવા ગુણવાન પુરુષને વરવા માટે કોની ઇચ્છા ન થાય ?

હે રાજન્ ! તારા આગ્રહને લીધે આ યોગીને હું પ્રસન્ન થઈ છું. એ પ્રમાણે કહી દેવી ઘણા કાલથી ઇચ્છેલી સિદ્ધિ યોગીને આપી અદૃશ્ય થઈ ગઈ.

તેટલામાં તેવા અદ્‌ભુત કાર્ય કરવામાં સાહસિક અભયંકર રાજાનું મુખાવલોકન કરવાને જેમ સૂર્યનો ઉદય થયો.

પ્રભાતકાલનો સમય થવાથી એકદમ પૃથ્વી અને આકાશમંડલને ભેદનાર તેમજ સર્વ દિશાઓને ગજાવનાર ઘનઘોર શબ્દ રાજાના સાંભળવામાં આવ્યો કે તરત જ તે ભ્રાંતિમાં પડયો.

અરે આ શું ? એમ સંભ્રાંત બની જેટલામાં દ્રષ્ટિ પ્રસાર કરે છે, તેટલામાં તેની આગળ ચતુરંગ સૈન્ય આવી ઉભુ રહ્યું. પછી તેમાંથી એક હોંશિયાર પુરુષ ચમત્કારી વાણીવડે જોડી રાજાને વિનંતિ કરવા લાગ્યો.

પ્રજ્ઞાલોક મંત્રી

લક્ષ્મીની લીલાથી સુશોભિત **લક્ષ્મીપુર** નામે નગર છે. તેમાં

શત્રુરૂપ હસ્તીઓને વિદારવામાં સિંહ સમાન **અરિકેસરી** નામે દેવ-સમાન રાજ્ય કરતો હતો.

શત્રુરૂપ વાંસડાઓને બાળવાની ઈચ્છા કરતા જેના પ્રતાપરૂપી અગ્નિને અતિપ્રબલ એવું શૌર્ય પવનની સહાય આપતું હતું.

તે રાજા હાલમાં સ્વર્ગવાસી થયો છે, તેથી તેમનું રાજ્ય સ્વામી વિનાનું સાયંકાલના વાદળ સમાન થઈ ગયું છે.

ત્યારબાદ તેના **સુમિત્ર** મંત્રી વિગેરે પ્રધાનવર્ગે ભેગા મળી **અપરાજીતા** કુલદેવીની આરાધના કરી, પ્રસન્ન થઈ કુલદેવીએ આજ્ઞા કરી છે.

તે રાજ્યને લાયક આપ છો અને તે દેવીના કહેવાથી આપને તેડવા માટે અમે અહીં આવ્યા છીએ.

આપના દર્શનથી આ સૈન્યને તથા અમને બહુ આનંદ થયો છે.

વળી આ રાજ્યલક્ષ્મીઆપના આશ્રયથી ઇંદ્ર સહિત સ્વર્ગશ્રીની માફક પ્રકાશિત થાઓ.

હે નરદેવ ! હું અરિકેસરી રાજાનો વંશપરંપરાનો મંત્રી છું. મારું નામ **પ્રજ્ઞાલોક** છે, આ હકિકત નિવેદન કરવા માટે હું આવેલ છું.

એમ વિનતિ કરી તે મંત્રી મૌન રહ્યો, એટલે તરત જ તે અપરાજિતા દેવીએ ત્યાં જ સુવર્ણમય સિંહાસનપર અભયંકર રાજાને બેસારી રાજ્યાભિષેક કર્યો.

તેમજ તે યોગીની પાસમાંથી બચાવેલી કન્યા રાજાને આપીને તે દેવી અંતર્ધાન થઈ ગઇ. જુઓ " કરેલો ઉપકાર અભયંકર રાજાને તે વખતે સફલ થયો. "

અહો ! પરોપકારનો પ્રભાવ ?

હરતિ વિપદં સૂતે કીર્ત્તિં નિકૃન્તતિ વૈરિતાં,
જનયતિ જને માનાધિક્યં, વશીકુરુતે રમામ્ ।
મદયતિ દયાસારં ધર્મં, તનોતિ મહોદયં,
કિમિવ સુધિયાં નાધત્તોઽસૌ પરોપકૃતિઃ કૃતા ॥૧॥

"સજ્જનોએ કરેલો ઉપકાર વિપત્તિને દૂર કરે છે.
કીર્ત્તિને પ્રગટ કરે છે. વૈરનો ઉચ્છેદ કરે છે.
લોકોમાં માન વધારે છે. લક્ષ્મીને વશ કરે છે.
દયામૂલક ધર્મને ઉત્પન્ન કરે છે અને સર્વત્ર મહોદયને ફેલાવે છે.

વળી કોઇપણ વસ્તુ એવી નથી કે, જે પરોપકારથી સિદ્ધ ન થાય.
પછી મણિચૂડે કહ્યું, હે રાજન્! આપના પ્રભાવથી મને સિદ્ધિ મળી છે.

હે દેવ! મારા પુણ્યને લીધે જ આપનો જન્મ થયો હશે, કારણ કે આ મારી સિદ્ધિ તો દૂર રહી પણ આપ ન હોત તો મારા પ્રાણ પણ તુલની માફક દેવીના ક્રોધરૂપી પવનથી ઉડી જાત.

વળી હે નરેંદ્ર! મૃત્યુના મુખમાંથી કેવળ આ સ્ત્રીનું જ તેં રક્ષણ કર્યું છે એમ નહીં,

પરંતુ સ્ત્રી હત્યાના મહાપાપથી મારો પણ ઉદ્ધાર કર્યો.

પોતાના દેહથી નિઃસ્પૃહપણે સર્વ લોકોનો તમે ઉપકાર કરો છો અને પરોપકારને માટે જ ચંદનની માફક સર્વસ્વનો વ્યય કર્યો છે. માટે આપ ચિરકાલ આનંદ પામો.

હે રાજન્! દુઃખી થયેલાં મારાં માતાપિતાને પોતાના દર્શનરૂપ અમૃતનું સિંચન કરી હું ફરીથી આવીશ.

એ પ્રમાણે અભયંકર રાજાની આજ્ઞા લઈ મણિચૂડ વિદ્યાધર પોતાના સ્થાનમાં ગયો.

ત્યારપછી અરિકેસરી રાજાના મંત્રી વિગેરે સર્વ લોકો નવીન સ્તૂપની માફક બહુ આનંદ આપતા રાજાને પ્રણામ કરવા લાગ્યા.

ત્યાર પછી બહુ વિનયપૂર્વક તેઓએ પોતાના નગરમાં જવા માટે રાજાને પ્રાર્થના કરી, પછી રાજાએ પણ તેમના કહેવા પ્રમાણે તૈયારી કરી. કારણ કે "મહાત્માઓ અન્યની પ્રાર્થનાનો ભંગ કરતા નથી.'

પોતાના ધૈર્યનો પરાજય થવાથી સેવા માટે આવેલો મેરૂપર્વત હોય ને શું? તેવા ઉન્નત અંગવાળા હાથીપર રાજાએ સવારી કરી.

તેમજ તેના મસ્તકપર પૂર્ણિમાના ચંદ્રના ગર્વનો અપહાર

કરનાર અને સાક્ષાત્ મૂર્તિમાન યશ હોય તેમ શ્વેત છત્ર ધારણ કર્યું હતું.

મુખરૂપી ચંદ્રની સર્વત્ર પ્રસરતી કાંતિના બે વિભાગની માફક શ્વેત કાંતિમય બંને ચામરોથી તેનાં બંને પડખાં વીંઝાતાં હતાં.

તેમજ હું રાજા પોતે અહીં આવ્યો છું. માટે મને નમવા માટે આવો, એમ પ્રત્યંત રાજાઓને દિગંતર ગજાવતાં વાજીંત્રોના નાદ વડે જણાવતો,

ભાટ ચારણોના જય જય એવા ઘોષથી લોકોને બધિર કરતો,
સૈન્યના ચરણ ઘાતથી ઉડેલા રજકણથી આકાશ ભૂમિને પુરતો,
સ્નિગ્ધ દૃષ્ટિના પ્રસારથી નગરવાસી જનોને પ્રમુદિત કરતો,

પોતાના દર્શનરૂપ ચંદ્રવડે પૌરાંગનાના પ્રેમરૂપી સાગરને તરંગિત કરતો હોયને શું ? તેમ અભયંકર રાજા નાગરિક લોકોએ ધ્વજ, પતાકા અને તોરણોથી શણગારેલા લક્ષ્મીપુરની શોભાને દૃષ્ટિગોચર કરતો છતાં રાજમહેલમાં ગયો.

ત્યાં પ્રધાન વર્ગે તૈયાર કરેલા સુવર્ણના સિંહાસન પર અભયંકર રાજા પૂર્વાચલના શિખર પર સૂર્ય જેમ આરૂઢ થયો.

ત્યાર પછી સામંતરાજાઓ ભેટણાં લઇ રાજાને નમ્યા અને તેની સેવામાં હાજર થયા.

ત્યારબાદ **સિંહપુર**ના રાજાએ પોતાની પુત્રીનું વૃત્તાંત જાણ્યું, એટલે તે પણ ત્યાં આવ્યો અને પોતાની પુત્રીને અભયંકર રાજા સાથે તેણે પરણાવી.

તે કન્યા પણ કામદેવ સમાન તેજસ્વી એવા પતિને પામી રતિની માફક અલૌકિક શોભાને પાત્ર થઈ.

પછી પ્રથમના ઉપકારનું સ્મરણ કરતા નૃસિંહ તથા ઘનવાહન રાજા તેમજ કૃતજ્ઞિઓમાં ચૂડામણિ સમાન મણિચૂડ વિદ્યાધર અને બીજા પણ કેટલાક રાજાઓ રત્નાદિક દીવ્ય ભેટણાં લઈ ત્યાં આવ્યા,

અને દેવતા જેમ ઇંદ્રને તેમ અભયંકર રાજાનો નમનપૂર્વક બહુ સત્કાર કર્યો.

એ પ્રમાણે અનેક રાજાઓ તરફથી આવેલી ભેટની સમૃદ્ધિઓ વડે તેનો વૈભવ નદીઓના પાણીથી સમુદ્રનું જલ જેમ બહુ વૃદ્ધિ પામ્યો.

એક દિવસ આયુધશાળાના અધિકારીએ રાજાની પાસે ચક્રવર્તીને લાયક એવા ચક્રરત્નની વધામણી કહી.

રાજાએ બહુ હર્ષથી તેનો સત્કાર કર્યો અને તે તરત જ શસ્ત્રશાળામાં ગયો.

સૂર્યમંડલની શોભાને તિરસ્કાર કરતું ચક્રરત્ન તેના જોવામાં આવ્યું.

ચંદનાદિક પૂજાના સામગ્રીવડે ચક્રની પૂજા કરી અષ્ટાન્હિક મહોત્સવ પણ કર્યો, કારણ કે "મહાન પુરુષો પૂજ્યને પૂજવામાં સાવધાન હોય છે."

વળી તે અભયંકરરાજાને ત્યાં બીજા પણ સેનાની-સેનાપતિ વગેરે કેટલાંક રત્નો પ્રગટ થયાં.

અહો ! "મહાન પૂણ્યશાલીજનોને આ દુનિયામાં કોઈપણ વસ્તુ દુર્લભ નથી"

ત્યારબાદ અભયંકર ચક્રવર્તી ચક્રવડે સ્થિર એવા પર્વતોને પણ ચલાયમાન કરતો સર્વ દિશાઓને જીતવા માટે ચક્રરત્નની પાછળ ચાલ્યો.

પૃથ્વીને આક્રમણ કરતા ચક્રવર્તીના સૈન્યરૂપી સમુદ્રની અંદર મોટા પર્વતો પણ ડુબી ગયા તો અન્ય લોકોની શી ગણતરી ?

તેના તેજથી સર્વ શત્રુઓ પોતાની મેળે જ દબાઇ ગયા અને કૌશિક-ઘુવડ સૂર્યને જેમ કોઈ પણ શત્રુ તેના સન્મુખ આવી શકતો નથી.

છખંડ પૃથ્વીમાં વિજય મેળવીને નવનિધ પોતાને તાબે કર્યા.

પછી તે ચક્રી પોતાના સૈન્ય સાથે નિવૃત્ત થઈ પોતાના નગરમાં આવ્યો.

ત્યાર પછી બાર વર્ષ સુધી ચક્રવર્તીનો અભિષેક થયો.

તે સમયે અભયંકર ચક્રીએ પોતાની ઉદારતાથી યાચક લોકોને કુબેર સમાન ધનવાન કર્યા. વળી હંમેશાં તે બહુ છુટથી યાચક વર્ગને દાન આપતો હતો.

રાજ્ય વૈભવના ઉદાર ભોગ પણ ભોગવતો હતો.

પંડિતલોકો નિરંતર તેનો આશ્રય લેતા હતા. એમ અનેક પ્રકારના સુખથી પરિપૂર્ણ અભયંકર ચક્રીએ બહુ સમય સુધી ઇન્દ્રની માફક રાજ્ય ચલાવ્યું.

ત્યાર પછી ગુરુ મહારાજનું આગમન જાણી શિષ્યની માફક અભયંકર ચક્રી બહુ જ પ્રસન્ન થયો અને તેમની પાસે જઈ પ્રણામ કરી દેશના સાંભળવા બેઠો.

ધર્મદેશના

ગુરુમહારાજ બોલ્યા. હે ભવ્યાત્માઓ! આ જગતમાં દુર્લભ એવો મનુષ્યભવ પામી બુદ્ધિમાન પુરુષ એવું કાર્ય કરવું કે જેથી શાશ્વત સુખની પ્રાપ્તિ થાય.

વળી તે અક્ષય સુખ મુક્તિમાં રહેલું છે અને તે મુક્તિનો ઉપાય તો જિનેશ્વર ભગવાને સમ્યક્ ચારિત્રવ્રત કહેલું છે. સર્વ સાવદ્ય વસ્તુનો ત્યાગ કરવો, તેનું નામ સમ્યક્ચારિત્ર કહેવાય છે.

વળી તે ચારિત્ર ગ્રહણ કરવાથી આ લોકમાં પૂજ્યતાનું પાત્ર બને છે અને પરલોકમાં મોક્ષ લક્ષ્મી પ્રાપ્ત થાય છે.

હે ભવ્ય! તને આવો મનોહર સિદ્ધિ યોગ પ્રાપ્ત થયો છે. માટે તું વ્રત ગ્રહણ કર, જેથી તને મોક્ષ સિદ્ધિ પોતેજ સ્વયંવરા થઈ વરશે.

એ પ્રમાણે ગુરુમુખથી દેશના સાંભળી ચક્રવર્તી મુક્તિ સુખ મેળવવામાં બહુ ઉત્સુક થયો અને વૈરાગ્યરસમાં ગરક બની તેણે પોતાના પુત્રનો રાજ્યાભિષેક કર્યો.

પછી તેણે બહુ આનંદ પૂર્વક ગુરુ મહારાજની પાસેથી ચારિત્રવ્રત લીધું.

ત્યાર પછી અભયંકર મુનિ વૈરાગ્યભાવથી અતિ દુસ્તપ તપશ્ચર્યા કરવા લાગ્યા.

તપશ્ચર્યારૂપ તીક્ષ્ણ કુઠાર વડે પ્રાચીન દુષ્કર્મરૂપી જંગલને મૂલમાંથી ઉચ્છિન્ન કરી કેવલજ્ઞાન પામ્યા.

ત્યાર પછી ઘણા લોકોને બોધ આપી વિશુદ્ધ પરિણતિ વડે તેઓ મોક્ષ પદ પામ્યા.

હે સિદ્ધરાજ નરેશ! અભયંકર ચક્રવર્તીએ કરેલા ઉપકારમય ધર્મથી આવા મહાપદની પ્રાપ્તિ માની હંમેશાં પરોપકાર કરવો, એ તારે ભૂલવું નહીં.

આ પ્રમાણે શ્રદ્ધાપૂર્વક ગુરુની વાણી સાંભળી દયાળુ એવા તે જયસિંહ રાજાએ ગુરુ સમક્ષ પોતાના હૃદયમાં પરોપકાર વ્રતનો નિશ્ચય કર્યો અને તે વ્રતને ઉત્તમ માનતો હંમેશાં તેનું આચરણ કરવા લાગ્યો.

આ પ્રમાણે ઉત્તમ વાણીરૂપ ક્ષીરણોવડે જયસિંહ નરેશ અનેક સંશય રૂપ અંધકારને દૂર કરતા અને જૈન મતરૂપી કમલને વિકસ્વર કરતા સૂર્યની માફકશ્રી હેમચંદ્ર આચાર્ય દીપતા હતા.

કુમારપાળ જન્મ

વિવિધ સંપદાઓથી પરિપૂર્ણ **દધિસ્થલી** નામે નગરી છે, તેની અંદર પોતાની પ્રજાનું પાલન કરવામાં કુશળ **ત્રિભુવનપાલ** નામે રાજા હતો.

તે સંપત્તિઓવડે કુબેર સમાન પ્રખ્યાત હતો. જેના નિર્દોષ માનસ–મનમાં સજ્જન પક્ષનું અવલંબન કરનાર ધર્મ હંમેશાં માનસરોવરમાં ઉજ્વળ પાંખોવાળા રાજહંસની માફક વિલાસ કરતો હતો.

શત્રુઓના વધથી રૂધિર વડે લાલ કાંતિને ધારણ કરતી તરવારરૂપી વેલડી સંગ્રામ ભૂમિમાં બહુ રાગથી મનોહર અને મૂર્ત્તિમાન જય લક્ષ્મી હોય તેમ તેના કરકમલમાં શોભતી હતી.

તેની સ્ત્રીનું નામ **કશ્મીરદેવી** હતું.

તે રાણી બહુજ પ્રેમાળ, સદ્‌ગુણોથી સુશોભિત અને શરીરની કાંતિવડે સાક્ષાત્ લક્ષ્મી સમાન દીપતી હતી.

તેમજ વિદ્યમાન છતાં પણ અસ્થિર અને બાહ્ય એવા અલંકારોનો ત્યાગ કરી અંતરંગ અને સ્થિર શીલરૂપ આભૂષણથી તે પોતાનું અંગ શોભાવતી હતી.

તેણીની સાથે ત્રિભુવનપાળ નરેશ લક્ષ્મી સાથે વાસુદેવ જેમ આનંદ પૂર્વક વિષયસુખ ભોગવતો હતો.

અન્યદા પ્રજાની ઉન્નતિ માટે ક્ષેત્રભૂમિ જેમ બીજને તેમ કશ્મીર દેવીએ ગર્ભધારણ કર્યો.

બાદ તે શુભ ગર્ભના પ્રભાવથી સમુદ્ર સુધી પૃથ્વીનું રક્ષણ, પ્રાણીઓને અભયદાન અને સાતે વ્યસનોનો નિષેધ કરાવવાની રાણીને ઇચ્છા થઇ.

બહુ પ્રેમને લીધે રાજાએ તે દોહલા પૂર્ણ કર્યા. ગર્ભના દિવસો પૂર્ણ થવાથી દ્વિતીયા તિથિ જેમ ચંદ્રને તેમ રાણીએ પુત્ર પ્રગટ કર્યો.

તે સમયે આકાશવાણી થઇ. આ બાલક બહુ પરાક્રમી અને ગુણવાન થશે. વળી પૃથ્વીને જીતી ધર્મનું સામ્રાજ્ય મેળવશે.

બહુ વિશાલ તે બાલકના શરીરની કાંતિ વડે સૂતિકાગૃહના દિવાઓ હડતાલ સરખા નિરતેજ થઈ ગયા.

તેના જન્મ સમયે મનુષ્યોને આનંદ થાય તેમાં શી નવાઈ ? પરંતુ પવનથી કંપતી ધ્વજાઓ રૂપી હાથ વડે નગર પણ અતિ આનંદથી નૃત્ય કરતું હોય તેમ દીપવા લાગ્યું. બહુ હર્ષ ઉલ્લાસ-પૂર્વક જન્મોત્સવ થયો.

ત્યાર પછી આ કુમાર કાર્ત્તિકેયની માફક પરાક્રમી થશે, પૃથ્વીનું પાલન કરશે. એમ જાણી ત્રિભુવનપાલે તે બાળકનું **કુમારપાલ** એવું નામ પાડ્યું.

અમૃતના પૂરની માફક તે બાલકના મુખની કાંતિરૂપ રસનું અતિશય પાન કરતાં રાજા અને રાણી બહુ આનંદ પામતાં હતા.

કદાચિત્ પુત્ર પણ વિનયહીન થાય તો અગ્નિની માફક સમગ્ર કુલનો નાશ કરે છે અને તેજ પુત્ર કલાવન થાય તો ચંદ્રની માફક શંકરના મસ્તક પર પણ વિલાસ કરે છે. એમ વિચાર કરી પિતાએ પ્રેમપૂર્વક શસ્ત્ર અને શાસ્ત્રવિદ્યામાં બહુ જ કુશલ કર્યો.

ત્યાર પછી તે કુમારપાળે અદ્‌ભુત કાંતિમય યૌવન અવસ્થામાં પ્રવેશ કર્યો.

સ્થૈર્યં મેરુગિરિર્મતિં સુરગુરુર્ગાંભીર્યમમ્ભોનિધિઃ,
સૌમ્યત્વં શશભૃત્પ્રતાપમરુણઃ શૌર્યં ચ પઞ્ચાનનઃ ।
ઔદાર્યં ત્રિદશદ્રુમઃ સુભગતાં કામઃ શ્રિયં શ્રીનિધિ–
ર્નૂનં ઢૌકયતિસ્મ યોવનપદે દૃષ્ટ્વા કુમારં સ્થિતમ્ ॥૧॥

"તે સમયે યુવાવસ્થાને દીપાવતા કુમારને જોઈ મેરૂ પર્વતે સ્થિરતાગુણ, બૃહસ્પતિએ બુદ્ધિ, સાગરે ગાંભીર્ય, ચંદ્રમાએ મૃદુતા, રવિએ પ્રતાપ, સિંહે પરાક્રમ, કલ્પવૃક્ષે ઉદારતા, કામદેવે મનોહરતા અને કુબેરે લક્ષ્મી અર્પણ કરી."

ત્યાર પછી તેના પિતાએ **ભોપલદેવી** નામે કન્યા સાથે તેને પરણાવ્યો. તેણીની સાથે તે હંમેશા રતિ સાથે જેમ કામદેવ તેમ ભોગવિલાસ કરતો હતો.

વળી તે ત્રિભુવનપાલને બીજા બે પુત્ર હતા. એકનું નામ **મહીપાલ** અને બીજાનું નામ **કીર્તિપાલ** હતું. તે બંને ભાઈઓ માનની લાગણી ધરાવતા હતા. તેમજ **પ્રેમલદેવી** નામે એક તેને પુત્રી હતી.

તે દેવીની માફક દીવ્યકાંતિથી દીપતી હતી. તેને તેના પિતાએ મોટા ઉત્સવથી **કૃષ્ણદેવ** સાથે પરણાવી.

વળી તેને બીજી પુત્રી **દેવલ્લ** દેવી નામે બહુ સૌંદર્યનું સ્થાન ગણાતી હતી. તેને **શાકંભરી** નગરીના અધિપતિ અર્ણોરાજની સાથે પરણાવી.

એ પ્રમાણે સાક્ષાત ધર્મ, અર્થ અને કામની મૂર્ત્તિ સમાન

ત્રણે પુત્રો વડે ત્રિભુવનપાલની કીર્તિ ત્રણે લોકમાં પ્રસરી ગઇ. બાદ એક દિવસ કુમારપાલ પાટણમાં ગયા.

ગુરુસમાગમ

ત્યાં જયસિંહરાજાની પાસે બેઠેલા શ્રીહેમચંદ્રસૂરિનાં દર્શન થયાં. આ મહાન્ પુરુષ સર્વ કલાઓના જાણકાર છે, એમ જાણી બહુ વિનયભાવથી કુમારપાલ હંસ કમલવનની જેમ તેમની સેવા કરવા લાગ્યો.

એક દિવસ ગુણોનું વ્યાખ્યાન ચાલતું હતું. તે સમયે કુમારપાલે આચાર્ય મહારાજને પૂછયું.

દરેક ગુણોમાં કયા ગુણની મુખ્યતા જાણવી ?

ત્યારે શ્રી હેમચંદ્ર આચાર્ય બોલ્યા. સર્વ ગુણોમાં સત્ત્વગુણ ખરેખર સાર્વભૌમ તરીકે ગણાય છે.

અન્ય સર્વ ગુણો જે સત્ત્વગુણની પાછળ કુલવાન નોકરોની માફક દોડે છે. એક સત્ત્વગુણ સિદ્ધ થવાથી દરેક કાર્ય સિદ્ધ થાય છે. અન્ય ગુણો એની આગળ વૃથા છે.

જે સત્ત્વગુણથી ચિંતામણિ રત્નની જેમ સર્વ સંપત્તિઓ પ્રાપ્ત થાય છે. વ્યસન-દુઃખ રૂપી સાગરમાં પડેલો પ્રાણી અજાપુત્રની માફક સત્ત્વગુણવડે લક્ષ્મીનો ભોક્તા બને છે. વળી તે **અજાપુત્રની** પ્રાચીન કથા હું કહું છું, તે તું સાંભળ.

અજાપુત્ર

આ જંબૂદ્વીપમાં ભરત નામે ક્ષેત્ર છે. તેમાં **ચંદ્રાનના** નામે નગરી છે. જેની સંપત્તિઓ સ્વર્ગલોકની સમૃદ્ધિઓને ઉલ્લંઘન કરે છે.

આ નગરીની અંદર શિવ-શિવા-શુભ કાર્ય-પાર્વતીથી યુક્ત, વિશાલ ભૂતિ-સમૃદ્ધિ-ભસ્મને ધારણ કરતા, ભોગ-વિલાસ-સર્પથી અલંકૃત, વૃષ-ધર્મ-વૃષભપર બહુરાગી અને મહેશ-ધનાઢય શંકરની લીલાને ધારણ કરતા લોકો વસે છે.

પણ આશ્ચર્ય માત્ર એટલું હતું કે, કોઇપણ માણસ તેમાં-વિષાદી દુઃખ વિષભક્ષી નહોતો.

તેમજ તે નગરીમાં સાક્ષાત્ શંકર સમાન મહાપરાક્રમી ચંદ્રાપીડ નામે રાજા રાજ્ય કરતો હતો. પરંતુ તે બીલકુલ શાંત પ્રકૃતિનો હતો.

વળી તે રાજા પૃથ્વીને જીતવા માટે જ્યારે નીકળ્યો, ત્યારે જલ અને ઘાસનો સર્વ ઠેકાણે અભાવ થઈ ગયો. કારણકે બહુ બલિષ્ઠ સૈન્યના ચાલવાથી ઉડેલી ધૂળવડે સરોવર વિગેરેમાં રહેલાં પાણી ઢંકાઈ ગયાં અને ધરની અંદર રહેલા શત્રુઓએ પોતાના રક્ષણ માટે ઢાંતની અંદર ઘાસ લીધાં જેથી બંનેનો દુષ્કાલ થયો.

તે નગરીમાં ધર્મોપાધ્યાય નામે એક બ્રાહ્મણ રહેતો હતો. તે વિપ્ર કલાનિધિ–કલાઓનો ખજાનો હતો, પરંતુ તે કુરંગ–શોક–મૃગને તાબે રહેતો નહીં.

બહુ પ્રેમાળુ અને આનંદપાત્ર ગંગા નામે તેની સ્ત્રી હતી. જેની અંદર પવિત્રતા અને રસવત્તા એ ગુણો મુખ્ય હતા.

બંને સ્ત્રી પુરુષ હંમેશાં ઇચ્છા મુજબ સંસાર સુખ ભોગવતાં હતાં. તેવામાં તેમને એક પુત્ર જન્મ્યો.

તેના શરીરની કાંતિ બહુ જ રમણીય હતી, તેના જન્મ સમયે પાંચ ગ્રહો ઉચ્ચ સ્થાનમાં રહેલા હતા, તેથી ધર્મોપાધ્યાયે તેનું જન્મ લગ્ન જોઇ વિચાર કર્યો કે,

આ મારો પુત્ર આવા ઉત્તમ લગ્નના પ્રભાવથી રાજ્ય પ્રાપ્ત કરશે.

તે મદોન્મત્ત બની બ્રહ્મ કર્મથી ભ્રષ્ટ થશે. એને ઉપવીત સંસ્કાર થવાનો નથી, સાંગવેદાદિકનું તે અધ્યયન પણ કરવાનો નથી,

યજ્ઞાદિક ક્રિયાકાંડ પણ તેના હાથે થવાનો નથી અને વિવેક બુદ્ધિ પણ તેનામાં રહેવી મુશ્કેલ છે.

સ્વાભાવિક પ્રવર્તતા પાપથી તેમજ બહુ આરંભ વિગેરેના પાપથી આ મારો પુત્ર નરક સ્થાનમાં જશે, એ બહુ ખેદની વાત છે.

હવે શું કરવું ? વળી આ પુત્ર જ કેવળ નરકમાં જશે, એટલું જ નહી પણ એના સર્વવંશજોની પણ નરક સિવાય અન્યગતિ નથી. અરે ! આ દુષ્ટ દેવને ધિક્કાર છે.

વળી આ પુત્ર મોટો થશે, ત્યારે કુલનો નાશ કરશે. જેમ વૃદ્ધ પામવાથી પીપળાનું વૃક્ષ દેવમંદિરને ઉચ્છિન્ન કરે છે, તેમ આ પુત્ર બહુ દુઃખદાયક થશે. માટે વેલાસર એને કોઈ ઠેકાણે વિદાય કરવો જોઈએ. એમ વિચાર કરી તે બ્રાહ્મણે પોતાની સ્ત્રીને કહ્યું.

હે ભદ્રે ! આ પુત્રને જલદી તું બહાર કોઇ ગુપ્ત ઠેકાણે મુકી આવ. એને રાખવાથી આપણને સુખ થવાનું નથી.

એ પ્રમાણે પોતાના સ્વામીનું વચન સાંભળી સ્ત્રીના હૃદયમાં અગ્નિજ્વાલા પ્રગટ થઇ અને બહુ શોચ કરતી તે ગંગા પોતાના સ્વામીને કહેવા લાગી.

હે સ્વામિ ! આ તમે શું બોલ્યા ! પુત્રી પણ એકદમ ત્યાગ કરાતી નથી તો ચંદ્રસમાન નેત્રને આનંદ આપતા આવા પુત્રની તો વાત જ શી કરવી ?

હે સ્વામિ ! ચિંતામણિ અને પુત્ર એ બંને આ દુનિયામાં બહુ જ દુર્લભ હોય છે. કોઈ પુણ્યશાળીને તે પ્રાપ્ત થાય છે, તો આપણને પૂર્વના પુણ્યયોગથી આ પુત્ર થયો છે, હવે એનો ત્યાગ કેવી રીતે થઇ શકે ?

જેના માટે વિબુધજનો પણ અનેક ઉપાય નિરંતર કરે છે, છતાં પણ પુત્રસુખના ભોગી થતા નથી. તો તેવા પુત્રને કયો બુદ્ધિમાન ત્યજી દે ?

બ્રાહ્મણે પોતાની સ્ત્રીને કહ્યું. સુભગે ! તારૂં કહેવું સત્ય છે, પરંતુ જે પોતાના કુલની ઉન્નતિ કરે તેવા પુત્રનું પાલન કરવું ઉચિત છે.

આ પુત્રમાં કુલક્ષણ રહેલાં છે, જેથી તે કુલનો નાશ કરનાર થશે. માટે તું એને જલદી બહાર મૂકી આવ, હવે મિથ્યાવિચાર તું કરીશ નહીં.

તે સાંભળી સ્ત્રીના મનમાં વિચાર થયો કે, કુલીન સ્ત્રીઓને પુત્રથી પણ પોતાના સ્વામીનું વચન પ્રિય હોય છે. એમ સમજી તે સ્ત્રી શોકાતુર બની પુત્રને તેડી લીધો.

અશ્રુ પ્રવાહથી વક્ષસ્થલને તથા સ્તનમાંથી ઝરતા દુધવડે પૃથ્વીને સિંચન કરતી, વારંવાર તે બાલકના મસ્તક પર ચુંબન કરતી, તેણીએ રત્નની માફક કોઇક જગાએ તેને મૂકી દીધો. અને તે સ્ત્રી પોતાને ઘેર આવી.

તેટલામાં ત્યાં એક અજા–બકરી આવી તે આ બાળકના પૂર્વ-જન્મની માતા હતી. માર્ગમાં પડેલા બાળકને જોઈ તે તેની પાસે ગઇ, કે તરત જ પૂર્વસંબંધને લીધે તેણીના સ્તનમાંથી દૂધ ઝરવા લાગ્યું. તે દુધ બાળકના મુખમાં પડવાથી કંઇક તેને શાંતિ થઇ.

અજાપાલ

બકરીની પાછળ આવતા **વાગ્ભટ** નામે ગોવાળના જોવામાં આ સઘળી હકીકત આવી. તેથી તેને દયા આવી અને તરત જ તે બાળકને લઈ ઘેર ગયો.

તેણે પોતાની સ્ત્રીને તે બાળક અર્પણ કર્યો. અજાપાલની તે સ્ત્રી પણ પોતાને પુત્ર નહીં હોવાથી તેને પુત્ર તરીકે પાલવા લાગી. તૃષાતુર માણસને પાણી મળવાથી જેમ તે સ્ત્રી પુત્ર મળવાથી બહુ જ આનંદ પામી.

આ ઉપરથી માત્ર આ દુનિયામાં દૈવનો મહિમા સ્તુતિ કરવા લાયક છે. વિપત્તિ કે સંપતકાળમાં પણ અન્ય કોઇ સમર્થ થઇ શકતો નથી.

કારણ કે જન્મ્યો કે, તરત જ આ બાળકને તેના માતા પિતાએ જંગલમાં મૂકી દીધો, તેમજ અજાપાલને ત્યાં તેનો ફરીથી તેજ વખતે સમાવેશ થયો, તેનું કારણ ખાસ દૈવ જ થયું.

હવે વાગભટ અને એની સ્ત્રીએ વિચાર કર્યો કે, આ બાળકને અજા–બકરીએ દુધ પાન કરાવ્યું, તેથી એનું નામ અજાપુત્ર પાડવું જોઈએ, એમ જાણી બહુ ઉમંગથી તેઓએ તે નામ જાહેર કર્યું.

સર્વગુણોનો આશ્રય અને પૂર્વાર્જિત પુણ્યને લીધે ભવિષ્ય કાળમાં અત્યંત સંપત્તિના પાત્રરૂપ તે બાળક અજાપાલ ને ત્યાં જળમય ભૂમિમાં જેમ કમળ તેમ વૃદ્ધ પામવા લાગ્યો.

અનુક્રમે બાલવયમાં પણ તેનું તેજ બહુ વધવા લાગ્યું. જેથી તે બાળક જગતને જીતનાર અપૂર્વ તેજના સમૂહથી જેમ સૂર્ય દિવસના કર્તાપણાને યોગ્ય થાય છે, તેમ રાજ્યની યોગ્યતાને લાયક દેખાવા લાગ્યો.

વળી વૃદ્ધિ પામતા સર્વે ગુણરૂપી વૃક્ષોમાં વસંતની માફક તે બાલકની અંદર રસની માફક બહુ અદ્‌ભુત પ્રકારનું સત્ત્વ-પરાક્રમ પ્રાપ્ત થયું.

વિના પ્રયાસે પણ તેના હૃદયમાં નિર્મલ જલથી ભરેલા સરોવરમાં ચંદ્રબિંબની માફક સર્વ કલાઓ સ્ફુરવા લાગી.

દેવીવચન

એક દિવસ તેના પિતાને તાવ આવ્યો, જેથી તે બકરાંને ચારવા જવા માટે અશક્ત થયો એટલે તેની આજ્ઞાથી તે અજાપુત્ર બકરાંના ટોળાને લઈ અરણ્યમાં ચારવા માટે ગયો.

ત્યાં આગળ તે બકરીઓ પોતાની ઇચ્છા પ્રમાણે ચરવા લાગી અને અજાપુત્ર બહુ આનંદથી એક વડની છાયામાં બેઠો.

તેવામાં બહુ વિશાળ તે વડની નીચે શિકારના પ્રયાસથી શ્રમિત થયેલો ચંદ્રાપીડ નામે તેજનગરનો રાજા આવ્યો. તેની કાંતિ ચંદ્ર-સમાન દીપતી હતી.

બહુ શ્રમ લાગવાથી તે રાજા પોતાના પરિવાર સહિત સુંદર વડની છાયામાં બેઠો.

તેટલામાં દિવ્ય કાંતિથી દિશાઓને પ્રકાશિત કરતી કોઇ એક દેવી પ્રગટ થઈ અને તરત જ તે બોલી.

હે રાજન્! આ અજાપુત્ર લાખ સૈનિકોનો અધિપતિ થશે અને તે બાર વર્ષ પછી તને મારીને આ નગરનો અધિપતિ થશે. એમ કહી તે દેવી અંતર્ધાન થઈ ગઈ.

ત્યાર પછી રાજાની દૃષ્ટિ અજાપુત્ર તરફ ગઈ. બહુ શોચવા લાયક તેની દશા જોઈ રાજાના મનમાં ગર્વ થયો કે,

આ બિચારો શું કરવાનો છે? એમ તેને તૃણ સમાન ગણી પોતે વિચાર કરવા લાગ્યો.

તે દેવીએ જે વચન મારી આગળ કહ્યું, તે અયોગ્ય છે.

કારણ કે તેજસ્વી સિંહની આગળ બકરાનો શો હિસાબ છે?

કદાચિત્ પાંગળો માણસ જો મેરૂ પર્વત પર ચઢે તેમજ હાથ વિનાનો ઠુંઠો માણસ સમુદ્ર તરી સામી પાર જઈ શકે તો આ બાળક મને મારવાને શક્તિમાન થાય. એમ ગર્વના શિખરે ચઢેલો તે રાજા મૌન રહ્યો.

ત્યારે તેના **સુમતિ** નામે મંત્રીશ્વરે કહ્યું.

હે સ્વામિ! નાના પણ શત્રુની ઉપેક્ષા કરવી તે ઠીક નહીં, કારણ કે વ્યાધિ અને શત્રુ એ બંને એક સરખા કહ્યા છે,

તેમની ઉપેક્ષા કરવાથી મોટા સ્વરૂપમાં તેઓ આવી જાય છે, ત્યારે બુદ્ધિશાળી પુરુષો પણ તેમને ઉત્થાપી શકતા નથી. માટે આપના પર દયા લાવી કોઈક આ દેવીએ આપના હિતની વાત કહી છે.

જો કે પાષાણ લેખ અસ્થિર થઈ શકે પણ દિવ્યવાણી કોઈ સમયે મિથ્યા થાય નહીં.

પ્રાયે આ શત્રુ બાલ્યાવસ્થાને લીધે કંઈપણ અપકાર કરી શકે તેમ નથી. તોપણ એને આપના દેશમાંથી ચોરની માફક કોઈપણ સ્થાને વિદાય કરવો તે ઠીક છે.

એ પ્રમાણે પોતાના મંત્રીનો વિચાર યોગ્ય માની રાજાએ કોઈ-પણ જંગલમાં તેજ વખતે પોતાના આપ્ત પુરુષો મારફત અજાપુત્રને વિદાય કરાવ્યો.

અજાપુત્ર વિચાર

માતા પિતાથી વિયુક્ત થયેલો ભયંકર વનમાં પડેલો આ બાલક એકાકી છતાં પણ વિદ્વાનની માફક પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો.

અરે! મારો કોઈપણ પ્રકારનો અપરાધ નથી, છતાં આ રાજાએ મને અધમ અપરાધીની માફક શા માટે દેશપાર કર્યો?

એમ વિચાર કરતાં તેના જાણવામાં આવ્યું કે, આ દેવીની વાણીથી તે રાજાના મનમાં ભય ઉત્પન્ન થયેા, જેથી એણે પેાતાના રાજ્યનું રક્ષણ કરવા માટે મને પેાતાના દેશમાંથી કાઢી મૂકયેા.

જીવિત અને રાજ્ય, એ બંને મનુષ્યેાને બહુ જ પ્રિય હેાય છે. જેના માટે ડાહ્યા માણસેા પણ અતિશય અનુચિત કાર્યો કરે છે.

અરે ! આ મનુષ્યકીટથી શું થવાનું છે ? આ દુનિયામાં એક પરાક્રમ જ બસ છે. જેથી આવા પાપીઓનેા સંહાર કરી બલિષ્ઠ રાજ્ય તાબે કરાય છે. એમ વિચાર કરી ધૈર્યવડે મનને દૃઢ કરી તે અજાપુત્ર સિંહની માફક નિર્ભય થઇ આગળ ચાલતેા થયેા.

ઘેાર વનમાં પ્રયાણ કરતા નીડર એવા પણ સિંહાદિક પ્રાણીઓ બહુ પરાક્રમવાળા અજાપુત્રના દર્શનથી રંક બની ગયા અને ચિત્રામણમાં આલેખ્યાની માફક સ્થિર થઇ ગયા.

વન ફલથી આહાર વૃત્તિ ચલાવતેા અને શુદ્ધ તરુવરેાની છાયામાં વિશ્રામ પણ તે લેતેા હતેા. એમ કરતાં તે અજાપુત્ર તપસ્વી જેમ સંસારના પારને પામે તેમ વનના પ્રાંત ભાગમાં આવી પહેાંચ્યેા.

ત્યાં આગળ એક નગરી તેના જોવામાં આવી. તેથી તે બહુ ખુશી થયેા અને તરત જ તે નગરીને ઉદ્દેશી ચાલતેા થયેા.

માર્ગમાં ચાલતાં એક યક્ષનું મંદિર આવ્યું. તેની શેાભા બહુ મનેાહર હતી.

તેની નજીકમાં એક અગ્નિનેા કુંડ હતેા. તેમાંથી ચારે તરફ અગ્નિની જ્વાલાઓ નીકળતી હતી. તેની આસપાસ ચેાકીદારની માફક ચાર પુરુષેા ઉભા હતા.

કેાપીન માત્ર ધારણ કર્યાં હતાં. મુખ પણ શ્યામ હતાં એવા દીન અવસ્થામાં આવી પડેલા તે પુરુષોને જોઇ ચકિત થયેલેા અજાપુત્ર નિખાલસ બુદ્ધિથી તેમને પુછવા લાગ્યેા.

હે મહાશયેા ! આ અગ્નિ કુંડ શા માટે રચ્યેા છે ?

તમે આવી આકૃતિએ અહીં શા માટે ઉભા છેા ? તમે કેાણ છેા ?

જો મને કહેવામાં કંઇ અડચણ ન હોય, તો આ બાબત મને જણાવો.

તે પુરુષો બોલ્યા. ભાઈ ! તું બાલક છે. અમારૂં કામ બહું મોટું છે. તેથી તને શું કહીએ ! તારાથી આ કાર્ય બની શકે તેમ નથી.

અન્નપુત્ર બોલ્યો. મોટું કામ મોટાઓ જ કરે, નાનો માણસ ન કરી શકે, એમ તમારૂં જે ધારવું છે, તે તદ્દન ખોટું છે. મોટો માણસ જે કાર્ય ન કરી શકે, તે કાર્ય નાનો માણસ પણ કદાચિત્ કરે છે,

મોટા ભાલાઓથી જે પત્થર તુટતા નથી, તેજ પત્થરોને શું ટાંકણાં તોડી શકતાં નથી ?

એ પ્રમાણે તે બાલકનું ચમત્કારી વચન સાંભળી વિસ્મિત થયેલા તે પુરુષો બોલ્યા.

ભાઇ ! એવી તારી હીંમત હોય તો અમારી હકીકત તું સાંભળ.

વૈદેશિકમહાત્મા.

સર્વ સમૃદ્ધિઓથી ભરપુર અને નિષ્કંપ-ભય રહિત **ચંપા** નામે નગરી છે. તેની અંદર અમે ચારે ભાઈઓ રહીએ છીએ.

એક બીજા પર અમારો સ્નેહ બહુ સચોટ રહેલો છે અને હંમેશાં એક એકની આબાદી ઇચ્છીએ છીએ. અમારો આ નાનો ભાઈ છે. તેને ઘણા ઉપાયો કરવાથી એક પુત્ર થયો. તેની બુદ્ધિ બહુ જ પવિત્ર અને કાંતિ જોતાં સુવર્ણ સમાન દીપે છે.

એક દિવસે તેને બહુ જ અસાધ્ય વ્યાધિ પ્રગટ થયો. સેંકડો વૈદ્ય લોકોએ ઉપચાર ઘણા કર્યા પણ કિંચિત્ માત્ર તેને આરામ થયો નહીં.

તેમજ હકિમ વિગેરે અન્ય લોકોએ પણ તેના આરામ માટે ઘણા ઉપાયો કર્યા છતાં પણ દુર્જનને વિષે સત્કારની માફક તે સર્વ પ્રયાસ વ્યર્થ નીવડ્યા.

અમે ચારે ભાઇઓ તે ચિંતા સાગરમાં માછલીઓની માફક તરફડતા હતા. તેવામાં પોતાના પૂર્વજની માફક કોઈ એક દયાલુ **વૈદેશિક** મહાત્મા આવ્યો.

તેણે અમને કહ્યું કે, આ બાબતમાં તમે ચિંતા કરશો નહીં. અગ્નિ વૃક્ષનું પાકેલું ફલ એને આપો. અમૃત સમાન સ્વાદિષ્ટ એવા તે ફલનું ભક્ષણ કરવાથી આ બાલક સાજો થશે.

તે અગ્નિવૃક્ષ કાદંબર વનના પ્રાંતભાગમાં યક્ષનું મંદિર છે, તેની પાસમાં બળતા અગ્નિકુંડમાં રહેલો છે. ત્યાં તમે જાઓ અને તે ફલ લાવીને એને આપો.

તે સાંભળી તરત જ અમે અહીં આવ્યા છીએ અને તેના કહેવા પ્રમાણે નિશાની સાથે સર્વ હકીકત સત્ય મળી છે.

હવે અમે કૌપીન માત્ર ધારણ કરી આ અગ્નિમાં બહુ ઉત્સાહથી પડવા ધારીએ છીએ, પરંતુ આ બળતી વન્હિજ્વાળાઓના ભયથી અમે પડી શકતા નથી.

તેથી અમે બહુ દુઃખના માર્યા આ અગ્નિની પાછળ ફેરા મારીએ છીએ. હવે આપણે શું કરવું? એમ એક બીજાના સામું અમે જોઈ રહ્યા છીએ.

અદ્‌ભુત પરોપકાર

આ વાત સાંભળી અજાપુત્રને દયા આવી અને તેમને કહ્યું

ભાઇઓ! તમે દુઃખી થશો નહીં. હું આ અગ્નિવૃક્ષનું ફલ તમને અંદરથી લાવી આપીશ. ચિંતા કરવાનું કંઈ પણ કારણ નથી.

ત્યારે પુરુષો બોલ્યા. ભાઈ! આ ભયંકર અગ્નિમાં તારે પેસવું તે યોગ્ય નથી. કારણ કે શક્તિ છતાં પણ પારકાને માટે મરણ સંકટમાં કયો માણસ પ્રવેશ કરે?

વળી અગ્નિવૃક્ષથી તમારી પાસે જે ફળ મંગાવવું, તે પ્રાયૂર્ણક-પરોણા પાસે સર્પ મરાવવા બરોબર છે. માટે હે આર્યપુરુષ! તું તારું પોતાનું કામ કર. આ અગ્નિમાંથી ફળ તો અમારામાંથી કોઈપણ એક જણ લાવશે.

એમ સાંભળી ફરીથી પણ અજાપુત્ર બોલ્યો. હે સજ્જનો! એમ તમારે બોલવું નહીં, કારણ કે સત્પુરુષો પરોપકારને જ સ્વાર્થ માને છે.

સજ્જન પુરુષો વિના સ્વાર્થે પરોપકાર માટે પ્રયત્ન કરે છે. જગતને આનંદ આપવામાં તત્પર એવા મેઘ વિગેરેને તમે શું નથી જોતા ?

વળી પોતાની માફક પરનું કાર્ય જે મનુષ્ય નથી કરતો તેનું બહુ વિઘ્નથી ભરેલું આ શરીર શા કામમાં આવવાનું ? અંત બેહની વાત છે કે, જેનામાં શક્તિ છતાં પરોપકારથી વિમુખ રહે છે.

એ પ્રમાણે ફલાર્થી પુરુષોને સમજાવીને અજાપુત્ર જેમ જળના કુંડમાં તેમ તે અગ્નિકુંડમાં પડયો અને તેમાંથી બે ફળ લઈ તરત જ બહાર નીકળ્યો.

સિદ્ધની માફક તેના શરીરે બીલકુલ અગ્નિનો સ્પર્શ ન થયેલો જોઈ તેઓ ચકિત થઈ ગયા અને બંદીની માફક તેની સ્તુતિ કરવા લાગ્યા.

ફળપ્રદાન

સાત્વિક સત્પુરુષોમાં પ્રશંસા કરવા લાયક એક આપ જ છો, ચંદનની માફક આપનો આ દેહ અન્ય જનોના તાપને શાંત કરનાર છે.

આ દુનિયામાં સ્વાર્થ સાધવામાં કુશલ એવા ક્ષુદ્ર માણસો ઘણાય છે, પરંતુ આમ્રવૃક્ષની માફક પરકાર્ય સાધવામાં પ્રવીણ તો આપ એક જ છો. એ પ્રમાણે બહુ સ્તુતિ કર્યા બાદ તેઓએ પૂછયું.

હે ઉત્તમ પુરુષ ! તમે સત્ય વાત કહો, અગ્નિમાં પડવાથી તમે બળ્યા નહીં તેનું શું કારણ ? અને બે ફળ કેવી રીતે લાવ્યા ?

અજાપુત્ર બોલ્યો. અગ્નિવૃક્ષ પર નિવાસ કરી રહેલી કોઈ દેવીએ મને બે ફળ આપ્યાં, તે લઈ હું અક્ષત અંગે બહાર નીકળી આવ્યો.

બાદ તે પુરુષોએ એક ફળ બહુ આગ્રહ કરી અજાપુત્રને આપ્યું અને એક પોતાના પુત્રને બચરાવી સાજો કર્યા પછી તેઓ આનંદ પામ્યા.

કપિપુરુષ

હવે અજાપુત્ર ત્યાંથી આગળ નીકળ્યો અને નગરપ્રત્યે ચાલતો થયો. બહુ આનંદથી તે જતો હતો, તેવામાં તે માર્ગમાં પાંથજનોને આનંદ આપનાર એક તળાવ આવ્યું.

તે જોઈ તેનું હૃદય બહુ પ્રસન્ન થયું. જે સરોવર શીત અને શ્વેત રસમય કમળોના સુગંધમાં લુબ્ધ થયેલા ભ્રમરોના નાદ વડે અમૃતકુંડની માફક પંચેન્દ્રિઓને બહુ આનંદ આપતું હતું તેમજ તેનો ઘેરાવો ગોળાકાર અને મનોહર હતો.

તેની પાળી ઉપર ચારે તરફ વૃક્ષોની પંક્તિ શોભતી હતી અને તે વૃક્ષો ઉપરથી પડેલાં શ્વેત પુષ્પો મૌક્તિક–મોતીઓના હાર તરીકે દીપતાં હતાં. તેથી તે અદ્‌ભુત સરોવર પૃથ્વીરૂપ સ્ત્રીના કુંડલ સમાન શોભતું હતું.

અજાપુત્રને બહુ તૃષા લાગી હતી, તેથી તે અગ્નિવૃક્ષનું ફલ એક વસ્ત્રના છેડે બાંધી તેને સરોવરના કિનારે મૂકી અંદર ઉતરી તે પાણી પીવા લાગ્યો.

તેટલામાં મુક્તાહારથી સુશોભિત કંઠવાળો કોઇક વાનર દૈવયોગે આમતેમ ફરતો ફરતો તે સરોવરમાં આવ્યો.

બહુ સુગંધને લીધે નાસિકાને આનંદ આવવાથી વાનરે જાણ્યું કે આ સુગંધ આ ફલમાંથી આવે છે, એમ જાણી ઝડપથી તે ફલ વસ્ત્રના છેડેથી છોડી લઈ એકદમ નાશી ગયો.

જલપાન કરી અજાપુત્ર તરત જ પાછો આવ્યો અને વસ્ત્ર જોયું તો તેના છેડે ફલ જોવામાં આવ્યું નહીં, એટલે સર્વસ્વહીન થયો હોય તેમ તે ચારે દિશાએ તપાસ કરવા લાગ્યો.

વળી તેણે વિચાર કર્યો કે, આ નિર્જન વનમાં કોઇ માણસનું આગમન સંભવતું નથી, તો કલ્પવૃક્ષના ફલ સમાન આ ફળ કોણ લઈ ગયું હશે ?

અરે ! દૈવને ધિક્કાર છે કે, જેણે વૈરીની માફક આટલો પણ ઉદય સહન ન કર્યો.

અથવા " મંદ પુણ્યવાળા પ્રાણીઓના હાથમાંથી આવેલી વસ્તુ ચાલી જાય છે." જો હું તે ફલ કેડે બાંધીને પાણી પીવા ગયો હોત તો તે મારી પાસમાંથી જાત નહીં. અથવા ભવિતવ્યતા કોઇથી દૂર થતી નથી.

એમ વિચાર કરતો અજાપુત્ર શૂન્ય હૃદયથી ત્યાં ઉભો હતો, તેટલામાં હારથી સુશોભિત કંઠવાળો કોઈ પુરુષ તેને કહેવા લાગ્યો.

હું વાનર હતો. તારા વસ્ત્રમાંથી લીધેલા ફલનું દીઠું ખાવાથી ઉત્તમ દેવસમાન હું હાલ જ આવો ઉત્તમ પુરુષ થયો છું.

હે સત્પુરુષ! કેવલ મારા હિતના માટે જ તારૂં અહીં આગમન થયું હશે. અન્યથા ભવાંતરમાં મેળવી શકાય તેવો આ માનવદેહ મને કયાંથી મળી શકે?

માટે હે ઉપકારિ! આ તારૂં અક્ષત ફલ તેમજ આ મારો અમૂલ્ય મૌક્તિક હાર હું તને અર્પણ કરૂં છું, તેનો તું સ્વીકાર કર અને

આજથી મને દાસ તરીકે ગણવો, જેથી હું કૃતાર્થ થાઉં. એમ કહી વાનર પુરુષે તેને હાર તથા ફૂલ આપ્યાં. બંનેની પ્રાપ્તિથી ખુશી થયેલા અજાપુત્રે પણ તેનો સ્વીકાર કર્યો અને તેને પોતાના માણસ તરીકે કરી લીધો.

દીવ્યતેજ

આ ફલ પશુઓને પણ મનુષ્યત્વ આપનારૂં છે, એમ પોતાના હૃદયમાં નિશ્ચય કર્યો. વળી આ ફલનો બહુ અલૌકિક પ્રભાવ છે. એ પ્રમાણે વિચાર કરતો તે અજાપુત્ર બહુ ચકિત થઈ ગયો.

"એકલાએ પંથ કરવો યોગ્ય નથી." એ વાકયનું સ્મરણ કરતો અજાપુત્ર વાનર પુરુષને સાથે લઈ સ્થિર મનથી આગળ ચાલતો થયો.

ચાલતાં ચાલતાં સૂર્યાસ્ત થયો. તેવામાં ત્યાં એક સુંદર અવિચ્છિન્ન દેવમંદિર આવ્યું. તે જોઈ અજાપુત્ર વિશ્રાંતિ માટે ત્યાં રહ્યો.

તેજસ્વી પણ દૈવની આજ્ઞા ઉલ્લંઘન કરવા શક્તિમાન થતા નથી, એમ ડાહ્યા માણસોને બોધ આપવાની જેમ સૂર્યપણ તે સમયે અસ્ત થયો.

જ્યાં સુધી દિવસ રહે ત્યાં સુધી હું કમલ-ગુણવાન પુરુષોમાં રહું છું, એમ પ્રસિદ્ધ કરતી હોય તેમ શ્રી લક્ષ્મીએ સાયંકાળે કમલોનો ત્યાગ કર્યો.

જગતરૂપી ઘરમાં પ્રદીપ સમાન સૂર્ય અસ્ત થયો એટલે દૃષ્ટિનો રોધ કરનાર કેવલ અંધકાર વ્યાપી ગયું.

તારાઓના સમૂહથી ઝગઝગતું આકાશ મોતીઓથી ભરેલા મરકત મણીના પાત્રની માફક અતિશય દીપવા લાગ્યું.

હંમેશાં હું અંધકારનો નાશ કરૂં છું છતાં તે વારંવાર કેમ પ્રગટ થાય છે, એમ ધારી બહુ રોષથી લાલ થયો હોય તેમ તે વખતે ચંદ્ર પ્રકાશવા લાગ્યો.

એ પ્રમાણે રાત્રીનો પ્રસાર બરોબર થઈ રહ્યો, એટલે પોતાની સાથે રહેલો વાનરપુરુષ સુઈ ગયો.

પછી તે દેવમંદિરની અંદર જળહળતું તેજ અજાપુત્રના જોવામાં આવ્યું. તેણે વિચાર કર્યો.

એકદમ તેજનો પ્રાદુર્ભાવ શાથી થયો? અત્યાર સુધી બીલકુલ દેખાતો નહોતો, હાલમાં આ કયાંથી આવ્યું?

શું આ તેજ દૈવી હશે? શું અગ્નિનું હશે? અથવા તો શું નાગના મણિથી થયેલું હશે? એની તપાસ તો કરવી જોઈએ, એમ વિચાર કરીને તપાસ કરવા માટે અજાપુત્ર તે પ્રકાશ તરફ ચાલ્યો.

ત્યાં આગળ એક સુરંગ દ્વાર દેખવામાં આવ્યું. તે જોઈ તેને ઇચ્છા થઈ કે, જોઇએ તો ખરા આગળ શું છે?

તે ભોંયરામાં ઉતર્યો. જેમ જેમ તે ચાલતો ગયો, તેમ તેમ તે દીવ્ય તેજ નીચે નીચે દેખાવા લાગ્યું.

અજાપુત્ર પણ મૂઢની જેમ તેની પાછળ લાગ્યો રહ્યો. તેના પરિશ્રમના માટે જેમ તે તેજ બહુ નીચે જવા લાગ્યું.

અજાપુત્ર પણ ધૈર્ય રાખી તેની પાછળ ચાલતાં બહુ ભૂમિ ઉલ્લંઘન કરી આગળ ચાલ્યો ગયો એટલે

ત્યાં સરખી જમીન આવી અને જે તેજ દેખાતું હતું, તે પણ બંધ થઈ ગયું.

તેમજ તે પ્રદેશમાં એક નગરી તેના જોવામાં આવી અને તે વિચાર કરવા લાગ્યો.

અરે! તે દેવમંદિર કયાં ગયું? મારો મિત્ર કયાં ગયો? દિવ્ય તેજ કયાં ગયું? આ જમીન કયાંથી આવી? અને આ નગરી કયાંથી આવી? અહો! દૈવનો વિલાસ કોઈ વિચિત્ર છે.

ભૂવિવરમાં માર્ગ બતાવનાર તેજનો અભાવ થવાથી આ પુરુષ આગળ કેવી રીતે ચાલી શકશે?

એમ દયાના પ્રાદુર્ભાવથી તે સમયે સૂર્ય પ્રગટ થયો. સૂર્યનો ઉદય થયો કે તરત જ દિશાઓનું અંધારું દૂર થઈ ગયું. કારણકે તેજ અને અંધકારની એક સાથે સ્થિતિ કોઈ કાળે ઘટતી નથી.

ત્યારબાદ અજાપુત્ર નવીન કૌતુક જોવામાં બહુ ઉત્સુક થયો અને પોતાની પાસે રહેલા ફલનું ચૂર્ણ કરી હારની સાથે કેડમાં બાંધી આગળ ચાલતો થયો.

શિવંકરાનગરી

નગરીની પાસમાં સર્વત્ર પરિભ્રમણ કરતાં મૃગલાં, શિયાળવાં વિગેરે પ્રાણીઓને જોઈ તે વિચાર કરવા લાગ્યો.

આ નગર તે ઉજજડ છે? અથવા કોઈ વસ્તિવાળું છે? એમ શંકિત મનથી અજાપુત્ર ધૈર્ય રાખી નગરના મધ્ય ભાગમાં ગયો. ત્યાં બંધુઓના મરણથી જેમ શોકાતુર થયેલા લોકોને જોઈ બહુ ખેદ કરતો રાજમાર્ગમાં ગયો.

ત્યાં પણ શૂન્યતા જોઈ તે રાજદ્વાર આગળ ગયો. દુઃખથી બળેલાઓની માફક શ્યામ મુખવાળા દ્વારપાળોને જોઈ ધૈર્ય રાખી અજાપુત્ર તેમને પુછવા લાગ્યો.

આ નગરીનું નામ શું છે? અહીં રાજા કોણ છે? આ લોકો શોકાતુર કેમ થયા છે? તમે પણ આવી દુર્દશામાં શાથી આવી પડયા છો?

હે સજ્જનો! સત્ય હકીકત શી છે? તે આપ નિવેદન કરો.

દ્વારપાલ બોલ્યા. વૈભવમાં સ્વર્ગપુરી સમાન શિવંકરા નામે આ નગરી છે.

બહુ તેજસ્વી દુર્જય નામે આ નગરીનો રાજા છે.

તે એક દિવસ બહુ પાપ ભરાઇ જવાથી શીકાર માટે બહાર નીકળ્યેા. જેની સાથે ઉત્સાહ ધરાવતા અનેક સૈનિકેા નીકળ્યા, જેથી પૃથ્વીતલ કંપવા લાગ્યું.

વળી ક્ષેત્રપાલેાની માફક ભયંકર કેટલાક કુતરાઓ તેની સાથમાં લીધા હતા.

કેટલાક સુભટોએ ગણેશની માફક હાથમાં કુઠાર ધારણ કરેલા હતા અને જેમનાં ઉદર બહુ સ્થૂલ દેખાતાં હતાં.

કેટલાક અધર્મને ધારણ કરનાર એવા ત્રીશૂલધારી શંકરની માફક ચાલતા હતા.

કેટલાક શ્યામ શરીરવાળા મુરારી-કૃષ્ણ સરખા હતા.

કેટલાક ખડ્ગધારી અને પ્રૌઢ ઉત્સાહવાળા જિગીષુની માફક રાજસેવકેા શીકાર કરવાની બુદ્ધિવાળા થઇ રાજાની સાથે શેાભતા હતા.

સિંહનાદ, ભેરી, ધનુષના ટંકારવ અને નિશાનના નાદ વડે દિશાઓને ગજાવતા તે રાજાએ પશુઓનેા સંહાર કરવામાં મૃત્યુ સમાન થઈ તે વનમાં પ્રવેશ કર્યો.

તે સમયે મૃગલાઓ ચારે દિશાએ નાસવા લાગ્યા.

રૂરૂ નામે મૃગલાઓ ભયભીત થઈ ગયા.

કૃષ્ણસાર મૃગેા સાર વિનાના થઈ ગયા.

શિયાળવાઓ મરણ દશાને પામ્યા.

વાનરાઓ શેાકાતુર થઇ ગયા.

સાંઢનાં પણ અંગ સીદાવા લાગ્યાં.

હાથીઓના મનમાં બહુ ક્ષેાભ થવા લાગ્યા.

ડુક્કર પણ બલહીન થઇ ગયા અને

સિંહ તેા બહુ ક્રોધાતુર થઈ ગયા.

એ પ્રમાણે રાજાનાં બાણ છુટવાથી ખળભળાટ થઇ ગયેા તેમજ તેના સુભટોએ પણ અતિશય ખડગના પ્રહારથી મેઘની માફક આરણ્યક પશુઓને મેાટી આપત્તિમાં નાંખ્યા.

એ પ્રમાણે ભવ્ય સ્ત્રીની માફક મૃગયા–શીકારમાં આસકત થયેલો રાજા પોતાના સૈન્યને છોડી દઇ પોતે એકલો બહુ દૂર નીકળી ગયો.

મધ્યાન્હકાળનો સમય થયો, તૃષાથી બહુ પીડાવા લાગ્યો. પોતાની પાસમાં પાણી મળે નહીં તેથી રાજા બહુ ગભરાયો.

અરે દૈવ! હવે શું થશે? એમ ચિંતાતુર થઇ પાણી માટે વનની અંદર નિર્ધન જેમ ધનને માટે તેમ, રાજા ફરવા લાગ્યો.

પર્વતમાં રત્ન, દુર્જનમાં સૌજન્ય અને મરૂદેશમાં જેમ આમ્રવૃક્ષ તેમ તે વનમાં એક હ્રદ–ધરો રાજાની દૃષ્ટિગોચર થયો.

અમૃત કુંડની માફક તે હ્રદને જોઈ રાજા બહુ ખુશી થયો અને તેની અંદર તેણે હંસની માફક પાણી પીવા પ્રવેશ કર્યો.

સ્વચ્છ જલપાન કરવાથી તરત જ દુર્જય ભૂપતિ વાઘ થઇ ગયો.

અહો! જળમાં પણ કેવો મોટો ચમત્કાર રહેલો હોય છે!

અમૃત સમાન ઉજ્વલ અને અપૂર્વ શુદ્ધિમય જલ તપશ્ચર્યાથી પ્રગટ થયેલા તેજની માફક દુષ્ટ આશ્રયને લીધે તે રાજાને અનર્થદાયક થયું.

તે જલના પ્રભાવથી વાઘના સ્વરૂપને પ્રાપ્ત થતા રાજાને તેની પાછળ જતા નૃસિંહ નામે તેના પુત્રે જોયો, તેમજ તેના સૈનિકોએ પણ જોયો.

વાઘ થયેલા પોતાના પિતાને જોઇ નૃસિંહકુમાર "અરે મારા પિતાને એકદમ આ શું થયું!" એમ હૃદયમાં શોક કરતો બહુ વેગથી તેની પાસે દોડતો તે ગયો.

તેટલામાં બહુ ક્ષુધાતુર થયેલો વાઘ પાણીમાંથી બહાર નીકળી ભયંકર મુખ ફાડીને તે પોતાના પુત્રને જ ખાઈ ગયો.

અહો! "પશુઓમાં વિવેકપણું કયાંથી હોય!" વાઘ થયેલા રાજાને તેમજ તેણે ખાધેલા તેના પુત્રને જોઇ તેના વર્ગના સર્વ લોકો રૂદન કરવા લાગ્યા. જેનો કોલાહલ સર્વત્ર વ્યાપ્ત થઇ ગયો.

વળી બીજા પોતાના માણસોને પણ આવા માટે બહુ ક્રોધથી દોડતા તે વાઘને લોઢાની વિશાળ સાંકળેથી જેમ તેમ કરી મહા–

મુસીબતે સૈનિકોએ બાંધી લીધો. પછી તેઓ લોઢાનું મજબુત એક પાંજરૂં લાવ્યા.

મહા અનર્થની મૂર્તિ સમાન તે પાંજરાની અંદર વાઘને પૂર્યો. ત્યાર પછી મંત્રી લોકોએ તે પાંજરુ રાજમહેલમાં લાવીને મૂકયું છે.

નિષ્ફલપ્રયોગ

હવે રાજાનું વાઘપણું કેવી રીતે દૂર થાય? તે વિચાર માટે મંત્રીઓ એકઠા થયા. માંત્રિક લોકોએ મંત્રના ઉપચાર કર્યા.

યંત્ર તંત્રના જાણકારોએ પોતપોતાના ઉપાય કર્યા, વૈદ્ય લોકોએ પણ ઔષધાદિકના પ્રયોગો સારી રીતે કર્યા, પરંતુ તે વાઘપણું દુષ્કર્મની માફક દૂર થયું નહીં.

मंत्रादिस्मरणं शुभानुसरणं पृथ्वीपसंसेवनं,
शास्त्राद्यभ्यसनं गुणाधिगमनं सदेवताराधनम् ।
शत्रुप्रोदलनं परोपकरणं रत्नाकरोल्लंघनं,
दैवे हि प्रतिकूलतां कलयति व्यर्थं समस्तं नृणाम् ॥१॥

"મંત્રાદિકનું સ્મરણ, શુભ કાર્યનું આચરણ, ભૂપતિનું સેવન, શાસ્ત્રાદિકનો અભ્યાસ, સદ્‌ગુણોની પ્રાપ્તિ, ઉત્તમ દેવોનું આરાધન, શત્રુઓનું ઉચ્છેદન, પરોપકાર વૃત્તિ અને સમુદ્રનું ઉલ્લંઘન, એ સર્વે દૈવની અનુકૂલતાથીજ સિદ્ધ થાય છે." અન્યથા તે સઘળું નિષ્ફળ થાય છે.

હે સત્પુરુષ! આ પોતાના સ્વામીના દુઃખથી સર્વ લોકો શોકાતુર થઈ ગયા છે. "રાહુના ગ્રહણ કરવાથી ચંદ્રના કિરણો વિક સ્વર કેવી રીતે રહી શકે?"

મનુષ્યત્વ પ્રાપ્તિ

તે વૃત્તાંત સાંભળી અજાપુત્ર બોલ્યો. હે ભાઈ! આ મહાકષ્ટ જો તમારે દૂર કરવું હોય તો તે વાઘ કયાં છે? મને બતાવો, હું જલદી તેને મનુષ્ય બનાવું, આ બાબતની ચિંતા કરશો નહીં.

અજાપુત્રને તે પુરુષ રાજમહેલ આગળ લઈ ગયો. દ્વારપાલોએ આ વાત મંત્રીને જણાવી,

મંત્રીએ તરત જ હુકમ કર્યો એટલે સાક્ષાત્ ઉપકારની મૂર્તિ અજાપુત્રને અંદર તેઓએ પ્રવેશ કરાવ્યો,

અજાપુત્રને આવતો જોઈ મંત્રી એકદમ ઉભો થયો અને બહુ આનંદ પામતો મોટા અમૂલ્ય આસન ઉપર તેને બેસાર્યો.

ત્યાર પછી વિનયપૂર્વક તે બોલ્યો. હે મહાશય ! આપની આગળ દ્વારપાલે જે રાજાની વાત કહી છે, તે સત્ય છે. વળી આ રાજાની કુળદેવી અગ્નિકુંભમાં રહે છે, તેણીની આરાધના હાલ મેં કરી હતી. પ્રસન્ન થઈ તે દેવીએ આજે મને સ્વપ્નમાં કહ્યું હતું.

હે મંત્રિન ! હવે તું બીલકુલ ખેદ કરીશ નહીં, પ્રભાતમાં પવિત્ર છે બુદ્ધિ જેની એવો અજાપુત્ર અહીં આવશે અને આ રાજાનું પશુ પણું દૂર કરશે.

તે સાંભળી મેં દેવીને પૂછયું. એ અજાપુત્ર કોણ છે ? અને હાલમાં તે કયાં રહે છે ? તેમજ તે કેવી રીતે અહીં આવશે ?

ફરીથી દેવીએ મને કહ્યું. અજાપુત્ર અનેક પ્રકારના દેશવિદેશ જોવાની ઈચ્છાથી પૃથ્વી પર ફરતો ફરતો અરણ્યના પ્રાંત ભાગમાં રહેલા દેવાલયની અંદર હાલ રહેલો છે.

પ્રકાશનો પ્રપંચ કરી તે તે વસ્તુ જોવામાં લુબ્ધ બનેલા તે અજાપુત્રને હું પોતે જ અહીં લાવીશ, એમાં તમારે કંઈ ચિંતા કરવાની નથી.

એમ તે દેવીના આશ્વાસનથી અંતઃપુર તથા સર્વ પરિવાર સહિત અમે રોગી માણસ જેમ ઉત્તમ વૈદ્યની તેમ તમારી વાટ જોઈ બેઠા છીએ.

અમારા ભાગ્યથી દૈવ ઈચ્છાએ તમારૂં આગમન થયું છે. હવે રાજાનું દુઃખ દૂર કરી આ રાજ્યને તમે સનાથ કરો.

એમ મંત્રીની વિનંતી સાંભળી અજાપુત્ર વાઘની પાસે ગયો અને અગ્નિવૃક્ષના ફલનું ચૂર્ણ આપી તેને માણસ બનાવી દીધો.

નૃપમૂર્ચ્છા

હવે દુર્જયરાજા બાળકની માફક પોતાનું વૃત્તાંત નહીં જાણતો બોલ્યો.

આ શું છે ? આ લોકો શા માટે એકઠા થયા છે ? એ પ્રમાણે ચકિત થઈ તે પૂછવા લાગ્યો.

મંત્રીએ જવાબમાં જણાવ્યું.

આપ વાઘના સ્વરૂપને પામ્યા હતા અને આપે આપના કુમારને મારી નાખ્યો.

તે સાંભળી રાજા વજ્રપાતની માફક તેજ વખતે મૂર્ચ્છિત થઈ પૃથ્વી પર પડયો.

મંત્રી વિગેરે સર્વ પરિવાર ઉપચાર કરવા લાગ્યા. ચંદનાદિક દ્રવના સિંચનથી રાજા સચેતન થયો. અને તે પુત્રના ગુણોને સંભારી સંભારી દુઃખથી બહુ વિલાપ કરવા લાગ્યો.

હા વત્સ ! મને મૂકીને તું કયાં ગયો ? હા પુત્ર ! શું તું નથી જાણતો કે, આ મારા વિના નહીં જીવી શકે ?

લોકમાં તેમજ શાસ્ત્રમાં પણ પ્રથમ કોઈ વખત આ બીના બની નહોતી કે મનુષ્ય વાઘપણું પામી શકે ?

આ એક આશ્ચર્ય થયું, તે હું માનું છું કે, તારા મરણ માટે જ દૈવે આ સિદ્ધ કરી બતાવ્યું. હા પુત્ર ! તારૂં મરણ મેં પોતે જ કર્યું છે, તો હવે હું કોને ઠપકો આપું ?

અન્ય માણસને ઠપકો આપી શકાય, પરંતુ જે કાર્યનો પોતે વિનાશ કરે તેને ઠપકો આપી શકાય નહીં.

પોતાના પુત્રને તો મ્લેચ્છ લોકો પણ મારતા નથી, તો આ અકૃત્ય કરવાથી મારી શી ગતિ થશે ?

હે વિબુધ ! આ સંબંધી મને માલુમ નથી, હવે મારે શું કરવું ? એ પ્રમાણે રાજા બહુ વિલાપ કરવા લાગ્યો. મંત્રીઓએ બહુ સમજાવ્યા પછી તેણે પોતાના પુત્રની ઉર્ધ્વદૈહિક ક્રિયા કરાવીને અશ્રુપાત પૂર્વક શોકાતુર થઈ તે બેઠો.

ઉપકાર સ્મરણ :-

ત્યારબાદ રાજાની આગળ હાથ જોડી મંત્રી બોલ્યો.

હે સ્વામિ ! આ અજાપુત્ર આપનો ઉપકારી છે.

તે સાંભળી રાજા અજાપુત્રના દર્શનથી બહુ રાજી થયો અને કહ્યું,

હે મિત્ર ! આ અતિશય તેજનો પ્રકાશ તારો જ છે, કારણ કે સૂર્યની માફક તેજસ્વી એવા તારાવડે મારી આ દુર્દશારૂપી રાત્રીનો નાશ થયો.

તેં જે મારો ઉપકાર કર્યો છે, તેનો બદલો હું મારૂં સર્વ રાજ્ય આપું તો પણ વળે તેમ નથી.' "કારણ કે આખી દુનિયામાં પણ જીવિતદાન આપનારનો બદલો હોતો નથી."

સેંકડો ઉપચાર કરનાર પણ પ્રત્યુપકારી, પ્રથમ ઉપકાર કરનારની તુલનાને પામતો નથી. કારણ કે ઉપકારી પુરુષ ગુણોને જોયા વિના કાર્ય કરે છે અને પ્રત્યુપકારી તો ગુણ જોયા પછી પ્રવૃત્ત થાય છે.

એમ છતાં પણ સ્ફુરણાયમાન વૈભવથી વિરાજમાન આ મારૂં રાજ્ય તું ગ્રહણ કર અને કંઈક પણ મને ઋણ મુક્ત કર.

સજ્જનમૈત્રી

એ પ્રમાણે રાજાની પ્રાર્થના સાંભળી અજાપુત્ર બોલ્યો,

હે ભૂપતિ ! આપનું કહેવું બહુ સારૂં છે, કમલમાં લક્ષ્મીની માફક આપની બુદ્ધિ કૃતજ્ઞપણામાં રહેલી છે, એ આશ્ચર્ય છે.

તમારૂં રાજ્ય એ હું મારૂં જ સમજું છું. આપ આપનું રાજ્ય સુખેથી ભોગવો. પરંતુ આપ મારી સાથે મિત્રતાનો સંબંધ રાખો, કારણ કે "સજ્જનોને મૈત્રી બહુ પ્રિય હોય છે."

વિતરતિ મતિં, હંતિ ક્લેશં, નિગૂહતિ દૂષણં,
પ્રથયતિ ગુણવ્રાતં સાતં તનોતિ ધિનોતિ ચ।
રચયતિ યશઃ સૂતે ધર્મં, પ્રસારયતિ શ્રિયં,
સૃજતિ મહતાં મૈત્રી કિં ન, પ્રિયં સુરધેનુવત્ ॥ ૧ ॥

સજ્જનોની મૈત્રી બુદ્ધિને વિસ્તારે છે. કલેશનેા નાશ કરે છે. દૂષણેાને નિવારે છે. અનેક ગુણેાને પ્રગટ કરે છે. સુખ આપે છે. હૃદયને પ્રસન્ન કરે છે. કીર્તિને પલ્લવિત કરે છે. ધર્મને વધારે છે. લક્ષ્મીને પ્રસારે છે. એટલું જ નહીં પણ કામધેનુની માફક ચિંતિત વસ્તુની પ્રાપ્તિ કરે છે.”

એ પ્રમાણે અજાપુત્રનું વચન માન્ય કરી ભૂપતિએ મૈત્રી કબુલ કરી. ત્યાર પછી તેણે પેાતાના બંધુની માફક સ્નેહાર્દ્ર હૃદયથી નવીન નવીન દિવ્ય ભેાગેાવડે તેને પ્રસન્ન કર્યો.

માયાવી હાથી

ત્યારબાદ પ્રમુદિત થયેલેા તે અજાપુત્ર સિદ્ધની માફક અદ્‌ભુત પ્રકારનું પેાતાનું કલાકૌશલ્ય ત્યાં રહીને રાજાને બતાવવા લાગ્યેા. એમ કરતાં ત્યાં તેણે કેટલેાક સમય વ્યતીત કર્યો.

ત્યાર પછી તેણે વાઘ બનાવનાર તે સરેાવરનું પાણી જોવા માટે રાજાને પ્રાર્થના કરી, એટલે દુર્જયરાજા અજાપુત્રને સાથે લઈ નગરમાંથી બહાર નીકળ્યેા.

કવિના મુખમાંથી જેમ શ્લેાક અને ધનુષમાંથી જેમ બાણ તેમ બહુ વેગથી ઘેાડેસ્વારેા તેની પાછળ નીકળ્યા. જેથી ઘણી ભૂમિ છવાઈ ગઈ અને ચાલતા ચાલતા તેઓ વનની અંદર ગયા.

ત્યાં સમુદ્રની માફક સ્વચ્છ જળથી ભરેલેા તે સરેાવર પેાતાના મિત્રને રાજાએ બતાવ્યેા.

તે સરેાવર બહુ ગંભીર છે. છતાં પણ સચેતન હેાયને શું ? દુગ્રહ–કદાગ્રહ અથવા ખરાબ મગરાદિક પ્રાણીઓથી વ્યાપ્ત,

મુનિની માફક વ્રત–ગેાળાકાર છતાં પણ કુશાસન–ખરાબ પ્રવૃત્તિ અથવા ખરાબ દર્ભાદિકથી ઘેરાયેલેા,

સ્વચ્છજળથી ભરેલેા પણ નીલકમલેામાં બેઠેલા ભમરાઓની કાંતિને લીધે અથવા અંદર પ્રતિબિંબિત થયેલા આકાશના સંક્રમણથી જેમ શ્યામ કાંતિને ધારણ કરતેા,

પોતાના બોળામાં રમતા પુત્રોની માફક કમલોવડે સુશોભિત, જીવન-જીવિકા અથવા પાણિ મળવાથી સંતુષ્ટ થયેલા સુભટોની માફક પક્ષીઓવડે વીંટાએલા તે સરોવરને જોઈ અજાપુત્ર પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો.

અહો ! આ સરોવર જડ=જળમય છે, તો પણ તેનો કેટલો મહિમા સ્ફુરી રહ્યો છે ?

ત્યાર પછી રાજા બોલ્યો; હે મિત્ર ! આ પાણી તું જો ! એના મહિમાનો પાર નથી, કારણ કે પ્રથમ એણે મને વાઘ બનાવ્યો, તેથી તારો સમાગમ મને થયો.

જો અજ્ઞાનથી મેં આ પાણી ન પીધું હોત તો તારા સરખો દુર્લભ મિત્ર મને કયાંથી મળત ?

પછી અજાપુત્ર બોલ્યો. આ પાણી અને બીજા પાણીનું સ્વરૂપ તો એક સરખું દેખાય છે. કંઈપણ ભેદ દેખાતો નથી. છતાં આવી શક્તિ એનામાં શાથી આવી હશે ? અથવા "દરેક વસ્તુની નિર્માણતા વિચિત્ર હોય છે."

એ પ્રમાણે બંને વાત કરતા હતા, તેટલામાં તે સરોવરમાંથી સમુદ્રમાંથી ઐરાવત હાથી નીકળે, તેમ એક મહાન હાથી નીકળ્યો.

બાંધવાના દોરડાની માફક સુંઢના આઘાતવડે મોટા જળતરંગોને વિદારણ કરતો અને પગે બાંધેલી સાંકળની માફક શેવાલ વલ્લરીનું આકર્ષણ કરતો તે હાથી માયાવી હાથીની માફક સરોવરમાંથી બહાર નીકળી અજાપુત્રને એકદમ જળમાં ખેંચી ગયો.

હે હસ્તિ ! ચોરની માફક મારા મિત્રનું હરણ કરી તું કયાં જાય છે ? એમ કહી તરવાર ખેંચીને રાજા તે હાથીની પાછળ દોડ્યો.

પાણીની અંદર હાથી બહુ વેગથી આગળ ચાલ્યો જાય છે અને રાજા જલદી મહાવતની માફક તેની પાછળ જાય છે. એમ કરતાં કરતાં તેઓ બંને પાણીની અંદર ઘણા નીચા ઉતરી ગયા અને હાથી એકદમ અદૃશ્ય થઈ ગયો.

મિત્રખેદ

મિત્ર સહિત હાથીને અદૃશ્ય થયેલો જોઈ રાજા લક્ષ્યથી ભ્રષ્ટ થયેલા સિંહની માફક બહુ ખેદમાં પડી ગયો.

મારા દેખતાં છતાં આ મારો મિત્ર ક્યાં ગયો ? એમ ચકિત થયેલો રાજા આગળ ચાલવા લાગ્યો.

કંઈક દૂર ગયો એટલે સોનાનો એક મહેલ તેના જોવામાં આવ્યો. દેદીપ્યમાન સુવર્ણમાંથી નીકળતા કાંતિના સમૂહવડે ચારે તરફ પ્રસરતા બાલ સૂર્યના કિરણોથી જેમ દિગ્મંડલને પિંજર કરતો,

દેવવિમાનની માફક તેજસ્વી અને

અલૌકિક લક્ષ્મી વડે વિભૂષિત તે મંદિરને જોઈ રાજા વિચાર કરવા લાગ્યો.

તે હાથી, તે મારો મિત્ર, તે સરોવર અને તે પાણી ક્યાં ગયા ?

તેમજ આ ભૂમિ અને આ મંદિર કયાંથી દૃશ્ય થયાં ?

સ્વપ્ન સમાન આ શું ! !

ચંડીકાદેવી

વિસ્મિત થયેલો રાજા તે મંદિરની અંદર ગયો. ત્યાં દિવ્ય પૂજાથી સુશોભિત **ચંડીકાદેવી**નાં તેને દર્શન થયાં. રાજાએ દેવીને પ્રણામ કર્યો.

પછી રાજાના મનમાં બહુ પશ્ચાતાપ થયો.

મારા દેખતાં હાથી મારા મિત્રને હરી ગયો, છતાં મારાથી તેનું રક્ષણ ન થઈ શકયું. માટે હું ધિક્કારને પાત્ર છું.

એમ તે દુર્જયરાજા બહુ દુઃખી થયો છતાં, તે દેવીની પૂજાને ઇચ્છતો હોય તેમ, તે દેવીની સમક્ષ મસ્તકરૂપી કમળાને ખડ્ગવડે છેદવા માટે તૈયાર થયો.

અહો ! "સજ્જન મૈત્રી કેવી અલૌકિક હોય છે. "

દુર્જય ભૂપતિ કમલની માફક પોતાના મસ્તકને છેદવા માટે જેટલામાં ખડ્ગ ઉપાડે છે, તેટલામાં મહા તેજસ્વિની તે દેવી રાજાની આગળ પ્રગટ થઈને તેને કહેવા લાગી.

હે રાજન્ !

મિત્ર માટે વૃથા શિરછેદ કરવાની કાંઈ જરૂર નથી. શા માટે તું દુઃખી થાય છે ? તારા પુણ્યને લીધે છ માસ પછી તારા મિત્રનો સમાગમ તને જરૂર થશે. ચિંતા કરીશ નહીં.

એમ કહ્યા બાદ દેવી તેના કાનમાં કંઈ કહીને પછી દિવ્ય ઔષધ આપીને પોતાના સ્થાનમાં ચાલી ગઈ.

તેવામાં અદ્‌ભુત શૃંગારથી વિભૂષિત કોઇક સ્ત્રી ચંદનપુષ્પ વિગેરે પૂજાપો લઈ દેવીને પૂજવા માટે ત્યાં આવી.

તે સ્ત્રીને જોઈ રાજા વિચાર કરવા લાગ્યો. જરૂર આ માનુષી નથી, કારણ કે મને જોવા માટે તેણીની દૃષ્ટિ નિર્નિમેષ-સ્થિર હોય તેમ દેખાય છે. અથવા લાવણ્યના સ્થાનરૂપ આ ખરેખર રતિ હશે. કારણ કે એના દર્શનથી પણ સર્વાંગે કામની સ્ફુરતિ થાય છે.

એમ રાજા વિચાર કરતો હતો, તેટલામાં તે સ્ત્રીએ દેવીની પૂજા કરીને કામના બાણ સમાન મારેલા કટાક્ષોવડે તે રાજાને વિમોહિત કર્યો.

સર્વાંગસુંદરી

તેમજ કાંતિવડે સુકોમલ રાજાના મુખ ચંદ્રનું અવલોકન કરતી તે સ્ત્રીનો પ્રેમરૂપી સાગર બહુ ઉછળવા લાગ્યો, એ ઉચિત છે.

રાજાના દર્શન માત્રથી તરત જ તે સ્ત્રી અત્યંત કામાતુર થઈ ગઈ અને કટાક્ષવડે તેને જોતી જોતી પોતાના સ્થાનમાં ચાલી ગઈ.

ત્યાર પછી રાજા વિચારમાં પડ્યો. આ કોણ હશે ? અને અકસ્માત્ અહીં કયાંથી આવી ? સ્નેહદૃષ્ટિથી કામાતુર થયેલા મને વારંવાર તે શા માટે જોતી હશે ?

એમ રાજા પોતાના મનમાં વિચાર કરતો હતો, તેવામાં કોઇક સ્ત્રી ત્યાં આવી અને અમૃતમય વાણીવડે રાજાને કહેવા લાગી.

હે રાજન્ ! બહુ તેજસ્વી અને ગજગામિની **સર્વાંગસુંદરી** નામે વ્યંતરદેવી અહીં નજીકમાં રહે છે. તે અમારી સ્વામિની છે. તે આ દેવીને પૂજવા માટે અહીં આવી હતી.

કામ સમાન તેજસ્વી એવા આપના દર્શનથી બહુ પ્રેમને લીધે તે આપને પોતાને ત્યાં બોલાવે છે. માટે આપ પ્રસન્ન થઈ જલદી તેના સ્થાનમાં પધારો. તેણીના સત્કારનો આપ સ્વીકાર કરો અને મહેરબાની કરો.

તે સાંભળી રાજાને આશ્ચર્ય થયું, મારૂં ભાગ્ય બહુ બલવાન છે.

એમ પોતાના મનમાં આનંદ માનતો રાજા તે સ્ત્રીને આગળ કરી વ્યંતરીના સ્થાનમાં ગયો.

ત્યાં કોઇ ઠેકાણે સ્ફટિક રત્નોથી બંધાવેલી અને ઉત્તમ કમળોથી વિરાજમાન વાપિકાઓ ક્રીડા માટે રહેલી છે.

કોઇ સ્થલે સુગંધિત પુષ્પો તરફ ભ્રમણ કરતી ભ્રમરીઓના નાદરૂપ સંગીતથી વાચાલિત ઉદ્યાન રહેલા છે.

કોઇક જગાએ પુષ્પની શય્યાઓથી અતિ શીતલ કદલીગૃહો દીપે છે.

કોઇકિ સ્થલે દિવ્ય આભરણોથી વિભૂષિત દાસીઓ ઉભેલી છે.

કોઇ ઠેકાણે સુધામય વાણીનો અભ્યાસ કરવામાં લુબ્ધ એવા પોપટ રહેલા છે.

કોઈ ઠેકાણે કુદકા મારતા કસ્તૂરીઆ મૃગ રહેલા છે.

કેટલાક સ્થળે કર્પૂર, કસ્તુરી, ચંદન અને કેસરના ઢગલાઓ રહેલા છે.

તે જોઈ રાજા બહુ વિસ્મય પામ્યો અને તે વ્યંતરીની પાસે ગયો.

વ્યંતરી પ્રાર્થના

ત્યાર પછી તે વ્યંતરીએ દિવ્યસ્નાન, વસ્ત્ર અને આસનાદિવડે રાજાનો યોગ્ય સત્કાર કર્યો. ત્યાર પછી તેણીએ રાજાને કહ્યું.

હે દેવ ! તમારા દર્શનથી મારા હૃદયમાં ઘણી પ્રીતિ થઇ છે, માટે હું પ્રાર્થના કરૂં છું,

આપ કૃપા કરી મારી સાથે ભોગવિલાસ કરો. આ પ્રાસાદ, આ લક્ષ્મી, પ્રીતિના રીતથી ખેંચાયેલી હું પોતે અને આ મારો પરિવાર, એ સઘળું આપનું છે.

એ પ્રમાણે વ્યંતરીનું વચન અંગીકાર કરી દિવ્ય અલંકારોથી વિભૂષિત તે વ્યંતરીની સાથે બહુ આનંદથી રાજાએ ઉન્મત્ત દેવી સાથે જેમ દેવ તેમ ક્રીડા કરી.

તેવા અદ્‌ભુતસ્થાનમાં નિવાસ કરતો રાજા વ્યંતરી સાથે ક્રીડા કરતો છતાં સ્વર્ગમાં વાસ કરતા ઇંદ્રને તૃણ સરખો પણ માનતો ન હતો.

દૈવની અનુકૂળતા હોય તો વિપત્તિ પણ સંપત્તિદાયક થાય છે.

જો એમ ન હોય તો સરોવરમાં પડવાથી તેને સુખ કેમ થયું ? ત્યાં દુર્જયનૃપને બહુ આનંદ હતો છતાં પણ તેના હૃદયમાં મિત્રના વિરહરૂપ એક મોટું દુઃખ જાગ્રત હતું.

વ્યંતરેન્દ્રનું સ્થાન

હવે તે હાથી અજાપુત્રને ઉપાડી સરોવરની નીચે ગયો અને વ્યંતરોના સ્થાનમાં તેને મૂકીને અદૃશ્ય થઈ ગયો. કોઈ સમયે નહીં જોયેલી તે સર્વ ભૂમિને નાના પ્રકારના મણીઓથી વ્યાપ્ત જોઈ તેને અજાપુત્ર પોતાના મનમાં રત્નોની ખાણ તરીકે માનવા લાગ્યો.

આ હાથી કોણ હશે ? મને અહીં શા માટે તે મૂકી ગયો ? અને તે પોતે કયાં ગયો ? એમ વિચાર કરતા તે અજાપુત્રને કોઇક વ્યંતરે જોયો.

આ મોટું આશ્ચર્ય છે કે, આ બિચારો મનુષ્ય અહીં કયાંથી ! એમ વિસ્મિત થયેલો તે દેવ તેને વ્યતરેંદ્રના સ્થાનમાં લઈ ગયો.

જેની ચારે બાજુએ સુવર્ણનો કિલ્લો શોભે છે.

જે કિલ્લાની ઉપર રત્નના કાંગરાઓ દીપે છે.

જેનો નીચેનો ભાગ મણીઓથી બાંધેલો છે.

જેની અંદર ઉંચાં તોરણો બાંધેલાં છે.

સંપત્તિઓનું ક્રીડાસ્થાન, હૃદયને રતિભવન અને ચક્ષુષને સ્તંભન કરવાનું જાણે ઔષધ હોય તેવું,

તે વ્યંતરોનું સ્થાન જોવામાં આવ્યું.

તેમાં બંને પ્રકારે પણ ઉત્તમ છાયા તડકાનો અભાવ કાંતિવાળા, બંને પ્રકારે પ્રેક્ષણ-નૃત્ય અવલોકન ને ઉચિત અને બંને પ્રકારે અપૂર્વ કલ્યાણ-સુખ-સુવર્ણથી સંપૂર્ણ એવાં વ્યંતરોનાં ઘરોને જોઇને અજાપુત્ર બહુ આનંદ પામ્યો.

લાવણ્યના સ્થાનભૂત, શૃંગારને ખાસ દીપાવનારી અને કામદેવને જીવાડનારી વ્યંતરદેવીઓને પોતાના સ્વરૂપવડે મોહિત કરતો,

સ્વપ્નમાં પણ નહીં જોયેલ દેવીઓએ રચેલા સ્ફાર સંગીત રૂપી અદ્‌ભુત અમૃતનું નેત્રથી પાન કરતો,

નાસિકાને આનંદ આપતા કલ્પવૃક્ષના પુષ્પોના સુગંધવડે આનંદમાં મગ્ન થયેલો અજાપુત્ર વ્યંતરેંદ્રના મહેલમાં ગયો.

વ્યંતરેન્દ્રનો અતિથિ

તે મહેલની અંદર ઇંદ્રની સભા સંબંધી સર્વ લક્ષ્મીને હરણ કરનાર અને પ્રાચીન અપૂર્વ પુણ્યરૂપી વૃક્ષના ફલરૂપ સભામાં વિરાજમાન થયેલો,

મહાન તેજસ્વી તારાઓના મધ્યમાં રહેલા શરદપુનમના ચંદ્રની જેમ દેવોના મધ્ય ભાગમાં બેઠેલો,

કરૂણારસના સમુદ્ર સમાન, દક્ષિણ્યનો એક આશ્રય અને સેવકોના મનોરથ પુરવામાં કલ્પવૃક્ષ સમાન વ્યંતરેંદ્ર તેના જોવામાં આવ્યો.

અજાપુત્રે તેને પ્રણામ કર્યો. પ્રસન્ન થયેલો વ્યંતરેંદ્ર બોલ્યો.

તું કોણ છે? અહીં શા માટે તું આવ્યો છે?

એમ પૂછવાથી અજાપુત્રે પોતાનું સર્વવૃત્તાંત તેને કહી સંભળાવ્યું.

વ્યંતરેંદ્રે કહ્યું. હે ભાઇ! અહીં તારે કોઇ પ્રકારની ચિંતા રાખવી નહી. પોતાના પિતૃગૃહની માફક અહીં સુખેથી તું રહે. આ સ્થાનને તારે નિર્ભય સમજવું.

એમ કહી તેણે હુકમ કર્યો, જેથી દેવ અને દેવીઓએ પોતાના બંધુની માફક તેને સ્નાન કરાવ્યું. ઉત્તમ પ્રકારના અલંકારોથી અલંકૃત કર્યો અને દિવ્ય ભોજન જમાડી સંતુષ્ટ કર્યો.

પછી બહુ પ્રકારના ઉદાર સત્કારોવડે હંમેશાં બહુ આદરથી પિતાની માફક વ્યંતરેંદ્ર અજાપુત્રને પ્રસન્ન કરતો હતો.

અમૃત સમાન ધર્મગોષ્ઠી અને મનોહર કુતૂહલોને લીધે અજાપુત્ર સર્વ દેવીઓને પોતાના પ્રાણથી પણ અધિક પ્રિય લાગતો હતો.

દિવ્ય વસ્ત્ર અને આસન ભોજન વિગેરેથી દેવીઓ હંમેશાં તેની સેવા કરતી હતી. તેથી તે અજાપુત્ર માનને લીધે પોતાના હૃદયમાં મનુષ્ય છતાં પોતાને દેવ માનવા લાગ્યો.

નરકસ્વરૂપ

એક દિવસ અજાપુત્ર અને વ્યંતરેંદ્ર આનંદથી બેઠા હતા. વાતચિત ચાલતી હતી. તેવા અજાપુત્રે કુતૂહલથી વ્યંતરેંદ્રને પૂછયું.

હે પ્રભુ! આ વ્યંતર ભૂમિની નીચે શું હશે?

વ્યંતરાધિપતિએ કહ્યું. આની નીચે દુઃખના ઓરડા સમાન સાત નરકસ્થાન છે. જેમની અંદર અત્યંત દુઃખથી પીડાતા નારકી જીવો રહે છે.

હું કેવી રીતે તે સ્થાનો જોઇ શકું? એ પ્રમાણે કૌતુકથી તેણે પૂછયું. ત્યારે તેના મસ્તક ઉપર વ્યંતરેંદ્રે ગુરુની માફક પોતાનો હાથ મૂકયો.

તેના પ્રભાવથી સિદ્ધાંજનના પ્રક્ષેપથી જેમ ક્ષણમાત્રમાં જ્ઞાનીની જેમ તે દિવ્ય ચક્ષુષવાળો થયો અને તે નરકસ્થાનોનું અવલોકન કરવા શક્તિમાન થયો.

રત્નપ્રભાદિક સાત નરકસ્થાનો નીચે રહેલાં તેઓ અનુક્રમે તત્કાલ તેના જોવામાં આવ્યાં.

તે સાત ભૂમિકાઓમાં અનુક્રમે ૩૦-૨૫-૧૫-૧૦-૩ પાંચ ઓછા એકલાખ અને પાંચ એમ એકંદર ૮૪ લાખ નરકાવાસ છે.

તે સાતે ભૂમિકાઓ દુર્ગંધ અને પ્રસાર પામતી ખરાબ ચરબી, રૂધિર વિગેરે અશુચિથી ભરેલી છે.

રત્નપ્રભાદિ ત્રણ ભૂમિકાઓમાં અગ્નિથી પણ ઘણા ઉષ્ણ, ચોથી ભૂમિકામાં ઉપર ઘણા અતિ ઉષ્ણ અને નીચે કિંચિત્ ઠંડા, પાંચમી

ભૂમિકામાં બહુજ અત્યુષ્ણ અને હિમથી પણ અધિક ઠંડા તેમજ છઠ્ઠી અને સાતમી ભૂમિકામાં સર્વત્ર શીતમય એવા નરકાવાસ નીકળવાના માર્ગથી અજ્ઞાત અને અંધકારથી વ્યાપ્ત ગર્ભાવાસની માફક અજાપુત્રે જોયા.

ત્યાં આગળ નિર્દય એવા અંબાદિક પરમાધાર્મિક દેવો કેટલાક જીવોને શુલીઓ ઉપર ફેંકે છે.

કેટલાકને ચિતાગ્નિમાં નાખે છે

કેટલાકને વજ્ર સમાન તીક્ષ્ણ કાંટાઓમાં અફળાવે છે.

કેટલાકને આરાદિકથી વિંધે છે.

કેટલાકને દોરડાઓ બાંધે છે.

કેટલાકનાં કુઠાર, ત્રિશૂલ, ભાલા. તરવાર, ગુપ્તિ, શકિત અને તોમરોવડે ઉદર અને હૃદયને ચીરે છે. તેમજ ચરબી, માંસ, આંતરડાં અને કેશને ખેંચે છે,

કેટલાક તો મસ્તક, બાહુ, કેડ, હાથ, પગ અને આંગળીઓને ભાંગી નાખે છે,

કેટલાક મહાકુંભી–કુંડ અને કઢાઇ વિગેરેમાં તે જીવોને રાંધે છે. તેમજ તેઓના શરીરમાંથી ક્ષુરિકાદિકવડે કકડા કરીને અસ્થિ સહિત માંસના ટુકડાઓનો વારંવાર આ સ્વાદ લે છે.

કેટલાકને છાયા માટે અસિપત્રના વનમાં લઇ જાય છે.

તેમની ઉપર પડતાં ખડ્ગ વિગેરે શસ્ત્રોવડે કેટલાકના હાથ, પગ કાન, નાક અને ઓઠ કપાઈ જાય છે.

અત્યંત ઉષ્ણ રેતીમાં ચાલતા કેટલાક પ્રાણીઓ ધાણીની માફક સેકાઇ જાય છે. તેમજ તેમના હાડકાઓના તડતડ અવાજ થાય છે.

ચરબી અને કોહેલા કેશ, અસ્થિ તથા રૂધિરથી ભરેલી વૈતરણી નદીમાં કેટલાકને ડુબાવે છે.

કેટલાકને તપાવેલા સીસાના પ્રવાહમાં અનેકપ્રકારે ફેરવે છે.

કેટલાકને ઉકાળેલા તેલ, તાંબુ અને સીસાનું પાન કરાવે છે.

કેટલાકને ઓષ્ટ પલ્લવને વજ્રસમાન સોયાવડે સીવી લે છે.

કેટલાકને સાક્ષાત્ અગ્નિની ધગધગતી પુતલીઓ સાથે વારંવાર આલિંગન કરાવે છે,

કેટલાકને વજ્ર કંટકની શય્યાઓમાં બલાત્કારે સુવાડે છે.

કેટલાકને ઉંચા મુખ અને નીચા પગે પશુની માફક ટંગાવે છે. પછી નીચે અગ્નિ સળગાવી તેમને શેકીને દરેકનાં અંગોપાંગ છેદે છે.

કેટલાકને પાપડના પીઠાની માફક મુષ્ટિના આઘાતોથી કુટે છે.

કેટલાકને તીક્ષ્ણઅગ્રવાળાં કરવતોથી કાષ્ટની માફક ફાડી નાંખે છે.

લોઢાના લકુટોવડે જીર્ણપાત્રની માફક કેટલાકને ફોડી નાંખે છે.

મોટા પાષાણ ઉપર ધોબી વસ્ત્રને જેમ રામ કેટલાકને પછાડે છે.

આ પ્રાણી મારા પૂર્વ જન્મનો વૈરી છે, એવા વિચારથી બહુ ક્રોધ વડે પરસ્પર સેંકડો શસ્ત્રોના પ્રહારોથી કેટલાકને બહુ પીડે છે.

બહુ વ્યથાને લીધે પવનથી ઉછાળેલા પત્રની માફક પચ્ચીશ યોજન ઉંચે જઈને પુનઃ તેઓ નીચે પડે છે.

એવી રીતે સાતે નરક ભૂમિકાઓમાં શસ્ત્ર વિના પણ ક્ષેત્રથી ઉત્પન્ન થયેલી પીડાઓ પરસ્પર ભોગવે છે;

પાંચ ભૂમિકાઓમાં શસ્ત્ર જન્ય અને ત્રણમાં દેવતાઓએ કરેલી પીડા હોય છે. તેમજ ક્ષુધા-તૃષા વિગેરે બીજી દશ પ્રકારની મહા-વ્યથાઓને સહન કરે છે, ત્યાં નિમેષાર્ધ પણ સુખ હોતું નથી.

દશ પ્રકારની વ્યથા-નેરઇયાણં દસવિહં વેયણં પચ્ચણુભવમાણા વિહરંતિ તંજહા-સીયં ૧ ઉસિણં ૨ ખુહં ૩ પિવાસં ૪ કંડું ૫ પરબ્ભં ૬ ભયં ૭ સોગં ૮ જરં ૯ વાહિં ૧૦ ।"

શીત, ઉષ્ણ, ક્ષુધા, તૃષા, ખર્જન, પરતંત્રતા, ભય, શોક, જરા અને જ્વરકુષ્ટ વિગેરે વ્યાધિઓ ભોગવવી પડે છે.

તેમજ શ્યામ અંગવાળા, નિંદવાને લાયક, છિન્ન ભિન્ન અંગ-વાળા અને આંતરડાં બહાર નીકળવાથી ભયંકર એવા નારકી જીવોને જોઇ અજાપુત્ર અજાયબ થઈ ગયો.

તેમનું દુઃખ જોવાથી સાક્ષાત્ અનુભવથી જેમ અજાપુત્ર એકદમ મૂર્છિત થઈ મૃતકની માફક પૃથ્વીપર પડી ગયો.

પછી વ્યંતર લોકોએ શીતાદ્વિક બહુ ઉપચાર કર્યો, જેથી તે સચેતન થઈ ગયો.

એટલે બહુ શોકાતુર થઇ ગયો અને પોતાના મનમાં સંસાર સ્થિતિનો વિચાર કરવા લાગ્યો.

ધિક્કાર છે આ સંસારને કે, જેની અંદર મધના બિંદુ સમાન સુખ રહેલું છે અને દુઃખ તો સમુદ્ર સમાન અપાર રહેલું છે.

છતાં શોચનીય એ છે કે પ્રાણીઓ તેમાં લુબ્ધ થાય છે.

અરે ! આ પ્રાણીઓને પણ વારંવાર ધિક્કાર છે, કારણ કે તેઓ બહુ આરંભ સમારંભથી હંમેશાં અટકતા નથી, જેથી તેના પાપો વડે પ્રેરાયેલા પ્રાણીઓ અધોગતિને પામે છે.

માત્ર આરંભમાં જ સરસ અને પરિણામે નિરસ કિંપાક વૃક્ષના ફલ સમાન દુષ્ટ એવા પાપ વૃક્ષના ફલને ધિક્કાર છે.

હું માનુ છું કે, સંસારમાં જ્યાં સુધી ધર્મામૃતનું તૃપ્તિ પર્યંત પાન કરાતું નથી, ત્યાં સુધી પાપથી પ્રગટ થયેલો તાપ શાંત થતો નથી.

માટે હું મારા સ્થાનમાં જાઉં અને કંઈક હવે આત્માનું હિત સાધન કરૂં, જેથી શાંત થઈ મારો આત્મા સર્વથી નિવૃત થાય.

મિત્રચિન્તા

એ પ્રમાણે વિચાર કરી અજાપુત્રે વ્યંતરેશ્વરને બહુ પ્રાર્થના પૂર્વક પૂછયું કે, હવે તે સરોવરની તીરે જવાની મારી બહુ ઇચ્છા થઇ છે.

વ્યંતરાધિપે રૂપાંતર કરવાની એક ગુટિકા (ગોળી) તેને આપી અને પોતાના વ્યંતરો પાસે તેને સરોવરના કીનારે પહોંચાડયો.

ત્યાર પછી અજાપુત્ર ત્યાં જોવા લાગ્યો, પણ દુર્જયરાજા તેના જોવામાં આવ્યો નહીં. ત્યારે તેની શોધ માટે તે તળાવની પાળીના વૃક્ષ ઉપર પક્ષિની માફક ચઢી ગયો. પરંતુ રાજા તેના દેખવામાં આવ્યો નહીં.

તે અરસામાં બહુ અધીર બનેલા રાજાના સૈનિકો દીનતાપૂર્વક અજાપુત્રને પૂછવા લાગ્યા કે, અમારો રાજા કયાં ગયો ?

ત્યારે તે બોલ્યો, હું જાણતો નથી.

સૈનિકોએ કહ્યું, સરોવરના કીનારેથી તમને બેંચીને હાથી જળની અંદર ડૂબી ગયો કે તરત જ બહુ દુઃખને લીધે તેઓ તમારી પાછળ દોડેલા છે.

શરીરમાં રહેલા જેમ આત્માને તેમ આ સરોવરના કીનારે સેવકોએ રાજાની બહુ શોધ કરી, પરંતુ કોઈ ઠેકાણે તેનો પત્તો લાગ્યો નથી.

તેમજ અમે પણ આ પ્રદેશમાં સર્વત્ર ફરી ફરીને થાકયા છતાં અભવ્ય પ્રાણીઓને સંસારમાં જેમ ધર્મનાં તેમ રાજાનાં દર્શન થયાં નહીં. તેથી નગરના સર્વ લોકોમાં બહુ શોક ફેલાઈ ગયો છે અને સર્વ નાગરિકો નિર્જીવની માફક અચેતન થઇ ગયા છે.

તે સાંભળી અજાપુત્ર હાહાકાર કરવા લાગ્યો.

અરે ! મારા માટે એ ભાગ્યશાળીને આ શું થયું ? હવે હું વ્યંતરેંદ્રની પાસે જઈ તેને પૂછીને રાજાની તપાસ કરૂં.

એમ વિચાર કરી અજાપુત્રે જળક્રીડાની ઇચ્છાથી જેમ સરોવરની અંદર વિજળીની માફક ઝંપાપાત કર્યો.

"અહો ! મૈત્રી તો આવી જ હોવી જોઈએ"

त्रैलोक्योपकृतौ कृतीति तपने प्रीतिंव्यधाद्वासर-
स्तेनाप्यस्य पृथुप्रकाशजननी कापि प्रतिष्ठा ददे ।
अस्तं यांतममुं विलोक्य विकलः सोप्येतदास्तिद्युते ।
मैत्री घस्रपतंगयोरिव भवेत् पुण्यात् कयोश्चिद् दृढा ॥३१७॥

"ત્રણે લોકના ઉપકારમાં બહુ કુશલ છે, એમ જાણી દિવસે સૂર્ય સાથે પ્રીતિ કરી, ત્યારે સૂર્યે પણ બહુ પ્રકાશ કરનારી કોઈ અદ્‌ભુત પ્રતિષ્ઠા તેને આપી.

પુનઃ સૂર્યનો અસ્ત જોઈ દિવસ આંખો થઇ અસ્ત થઇ ગયો. આવા દિવસ અને સૂર્યની જેવી કોઈક પુણ્યશાળી પ્રાણીઓની સચોટ મૈત્રી હોય છે."

અજાપુત્ર સંકટમાં

વ્યંતરની સહાય વિના સરોવરના જળમાં પડયો કે તરત જ અજાપુત્રને કોઈક મગરે પકડયો; અને કટી સુધી ગળી ગયો. તેટલામાં તે સરોવરજળના પ્રભાવથી અજાપુત્રનું અર્ધું અંગ વાઘનું થઈ ગયું. તેથી મગર પણ તેને ગળી શકયો નહીં. તેમજ અજાપુત્રની કમર ઉપર રહેલા ચૂર્ણના સ્પર્શવાળા પાણીનો મુખમાં પ્રવેશ થવાથી તે મગર પણ મનુષ્ય થઇ ગયો.

હવે અર્ધું અંગ વાઘનું અને અર્ધું અંગ મનુષ્યનું ધારણ કરતો અજાપુત્ર અચેતન થઇ ગયો. પછી તરંગોની લહેરથી તે કીનારા પર આવી પડયો.

અહો ! દૈવની વિચિત્ર ગતિ છે. મનુષ્ય માત્ર પોતાના હૃદયમાં કંઈક અન્ય ચિંતવે છે, ત્યારે દૈવ કંઇક અન્ય પ્રગટ કરે છે.

કારણ કે અજાપુત્ર રાજાને માટે જતો હતો, ત્યારે તે પોતે જ સંકટમાં આવી પડયો.

અરે ! બુદ્ધિમાન્ અને સમર્થ પણ માણસ શું કરે ? હંમેશાં કારણ વિના પણ જેનું દૈવ વૈર શોધ્યા કરે છે.

મિત્ર મિલન

તેવામાં ત્યાં દૈવ ઇચ્છાથી સર્વાંગસુંદરીની દાસીઓ–વ્યંતરીઓ ભૂતલમાંથી રમવા માટે આવી.

કીનારે પડેલો અજાપુત્ર તેમના જોવામાં આવ્યો. નરસિંહની માફક મનુષ્ય અને સિંહનું વિચિત્ર સ્વરૂપ આ અહીં કયાંથી ?

એમ ચકિત થયેલી તે વ્યંતરીઓ તેને ઉપાડી પોતાની સ્વામિનીની પાસે લઈ ગઈ.

ત્યાં રહેલો દુર્જય રાજા આ અદ્‌ભુત સ્વરૂપ જોઈ આશ્ચર્ય પામ્યો કે આ શું ?

પછી તેના હૃદયમાં ચંડિકાનું વચન યાદ આવ્યું. હું જ્યારે શિરછેદ કરતો હતો, ત્યારે દેવીએ મને કહ્યું હતું.

છ માસ પછી માનવ અને વાઘ સ્વરૂપમય તારા મિત્રનો તને સમાગમ થશે. એમ સ્મરણ થયા બાદ તે ભૂપતિએ દેવીએ આપેલા ઔષધ રસનું સિંચન કર્યું.

તરત જ અજાપુત્ર મનુષ્યરૂપી મગરના મુખમાંથી બહાર નીકળ્યો. વળી મગર તો તેજ પ્રમાણે મનુષ્યાકાર સ્થિતિમાં ઉભો રહ્યો અને અજાપુત્ર પણ મનુષ્યના સ્વરૂપને પ્રાપ્ત થયો.

બંને જણ દૈવયોગથી સચેતન થઈ ગયા. બાદ રાજાએ અજાપુત્રને ઓળખીને તેના વિયોગ વ્યથાની આતુરતાને લીધે અંદર પ્રવેશ કરવાને જેમ દૃઢતર આલિંગન કર્યું.

સરોવર પ્રાપ્તિ

પરસ્પર એકબીજાના વૃત્તાન્તના નિવેદનરૂપ અમૃતના સિંચન વડે તેઓ બંને ચિરકાળ પ્રીતિરૂપ વેલડીને પલ્લવિત કરવા લાગ્યા.

સર્વાંગસુંદરી દેવીએ તેમજ દુર્જયરાજાએ પણ સત્કારપૂર્વક મગરપુરુષ સહિત અજાપુત્રને પોતાના સ્થાનમાં રાખ્યો અને તેઓ ત્યાં સુખેથી રહ્યા.

એક દિવસ પ્રસન્ન થયેલો અજાપુત્ર અતિશય સ્ફુરણાયમાન દાંતની કાંતિવડે દિશાઓને ઉજ્વલ કરતો દુર્જયરાજાને કહેવા લાગ્યો.

હે દેવ! આપના નીકળ્યા પછી આપના વિરહદુઃખથી આપનો સમસ્ત પરિવાર પણ અગ્નિમાં કૂએલાની માફક બહુ દુઃખી થયો છે. માટે તમે પોતાના સ્થાનમાં ચાલો અને પોતાના દર્શનરૂપ અમૃતરસ વડે ચંદ્રની માફક આપ સર્વ પરિવારનું જલદી સિંચન કરો.

એ પ્રમાણે પોતાના મિત્રનું વચન સાંભળી રાજા પોતાના નગર પ્રત્યે હાથી જે વિંધ્યાચલ પ્રતિ તેમ ઉત્સાહવાળો થયો અને તે વાત સર્વાંગસુંદરી દેવીને તેણે પૂછી.

ભવિષ્યના વિરહ દુઃખને લીધે પીડાયેલી તે દેવી ચકવાકીની માફક શૂન્ય બની ગઈ અને શોકને લીધે ગદ્‌ગદ કંઠ રાજાને કહેવા લાગી.

હે દેવ! મારી દાસીઓ તે સરોવર ઉપર ક્રીડા કરવા આવેલી હતી. ત્યાં તને કામદેવથી પણ અધિક રૂપવંત જોઈ મારી પાસે તેઓ આવી અને તે વાત મને જણાવી.

તે સાંભળવાથી પૂર્વ જન્મની સ્ત્રીની માફક હું તારી ઉપર બહુ પ્રેમથી આસક્ત થઈ ગઈ.

ત્યાર પછી પુણ્યવંત પુરુષોમાં ચૂડામણિ સમાન તને અહીં લાવવામાં મારૂં સામર્થ્ય ચાલી શકયું નહી, તેથી હાથીનું સ્વરૂપ ધારણ કરી તારા દેખતાં તારા મિત્રને હું અન્યત્ર લઈ ગઈ.

પછી હે રાજન્! તેના દુઃખને લીધે મારા ભાગ્યથી તું અહીં આવ્યો. આજ સુધી તારી સાથે મેં અપૂર્વ સુખ ભોગવ્યું.

હવે તમે તમારા સ્થાનમાં જવાની ઈચ્છા કરો છો તો હું તમને શું કહું? કારણ કે "ગમન અને મરણની ઇચ્છાવાળાઓ કોઈથી પણ રોકી શકાતા નથી."

પરંતુ હે સ્વામિ! મારૂં મન તમારી સાથે આવશે. કારણ કે પોતાનો પ્રાણનાથ પ્રયાણ કરે, ત્યારે ભૃત્યની માફક મન રહેતું નથી.

વળી હંમેશાં સ્વતંત્ર વિચરનાર પુરુષોનો જન્મ ઉત્તમ ગણાય છે અને જીવન પર્યંત પરાધીન વૃત્તિવાળી સ્ત્રીઓનો જન્મ નિંદિત (અધમ) ગણાય છે.

"મોક્ષસુખના કારણભૂત એવા જન્મનો અભાવ કંઈક સારો પણ સર્વ દુઃખના હેતુભૂત સ્ત્રીઓનો જન્મ બીલકુલ સારો નહીં."

સંયોગ થયે છતે સુખ થોડું હોય છે અને વિયોગમાં ભારે દુઃખ થાય છે, એમ જાણતો છતાં પણ મોહિત થયેલો સ્ત્રીવર્ગ પ્રિયને વિષે આસક્ત થાય છે, એ બહુ શોચનીય છે.

હે સ્વામિ! હું દૂર છું છતાં પણ મને આપને સ્વાધીન માનશો. વળી મારો કંઈપણ અવિનય થયો હોય તો આપ કૃપા કરી ક્ષમા કરશો.

એમ કહી સર્વાંગસુંદરીએ દિવ્ય વસ્ત્રાભૂષણથી નૃપાદિક ત્રણે પુરુષોને અલંકૃત કર્યા. પછી તેમને તેણીએ તે સરોવરના કીનારે પહોંચાડ્યા.

નગર પ્રવેશ

ત્યાર પછી ગ્રહણ કર્યું છે વાઘ બનાવનાર પાણી જેણે એવા અજાપુત્રને અને **મગરપુરુષને** લઈ દુર્જયરાજા ત્યાંથી ચાલતો થયો. સુમતિ વગેરે અમાત્યોએ પ્રવેશ મહોત્સવ કરાવ્યો,

દુર્જયભૂપતિએ મિત્ર સહિત પોતાના મહેલમાં પ્રવેશ કર્યો. ત્યાં આગળ રાજાના આગ્રહથી અજ્જપુત્ર કેટલાક દિવસ રહ્યો. પછી ત્યાંથી નીકળવાની રજા તેણે મહા મુશીબતે મેળવી.

રાજાએ સુવર્ણ રત્નાદિક કેટલીક સંપત્તિ ભેટમાં તેને આપી. અજ્જપુત્ર તે રત્નાદિકને તૃણની માફક ત્યાં મૂકીને નગરપુરુષને પોતાની સાથે લઈ ત્યાંથી નીકળ્યો અને તેજ સુરંગ દ્વારાએ તે યક્ષના મંદિરમાં આવ્યો.

ત્યાં સૂઈ ગયેલા વાનર પુરુષને ઉઠાડીને બંને પુરુષોને સાથે લઈ પોતાના નગરમાં જવાની ઇચ્છાથી અજ્જપુત્ર ત્યાંથી આગળ ચાલ્યો.

ત્યાં મેઘના અથડાવાવડે આકાશમાંથી પડેલી પૂર્ણિમાના ચંદ્રની મંડલી હોય ને શું ? તેવી એક સ્ફટિક રત્નોથી બંધાવેલી ક્રીડાવાવ તેના જોવામાં આવી. તેમજ તે વાપિકાની ચારે બાજુએ કાંતિના સમૂહથી દેદીપ્યમાન અને અનેક પ્રકારની શોભાથી વિભૂષિત તારામંડલની માફક બહુ રુદ્ધિવાળાં ઘણાં વિમાનો જોયાં.

તે વાવની અંદર કામદેવની સ્ત્રી–રતિથી અધિક રૂપવાન, ઇંદ્રાણીના સરખી તેજસ્વી અને લક્ષ્મીદેવીને અનુકરણ કરતી હોય તેવી કેટલીક સ્ત્રીઓને ક્રીડા કરતી જોઈ. વળી તે સ્ત્રીઓ પાણીના ખોબા ભરી એક બીજીની ઉપર હાસ્યપૂર્વક ફેંકતી હતી.

તે જોઈ અજ્જપુત્રને સંદેહ થયો કે, આ મનુષ્ય જાતિ હશે ? શું દેવાંગનાઓ હશે ? એમ તે વિતર્ક કરતો હતો, તેટલામાં તેમનાં નેત્રો વારંવાર મિષોન્મિષ થવાથી તેનો સંશય દૂર થઈ ગયો.

પછી અજ્જપુત્ર તેઓ ન દેખે તેવી રીતે તેમનું લાવણ્ય જોઈ વિસ્મય પામ્યો અને ચિરકાલ વિચાર કરવા લાગ્યો.

આ સ્ત્રીઓના મુખની કાંતિ આગળ ચંદ્રિકા પણ નિસ્તેજ થાય છે. શરીરની કાંતિ સુવર્ણને ઝાંખુ કરે છે.

સદ્ભાવથી સ્નિગ્ધ એવી એમની દૃષ્ટિ આગળ અમૃતની વૃષ્ટિ વૃથા છે અને એમની વાણી જો સાંભળી હોય તો વીણાનો નાદ પ્રીતિકારક થાય નહીં.

પછી ક્રીડા કરતી તે સ્ત્રીઓનો કોકિલાઓના આલાપ સમાન મધુર આલાપ નજીકમાં રહેલા અજાપુત્રના સાંભળવામાં આવ્યો.

હે સખીઓ ! હાલમાં અષ્ટાપદગિરિ ઉપર જવા માટે બહુ સમય થઈ ગયો છે અને ત્યાં આગળ દેવાંગનાઓ સહિત દેવેન્દ્ર હાલ આવ્યો હશે.

માટે આ જલક્રીડા હવે રહેવા દો. જલદી બહાર નીકળો. વાવમાંથી કમળો લઇ વિમાનોવડે અહીંથી ચાલવા માંડો. એ પ્રમાણે વિદ્યાધરની સ્ત્રીઓએ વિચાર કરી ત્યાંથી ચાલવાની તૈયારી કરી.

તે સાંભળી અજાપુત્રને બહુ આનંદ થયો અને તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો.

પૃથ્વીપર પરિભ્રમણ કરવાથી મેં મનુષ્ય લોકની સઘળી વ્યવસ્થા જોઈ તેમજ વ્યંતરેન્દ્રના પ્રભાવથી નરક સ્થાનપણ જોયાં,

તેમજ હાલમાં નાના પ્રકારના વૈમાનિક દેવો જોવા જોઈએ. જેમને વિષે લક્ષ્મી સાથે અપાર સુખ રહેલું છે. માટે હાર અને જળ સહિત આ બંને પુરુષોને અહીં મૂકી વ્યંતરે આપેલી ગુટિકાવડે ભ્રમરનું સ્વરૂપ ધારણ કરી,

હું પોતે સ્ત્રીઓના હાથમાં રહેલાં કમળોપર ઇચ્છા મુજબ સ્થિતિ કરતો કરતો અષ્ટાપદ તીર્થની યાત્રા કરૂં અને પોતાના આત્માને કૃતાર્થ કરું.

એમ વિચાર કરી અજાપુત્ર તેજ વખતે ભ્રમરનું સ્વરૂપ કરીને વિદ્યાધરીઓના હાથમાં રહેલાં કમળોપર બેસી તેઓની સાથે ચાલતો થયો.

અષ્ટાપદ તીર્થયાત્રા

હવે તે ભ્રમરરૂપ થયેલો અજાપુત્ર વિદ્યાધરીઓના હસ્તકમળમાં ઇચ્છા પ્રમાણે પરિભ્રમણ કરતો સુંદર ગુંજારવવડે તે સ્ત્રીઓને વારંવાર મોહિત કરવા લાગ્યો.

કર્ણને અમૃતના પ્રવાહ સમાન ઝંકારવડે આનંદ પામતી તે સ્ત્રીઓ માર્ગમાં અહીં આવ, અહીં આવ એમ તે ભ્રમરને પોતાની પાસમાં બોલાવતી હતી.

ભ્રમર પણ સિદ્ધની માફક તેમનો ભાવ સમજી તેમની પાસે જઈને સુંદર સ્વરોવડે તેમના કર્ણ માર્ગમાં અમૃતની વૃષ્ટિ કરતો હોય તેમ આનંદ આપતો હતો.

એ પ્રમાણે વિદ્યાધરીઓથી ડગલે ડગલે સત્કાર પામતો ભ્રમર આકાશને સ્પર્શ કરતું છે શિખર જેનું એવા અષ્ટાપદ પર્વતપર ગયો.

તેની ચારે બાજુએ વહેતી ગંગાના અગાધ પાણીમાં પડેલા પ્રતિબિંબવડે હંમેશાં પોતાનું સૌંદર્ય જોતો હોય ને શું ?

તેમજ ચૈત્યોથી ઉત્પન્ન થયેલા અને ચારે તરફ પ્રસરતા પુણ્યથી જેમ અથવા યશવડે જેમ દેદીપ્યમાન સ્ફટિક રત્નોના શરીરવડે વિશુદ્ધ કાંતિમય, સર્વત્ર રત્નમય હોવાથી સર્વ પર્વતોના જય વડે પ્રગટ થયેલી કીર્તિઓને ઝરણાઓના મિષથી સાક્ષાત્ ધારણ કરતો હોય ને શું ?

વળી ઉંચાઈમાં આઠ યોજન અને આઠ જોનાં પગથીયાં રહેલાં છે એવા તે અષ્ટાપદગિરિને અજાપુત્ર સર્વ બાજુએ જોવા લાગ્યો.

તેમાં ઉંચાઈ અને કાંતિવડે પૃથ્વી ઉપર રહેલા સમસ્ત પ્રાસાદોને મોટી પતાકાઓરૂપી આંગળીઓના હલાવવાવડે તિરસ્કાર કરતો હોય ને શું ?

ઉત્તમ સુવર્ણને પ્રકાશિત કરનાર જ્યોતિષ મંડલને લીધે પીતવર્ણ, જેથી બહારના ભાગમાં ચારે તરફ કેસર ચંદનના લેપવાળો હોય ને શું ?

આ દુનિયામાં મારા સરખો કોઈપણ પ્રાસાદ છે કે નહીં ? તે જોવા માટે પર્વતના ઉંચા શિખરપર આરૂઢ થયેલો હોય ને શું ?

વળી ચાર દ્વાર, ત્રણ કોશ ઉંચાઈ અને લંબાઈને પહોળાઈમાં એક યોજન **સિંહનિષદ્ય** નામે સુવર્ણમય એક અદ્‌ભુત ચૈત્યનાં દર્શન થયાં.

તે જોઈ ભ્રમરરૂપ અજાપુત્ર પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો.

આ શું પુણ્યનો ઢગલો હશે ?

શું પરાત્મસંબંધિ તેજ હશે ?

શું મોક્ષ સ્થાન હશે ?

એમ ક્ષણમાત્ર વિતર્ક કરી સુગંધમય અને પ્રફુલ્લ મંદારતરૂનાં પુષ્પોમાં ગુલતાન બનેલા તેમજ ગુંજારવ કરતા ભમરાઓના ઝંકારાઓવડે વાચાલિત હોય ને શું ?

કૌતુકથી નિશ્ચલ અંગે ઉભેલી દેવાંગનાઓ હોય ને શું ?

તેમ ચારે તરફ ગોઠવેલી મણિમય પુતળીઓવડે વિભૂષિત તેમજ પંચવર્ણી સ્ફુરણાયમાન અનેક રત્નોથી બાંધેલું છે ભૂતલ જેનું એવા તે પ્રાસાદના મધ્યભાગમાં તે ભ્રમર આશ્ચર્ય પામતો સ્થિર થયો.

દિવ્ય સંગીત

તે પ્રાસાદની અંદર પૂર્વાદિ ચારે દિશાઓમાં પોતપોતાના વર્ણ અને પ્રમાણથી યુક્ત,

રત્નોના પીઠ ઉપર પ્રતિષ્ઠિત કરેલા અને

દરેક દિશામાં અનુક્રમે બે, ચાર, આઠ અને દશ એમ આદિનાથ આદિ ચોવીશ તીર્થંકરોની વિધિ પ્રમાણે વિદ્યાધરીઓએ પૂજા કરી.

પછી તેઓ ભક્તિવડે સ્તુતિ કરવા લાગી.

તેવામાં ત્યાં ઇંદ્રાણી વિગેરે પોતાના પરિવાર સાથે અદ્‌ભુત શોભાયુક્ત ઇંદ્ર પણ આવ્યો.

જેના શરીરની અપૂર્વ કાંતિવડે સૂર્ય પણ ઝાંખો પડી ગયો તેમજ અનુપમ દેવદૂષ્ય અને દિવ્ય અલંકારોથી સુશોભિત એવા તે ઇંદ્રની સાથે બહુ દેવો આવેલા હતા.

બહુ આનંદથી પુષ્પાંજલિપૂર્વક જિનેંદ્ર ભગવાનોનું સ્નાત્ર કરીને વિવિધ પ્રકારનું પૂજન કર્યું. પછી ઇંદ્ર મહારાજ નૃત્ય ગીત માટે રંગમંડપમાં ગયા.

તુંબુરૂ વિગેરે દેવગાયકો ગાવા લાગ્યા.

જેમનો અવાજ કોકિલના ધ્વનિને અનુસરતો હતો.

તાલ અને ગીતને બહુ ઉચિત લાગે તે પ્રમાણે વાજીંત્ર વાગવા લાગ્યાં.

ઇંદ્રાણી વિગેરે દેવાંગનાઓ ચાર પ્રકારના અભિનય-કરચેષ્ટાદિ સહિત,

લાસ્ય-સ્ત્રીગીત અને તાંડવ-પુરૂષ ગીતના વિવિધભેદવડે વિચિત્ર પ્રકારનાં નૃત્ય કરવા લાગી.

દેવોની સભામાં મનુષ્યજાતિ રત્નોના ઢગલામાં કાચના ટુકડા બરોબર ગણાય, એમ ભ્રમર બનેલા અજાપુત્રે પણ તે સર્વ પ્રેક્ષણાદિક જોયું.

નૃત્ય પૂર્ણ થયા બાદ ઇંદ્ર મહારાજે ફરીથી ગાવા માટે તુંબુરૂને આજ્ઞા કરી. બરોબર રમ્યત્વ એજ ગણાય કે જેની વારંવાર રૂચિ થાય.

તે અરસામાં અજાપુત્રને વિચાર થયો કે, આ સભામાં કલાવડે મારે પ્રગટ થવું જોઇએ, કારણ કે પ્રકાશમાં આવ્યા વિના પુરુષનો જન્મ પશુની જેમ વૃથા છે.

એમ જાણી અજાપુત્રે ભ્રમરપણું ત્યાગ કરી તુંબુરૂનું સ્વરૂપ ધરી સ્વર, ગ્રામ અને મૂર્ચ્છનાના ભેદથી સ્પષ્ટરીતે ગાયનની શરૂઆત કરી.

તેના મુખમાંથી નીકળતી શ્રુતિ-ધ્વનિ સાક્ષાત્ અમૃતના પ્રવાહ વડે સિંચન કરતી હોય તેમ સભાસદોના હૃદયમાં પ્રીતિરૂપ વેલડીને પલ્લવિત કરતી હતી.

તે ગીતના આસ્વાદથી તુષ્ટ થયેલા શ્રોત-કાનને જોઈ સભામાં રહેલા દેવોનાં બીજાં ઇંદ્રિયો રસાસ્વાદમાં અજ્ઞાત હોવાને લીધે આપણે છેતરાયાં એમ માનવા લાગ્યાં.

જો કે કાન વિનાના સર્પો પણ ગીતથી પ્રસન્ન થાય છે, તો સકર્ણ એવા પ્રાણીઓ તેના રસાસ્વાદમાં આસક્ત થાય તેમાં શું કહેવું.?

પુણ્ય મહિમા

તે ગીતનું અતિશય માધુર્ય સાંભળી ઇંદ્રાદિક દેવો વિચાર કરવા લાગ્યા. આજે તુંબરૂના કંઠનું માધુર્ય આટલું બધું શાથી ?

તે સમયે ગાયનાદિકના ગુણોવડે તુલ્ય એવા તે અજ્ઞાપુત્રરૂપ તુંબુરૂને જોઇ આ નવીન તુંબુરૂ કોણ છે ? એ પ્રમાણે દેવતુંબુરૂ પણ બહુ વિસ્મય પામ્યો.

પછી ઇંદ્રે તેને તુષ્ટિદાન આપવા માટે પોતાની પાસે બોલાવ્યો એટલે અજ્ઞાપુત્ર તુંબુરૂના સ્વરૂપનો ત્યાગ કરી મનુષ્ય થઈ તેની આગળ ઉભો રહ્યો.

તેને જોઈ સભામાં બેઠેલા સર્વ દેવતાઓ ચકિત થઇ ગયા અને ઇંદ્ર પણ વિસ્મય પામ્યો.

ત્યાર પછી તેણે પૂછયું. તું કોણ છે અને અહીં આવવાનું શું કારણ ?

ત્યારે અજ્ઞાપુત્રે પોતાનું સર્વ વૃત્તાંત નિવેદન કર્યું.

બાદ તેના અદ્‌ભુત ગુણોથી મોહિત થયેલા ઇંદ્રે દિવ્ય વસ્ત્રાદિક આપી તેનો બહુ સત્કાર કર્યો.

અહો ! રૂપ, અહો ! કાંતિ, અહો ! સંપત્તિ, અહો ! વૈભવ, અહો ! ઇંદ્રાણી વિગેરે દેવીઓ અને આ સર્વ સમૃદ્ધિ લોકોત્તર દેખાય છે.

એ પ્રમાણે અપાર ઇંદ્રની શોભાવડે હરાયું છે મન જેનું, એવો અજ્ઞાપુત્ર તેને પૂછવા લાગ્યો.

હે દેવેંદ્ર ! આ અદ્‌ભુત લક્ષ્મી આપને શાથી પ્રાપ્ત થઇ હશે. તે સાંભળી ઇંદ્ર બોલ્યો.

स्वर्गे स्थानं विमाने वसतिरनुपमे ज्योतिरुद्योति देहं,
पारेवाग्वर्ति वीर्यं नवनवविलसद्रूपनिर्माणसिद्धिः ।
लक्ष्मीस्त्रैलोक्यकाम्या गतिरनुपहता गीतनृत्यादि रम्यं,
शच्याद्या भोगपात्रं मम सुकृतवशाज्जातमैश्वर्यमेतद् ॥ १ ॥

"સ્વર્ગમાં સ્થાન, અતિ ઉત્તમ વિમાનમાં નિવાસ, તેજના પ્રભાવથી ઉદ્યોતિત શરીર, વાણીથી ન વર્ણવી શકાય તેવું પરાક્રમ, અનેક પ્રકારનાં નવીન અને વિકસ્વર સ્વરૂપ નિર્માણની સિદ્ધિ, ત્રણે લોકને ઇચ્છવા લાયક લક્ષ્મી, અકુંઠિત ગતિ, મનોહર ગીત અને નૃત્યાદિક તેમજ ઇંદ્રાણી વિગેરે ભોગ પાત્ર, એ સર્વ ઐશ્વર્ય મારા પુણ્યને લીધે મને પ્રાપ્ત થયું છે."

અથવા ઇંદ્રાદિકની પદવી એ ખરેખર ધર્મરુપી વૃક્ષનું પુષ્પ છે. અને ચિદાનંદમય મોક્ષ ધામ, એ તેનું ફલ છે. તે ધર્મનો મહિમા અપાર અને અદ્‌ભુત અમે માનીયે છીએ. જે ધર્મ માત્ર આશ્રય કરવાથી માનવ ગતિ દેવ ગતિ અને મોક્ષની સંપત્તિને આપે છે.

શરદઋતુ

એ પ્રમાણે ઇંદ્રના ઉપદેશથી અને તેની સંપત્તિના અવલોકનથી અજાપુત્રની શ્રદ્ધા ધર્મમાં બહુ દૃઢ થઈ.

ત્યાર પછી અજાપુત્રને પોતાના સ્થાનમાં પહોચાડવા માટે એક દેવને આજ્ઞા આપીને ઇંદ્ર પોતે સ્વર્ગસ્થાનમાં ગયો.

ઉત્તમ ભાવનાવડે અજાપુત્રે પણ તીર્થને નમસ્કાર કર્યો.

ત્યાર બાદ તે દેવે તેને ઉપાડી ત્યાંથી વાવના કીનારે મૂકયો. ત્યાં પોતાના બંને પુરુષો સૂઈ ગયા હતા, તેમના પડખામાં અજાપુત્ર પગથી તે મસ્તક સુધી દીવ્ય વસ્ત્ર ઓઢીને સુઇ ગયો.

ક્ષણમાત્ર પછી જાગી ઉઠેલા બંને પુરુષો વિચાર કરવા લાગ્યા. દિવ્ય વસ્ત્ર ઓઢી આ કોણ સૂતો છે? તેટલામાં અજાપુત્ર બેઠો થયો અને પોતાની ઓળખાણ આપી તેમને તેણે વિસ્મિત કર્યા. ત્રણે જણ પરસ્પર વાતચિત કરી સમયકાલ વ્યતીત કરતા હતા.

તેવામાં પંક-કાદવ-પાપને દૂર કરનાર, બહુ પ્રકારનાં ધાન્ય બહુ ધાર્મિક જનોની વૃદ્ધિ કરનાર એવા સત્પુરૂષ સમાન સર્વને પ્રિય એવો શરદ્‌ઋતુકાલ આવ્યો.

જે શરદ્ ઋતુની અંદર સ્ફુરણાયમાન કમલોના સમૂહ રહેલા છે અને ફલના ભારથી નમતા ડાંગરના છોડવાઓ સત્પુત્રો માતાને જેમ પૃથ્વીને શોભાવે છે.

તે સમયે મયૂરના શબ્દો કઠોર લાગતા હતા અને હંસના શબ્દો મધુર લાગતા હતા, અથવા હંમેશાં રમણીયતા કોનામાં રહે છે ?

તેમજ શરદ્ ઋતુમાં લક્ષ્મીથી વિશાલ સરલ અને પંક રહિત માર્ગો સજ્જનની માફક સેવવા લાયક થયા.

મેઘ મંડલ નિવૃત્ત થઈ ગયું, તેથી આકાશ જાણે ઉંચું ગયું હોય, દિશાઓ પાછી પડી હોય ? આકાશ અને પૃથ્વીનો મધ્યભાગ જાણે વિશાળ થયો હોય તેમ દેખાવા લાગ્યું.

ત્યાર પછી અર્થ અને કામ સહિત ધર્મની જેમ બંને પુરુષો સહિત અજાપુત્ર ત્યાંથી નગરી પ્રત્યે ચાલતો થયો અને પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો.

મેં ત્રણે લોકને દૃષ્ટિગોચર કર્યા. તિર્યંચોને મનુષ્ય બનાવવાનું ચૂર્ણ દુર્લભ છતાં પણ મેં તે મેળવ્યું.

તેમજ મનુષ્યોને તિર્યંચ બનાવનાર જલ પણ મેળવ્યું.

ચૂર્ણના યોગથી આ બંને તિર્યંચોને મનુષ્ય બનાવ્યા અને તેઓ સેવકની માફક મારી આજ્ઞામાં રહે છે, માટે મારો જન્મ સફલ થયો. વળી મારું ભાગ્ય પણ પ્રબલ છે. એમ આનંદ માનતો છતાં તે જયંતી નગરીમાં ગયો.

મનને સ્થિર કરનારી તે નગરીની શોભાને સર્વત્ર જોતો જોતો અજાપુત્ર બહુબુદ્ધિ નામે શેઠને ત્યાં ગયો.

શ્રેષ્ઠી એને જોઈને સમજ્યો કે આ કોઈ ઉત્તમ પુરુષ છે, એમ જાણી તેણે પોતાના ઘરમાં તેને ઉતારો આપ્યો.

અજાપુત્ર પણ બંને પુરુષો સહિત ત્યાં રહ્યો. અહો! સત્પુરુષોનો સર્વત્ર સત્કાર થાય છે.

વિક્રમરાજા

હવે પોતાની પાસે જે હાર હતો, તે તેણે સંરક્ષણ માટે શેઠને મૂકવા આપ્યો અને જે ચૂર્ણ હતું, તે કપિ પુરુષને આપ્યું. ત્યાર પછી અજપુત્ર નખ ઉતરાવવા માટે હજામના ઘેર ગયો. તેના ઘેરથી નીકળતાં અજપુત્રના કટીપ્રદેશથી બંને દિવ્ય વસ્ત્ર દૈવયોગે પડી ગયાં. તે વસ્ત્રો હજામે લાંબા હાથે લઈ લીધાં.

બહુ સુકોમલ હોવાથી તેણે જાણ્યું કે, આ દેવલોકનાં વસ્ત્ર છે. તેથી એની કિંમત વધારે હશે, એમ ધારી તેણે શેઠને ત્યાં વેચી દીધાં.

શેઠે જાણ્યું કે, આ દિવ્ય વસ્ત્ર રાજાને લાયક છે. એમ સમજી તેણે પોતાની નગરીનો અધિપતિ **વિક્રમરાજા** હતો, તેને ભેટમાં આપ્યા.

તે અરસામાં ક્ષીણ થયેલા કામદેવનું બળ વધારવા માટે ઉત્તમ પ્રકારનું રસાયન હોય તેમ વસંતઋતુ પ્રગટ થઈ.

બાલપલ્લવોના સમૂહથી રક્ત થયેલી વનભૂમિ વસંત રૂપ પોતાના પતિ પ્રત્યે રાગને પ્રગટ કરતી હોય તેમ દેખાવા લાગી.

મકરંદ-રસના પાનથી ઉન્મત્ત થયેલા અને ગુંજારવ કરતા ભ્રમરાઓ જાણે ઋતુ રાજાની બિરૂદાવલી બોલતા માગધ હોય ને શું ? તેમ શોભતા હતા.

વિયોગી સ્ત્રીયોના હૃદયમાં રહેલા વિરહાગ્નિને પ્રદીપ્ત કરવા જેમ મલયાચલનો વાયુ વિશેષ વાવા લાગ્યો.

ઋતુરૂપી પતિનું આગમન થયે છતે ચંચલ પત્રોવડે નૃત્ય કરતી,

પુષ્પોવડે હાસ્ય કરતી અને ભ્રમરાઓના ગુંજારવવડે સંગીત કરતી હોય તેમ વનભૂમિ સ્ફુરવા લાગી.

ચારે તરફના વનપ્રદેશ પુષ્પોથી દીપવા લાગ્યા.

ભ્રમરાઓ મદોન્મત્ત થઈ ગુંજારવ કરવા લાગ્યા.

કોકિલા મનોહર નાદ કરવા લાગી.

સુગંધમય પવનનો પ્રસાર થવા લાગ્યો.

સ્વચ્છ કાંતિમય ચંદ્રનો પ્રકાશ થવા લાગ્યો અને કામદેવનું બળ વધવા લાગ્યું.

વસંત સમયમાં કેમ આનંદ ન થાય ?

વસંતોત્સવ

એવો રમણીય વસંત સમય જાણી સર્વે નાગરિકો લોકો અમૂલ્ય વસ્ત્ર અને આભૂષણ પહેરી વસંત ઉત્સવ માટે ઉત્તમ ઉદ્યાનોમાં ગયા,

તેમજ ભેટમાં આવેલ તે દિવ્ય વસ્ત્ર ધારણ કરી શ્રીવિક્રમરાજા પણ પોતાની રાણીઓ સાથે ક્રીડા કરવા માટે ઉદ્યાનમાં ગયો.

ત્યારે બહુબુદ્ધિશેઠનો પુત્ર **મતિસાગર** પણ અજાપુત્રનો હાર પહેરી તેજ ઉદ્યાનમાં દૈવયોગે ગયો.

રાજાએ તેના કંઠમાં રહેલો હાર જોયો કે તરત જ તેણે ઓળખ્યો. આ હાર મારો છે, એમ જાણી તેણે પોતાના સુભટોને આજ્ઞા કરી એટલે તેઓએ મતિસાગરને રાજા પાસે લાવીને ઉભો કર્યો.

રાજાએ તેને પૂછયું, સત્ય બોલ, આ અમૂલ્ય હાર તું કયાંથી લાવ્યો ?

મતિસાગર કંઈ ઉત્તર આપી શકયો નહીં અને મૌન મુખે ઉભો રહ્યો.

પછી રાજાના હુકમથી સુભટોએ તેને મજબુત બાંધીને દંડ-મુષ્ટિઓના પ્રહારથી ખુબ કૂટયો, જેથી તેના મુખમાંથી રૂધિર નીકળવા માંડયું અને અચેતનની જેમ પૃથ્વીપર તે આળોટવા લાગ્યો.

આ હારનું વૃત્તાંત બહુબુદ્ધિશેઠના જાણવામાં આવ્યું. પોતે બહુબુદ્ધિમાન હતો, તેથી અજાપુત્રને સાથે લઇ રાજાની પાસે ગયો.

રાજાએ પૂછયું. હે શેઠ ! આ હાર કોનો છે ?

શ્રેષ્ઠીએ કહ્યું; હે રાજન્ ! આ હાર આ અજાપુત્રનો છે.

મારા પુત્રને તમે શા માટે માર્યો ?

તે સાંભળી રાજાએ શેઠના પુત્રને પડતો મૂકી અજાપુત્રને કબજામાં લઇ પૂછયું. શું આ હાર તેં ચોર્યો છે ?

કૌતુકથી તેણે હા કહી.

રાજાએ હુકમ કર્યો.

હે સુભટો ! આ ચોરને મેષની માફક મારો.

પછી અજાપુત્ર બોલ્યો. હે દેવ ! મારૂં એક વચન સાંભળો. જે પરવસ્તુની ચોરી કરે, તેને મારવો એ આપનો ન્યાય છે, પરંતુ બીજો પણ ચોર હોય તેને પણ જરૂર તમારે મારવો, એ વાત પત્ર પર લખો.

આ ઉપરથી અજાપુત્રનું કહેવું એમ હતું કે તમે પણ ચોર છો." આવો એનો અભિપ્રાય નહીં જાણવાથી રાજાએ રોષથી તે હકીકત પત્રમાં લખાવી.

ત્યાર પછી અજાપુત્ર બોલ્યો. હે રાજન્ ! આ ન્યાય આપને પાળવો પડશે.

રાજાએ તે વાત કબુલ કરી.

પછી અજાપુત્ર બોલ્યો. આપની પાસે બે વસ્ત્ર છે, તે મારા છે, તેથી તમે પણ ચોર છો,

હે રાજન્ ! મારૂં કહેવું જો આપ અસત્ય માનતા હોય તો આ વસ્ત્રો તમને કયાંથી મળ્યાં તેની પરંપરાની તમે તપાસ કરો.

રાજાએ તે વસ્ત્ર આપનારને પૂછયું.

આ વસ્ત્ર કોનાં છે ? શ્રેષ્ઠીએ કહ્યું. આ વસ્ત્ર મને હજામે આપ્યાં હતા.

હજામને પૂછવાથી જવાબમાં તેણે જણાવ્યું કે આ વસ્ત્ર અજાપુત્રનાં છે.

આ વાત સાંભળી વિક્રમરાજાનું મુખ કંઈક ઉતરી ગયું અને તેણે અજાપુત્રને કહ્યું.

અન્ય પુરુષના આપવાથી આ વસ્ત્ર મેં લીધાં, તેથી હું ચોર ન જ ગણાઉં.

તે સાંભળી અજાપુત્ર પણ હાસ્ય કરી બોલ્યો.

જો આપનું સમજવું એ પ્રમાણે હોય, તો હું પણ ચોર ન જ ગણાઉં, કારણ કે મને આ હાર બીજાએ આપેલો છે.

કેલિમર્કટ

ત્યારબાદ રાજાએ હારની તપાસ માટે પોતાના કોશાધિપતિને બોલાવીને પૂછયું. ત્યારે તેણે કહ્યું કે, હે દેવ ! આપની કુંવરીને પહેરવા માટે આ હાર મેં તેને આપ્યો હતો,

પછી પોતાની પુત્રીને બોલાવી વિક્રમરાજાએ પૂછયું. હે વત્સે ! તારી પાસે હાલમાં હાર છે કે નહીં ?

પુત્રીએ જવાબ આપ્યો. હે પિતાજી ! નગરની બહાર ક્રીડાવાવમાં હું સખીઓ સાથે રમતી હતી, ત્યારે કોનારે મૂકેલો હાર કેલિમર્કટ લઈને નાશી ગયો. તેની દરેક ઠેકાણે ઘણી તપાસ કરી, પણ ચોરની માફક તેનો પત્તો લાગ્યો નહીં. આ વાત આપની આગળ બીકની મારી મેં કહી નથી.

આ વાત કપિપુરુષના સાંભળવામાં આવી અને તરત જ તેણે રાજકુમારીના સામું જોયું એટલે ફરીથી વાનર થવાની ઇચ્છા તેને થઇ.

"અહો ! પોતાની જાતિનું જ્ઞાન દુરત્યાજ્ય હોય છે."

હવે તે કપિ પુરુષે પશુત્વકારક જળ પીધું, કે તરત જ તે વાનર થઈ ગયો અને કુદકો મારી એકદમ રાજકુમારીની પાસે ગયો.

તેણીએ પણ પોતાનો કેલિમર્કટ ઓળખ્યો અને તેને પોતાના ખોળામાં બેસાડયો.

"કારણ વિના સ્નેહ થતો નથી."

આ બીના જોઈ રાજા વિસ્મિત થઈ ગયો અને તે અજાપુત્રને આ હકીકત પૂછવા લાગ્યો.

ત્યારે તેણે વાનરનું વૃત્તાંત જણાવીને તે હાર વિક્રમરાજાને આપ્યો.

પછી રાજાએ પણ પોતાનો હાર અંગીકાર કરી બંને દિવ્ય વસ્ત્રો અજાપુત્રને આપ્યાં. બાદ પોતાના અવિનયની માફી માગી અને વસ્ત્રાભૂષણથી તેનો સત્કાર કરી બહુ આનંદથી અજાપુત્રને વિદાય કર્યો.

એ પ્રમાણે તે નગરની અંદર પોતાને પ્રગટ કરી ચૂર્ણ અને પશુત્વકારક પાણી લઈને મગરપુરુષની સાથે અજાપુત્ર ત્યાંથી ચાલતો થયો.

ઉન્મત્તહાથી

દેશાટનની ઇચ્છાથી અજાપુત્ર પ્રયાણ કરવા લાગ્યો. દ્રોણસમુદ્રની ભરતીથી વીંટાયેલ, પત્તન–દેશાંતરથી આવતા કરીયાણનું મથક, સંબાધ–બહુ લોકોના સમાગમવાળું સ્થાન, ગ્રામ અને આકાર વિગેરે સ્થાનોમાં સિદ્ધની માફક પરિભ્રણ કરતો અજાપુત્ર પોતાની દૃષ્ટિ સફળ કરતો હતો.

એક દિવસ તે વનની અંદર ચાલતો હતો, તેવામાં મધ્યાન્હ સમયે હાથીએ હરણ કરેલો કોઈ પુરુષ તેના જોવામાં આવ્યો.

તે તેની નજીકમાં ગયો અને તે હાથીના કુંભસ્થલ ઉપર અચેતનની માફક રહેલા પુરુષને જોઇ તેને સ્વસ્થ કરવાની ઈચ્છા થઈ, કારણ કે "પરોપકાર એ સત્પુરૂષોનું લક્ષણ છે,"

બહુ ઝડપથી ચાલતા તે હાથીને અટકાવવા અજાપુત્રની શક્તિ ચાલી નહીં. તેથી તેણે અગ્નિવૃક્ષના ફલના ચૂર્ણ વડે તે હાથીને મનુષ્ય કર્યો અને ઠંડા ઉપચારો વડે પુરુષને પણ સચેતન કર્યો,

પછી અજાપુત્રે તેને પૂછયું, હે ભાઈ ! તું કોણ છે ? તેણે પણ પોતાનું વૃત્તાંત કહેવાનો પ્રારંભ કર્યો.

વિમલવાહન

અહીંયાં **વિજયપુર** નામે નગર છે. જેની સમૃદ્ધિને દેવ પણ વખાણે છે. તેમાં **મહાસેન** નામે રાજા રાજ્ય કરે છે,

તે પરાક્રમમાં ઇંદ્ર સમાન છે. રણસંગ્રામમાં યમ સમાન જેના ખડગની ધારારૂપી જળમાં ડૂબકાં મારતા શત્રુઓ સુખેથી સ્વર્ગવાસ પામ્યા છે.

પૃથ્વી પર રહેલી જાણે ઇંદ્રાણી હોય તેવી સુકોમલ કાંતિથી ભરપુર **શીલવતી** નામે તેની સ્ત્રી છે. તેનો હું પુત્ર છું. મારૂં નામ **વિમલવાહન** છે.

આ હાથીને વશ કરવા હું આરૂઢ થયો. મદોન્મત્ત થયેલો આ હાથી યમની માફક બહુ રોષથી મને ઉપાડીને ચાલતો થયો.

તેને સ્થિર કરવાનો મેં ઘણો પ્રયાસ કર્યો, પરંતુ પોતે માતંગ–હાથી છે, તે નામનું સાદૃશ્ય માતંગ–ચાંડાલપણું જાહેર કરવાને જેમ, તેણે શ્રમાદ્વિકને લીધે મૃતક સમાન મને કરી દીધો.

કાષ્ઠની માફક અચેતન થયેલો અને પ્રાણ પણ છોડીને ચાલ્યા ગયા હોય, તેમ બેભાન થયેલા મને આપે જીવિતદાન આપ્યું.

માટે હે મિત્ર ! આપે કયો ઉપકાર ન કર્યો ગણાય ? કુલવાન, ધનવાન, વિદ્વાન, ધનુષધારી, વિનયવાન અને નીતિમાન પુરુષ આ દુનિયામાં સુલભ હોય છે. પરંતુ પરોપકારી બહુ દુર્લભ હોય છે.

ત્યાર પછી મનુષ્ય થયેલા હાથીને અને રાજકુમારને ભાતુ આપી જમાડયા. એ બંનેને પોતાની સાથે લઈ અજાપુત્ર આગળ ચાલ્યો.

સૂર્યાસ્ત થયો. રાત્રિના સમયે એક દેવાલયમાં નિવાસ કર્યો, હસ્તિપુરુષ મગરપુરુષ અને અજાપુત્ર, એ ત્રણે જણ સુઈ ગયા,

રાજકુમાર–વિમલવાહનને નવીન દુઃખને લીધે નિર્ધનને જેમ સત્કાર તેમ નિદ્રા આવી નહીં. તેવામાં તે દેવાલયમાં મેના પોપટનું એક જોડલું મનુષ્ય વાણીથી બોલતું હતું.

તે સાંભળી વિમલવાહન વિશેષ સાંભળવાની ઈચ્છાથી તેની પાસે ગયો. અને ગુપ્ત રીતે ત્યાં ઉભો રહ્યો.

મેનાએ પૂછયું. આજસુધી તું કયાં રહ્યો ? અને કેવી રીતે મુક્ત થયો ?

તે સાંભળી પોપટ બોલ્યો. તે વખતે ભિલ્લ મને પકડીને વિજયપુરમાં લઈ ગયો, તે ભિલ્લે દાસની જેમ રાજાની દાસીને ત્યાં મને વેચ્યો.

દાસીએ **મહાસેના** રાજાની સ્ત્રી **શીલવતી**ના હાથમાં મને આપ્યો. રાણી પણ મને જોઈ પોતાના મનમાં બહુ ખુશી થઈ.

મનુષ્ય વાણી અને મારા મુખમાંથી ઉત્તમ શ્લોકો સાંભળીને સંતુષ્ટ થયેલી રાણીએ મને સોનાના પાંજરામાં નાખ્યો. કારણ કે– " અધિક ગુણો બંધનનું કારણ થાય છે."

બહુ પ્રેમને લીધે શીલવતી હંમેશાં મને મિષ્ટ ભોજન આપતી હતી. સારાં વચનો પણ શીખવતી હતી અને પોતાના પુત્રની જેમ તે મને હાથમાંથી દૂર કરતી નહોતી.

મહાસેનરાજા

એક દિવસ રાજાનો મુખ્ય હાથી ઉન્મત્ત થઈને કંદની માફક બંધન સ્તંભને ઉખેડી નાંખી બહાર નીકળ્યો, અને બહુ રોષમાં આવી ગયો.

પોતાના કુંભસ્થળપર રહેલા અંકુશને ઘાસના પૂળાની જેમ આકાશમાં ઉછાળ્યો તેમજ હસ્તિપક–(મહાવત) લોકોને પણ કાંકરાની જેમ દૂર ફેંકી દીધા.

યમરાજાના દંડાગ્રની માફક સુંઢ દંડને ખેંચરોને દલવા માટે ઉછાળતો હતો અને પોતાની આગળ જે માણસોને જુએ. તેમને મારવા માટે યમની જેમ દોડતો.

પ્રલયકાળમાં ક્ષુભિત થયેલા સમુદ્ર સમાન નગરને વ્યાકુલ કરતો તે હાથી ઇચ્છા પ્રમાણે વિચરવાનો જેમ વનપ્રત્યે ચાલતો થયો.

નગરના લોકોએ વિમલવાહનને રોકયો છતાં પણ તેને શાંત કરવાની ઇચ્છાથી તે રાજકુમાર વૃક્ષ પ્રત્યે વાનર જેમ તે હાથીપર ચઢી ગયો.

જેટલામાં તેને વશ કરવાની શરૂઆત કરે છે. શીઘ્ર ગતિએ દોડતો તેટલામાં ભૂત વળગેલાની માફક તે હાથી લોકોના દેખતાં છતાં એકદમ કોઈ સ્થળે ચાલ્યો ગયો.

તે સાંભળી મહાસેનરાજા અચેતન થઈ ગયો અને શૂન્યતાને લીધે તે રાજ્યાદિકની કંઈ વાત પણ કરતો નથી.

તે વાત જાણવાથી પૂર્વના વૈરી એવા સીમાડાના રાજાઓએ ચઢાઈ કરી અને ઘણા સૈન્ય સાથે આવીને તે નગરને ત્રણવાર ઘેરી લીધું.

રણસંગ્રામ

મહાસેનરાજા પણ પોતાના સૈનિકો સહિત તૈયાર થઇ તેમની સાથે યુદ્ધમાં ઉતર્યો. "કારણ કે તેજસ્વી પુરુષો સિંહની માફક પરાજય સહન કરતા નથી."

શત્રુઓનું ઘણું બળ હોવાથી મહાસેનરાજાનું સૈન્ય ભાગી ગયું. છતાં પણ તેણે અનેક પ્રકારે તેમની સાથે યુદ્ધ કર્યું, છેવટે કપટી અને બલવાન શત્રુઓવડે તે મરાયો.

દૈવયોગથી સૂર્યની માફક મહાસેનરાજાનો અસ્ત થયો. તેથી લોકમાં શોક રૂપી અંધકારનો સમૂહ ફેલાઈ ગયો છે.

બુદ્ધિબળમંત્રી

ત્યારબાદ બહુબુદ્ધિશાળી બુદ્ધિબળ નામે મંત્રીએ દરેક શેરીઓના રસ્તાઓ રોકીને નગરની રક્ષા કરાવી તેમજ

પોતાના મનમાં બહુ દયા લાવીને બંદીખાને રહેલા સર્વ લોકોને તેણે છુટા કર્યા. કારણકે તેવા બુદ્ધિશાળી પુરુષો સમયના જાણકાર હોય છે.

અરે! રાણીની ચાકરીમાં મારૂં પણ મોત આવ્યું.

એમ કહી, હે પ્રિયે! એક દાસીએ મને પણ પાંજરામાંથી છુટો કર્યો.

વળી હે પ્રિયે! એક રાજપુત્ર–વિમલવાહન વિના, ભોજન વિનાના શરીરની માફક સર્વ લોકો મૃતપ્રાય થઇ ગયા.

તે રાજ્યની પ્રથમ સ્થિતિ કેવી હતી અને હાલમાં દૈવયોગે કેવી થઈ!!!

"પ્રાયે સંસારની સ્થિતિ એક સરખી રહેતી નથી."

નગરની અંદર બુદ્ધિશાલી મંત્રી રહેલો છે અને બહાર લાખો શત્રુઓના સૈનિકો પડેલા છે.

હવે ભવિષ્યમાં શું થશે, તે તો કેવલી ભગવાન જાણે, બીજો કોઇ પણ જાણી શકે તેમ નથી.

હાલમાં જ હું તે નગરીમાંથી અહીં આવું છું. એ પ્રમાણે પોતાની સ્ત્રીને કહી શુક–(પોપટ) મુનિની માફક મૌન રહ્યો.

બાળપુત્રનો બોધ

દુઃશ્રાવ્ય પોતાના પિતાનું વૃત્તાંત સાંભળી વિમલવાહન શસ્ત્રથી હણાયેલાની જેમ મૂર્છિત થઇ એકદમ દેવાલયમાંથી નીચે પડી ગયો.

પતનના અવાજથી અજાપુત્ર જાગી ઉઠ્યો. પોતાની પાસે સૂતેલો રાજકુમાર જોવામાં આવ્યો નહીં,

તેથી તે ઉભો થયો અને ચારે બાજુએ તેની તપાસ કરવા લાગ્યો. ફરતાં ફરતાં દેવળની નીચે પડેલો રાજકુમાર તેની દૃષ્ટિગોચર થયો, જેથી તે અગ્નિથી દાઝેલાની જેમ વ્યાકુલ થઇ ગયો.

પછી તેણે તરત જ શીતાદિક ઉપચાર કર્યા, મહામુશીબતે તેને સ્વસ્થ કર્યો.

ત્યાર પછી અજાપુત્રે તેને પૂછયું:

એકદમ તને શું થયું ? અને મૂર્ચ્છિત થવાનું શું કારણ ?

તે સાંભળી નેત્રોમાં અશ્રુધારાને વહન કરતો વિમલવાહન કંઈપણ બોલી શક્યો નહીં.

ત્યાર પછી તેણે રૂદ્ધકંઠે શુકે કહેલું વૃત્તાંત કહી સંભળાવ્યું.

ત્યાર પછી પોતાના બંધુસમાન પ્રેમાળુ અજાપુત્ર બોલ્યો.

હે રાજપુત્ર ! સંસારની સ્થિતિનો તું વિચાર કર. તું રોઈશ નહીં અને શોક પણ કરીશ નહીં.

ઘણો વખત કોના માતાપિતા જીવે છે ? લાંબો વખત હંમેશાં કોણ સુખી હોય છે ? અને શત્રુઓના ઉપદ્રવથી કોનું રાજ્ય રોકાતું નથી ?

પ્રાણીઓનો ઉદય ફકત પતન માટે થાય છે. જીવન મૃત્યુ માટે અને વિરોધ દુઃખને માટે થાય છે.

સંસારની આ સ્થિતિ અનાદિકાળની ચાલી આવે છે. જ્યાં સુધી પુરુષોનું ભાગ્ય અક્ષત હોય ત્યાં સુધી જ ઉદય હોય છે.

શુકલપક્ષનો ક્ષય થવાથી ચંદ્રની વૃદ્ધિ કયાંથી થાય ? એમ સમજી શોકરૂપી શલ્યને દૂર કર અને હૃદયમાં ધૈર્ય રાખ. દુઃખ સમયે જે ધૈર્ય રાખે છે, તે પુરુષ ધીર ગણાય એમ મારૂં માનવું છે.

વળી અગાધ એવા વ્યસનરૂપી સાગરમાં પડેલા મહાપુરુષને સમુદ્ર ઉતરવામાં ધૈર્ય જ એક નાવ સમાન થાય છે.

એ પ્રમાણે સદ્વચનોથી સંબોધેલો વિમલવાહન બોલ્યો.

હવે હાલમાં મારે શું કરવું ?

અજાપુત્ર બોલ્યો, તું શત્રુઓથી ગભરાઈશ નહીં. સિંહની આગળ જેમ મૃગલાઓ તેમ એ રંક પુરુષો મારી આગળ શા હીસાબમાં છે?

પરંતુ જ્યાં સુધી હું જાઉં, ત્યાં સુધી એક લેખ લખીને આ શુકની સાથે ત્યાં મોકલાવો, જેથી મંત્રીના હૃદયમાં શાંતિ થાય.

એમ કહી શુકને બોલાવીને અજાપુત્રે મૃદુ વચનથી કહ્યું.

તું જો? વિમલવાહન આ પોતે જ મહાસેનનો પુત્ર છે, જો તું એની માતાના સ્નેહથી અનૃણપણું ઈચ્છતો હોય, તો એના ઉપકાર માટે મંત્રીને આ લેખ આપી આવ.

એ પ્રમાણે અજાપુત્રની પ્રાર્થના કબુલ કરી, શુકે તેણે આપેલો લેખ લઈ દેવની માફક ત્યાં જઇને બુદ્ધિબલમંત્રીને તે લેખ આપ્યો.

"જેનો તેનો પણ કરેલો ઉપકાર ફલદાયક થાય છે." જુઓ? તે શુકે કેવા સમયમાં કેવી રીતે પત્ર પહોંચાડયો?

માત્ર જોવાથી હૃદયને આનંદ આપનાર તે લેખને મિત્ર સમાન અંગીકાર કર્યો. ત્યાર પછી મંત્રીએ બહુ પ્રેમથી વાંચવા માંડયો.

"સ્વસ્તિ શ્રીમન્મહાસેનરાજાનો પુત્ર વિમલવાહન બાહુના આલિંગન સાથે મંત્રીને નિવેદન કરે છે કે,

અહિંયાં કુશલ છે. તમારી તરફના સર્વ સમાચાર પોતાના સેવકના સમાન આ શુકના કહેવાથી મેં જાણ્યા છે.

હવે તમારે કંઈ ચિંતા કરવી નહીં, જે થવાનું હતું, તે થઈ ગયું.....

હું જલદી આવું છું, ત્યાં સુધી પોતાના નગરની બરોબર સાવચેતી રાખવી.

એ પ્રમાણે લેખ વાંચવાથી રાજકુમારનું આગમન જાણી મંત્રી સ્વામીસહિત હોય તેમ પ્રમુદિત થયો.

હે શુક! આ સમયે તેં જે મારો ઉપકાર કર્યો, તેટલો મારા બંધુએ પણ નથી કર્યો.

એ પ્રમાણે મંત્રીએ શુકનો ઘણો આભાર માન્યો.

કુમારને જલદી અહીં મોકલો, એમ શુકને ઉપદેશ આપી મંત્રીએ વિદાય કર્યો.

શુકે પણ ત્યાં આવી કુમારને તે વૃત્તાંત નિવેદન કર્યું.

રાજ્યાભિષેક

ત્યારબાદ અજાપુત્ર પ્રયાણ માટે તૈયાર થયો અને ગુટીકાના પ્રયોગવડે ભારંડ પક્ષિનું સ્વરૂપ ધારણ કર્યું.

ત્યાર પછી પોતાનાં બાલકોની માફક સર્વે કુમારાદિકને પાંખોની અંદર ગોઠવી આકાશમાર્ગે ઉડીને ક્ષણમાત્રમાં વિજયપુરમાં ગયો.

અહો ! "ઉત્કૃષ્ટ સિદ્ધિનો મહિમા અલૌકિક હોય છે."

શત્રુઓનો નાશ કેવી રીતે કરવો તે ઉપાય બતાવ્યો, જેથી રાજકુમાર સ્વસ્થ થયો.

પછી વિમળવાહન સહિત અજાપુત્ર દરવાજા આગળ ગયો.

કુમારના આવવા પહેલાં જ મંત્રીએ દ્વારપાલને કહી રાખ્યું હતું, જેથી તેણે માર્ગ બતાવ્યો એટલે તેઓ રાજમહેલમાં ગયા.

વિમલવાહન કુમારે અજાપુત્રનું વૃત્તાંત કહ્યું. તે સાંભળી મંત્રી અજાપુત્રને પોતાના પુર્વજથી પણ અધિક માનવા લાગ્યો. કારણ કે,

"ઉપકારી પુરુષ કોને પ્રિય ન થાય ?"

પ્રભાતકાળમાં અજાપુત્રે વિમલવાહનને રાજ્યગાદીએ સ્થાપન કર્યો.

મંત્રીએ નગરમાં મહોત્સવ કરાવ્યો. નવીન રાજા–ભૂપતિ=ચંદ્રનો ઉદય થવાથી આકાશની માફક તે રાજ્ય દીપવા લાગ્યું અને લોકો કુમુદવનની માફક પ્રફુલ્લ થયા.

વિમલવાહનના રાજ્યાભિષેકમાં જે વાજીંત્રોના નાદ થયા. તેજ વૈરીઓના મરણાંતના પટહધ્વનિ થયા.

ત્યાર પછી અજાપુત્રની સંમતિથી રાજાએ પોતાના દૂત મારફત શત્રુઓને કહેવરાવ્યું કે, સર્વ રાજાઓએ યુદ્ધમાં હાલ તૈયાર થવું.

વિશેષમાં તેણે અજાપુત્રને કહ્યું કે, પ્રથમ તમે જે પટ્ટહસ્તીને પુરુષ કર્યો છે, તે હાથી જો હાલમાં હોય તો ક્ષણમાત્રમાં સર્વ શત્રુઓનો હું નાશ કરું.

તે સાંભળી અજાપુત્રે દેવની માફક તેજ વખતે સરોવરના જળવડે તે પુરુષને ફરીથી પટ્ટહસ્તી કર્યો અને વિમલવાહન રાજાને આપ્યો.

ત્યારબાદ અજાપુત્ર નગરની બહાર ગયો અને સરોવરના પાણીમાં મનુષ્યકારક ચૂર્ણ નાંખ્યું.

તે પાણી પાવાથી વૈરીઓના સર્વ ઘોડા અને હાથીઓને મનુષ્ય કરી નાંખ્યા.

તે લક્ષ સંખ્યાથી અધિક અને પ્રચંડ સુભટોને પોતાની પાસમાં રાખ્યા. પછી તેણે મગરપુરુષને મોકલી રાજાને કહેવરાવ્યું કે, પટ્ટહસ્તી પર બેસી તું સૈન્ય સહિત નિર્ભય થઈ સિંહ મૃગલાઓને જેમ પોતાના વૈરીઓનો પરાજય કર.

લાખ્ખો સુભટોની સાથે હું બહાર ઉભો છું. તારા હાથમાંથી નાઠેલા શત્રુઓને આ મારા સુભટો મારશે.

પછી અજાપુત્રના કથન પ્રમાણે વિમલવાહન રાજા તૈયાર થઈને તીવ્ર દાવાનળની માફક શત્રુરૂપી સૈન્યરૂપી વનમાં નીકળી પડયો.

અત્યંત બલવાન્, પર્વત સમાન ઉંચો અને મદોન્મત્ત તે પટ્ટ હસ્તી મંથાચલની માફક શત્રુઓના સૈન્યરૂપ સાગરનું અતિશય મથન કરવા લાગ્યો.

કેટલાકને પગના ઝપાટેથી, કેટલાકને સુંઢના આઘાતથી,

કેટલાકને દાંતરૂપી પર્વતથી પછાડવાવડે ચૂર્ણ સરખા પિષી નાખ્યા.

રાજાએ પણ વર્ષાકાલના મેઘની માફક બહુ ઝડપથી બાણની વૃષ્ટિ કરી, જેથી તેણે મૂકેલી અને ચારે તરફ ફેલાએલી બાણોની શ્રેણીઓવડે શત્રુઓ પોતાના મનમાં તેને બંને પ્રકારે જયવંત માનવા લાગ્યા.

મર્મસ્થળને ભેદનાર બાણોવડે રાજાએ શત્રુઓને તેવા અંધકારમાં નાખ્યા, કે બહુ ઉતાવળથી નાસવાનો તેમને માર્ગપણ જડયો નહીં. હાથી અને ઘોડા વિનાના તે વૈરીરાજાઓને પદાતિ-કિંકરની માફક વિમલવાહને જીતી લીધા અને પોતાના તાબે કર્યા.

વિજયપ્રાપ્તિ

ત્યારબાદ જયલક્ષ્મીના આલિંગનથી સૌભાગ્યને પ્રાપ્ત થયેલો વિમલવાહન રાજા સુભટો સાથે ત્યાં જઈને અજાપુત્રના પગમાં પડ્યો.

લક્ષ સૈનિકોથી વીંટાયેલા ચક્રી સમાન તે મહાપુરુષને જોઇ બીજા રાજાઓ પણ બહુ આશ્ચર્ય પામ્યા.

પછી વિમલવાહનરાજા અજાપુત્રને મહોત્સવપૂર્વક પોતાના સ્થાનમાં લઈ ગયો અને વિનયપૂર્વક સ્નેહોચિત વચનવડે કહેવા લાગ્યો.

હે દેવ! પ્રથમ તેં મને જીવિતદાન આપ્યું હતું. હાલમાં આ રાજ્ય પણ તેં આપ્યું અને આ મારા સર્વ ભાવિ વૈભવના હેતુ પણ તમે જ છો.

વળી તમારૂ પરાક્રમ કોઈ અલૌકિક છે, જેથી ક્ષણમાત્રમાં બીજાને રાજ્ય પણ આપો છો અને પોતે કંઇપણ ઈચ્છતા નથી.

તો પણ પોતાના ગુણોથી ખરીદેલું આ રાજ્ય આપ સુખેથી ભોગવો. હું તો શ્રીરામની જેમ હનુમાન તેમ આપની સેવા કરીશ.

અજાપુત્ર બોલ્યો. હે રાજન્! તારી આટલી બધી ભક્તિ છે, તો હવે મારે કંઈ ન્યૂનતા નથી. રાજ્યનું મારે કંઈ કામ નથી.

જેઓ ઉપકાર કરી પારકાનું કંઇપણ લેતા નથી તેજ સત્પુરુષ કહેવાય એમ મારું માનવું છે, તેથી મારે કંઈપણ જોઇએ નહીં. કારણ કે તે ગ્રહણ કરેલી વસ્તુઓવડે પોતાના શુભચારિત્રની કિંમત લીધી ગણાય છે.

રાજાની પ્રાર્થનાવડે અજપુત્ર ત્યાં બહુ સત્કારપૂર્વક રહ્યો. રાજાએ મોટા ઉત્સવોથી તેને પ્રસન્ન કર્યો. ત્યાર પછી તે કેટલાક દિવસ ત્યાં રહ્યો.

ચંદ્રાપીડરાજા

ચંદ્રાપીડરાજાએ પ્રથમ કરેલા પરાજયનું સ્મરણ કરી અજાપુત્રે પોતાના સૈન્ય સહિત તેને જીતવાની ઈચ્છાથી પ્રયાણ કર્યું.

ચૂર્ણના પ્રયોગથી પ્રથમ જેમને મનુષ્ય કર્યા હતા, તેમને ફરીથી સરોવરના જળવડે હાથી અને ઘોડા બનાવ્યા.

માર્ગમાં ચાલતા અજાપુત્રના સૈનિકોની મોટી સંખ્યા હોવાથી શત્રુઓના મુખમાં ઘાસ રહ્યું અને તેમની સ્ત્રીઓના નેત્રોમાં જળનો દેખાવ રહ્યો. અર્થાત્ ઘાસ પાણીનો અભાવ થઈ ગયો.

સેંકડો વાહિની–સેના=નદીઓથી સંકીર્ણ, અજાપુત્રના સૈન્યરૂપ સાગરમાં પક્ષ–સહાય=પાંખો છતાં પણ કયા ભૂપ–રાજા–પર્વતો મંથાચલની દશાને ન પામ્યા !

તેના હાથીઓના મદજળવડે નિર્જલ પ્રદેશ સજલ થયા અને ઘોડાઓએ ઉડાડેલી ધૂલવડે જલવાળા પ્રદેશ નિર્જળ થઇ ગયા.

તેમજ સમુદ્રના પૂરની માફક ખળભળેલું તેનું સૈન્ય ચારે તરફ પ્રસરે છતે અન્ય રાજાઓએ વૈતસીવૃત્તિનો આશ્રય લીધો. અર્થાત્ નમી પડયા.

નૈમિત્તિક વચન

સાયંકાલના સમયે ચંદ્રાપીડરાજા પોતાના સ્થાનમાં બેઠો હતો, તેવામાં દીવ્ય વાણી થઇ કે થોડા સમયમાં ચંદ્રાપીડરાજા મરણ પામશે.

તે સાંભળી રાજા પોતાના મનમાં બહુ શોકાતુર થઈ ગયો. પ્રભાતમાં સત્ય નામના એક ઉત્તમ જોષીને બોલાવ્યો.

પછી તેણે પૂછયું. મારું મરણ શાથી અને કયારે થશે ?

જ્યોતિષિકે લગ્નકુંડળીનો નિશ્ચય કરી કહ્યું.

હે રાજન્ ! લક્ષ સૈન્યના અધિપતિ એવા અજાપુત્રથી તારું મરણ થશે અને તે પંદર દિવસ પછી થશે, એમાં સંશય નથી.

વળી હે ભુપાલ ! દેવી, બાળક અને તપસ્વિઓનું વચન જ્યોતિષિકોના વચનની જેમ પ્રાયે સત્ય હોય છે.

દૈવજ્ઞનું તેવું વચન સાંભળી શલ્યથી વીંધાયેલાની માફક ચંદ્રાપીડરાજા બહુ દુઃખી થઈ ગયો. અને એકદમ મૂર્ચ્છિત થઈ પૃથ્વી પર પડયો.

મૃત્યુ એ બે અક્ષરને વિષથકી પણ અધિક હું માનું છું. કારણ કે વિષનું ભક્ષણ કરવાથી પ્રાણી મૂર્ચ્છા પામે છે અને મૃત્યુને સાંભ-

પણ મૂર્છા પામે છે અને મૃત્યુને સાંભળીને પણ મૂર્છિત થાય છે, એ મોટું આશ્ચર્ય છે.

અથવા મૃત્યુના બંને અક્ષર ખરેખર સર્વ દુઃખમય છે, અન્યથા એના શ્રવણથી લોકો દુઃખી થવા ન જોઇએ.

મંત્રીત્યાગ

હવે અજાપુત્રની તપાસ માટે ચંદ્રાપીડરાજાએ ચારે દિશાઓમાં બંધુ સમાન બહુ વિશ્વાસી પોતાના ચરપુરુષોને મોકલ્યા.

પરંતુ તે વૃતાંત જાણીને દેવમાયાથી મોહિત થયા હોય તેમ કેટલાક ચરપુરુષો પાછા આવ્યા નહીં, તેથી રાજા સ્વસ્થ થયો. અને હંમેશાં તેની શોધ કરાવતાં રાજાનું ધીમે ધીમે આયુષની જેમ પખવાડીયું પુરૂં થવા આવ્યું.

તે અરસામાં કોઈક અપરાધને લીધે ક્રોધાતુર થયેલા ચંદ્રાપીડ રાજાએ સુબુદ્ધિ નામે પોતાના મંત્રીને પોતાના નગરમાંથી કાઢી મૂક્યો.

ક્રોધાંધ થયેલા તે રાજાએ નગરમાંથી મંત્રીને દૂર કર્યો એમ નહીં પણ ખરેખર પોતાના શરીરમાંથી બુદ્ધિનો ત્યાગ કર્યો.

આ પ્રમાણે રાજાના અપમાનથી મંત્રીના મનમાં બહુ ક્રોધ થયો અને તેણે નિશ્ચય કર્યો કે, ગમે તે ઉપાય કરી એનું વેર વાળવું.

એવા વિચારથી આમતેમ ફરતો ફરતો જ્યાં અજાપુત્રનું સૈન્ય હતું, ત્યાં તે ગયો.

અનેક હાથી, ઘોડા, પાયદલ અને સ્થાદિકના સમૂહથી વ્યાકુલ સૈન્યને જોઈ એકત્ર થયેલું જગત હોયને શું ? તેમ તે મંત્રીના માનવામાં આવ્યું.

આ સૈન્ય ચંદ્રાપીડરાજાને જીતવા જાય છે, એમ જાણી મંત્રીને નિશ્ચય થયો કે, દેવીનું વચન સત્ય છે. તેથી પોતાનું કાર્ય સિદ્ધ થશે.

એમ સમજીને બુદ્ધિમાન મંત્રી અજાપુત્રની પાસે ગયો. અને પોતાનું વૃત્તાંત નિવેદન કર્યું.

અજાપુત્રે વિરોધિનો પણ બહુ સત્કાર કર્યો, જેથી તેણે પોતાના વિરોધિના મરણનો ઉપાય બતાવ્યો.

સૈન્યની તૈયારી

અજાપુત્ર પોતાની બુદ્ધિની જેમ સુબુદ્ધિમંત્રીને આગળ કરી ચંદ્રાનનાનગરીની નજીક ગયો.

એક દિવસ તેના મરણનો બાકી રહ્યો હતો. બહુ સૈન્ય સાથે અજાપુત્રને નગરની નજીક રહેલો જોઈ ચંદ્રાપીડના હૃદયમાં ભારે ત્રાસ અને ખેદ પ્રગટ થયો, તે વિચાર કરવા લાગ્યો.

એની તપાસ કરવા ચરપુરુષોને મેં મોકલ્યા હતા, તેમાંથી કોઇએ પણ અહીં આવીને એની હકીકત કહી નહીં અને આતો અહીં આવી ગયો દેખાય છે,

શું આ એકદમ આકાશમાંથી પડ્યો ?

દેવી અને દૈવજ્ઞનું વચન સત્ય કરવા માટે કોઇ અપૂર્વ દૈવી માયા અહીં પ્રગટ થઈ હશે.

એમ હશે તો પણ ઠીક છે; પરંતુ એને હું પોતાના ભુજબળ વડે ઉચ્છિન્ન કરીશ. એ પ્રમાણે ધૈર્ય રાખી રાજાએ સેનાપતિને હુકમ કર્યો, જેથી તેણે સૈન્યને તૈયાર કર્યું.

મંત્રીભેદ

રાત્રિએ સુબુદ્ધિમંત્રી નગરમાં ગયો અને રાજાના આગેવાનોને તેણે કહ્યું કે, દેવીનું વચન સત્ય છે. કારણ કે અજાપુત્ર અહીં આવ્યો છે.

પ્રભાતના સમયે લક્ષ સૈનિકો સાથે તે યુદ્ધમાં આવશે અને ચંદ્રાપીડને મારશે.

માટે જો તમારે ચિરકાલ જીવવાની ઇચ્છા હોય તો શિઘ્ર તે અજાપુત્રની સેવામાં તમે હાજર થાઓ.

ઉદયવાન પોતાનો સ્વામી અથવા અન્ય હોય તો પણ તેની સેવા કરવી એ ઉચિત છે, પોતાનો સ્વામી હોય છતાં પણ તેનો ક્ષય થતો હોય તો ત્યાગ કરવો જોઇએ.

આકાશ પણ ચંદ્રનો અસ્ત થવાથી સૂર્યનો આશ્રય લે છે. નીતિ શાસ્ત્રનું રહસ્ય જાણવામાં નિપુણ એક અંધકારની અમે સ્તુતિ

કરીએ છીએ, જે અંધારૂં છાયાના મિષવડે શત્રુરૂપ દીવાનો આશ્રય લઈ આનંદ માને છે.

આ બાબત આપના હિતની ખાતર કહેવા માટે જ હું આવ્યો છું.

પ્રથમથી જ હિત કહેવું તેજ બુદ્ધિમાન્ ગણાય, તેમજ "ભવિષ્યના સુખનું ચિંતન કરવું એજ ડહાપણ કહેવાય, અન્યથા ડાહ્યો માણસ જડની માફક દુઃખી થાય, તો બંનેમાં કંઈ વિશેષતા ગણાય નહીં."

માટે તમે તૈયાર થઈ બધાયે અહીં ઉભા રહો. અજાપુત્ર અહીં આવશે એટલે હું તમને તેની સાથે મેળવી દઈશ.

પોતાને હિતકારક આ વચન સાંભળી પ્રધાન લોકોએ કબુલ કર્યું,

પછી મંત્રીએ તેજ વખતે નગરની બહાર આવી પોતાના અધિપતિને તે વૃત્તાંત નિવેદન કર્યું.

વિજયપ્રયાણ

પ્રભાતકાળનો આવિર્ભાવ થયો. પૂર્વાચલના શિખરપર અરૂણોદય થયો. સૂર્યનો પ્રકાશ દિગંતરને જોવાને જેમ પ્રસરવા લાગ્યો.

પક્ષિઓના મધુર શબ્દો આળસુઓનું બાધિર્ય દૂર કરવા લાગ્યા.

ઉદ્યોગીજનો પોતપોતાના કાર્યમાં તૈયાર થવા લાગ્યા.

તેમજ અજાપુત્રના સૈન્યમાં યુદ્ધની તૈયારી થઇ.

શત્રુઓના પ્રાણહારક વાજીંત્રો વાગવા લાગ્યા.

સુભટોએ સર્વાંગે શસ્ત્ર ધારણ કર્યાં, જેથી તેઓ લોહમય હોય તેવા દેખાવા લાગ્યા.

મુખેથી સિંહનાદ કરતા હતા, તેથી તેઓ કેવળ શબ્દમય દેખાવા લાગ્યા.

સાક્ષાત્ તેજોમય મૂર્તિમાન ઉત્સાહની મૂર્તિઓ સમાન, આગળ ઉભેલા શરીરધારી અહંકાર અને એકત્ર થયેલ પ્રતાપના પિંડ સમાન તેઓ દેખાતા હતા.

તેમજ સંગ્રામના ઉત્સાહથી ઉંચી ફલંગો મારતા, જયજયના આઘોષવડે વાચાલિત અને શત્રુઓને સંહારવામાં ઉત્કંઠિત એવા પદાતિ સુભટોને આગળ કર્યા.

ત્યાર પછી સંગ્રામમાં ઉન્મત્ત થયેલા સાદિ–ગજારૂઢ, નિષાદિ–ઘોડેસ્વાર અને ઘણા રથિકોને જગતને હરવા માટે અનેકરૂપધારી યમરાજાના દૂત હોય ને શું? તેમ સાથે લઇ સ્ફાર પરાક્રમી અજાપુત્ર જૈત્ર જય આપનાર હસ્તીપર આરૂઢ થઇ શત્રુઓનો પરાજય કરવા નીકળ્યો.

સુબુદ્ધિ મંત્રીના કહેવાથી પ્રથમ દ્વરવાજાના રક્ષકોનો સંહાર કર્યો અને તે સ્થાનમાં પોતાના નવીન રક્ષકો મૂકયા.

ત્યાર પછી અજાપુત્રે લશ્કર સાથે નગરની અંદર પ્રવેશ કર્યો.

સુબુદ્ધિમંત્રીએ ભેદેલા સર્વ પ્રધાનો સ્નેહી બંધુઓની માફક અજાપુત્રને મળી ગયા.

ત્યારબાદ રાજદ્વારમાં તેઓ ગયા અને ત્યાં રહેલા પ્રાહરિક લોકોને મારીને બીજા દ્વારપાલ મૂકયા.

નીતિશાસ્ત્રનું રહસ્ય એ છે કે, "કોઇનો વિશ્વાસ રાખવો, એ નુકશાન છે."

રાજ્યપ્રાપ્તિ

ચંદ્રાપીડરાજા તે વૃત્તાંત જાણી બહુ શોકાતુર થઈ ગયો અને લડાઇ માટે તૈયાર થઈ સામો આવ્યો, તેટલામાં એકદમ અજાપુત્ર વચ્ચે આવી પડયો.

સૈન્ય અને પરાક્રમ, એમ બંને પ્રકારે અજાપુત્રનું પ્રચંડ બલ તેમજ તેને મળી ગયેલા પોતાના પ્રધાનોને જોઈ ચંદ્રાપીડ ભયભ્રાંત થયો અને ક્ષણમાત્રમાં બહુ ગભરાઈ ગયો.

મારૂં ક્ષત્રિયપણું કલંકિત થશે, એમ જાણી તેણે લડાઇનો ઉત્સાહ ધારણ કર્યો. ત્યાર પછી તે પોતાનું ખડગ લઇ યુદ્ધ માટે અજાપુત્રની સાથે તૈયાર થયો.

અજાપુત્રે પણ બહુ ક્રોધને લીધે પ્રચંડ ધારવાળી તરવાર લીધી અને તે સિંહની જેમ મહાપરાક્રમી શત્રુની સન્મુખ ગયો.

મલ્લની જેમ તેઓ બંને જણ વળગવા લાગ્યા.

ચક્રની માફક વારંવાર પરિભ્રમણ કરતા.

અશ્વની માફક પાદના આઘાત વડે પૃથ્વીને ઉખેડતા, પરસ્પર ખડગ વડે પ્રહાર કરતા અને તેનો બચાવ કરતા તે બંને સુભટો મદોન્મત હસ્તીઓ જેમ યુદ્ધ કરવા લાગ્યા.

એકબીજાના દાવપેચથી જામેલો તે સંગ્રામોત્સવ વાદિપ્રતિવાદિના વિવાદની માફક સર્વને પ્રિય થઇ પડયો.

એ પ્રમાણે બંનેનું ભારે યુદ્ધ થયું. ત્યાર પછી અજાપુત્રે સમય જોઇ ખડગ વડે કમલનાળની માફક ચંદ્રાપીડાનું મસ્તક છેદી નાખ્યું.

અજાપુત્રના મસ્તક ઉપર આકાશમાંથી પુષ્પની વૃષ્ટિ થઇ અને સુગંધમય તેની કીર્તિ ભૂતલથી આકાશમાં ગઈ.

તે સમયે અજાપુત્રના જયધ્વનિને માગધલોકો ઉચ્ચારવા લાગ્યા. તે શબ્દો શત્રુઓના ઉચ્ચાટન મંત્રના ફેરકારરૂપ થયા.

તે સમયે સુબુદ્ધિ મંત્રીએ શુભ લગ્નમાં વૈરીઓના મસ્તક પર જેમ તે રાજ્યમાં અજાપુત્રનો અભિષેક કર્યો.

રાજ્યગાદીએ બેઠેલા અજાપુત્રને પ્રસન્ન જોઈ સર્વે મંત્રીઓ અને નગરના લોકો પણ પ્રીતિવડે કલ્પવૃક્ષની જેમ તેનો અભિષેક કરવા લાગ્યા.

તેમજ સીમાંતરાજાઓ ઉત્તમ પ્રકારના ભેટણાં લઈ ત્યાં આવ્યા અને દ્વિતીયાના ચંદ્રની જેમ તેને બહુ હર્ષથી નમવા લાગ્યા.

ત્યાર પછી પોતાની મેળે સ્વયંવર માટે આવેલી, પૃથ્વીપર આવેલી જાણે દેવીઓ હોય ને શું ? તેવી અનેક હોંશિયાર રાજકન્યાઓને અજાપુત્ર પરણ્યો.

ચમત્કારી શ્લોક

એ પ્રમાણે અનેક પરાક્રમવડે ચંદ્રાપીડાને મારીને અજાપુત્રે તેનું રાજ્ય પોતાને સ્વાધીન કર્યું અને તે કૃતાર્થ થયો.

ત્યાર પછી તે પોતાની સ્ત્રીઓ સાથે ઇંદ્ર દેવીઓ સાથે જેમ ક્રીડા કરતો છતાં કામરૂપી સમુદ્રનો પારગામી થયો.

અજાપુત્રને ૯૮૦૦૦ પવનવેગી અશ્વ હતા. બે હજાર હાથી, બે હજાર રથ હતા અને પદાતિ–પાયદળનો તો પાર જ નહોતો. એમ સર્વ સમૃદ્ધિયુક્ત રાજ્યવૈભવ તે ભોગવતો હતો.

તેવામાં વસંતઋતુનો પ્રાદુર્ભાવ થયો. શિશિરઋતુના પ્રભાવથી મંદ પડેલા યૌવન અને કામદેવના શૃંગારોને ઉત્તેજીત કરવા જેમ વનસ્થલીમાં તે પ્રસરવા લાગ્યો.

જગતને લક્ષ્ય કરવાથી કામદેવનાં પ્રાચીન પુષ્પરૂપી અસ્ત્રો નષ્ટ થયાં છે, એમ માનીને વસંતે નવીન પુષ્પોના સમૂહ પ્રગટ કર્યા.

મલયાચલમાં રહેલા સર્પોના વિષથી વ્યાપ્ત હોયને શું ? એવો મલયગિરિનો પવન વાવા લાગ્યો. કારણ કે એના સ્પર્શથી વિરહાતુર લોકો મૂર્છિત થઈ ગયા.

વળી આ વસંતઋતુમાં ઉત્તમ પ્રકારની જાતિ–જાઈ વૃક્ષ=જ્ઞાતિ હોતી નથી અને મદ્યપાન કરનાર અથવા ભ્રમરાઓ માન્ય હોય છે, એટલા માટે વસંતઋતુ સંતપુરુષોને અપ્રિય હોય છે.

ઉદ્યાનપાલ કામદેવનાં શસ્ત્રસમાન વસંતનાં પુષ્પોની માળાઓ લઈ રાજદ્વારમાં આવ્યો અને રાજાની આગળ તેણે ભેટ મૂકી.

રાજા સુગંધિત પુષ્પો જોઈ ઉદ્યાનપાલક પર પ્રસન્ન થયો અને પારિતોષિકમાં સુવર્ણ આપ્યું.

વસંતક્રીડાની ઇચ્છા થવાથી અજાપુત્ર પોતાની સ્ત્રીઓ સાથે બલભદ્રસહિત જેમ કૃષ્ણ તેમ વનસ્થલીમાં ગયો.

પુષ્પગ્રહણ, નૃત્ય અને હીંડોલાદિક ક્રિયાઓવડે નંદન વનમાં ઇંદ્રની માફક ભૂપતિ ક્રીડા કરવા લાગ્યો.

ત્યાર પછી વનની અનુત્તમ શોભા જોવા માટે તે અજાપુત્ર ફરતો હતો, તેવામાં એક શ્લોક વારંવાર તેના સાંભળવામાં આવ્યો.

જ્યાં તું રહ્યો છે, ત્યાં જ પોતાની માતા રહેલી છે. છતાં હે હંસ–આત્મન્ ? તેને જોયા વિના તું જે ભોજન કરે છે, તે તારા હંસપણાને ધિક્કાર છે.

તે સાંભળી રાજા વિચાર કરવા લાગ્યો.

આ શ્લોકવડે કોઈપણ માણસ આ નગરમાં રહેતી મારી માતાને સૂચવે છે. મને ધિક્કાર છે, મદિરાથી જેમ હંમેશા લક્ષ્મીવડે મત્ત થઇ હું ફરું છું અને પોતાની માતાને પણ હું સંભારતો નથી.

અરે ! ! આ મેં શું કર્યું ? જીવનપર્યંત સજ્જનોએ પોતાની માતાની સેવા કરવી જોઈએ, એમ સત્પુરુષો કહે છે.

માતાનું વિસ્મરણ કરી મેં તે વચનને જલાંજલિ આપી. જે પુરુષ માતા, પિતા, વિદ્યાદાતા–ગુરુ, ભયથી રક્ષણ કરનાર અને રાજા, એ સર્વનું અપમાન કરે છે, તે પોતાના સુકૃતને હારે છે.

તેજ વખતે રાજાએ મંત્રીને પૂછયું. મારી માતા આ નગરની અંદર કોઈ પણ સ્થાને રહેલી છે, માટે હાલમાં તેના દર્શન વિના હું ભોજન કરીશ નહી.

જનેતાની શોધ

વનક્રીડાદિક સર્વક્રિયાને વિષસમાન ત્યજી દઈ રાજા પોતાના મહેલમાં આવ્યો અને પ્રાચીનકાળના ચરોને બોલાવી કહ્યું કે.

કિલ્લાની બહાર દક્ષિણ દિશામાં વાગૂભટનામે ગોવાળ રહે છે. તેને તમે પૂછો, કે તારે પુત્ર થયો હતો કે નહીં ?

ચરોએ વાગૂભટને પૂછયું. તેણે જવાબ આપ્યો.

મારે ત્યાં પુત્ર જન્મ્યો નથી. પરંતુ માર્ગમાંથી એક પુત્ર મને પ્રાપ્ત થયો હતો. તે પણ કોઈ ઠેકાણે ચાલ્યો ગયો છે, તે હું જાણતો નથી.

તે વૃત્તાંત ચરોએ આવીને અજાપુત્રને કહ્યું. તેથી તેના હૃદયમાં સંશય થયો અને તેજ વખતે માતાની શોધ માટે નગરમાં તેણે પટહ વગડાવ્યો.

જે માણસ આ નગરમાં રહેલી રાજમાતાને જાહેર કરશે, તેને તુષ્ટ થયેલો રાજા ઈચ્છિત દાન આપશે.

એ પ્રમાણે પટહ વગડાવ્યો પણ કોઇએ તેની ખબર કહી નહીં. તેથી રાજા બહુ આ કારણથી શોકાતુર થઈ ગયો અને ભોજન પણ કરતો નથી.

તેનો પરિવાર બહુ શોકમાં પડી ગયો. કારણ કે દીવો બુઝાઇ, જાય, ત્યારે તેનો પ્રકાશ બંધ પડી જાય.

માતા પુત્રનું મિલન

ત્યારબાદ રોગથી ઘેરાયેલી કોઇક સ્ત્રી ત્યાં આવી રાજાને વિનયપૂર્વક કહેવા લાગી.

નરનાયક ! જો તમે મારો રોગ દૂર કરો, તો હું તેમને તમારી માતા બતાવું.

તે સાંભળી રાજા ખુશી થયો અને બોલ્યો.

હે ભદ્રે ! મારી માતાને જાયો પછી તારા રોગને દૂર કર્યા વિના હું પાણી પણ પીશ નહીં.

પછી તે સ્ત્રી તેજ વખતે દેવીની માફક કોઇ પણ ઠેકાણે જઈ તેની માતા ગંગાને લઇ આવી અને આ તારી માતા, એમ કહી રાજાને સોંપી.

પોતાના પુત્રને જોવાથી જ ગંગાના બંને સ્તનમાંથી હૃદયમાંથી બહાર નીકળતો મૂર્તિમાન પ્રેમ હોયને શુ ? તેમ દુધની ધારા નીકળવા લાગી. તેમજ રાજા પણ પોતાની જનનીને ઓળખતો નહોતો; છતાં પણ તેના દર્શનમાત્રથી ઉછળતા હર્ષના મિષથી રોમાંચવડે અભ્યુત્થાન આપતો હોય ને શું ? તેમ વિનીત બની ગયો.

તેણીના સ્તનમાંથી દુગ્ધસ્રાવ જોઈ રાજાને પ્રતીતિ થઈ કે, આ મારી માતા છે, એમ જાણી તત્કાલ તે ઉભો થયો અને વિધિ પ્રમાણે પોતાની ગોત્રદેવીની જેમ માતાને પ્રણામ કર્યો.

પછી તેણે પૂછયું.

હે જનનિ ! મારા પિતા કયાં છે ?

ગંગાએ કહ્યું. તારા પિતાનો સ્વર્ગવાસ થયો છે.

ફરીથી તેણે પૂછયું. હે માતા ! આપણા બંનેનો વિયોગ શા કારણથી થયો ?

તે સાંભળી ગંગાનાં નેત્ર આંસુથી ભરાઇ ગયાં અને તે બોલી.

વત્સ ! તારા પિતા બહુ વિદ્વાન્ હતા. તેમનું નામ ધર્મોપાધ્યાય હતું. મારૂં નામ ગંગા અને હું તારી માતા છું.

તારો જન્મ થયો, ત્યારે તારા પિતાએ તારૂં જન્મ લગ્ન જોયું. તેથી તેમના જાણવામાં આવ્યું કે, આ પુત્ર ભવિષ્યમાં રાજા થવાનો છે.

માટે રાજ્ય સંબધી પાપને લીધે મારો પુત્ર નરકગામી થશે. એમ જાણી તેમણે બલાત્કારે મારી પાસે નગરની બહાર તને મૂકાવી દીધો.

ત્યાર પછી તું કોઈને ત્યાં મોટો થયો તે હું જાણતી નથી. ફરીથી પોતાના પુણ્યની માફક આજે મેં તને જોયો.

દેવીનો આશીર્વાદ.

એ પ્રમાણે પોતાની માતાનું વચન સાંભળી રાજા પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો.

અહો ! કર્મની ગતિ વિચિત્ર છે. કયાં પિતા ? કયાં માતા ? અને કયાં પુત્ર ?

પછી તેણે પોતાની માતાનો બહુ સત્કાર કર્યો અને તેને અંતઃપુરમાં મોકલી દીધી.

ત્યાર બાદ રાજાએ યોગ્ય વૈદ્યોને બોલાવ્યા. રોગથી ઘેરાયેલી સ્ત્રીને બતાવી.

રાજાએ કહ્યું. આ સ્ત્રીને ઔષધો વડે તમે જલદી સાજી કરો. વૈદ્ય લોકોએ રોગની તપાસ કરી રાજાને જણાવ્યું.

આ સ્ત્રીનાં આંતરડાં સડી ગયાં છે, માટે અમારાથી કંઈ પણ ઉપાય થઈ શકશે નહીં.

એમ કહી તેઓએ તેજ વખતે તેમની આગળ તે સ્ત્રીને વમન કરાવ્યું તેમાં દુર્ગંધમય માંસના ટુકડાઓ અંદરથી નીકળ્યા.

જેથી તે સ્ત્રી એકદમ અચેતન થઈ ગઇ.

ફરીથી રાજાએ વૈદ્યોને કહ્યું. જો કે આ રોગ અસાધ્ય છે, તોપણ કૃપા કરી યોગ્ય ઔષધોથી એનો ઉપચાર કરો.

એ પ્રમાણે રાજાના બહુ આગ્રહથી તેના સ્વાધીન વિદ્વાન્ વૈદ્યોએ ઔષધ પ્રયોગ કર્યા.

પરંતુ અતિ ઉગ્ર ઔષધોના શોષને લીધે મૂર્છિત થઇ તે સ્ત્રી પૃથ્વી પર પડી.

રાજાએ શીતાદિક ઘણા ઉપચાર કરાવ્યા, પણ તે મૃતકની જેમ કોઇ પ્રકારે સચેતન થઈ નહીં.

રાજા બહુ ચિંતાતુર થઇ ગયો. હવે આ સ્ત્રીને કેવી રીતે સ્વસ્થ કરવી ?

એમ તે વિચાર કરતો હતો, તેવામાં કોઇક વૈદેશિક વૈદ્ય ત્યાં આવ્યો. રોગની પરીક્ષા કરી તેણે કહ્યું.

બકરીના દુધથી પુષ્ટ થયેલા પુરુષની જીભ કાપી તેનું માંસ જો એને આપવામાં આવે તો જરૂર એનો રોગ મટી જાય.

જો એમ કરવાથી આ સ્ત્રી નીરોગી થાય, તો મારે કંઈ બાકી રહ્યું નહીં. એમ કહી રાજા બહુ ખુશી થયો અને તેજ વખતે છરી લઇ પોતાની જીભ છેદવા માટે તૈયાર થયો.

"પ્રાયે સાધુ પુરુષ પરોપકાર માટે પોતે પણ દુઃખી થાય છે."

શું લોકોપકાર માટે કપાસ દુઃખ સહન નથી કરતો ?

એકદમ સાહસ કરી અન્નપુત્ર જીભ કાપવા તૈયાર થાય છે.

તેટલામાં આકાશવાણી થઇ. હે રાજન્ ! તું સાહસ ન કર. ત્યાર પછી તરતજ તેની આગળ દેવી પ્રગટ થઈ અને તે રોગી સ્ત્રી અને વૈદ્ય, બંને મેઘની જેમ અદૃશ્ય થઈ ગયાં.

તે જોઇ રાજા સંભ્રાંત થઈ ગયો અને વિચાર કરવા લાગ્યો. તે રોગાર્ત્તસ્ત્રી અને તે વૈદ્ય કયાં ગયાં ? આ દિવ્યવાણી અને આ દેવી કયાંથી ? આ એક આશ્ચર્ય છે.

એમ તે ચિંતવતો હતો, ત્યારે દેવી બોલી.

રાજન્ ! આ ચંદ્રાનના નગરીની અધિષ્ઠાયિકા હું દેવી છું,

જન્મથી જ તું મને બહુ પ્રિય છે, તેથી અનેક વિપત્તિઓથી મેં તારૂ રક્ષણ કર્યું, તેમજ હાલમાં આ ઉત્તમ સમૃદ્ધિવાળું રાજ્ય આપી તારા સત્વની મે પરીક્ષા કરી.

વત્સ ! તારૂં સત્વ ફકત ઉપકારની ખાતર રહેલું છે. જેના વિના માણસ જીવતો છતો પણ મરેલો ગણાય છે.

મનુષ્યમાં બત્રીશ લક્ષણો અધિક ગણાય છે; પરંતુ તે પણ સત્વની આગળ સ્વલ્પ ગણાય છે. જેથી પ્રાણી જીવે છે, તેથી પણ આ સત્વ અધિક છે.

માટે હે સત્ત્વાલય ! અવિચ્છિન્ન આ રાજ્યનું ચિરકાલ તું પાલન કર અને સાત્વિક રાજાઓમાં તું શિરોમણિ થા.

એમ આશીર્વાદ આપી દેવી વાદળની છાયા માફક અંતર્ધાન થઈ ગઈ. પછી રાજાએ સ્નાનાદિક કરી પોતાના પરિવાર સાથે ભોજન કર્યું.

મોક્ષ પ્રાપ્તિ

સાત્વિકવૃત્તિનો સ્વીકાર કરી સત્ય, કાંતિ અને પરાક્રમ સહિત એવો તે અજાપુત્ર સત્યભામા અને બલદેવ સહિત જેમ વિષ્ણુ તેમ લોકોનું પાલન કરતો છતો પુરુષોત્તમ થયો.

અન્યદા જ્ઞાની ગુરુનાં દર્શન થયાં. સિદ્ધિ લાભમાં નિર્ધન ચિંતામણિને જેમ તેમ રાજાએ સમ્યક્ત્વ ગ્રહણ કર્યું. તેમજ તે શુદ્ધ સમ્યક્ત્વ પૂર્વક જૈન ધર્મનો પ્રભાવ ફેલાવવા લાગ્યો અને દિગંતરમાં પોતાનો યશ વિસ્તારી તેણે બહુ સમય સુધી રાજ્ય ચલાવ્યું.

ત્યાર પછી વૃદ્ધાવસ્થાને લીધે સંસારની અસારતા તેના હૃદયમાં વધવા લાગી. અને મુમુક્ષુની જેમ તે રાજ્યાદિક વૈભવથી પરાઙ્મુખ થયો.

આ સંપત્તિઓ અને સ્ત્રીઓ બલની જેમ ચલાયમાન છે, તેમ વિરસ અને પોતાને સ્વાધીન નથી, એમ જાણી તેણે લક્ષ્મી અને સ્ત્રીઓનો હંમેશા અનાદર કર્યો.

વિદ્યમાન વિષયોનો ત્યાગ કરવામાં ગુણ હોય છે, અવિદ્યમાનનો તો હોતો નથી. એટલા માટે અજાપુત્રે વિષ સમાન વિદ્યમાન વિષયોનો ત્યાગ કર્યો.

દેહની અંદર રહેલ પાંચે ઇંદ્રિયોનો જો હું વિજય નહીં કરૂં, તો મારા શૌર્યની ખામી ગણાય, એમ જાણી તેણે પાંચે ઇંદ્રિઓને જીતવાની ઇચ્છા કરી.

પછી પોતાનું રાજ્ય નીતિમાન પોતાના પુત્રને આપી અજાપુત્રે ગુરુ પાસે સંયમશ્રીનો સ્વીકાર કર્યો.

કષાય રૂપી યામિકોથી વીંટાયેલા સંસારરૂપ કારાગૃહમાંથી નીકળવાની ઇચ્છાવાળા હોય, તેમ તે મુનિ જલદી શુદ્ધ ક્રિયા કરવા લાગ્યા.

સંસાર રૂપી સ્મશાનમાં મોહ પિશાચ મને છેતરશે, એમ જાણી હંમેશાં આગમમંત્રનું આરાધન કરવા લાગ્યા.

નહીં આપવાથી જલદી ક્ષીણ થાય છે અને આપવાથી વૃદ્ધિ પામે છે, એમ જાણી તે મુનિ ચિંતામણિ રત્નથી અધિક એવું જ્ઞાનદાન મુનિઓને આપવા લાગ્યા.

અન્ય સ્ત્રી પણ શીલ રહિત પુરુષને ઇચ્છતી નથી, તો મોક્ષરૂપી સ્ત્રી તો કયાંથી ઇચ્છે ?

એ હેતુથી તે મુનિ ઉત્સાહથી બ્રહ્મચર્ય પાળવા લાગ્યા.

સંસાર સાગરનું પાન કરવામાં અગસ્તિ સમાન કેવલ તપશ્ચર્યા છે, એમ જાણી અતિ દુસ્તપ તપ કરવા લાગ્યા.

ભાવના રૂપ દ્રુતિ વિના મુક્તિ સાનુકૂલ થતી નથી, એમ જાણી શાંત એવા પોતાના અંતઃકરણમાં ભાવના ભાવવા લાગ્યા.

એ પ્રમાણે દાન, શીલ, તપ અને ભાવનારૂપ ચાર પ્રકારના ધર્મને સંયમી છતાં પણ તે મુનિ યુદ્ધમાં જેમ ગૃહસ્થ તેમ ચારે પ્રકારના સંસારને પિષવા માટે આરાધવા લાગ્યા.

એ પ્રમાણે અપૂર્વ ચારિત્ર પાલન કરી સમ્યકૂત્વશ્રીને ધારણ કરતા તે રાજર્ષી પ્રાંતસમયે વિધિપૂર્વક અનશનવ્રત ગ્રહણ કરી કાળ-ધર્મ પામી સ્વર્ગલોકમાં ગયા. અને પ્રાચીન પરિણમેલા શુભ પુણ્યના યોગથી મહાન શ્રેષ્ઠ સંપત્તિઓના પાત્ર રૂપ ઇંદ્રનો વૈભવ પામ્યા.

ઇંદ્રની ઋદ્ધિ ભોગવ્યા પછી ત્યાંથી ચવીને તે અજાપુત્ર મનુષ્યભવ પામી દત્તનામે મોટા વૈભવશાળી થયા અને શ્રીચંદ્રપ્રભ-જિનેંદ્રની પાસે ગણધર થઇને અનુત્તમ કેવલી થયા અને મોક્ષ સુખ પામ્યા.

એ પ્રમાણે સત્વ સંબંધી અજાપુત્રની કથા સાંભળી શ્રી કુમારપાળ રાજા પોતાના હૃદયમાં તે ઉપદેશને ધારણ કરી દધિસ્થલી નામે પોતાના સ્થાનમાં ગયા અને ધર્મ, અર્થ, તથા કામને આરાધતા દિવસો વ્યતીત કરવા લાગ્યા.

પુત્રચિંતા

શ્રીસિદ્ધરાજભૂપતિ રાજ્ય શાસન ચલાવતો હતો, તેનાં ઘણાં વર્ષ દિવસોની માફક સુખમાં ચાલ્યાં ગયાં. પરંતુ ગૃહસ્થધર્મ રૂપી વૃક્ષના ફલ સમાન પ્રજા પુત્ર પ્રાપ્તિ થઇ નહીં, તેથી શલ્યવડે વીંધાયેલાની જેમ તે બહુ દુઃખી થયો અને વિચાર કરવા લાગ્યો,

મારું મસ્તક ધોળું થયું છે, જેથી વૃદ્ધ અવસ્થાનો સંભવ થયો છે, છતા હાલમાં પણ પુણ્યહીન માણસ દ્રવ્ય જેમ નિધાનને તેમ મેં પુત્ર સુખ દેખ્યું નહીં.

સર્વ સમૃદ્ધિથી સંપૂર્ણ એવું આ કુળ પણ પુત્ર વિના જળથી ભરેલું સરોવર જેમ કમળ વિના તેમ શોભતું નથી.

વળી સૂર્ય વિના દિવસ, દાન વિના વૈભવ,
મહત્વ વિના ઔચિત્ય, ગૌરવ વિના સત્કાર,
કમલ વિના સરોવર, સમૃદ્ધિ વિના મંદિર તેમજ
પુત્રવિનાનું કુલ ખરેખર શોભતું નથી.

આ સંસારમાં પુત્ર અને વૈભવ, એ બંને સાર છે. તેમાંથી એક વિના પણ માણસનો જન્મ નિષ્ફલ છે.

જળનો પરપોટો, વિજળીનો પ્રકાશ અને સંધ્યા કાળના રંગની જેમ પુત્ર વિના પ્રાણીઓનું કુલ ક્ષણમાત્રમાં નષ્ટ થાય છે, એ મહા ખેદની વાત છે.

એમ ચિંતાતુર થયેલા રાજાએ પુત્ર માટે વિવિધ પ્રકારના ઘણા ઉપાય કર્યા પણ પુત્ર થયો નહિ. કારણ કે ભાગ્ય વિના સિદ્ધિઓ પ્રાપ્ત થતી નથી.

સંતાન વિના સિદ્ધરાજ ખિન્ન થઇ ગયો, ત્યારે તેને વિચાર થયો કે, હવે તીર્થયાત્રા કરવી એ યોગ્ય છે.

એમ જાણી પોતાના ગુરુ શ્રી હેમચંદ્ર આચાર્યને સાથે લઇ તે તીર્થાટન કરવા નીકળ્યો.

હેમચંદ્રસૂરિને માર્ગમાં પગે ચાલતા જોઇ રાજાએ કહ્યુ.

મહારાજ ! આપ શા માટે પગે ચાલો છો ? આપના માટે પાલખી તૈયાર છે, એમ બહુ આગ્રહ કર્યો પછી ગુરુમહારાજ બોલ્યા.

હે રાજન્ ! વાહનાદિકમાં બેસવાથી અન્ય પ્રાણીઓને બહુ દુઃખ થાય છે, માટે મુનિઓ કોઇપણ વાહનમાં બેસતા નથી. તેમજ જેઓ ઉઘાડા પગે ઉપયોગ પૂર્વક દિવસે ચાલે તે જ ચારિત્રધારી મુનિઓ કહેવાય, વાહનમાં બેસનાર મુનિ ગણાય નહીં.

દરેક જીવોના સુખદુઃખને પ્રિય અને અપ્રિયને જાણનાર દયાળુ જૈન મુનિઓ પરપ્રાણીઓને કેમ દુઃખી કરે ? એ પ્રમાણે કહી સૂરિએ વાહનનો નહીં સ્વીકાર કરવાથી રાજાનું મન દુઃખાયું, તેથી બહુ ક્રોધાતુર થઈ તેણે કહ્યું.

આપ મહાત્મા થયા તો પણ જડ જેવા છો, એમ કહી તે આગળ ચાલ્યો.

ગુરુપ્રાર્થના

માર્ગમાં ચાલતાં ત્રણ દિવસ ગયા, પરંતુ કોઇ ઠેકાણે સૂરીંદ્રનો સમાગમ થયો નહીં, તેથી રાજાએ પોતાના મનમાં જાણ્યું કે, જરૂર મારી ઉપર આચાર્ય મહારાજ કોપાયમાન થયા.

ચોથા દિવસે સૂરીશ્વરને પ્રસન્ન કરવાની ઈચ્છાથી સિદ્ધરાજ પોતે મહાભયંકર ગુરુદ્વારમાં સેવકની જેમ ગયો. બહાર રહેલા રાજાએ કાંજી સાથે ભિક્ષાન્નાનું પરિવાર સહિત ભોજન કરતા આચાર્યને જોયા.

ત્યાર પછી રાજાને વિચાર થયો. આ મહાત્માઓ હંમેશાં કેવી તપશ્ચર્યા કરે છે ? જળમિશ્ર ભિક્ષાન્ન જમે છે અને માર્ગમાં પગેથી ચાલે છે.

માટે અન્યજનની માફક સામાન્ય બુદ્ધિવડે આ માનવા લાયક મહાત્માનું મારે અપમાન કરવું ઉચિત નથી, પરંતુ મહેશની માફક માનવા યોગ્ય છે.

એમ વિચાર કરી રાજા આચાર્યના ચરણમાં પડયો અને કહેવા લાગ્યો.

હે પ્રભો ! આપે વાહનની ના પડી, તેથી રોષને લીધે મેં આપને જે કંઇ કહ્યું, તે ક્ષમા કરો.

આપને બેસવા માટે મેં પાલખી મંગાવી, ત્યારે આપે તેનો અનાદર કર્યો. તેથી મેં કહ્યું કે, તમે જડ છો. પણ એ વચન મેં દ્વેષથી કહ્યું નથી.

હે ધર્મનાયક ! માર્ગમાં આપનાં દર્શન ન થયાં, તેથી રિસાયેલા જાણી આપને મનાવવા માટે હું આવ્યો છું.

ગુરુ નિઃસ્પૃહતા

હે ગુરુમહારાજ બોલ્યા. નરેંદ્ર ! તેં શો અપરાધ કર્યો છે, જેની હું ક્ષમા કરૂં ? કારણ કે,

તમારા સરખા મહાપુરુષો અપરાધી હોતા નથી. વળી માર્ગમાં કોઈ પણ ઠેકાણે હું તમને મળ્યો નહીં, એ મને ક્રોધ થયો તેથી નહીં, પરંતુ તમને મળવાનું મારે કંઈપણ કારણ નથી.

માર્ગમાં હું પગથી ચાલુ છું. રસવિનાનું ભિક્ષાન્ન દિવસમાં એક વાર જમું છું.

જીર્ણ વસ્ત્ર પહેરૂં છું. રાત્રિએ જ ક્ષણમાત્ર ભૂમિ પર શયન કરૂં છું.

સર્વથા સંગરહિત વર્તું છું. હંમેશાં સમતા ગુણમાં રમું છું અને હૃદયમાં પરમજ્યોતિનું ધ્યાન કરૂં છું.

હવે રાજાનું મારે શું કામ ?

તે સાંભળી જીવન મુક્તની માફક સંતુષ્ટ મનવાળા તે સૂરીશ્વરને પ્રણામ કરી સિદ્ધરાજનરેંદ્ર પોતાના સ્થાનમાં ગયો.

પ્રભુપૂજા

ત્યાર પછી સિદ્ધરાજભૂપતિ જંગમતીર્થ સમાન ગુરુમહારાજને આગળ કરી પોતાના પરિવાર સહિત **વિમલાચલ** ઉપર ગયો.

ત્યાં મનોહર ભક્તિ પૂર્વક રાજાએ શ્રી **આદિનાથ** ભગવાનની પૂજા કરીને નેત્ર અને જન્મનું અનંત ફલ મેળવ્યું.

સ્થિર દૃષ્ટિ વડે આદિનાથ ભગવાનને વારંવાર જોતો તે રાજા પોતાના આત્માને ઉભયથા મહા આનંદના સ્થાનભૂત માનતો હતો.

હેમાચાર્ય પણ ભક્તિરૂપ વેલડીથી ઉત્પન્ન થયેલા પુષ્પોના ગુચ્છ સમાન નવીન નવીન સ્તોત્રો વડે **શ્રીઆદિનાથ**ભગવાનની સ્તુતિ કરવા લાગ્યા.

તે તીર્થમાં વાણીથી અગોચર એવું તીર્થંકરોનું મહાત્મય જોઇ સિદ્ધરાજની શ્રદ્ધા જૈન ધર્મમાં બહુ દૃઢ થઈ.

જો આવા ઉત્તમ તીર્થમાં પોતે લક્ષ્મીનો નિયોગ ન કરે તો, જન્માંતરમાં પ્રાણીઓને ઉત્તમ રાજવૈભવ કયાંથી મળે !

એમ વિચાર કરી રાજાએ અગણ્ય પુણ્યરૂપ કરિયાણાની ઈચ્છાથી શ્રીઆદિનાથભગવાનની પૂજા માટે **બારગામ** આપ્યાં. તેમજ અમૃત સમાન સ્વાદિષ્ટ ભોજનોવડે બહુ છુટથી ઘણી **ભોજનશાળાઓ** બંધાવી.

નવીન દુકૂલ, પૃથ્વી, અનેક હાથી અને ઘોડાઓના દાનવડે યાચકોને રાજા સમાન કર્યા. અહો ! એની દાન શક્તિ કેટલી ?

રૈવતકગિરિ

ત્યાંથી ઉતરીને સિદ્ધરાજનૃપતિ રૈવતાચલ ઉપર ગયો. ત્યાં કામદેવને નિર્મૂલ કરનાર **શ્રી**નેમિનાથભગવાનને ભૂપતિએ ભક્તિપૂર્વક નમસ્કાર કર્યો.

પછી શ્રીખંડ, કુસુમ, સુવર્ણ અને રત્નાદિક વડે પોતાના આત્માને પૂજ્ય બનાવવાંથી ઈચ્છાથી જ ભગવાનની પૂજા કરી.

રાજાની ભક્તિ જોઈ વિનીત એવા પૂજારી–સેવકો આસન લાવ્યા. પરંતુ રાજાએ તેનો સ્વીકાર કર્યો નહીં. અને સર્વ સમક્ષ કહ્યું કે,

આ તીર્થમાં રાજાએ પણ આસનપર બેસવું નહીં. ખાટલામાં સુવું નહીં. ભોજન સમયે આગળ આડણી મુકવી નહીં. તેમજ સ્ત્રીએ પ્રસૂતિ કરવી નહીં. અને દહીંની છાશ કરવી નહી, એ પ્રમાણે ધર્મની શ્રદ્ધાવાળા પ્રાણીઓએ વ્યવસ્થા પાળવી.

અંબિકા આરાધન

શ્રી હેમચંદ્રઆચાર્યે પણ ઉલ્લાસ પામતી કવિતારૂપ વેલડીના ફલરૂપ સ્તોત્રોને જિનેંદ્રભગવાનની ભેટમાં મૂકયાં.

ત્યાર પછી ત્યાંથી ઉતરીને તેઓ પ્રભાસપાટણ ગયા. ત્યાં સોમેશ્વરની યાત્રા કરી કોડીનાર નગરમાં ગયા.

અહિં જગદંબા સમાન અંબાદેવીની સિદ્ધરાજે પૂજા કરી. પછી પુત્રની ચિંતાથી આતુર થયેલા ભૂપતિએ હેમચંદ્રસૂરીશ્વરને પોતાનો અભિપ્રાય જણાવ્યો.

હે ભગવન્! મારે ત્યાં રત્ન, સુવર્ણ, હાથી, ઘોડા વિગેરે સર્વ સંપત્તિઓ રહેલી છે, પરંતુ રાજ્યશ્રીરૂપ વેલીને વૃક્ષ સમાન એક પુત્ર નથી. માટે કૃપા કરી આપ આ અંબાદેવીને પૂછો.
મારે પુત્ર થશે કે નહીં અને મારી પછી કોણ રાજા થશે?

એ પ્રમાણે રાજાની વિનંતિ સાંભળી આચાર્યમહારાજે ત્રણ ઉપવાસવડે અંબાદેવીની આરાધના કરી પ્રસન્ન થયેલી દેવીએ કહ્યું તે પ્રમાણે પુનઃ રાજાને ગુરુએ કહ્યું,

હે રાજન્! તું ગમે તેટલા ઉપાય કરીશ તો પણ તારે પુત્ર થવાની નથી. તેમજ તારી પાછળ જે રાજા થશે, તે પણ તું સંભાળ.

સોમેશ્વર પ્રાર્થના

કર્ણદેવનો પુત્ર ક્ષેમરાજ અને તેનો પુત્ર પવિત્ર બુદ્ધિમાન દેવપ્રસાદ નામે દધિસ્થલિમાં રહે છે.

તેનો પુત્ર ત્રિભુવનપાલ છે. જેનું સત્ત્વ બહુ અગાધ છે અને જેના ભુજરૂપી વિંધ્યાચલમાં શૌર્ય રૂપી હાથી હંમેશા ક્રીડા કરે છે.

તેના ત્રણ પુત્ર છે, શ્રીકુમારપાલ, મહીપાલ અને કીર્તિપાલ.

જેમનું અપાર સત્ત્વ વિલસી રહ્યું છે એવો!

વિશ્વવિખ્યાત શ્રી કુમારપાલ તારા રાજ્યનો ભોક્તા થશે. તેમજ તે રાજા સંપ્રતિરાજાની માફક ભૂમંડલમાં જૈનધર્મનો વિસ્તાર કરશે.

એ પ્રમાણે સૂરીશ્વરના વાકયરૂપી ભાલાવડે હૃદયમાં વિંધાયેલો રાજા વાણી અને મનથી ન કળી શકાય તેવી ચિંતા પડયો.

ત્યાર પછી યાત્રાવડે પવિત્ર છે આત્મા જેનો એવો સિદ્ધરાજ ગુર્જરાધીશ, શ્રીહેમચંદ્રઆચાર્ય સાથે પોતાની રાજધાનીમાં આવ્યો.

અંબાદેવીના વચનની પરીક્ષા માટે શ્રીકર્ણદેવના પુત્ર **સિદ્ધરાજ** ભૂપતિએ ઉત્તમ પ્રકારના **દૈવજ્ઞોને** બોલાવ્યા.

મારે પુત્ર થશે કે નહીં ? તેમજ મારી ગાદીએ ભાવી રાજા કોણ થશે ?

એ પ્રમાણે રાજાનો પ્રશ્ન સાંભળી તાત્કાલિક લગ્ન ઉપરથી તેનો નિશ્ચય કરી નૈમિત્તિકોએ દેવીના કહ્યા પ્રમાણે ઉત્તર કહ્યો, કારણ કે જ્યોતિષશાસ્ત્ર અન્યથા થતું નથી.

દેવી અને નૈમિત્તિકોના વચનથી રાજાને વિશ્વાસ રહ્યો નહીં, તેથી તેણે સોમેશ્વરની આરાધના કરીને પુત્ર મેળવવો નિશ્ચય કર્યો.

ત્યાર પછી પગે ચાલતો માર્ગમાં દાણા વીણીને વૃત્તિ ચલાવતો કાર્તિકેયની જેમ સિદ્ધરાજ પ્રભાસમાં ગયો.

ત્યાં સ્નાન કરી સ્ત્રીસહિત રાજાએ ત્રણ ઉપવાસ કર્યા. પુષ્પાદિકથી પૂજન કરી શ્રીસોમનાથને બહુ પ્રસન્ન કર્યા.

શારીરિક ઝળહળતા તેજના સમૂહવડે રાત્રિને પણ દિવસ કરતા **સોમેશ્વર** દેવ પ્રત્યક્ષ થઈ બોલ્યા.

રાજન્ ! તું શા માટે અહીં આવ્યો છે? તેં મારું શા માટે સ્મરણ કર્યું છે ?

રાજાએ નમન કરી કહ્યું કે,

હે ભગવન્ ! મારી વૃદ્ધ અવસ્થા છે. છતાં મારે એક પણ પુત્ર નથી, મારો વંશ નિરાધાર છે.

હે દેવ ! આપનો હું સેવક છું, છતાં પણ મારે પુત્ર નહીં, તે કલ્પવૃક્ષને આશ્રય રહેલા પુરુષને ભૂખે મારવા જેવું છે.

માટે કૃપા કરી જલદી મને એક પુત્ર આપો. વૃક્ષપર લતાની જેમ જેના આશ્રયથી રાજ્યશ્રી સ્થિર થાય.

કૃષ્ણદેવ

વિચાર કરી સોમેશ્વરે કહ્યું.

હે રાજન્ ! તારે પુત્ર થવાનો નથી. રાજ્યને લાયક બહુ પરાક્રમી કુમાર તો પ્રથમ જન્મ્યો છે.

ફરીથી દીન મુખે રાજા બોલ્યો. હે ભગવન્ ! આપ અભીષ્ટ ફલ આપનાર છો, એમ અમે સાંભળ્યું છે, છતાં એકે પુત્ર નહીં આપો, તો તમારૂં અભીષ્ટદાયિપણું કયાં રહ્યું ?

તું પુત્ર પ્રાપ્તિને લાયક નથી. હું શું કરૂં ? "યોગ્યતા સિવાય કોઈથી પણ કંઈ કરી શકાય તેમ નથી."

એમ કહી સોમેશ્વર મહાદેવ અંતર્ધાન થઈ ગયા.

સિદ્ધરાજ બહુ શોકાતુર થયો. પુત્રની અપ્રાપ્તિવડે પોતાને નિંદતો છતો પોતાના નગરમાં પાછો આવ્યો.

હવે દેવી, દૈવજ્ઞ અને સોમેશ્વરના વચનથી રાજાએ નક્કી જાણ્યું કે, આ રાજ્યનો ભોકતા **કુમારપાળ** થશે.

એવી ચિંતાથી આતુર બની તે કુમારપાળ ઉપર બહુ દ્વેષ કરવા લાગ્યો.

પ્રથમ તેના પિત્રાદિકને મારીને પછી તેને મારી નંખાવવો, એવી બુદ્ધિથી પોતાના ઘાતકી દૂતોને મોકલી તેણે પ્રથમ ત્રિભુવનપાળને સ્વર્ગસ્થ કર્યો.

શ્રી કુમારપાળે પિતાની દાહાદિક ક્રિયા કરી, તેના મરણનું કારણ કેટલાક હોંશિયાર રાજવર્ગના પ્રધાનોને એકાંતમાં પૂછયું.

પોતાના હિતકારી કોઈક પુરુષે મરણનું કારણ કહ્યું. તેથી મુનીંદ્રની માફક કુમારપાળ ઉદાસીન વૃત્તિથી પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો.

રાજ્યસંપત્તિને ધિક્કાર છે, જેના માટે મૂઢ પુરુષોના ઉચિત ભોગને હિતકારી ભુજબળવાળા પિતા, ભ્રાતા અને પુત્રાદિકોને શત્રુની માફક મારી નાખે છે.

જેઓ બંધુઓનો ઘાત કરી લક્ષ્મીને સ્થિર કરવાની ઈચ્છા કરે છે, તે મૂઢ પુરુષો બળતા દાવાગ્નિના યોગથી વેલીને પ્રફુલ્લિત કરવા ધારે છે.

દરિદ્રતા, ભિક્ષા અને પ્રાણનો ત્યાગ થાય તે પણ સારૂં, પરંતુ પોતાના વંશજોના ઘાતથી ઉત્પન્ન થયેલા પાતકવાળી લક્ષ્મી સારી નહીં.

જે રાજ્યથી ગગનાંગણથી જેમ અવશ્ય અધોપતન થાય છે.

જે રાજ્યને વિષે યુદ્ધભૂમિની માફક ડગલે ડગલે મહાન કલેશ રહ્યો છે.

સ્ત્રીના મનની માફક જે રાજ્ય સ્થિર રહેતું નથી, છતાં પણ રાજાઓ પોતાના કુળનો નાશ કરીને પણ તે રાજ્ય ભોગવવાની ઈચ્છા કરે છે.

કેટલાક પુરુષો કંઈક કારણને લીધે શત્રુતા કરે છે, પરંતુ દુરાશય આ સિદ્ધરાજ તો દૈવની માફક વિના કારણે વૈરી થયો છે.

મહા દ્વેષી આ રાજા જ્યાં સુધી મને ન મારે, તેટલામાં કોઇ પણ સ્થળે પરિવારને મૂકીને હું મારા આત્માનું રક્ષણ કરૂં તો ઠીક.

એમ વિચાર કરી કુમારપાળ ગુપ્ત વિચાર માટે પોતાના બનેવી કૃષ્ણદેવની પાસે ગયો.

પોતાનો અભિપ્રાય જણાવ્યો. હવે મારે શું કરવું ? એમ પૂછવાથી મહાબુદ્ધિશાળી કૃષ્ણદેવ બોલ્યો.

મસ્તકપર વક્ર– વાંકો=વિપરીત ચંદ્ર – દૈવના રહેવાથી શંકરે પણ ભિક્ષાન્નથી ગુજરાન ચલાવ્યું તો અન્યની શી વાત ?

જ્યાં સુધી દૈવની અનુકૂળતા છે, ત્યાં સુધી પોતાનો પરિવાર દધિસ્થલીમાં મૂકીને હે ધીમાન ! તું દેશાંતરમાં કાળક્ષેપ કર.

સૂર્ય પણ રાત્રિએ નિસ્તેજ થાય છે, ત્યારે દેશાંતરમાં જાય છે. ફરીથી તેજસ્વી થઈ પ્રભાતમાં પોતાના સ્થાનમાં આવે છે.

અહીંની રાજવ્યવસ્થા હું તને ચરપુરુષોવડે જણાવીશ. અન્ય વેષ

ધારણ કરી તું પૃથ્વીપર પરિભ્રમણ કર અને કેટલાંક વર્ષ નિર્ગમન કર.

ગુપ્તપ્રયાણ

પોતાની ભોપાલદે સ્ત્રી અને ભાઇ વગેરે પરિવારને દધિસ્થલીમાં મૂકી શ્રીકુમારપાળ રાત્રિએ એકાકી નીકળ્યો.

જટાધારી થઇ કોઈ પણ સ્થળે પોતાને નહીં પ્રસિદ્ધ કરતો અને અનેક પ્રકારનાં કૌતુક જોતો કુમારપાળ ધૂર્ત્તની માફક પૃથ્વીપર ભ્રમણ કરવા લાગ્યો.

સિદ્ધરાજે તેને મારવા માટે સુભટોને આજ્ઞા આપી, પરંતુ ત્યાં તે નહી હોવાથી વિલક્ષ થઈ સુભટો પાછા ગયા.

પછી રાજાએ હુકમ કર્યો કે, અહીંયાં કુમારપાળ આવે કે તરત મને ખબર આપવી.

કુમારપાળે પરિવ્રાજકનો વેષ લીધો છે અને કેટલોક સમય દેશાંતરમાં વ્યતીત કરી ફરતો ફરતો પરિવ્રાજકની મંડળી સાથે રાજ્ય વ્યવસ્થા જાણવાની ઇચ્છાથી તે પાટણમાં આવ્યો.

રાજકીય સુભટોએ તેની દક્ષતાથી તેને ઓળખ્યો. પછી તત્કાળ તેઓ રાજાની પાસે ગયા અને તેમણે જણાવ્યું કે.

હે સ્વામિ ! આપનો શત્રુ અહીં આવ્યો છે. તેના વધનો ઉપાય નક્કી કરી દુષ્ટ રાજાએ પોતાના પિતાના શ્રાદ્ધ દિવસે સર્વ પરિવ્રાજકોને જમવા માટે બોલાવ્યા.

સિદ્ધરાજના સુભટોએ મને ઓળખ્યો છે એમ નહીં જાણતો કુમારપાળ જટાધારી બની પરિવ્રાજકના મંડળના સાથે રાજભવનમાં ગયો.

શત્રુને ઓળખવા માટે રાજા પોતે તેમના એકે એકે પગ ધોવા લાગ્યો. ઊર્ધ્વ રેખાદિકના ચિન્હોવડે કુમારપાળને ઓળખ્યો. તેથી રાજા એકદમ પોતાના હૃદયમાં બળવા લાગ્યો અને ક્રૂર દૃષ્ટિથી તેને જોવા લાગ્યો.

તે પરથી કુમારપાળ સમજી ગયેા કે, આ રાજાએ મને ઓળખ્યેા છે.

ભેાજન કર્યા પછી એને મરાવીશ, એમ રાજાનેા વિચાર થયેા. ભેાજન કરી હું જલદી પલાયન થઇશ એમ ધારી કુમારપાળ ભેાજન કરવા બેઠેા.

ધેાયેલાં વસ્ત્ર લેવા માટે રાજા કેાશગૃહની અંદર ગયેા એટલે કુમારપાળ ભેાજન કરી વમનના મિષથી જલદી ત્યાંથી નીકળી ગયેા.

ભંડારમાંથી વસ્ત્ર લઈ રાજા બહાર આવ્યેા અને જટિલેાને વસ્ત્ર આપતાં કુમારપાળ તેના જોવામાં આવ્યેા નહીં; તેથી તે બહુ ક્રેાધાતુર થઇ ગયેા અને એકદમ સેનાપતિને હુકમ કર્યેા.

અહીંથી કુમારપાળ નાસી ગયેા છે, તેને જીવતેા તું અહીં પકડી લાવ. નહિ તેા તેના સ્થાને તારું મરણ થશે.

રાજાના હુકમથી સેનાપતિ યમરાજની માફક સૈન્ય સહિત જે દિશામાં કુમારપાલ ગયેા હતેા, તેજ દિશામાં દૈવયેાગે ગયેા.

ગરુડના સરખા બહુ વેગવાળા ઘેાડાઓ વડે ચાલતેા સેનાપતિ તેની પાછળ જઇ પહેાંચ્યેા. આકાશમાં ઉડતી ધૂળ જોઈને અને ઘેાડાઓના હેષારવ સાંભળી પાછળ આવતા સૈન્યને તેણે જાણ્યું.

તરત જ તે સંભ્રાંત થઈ પાછળ લાગ્યેા. તેટલામાં ક્ષુભિત સાગરની માફક નજીકમાં આવેલા સૈન્યને જોઇ તે ગભરાઇ ગયેા.

હવે હું શું કરૂં ? કયાં જવું ? કેાનેા આશ્રય લેવેા ? એમ સૈન્યના અવલેાકનથી હણાતેા હેાય તેમ આકુલ વ્યાકુલ થઈ ગયેા.

ત્રાસ પામેલા મૃગલાની માફક દિશાઓ તરફ તે દૃષ્ટિ કરતેા હતેા, તેવામાં એક બદરીવન તેના જોવામાં આવ્યું. તેમાં કેાઈક ખેડુતે બેારડીના પાંદડાનેા ઢગલેા કરેલેા હતેા, ત્યાં ગયેા અને ત્યાં ઉભેલા ખેડુતને તેણે કહ્યું.

હે ભાઈ ! મારી પાછળ સૈનિકેા યમદૂતની માફક અપરાધ વિના મને મારવા માટે આવે છે. માટે આપ દયા કરી આ પાંદડાની અંદર મને સંતાડેા અને મારૂં રક્ષણ કરેા.

તપસ્વીનું રક્ષણ કરવાથી તમને ઘણું પુણ્ય થશે.

તે સાંભળી ખેડુતને દયા આવી. તું બ્હીશ નહીં, એમ કહી ખેડુતે તેને પાંદડાંમાં ગોપવી દીધેા અને તેની પાસે તે ઉભેા રહ્યો. "ખરેખર દુઃખીનેા ઉપકાર કેાણ ન કરે?"

નીચે અને ઉપર મર્મસ્થલને ભેદનાર તીક્ષ્ણ કાંટાઓથી પીડાતેા કુમારપાલ આંખેા મીચી મડદાની માફક ઢગલાની અંદર પડી રહ્યો. ક્ષણમાત્રમાં જીવની પાછળ પેાતે કરેલાં કર્મની જેમ સૈન્ય સહિત સેનાપતિ તેનાં પગલાં જોતેા જોતેા તેની પાછળ તે સ્થાનમાં આવ્યો.

ત્યાંથી આગળ તેનું પગલું સેનાપતિના જોવામાં આવ્યું નહી. તેથી તેને બહુ ક્રોધ થયેા અને શંકરની માફક કેાપાયમાન થઈ ખેડુતને પૂછવા લાગ્યેા.

હે ખેડુત! સ્થુલ બ્હા, મેાટા ભુજ અને માથે જટાવાળેા કેાઇ યુવાન પુરુષ અહીંથી નીકળતાં તેં જોયેા છે કે નહીં? જલદી બેાલ!

ખેડુત બેાલ્યેા. હું મારા કામમાં ગુંચવાયેા છું, આ બેારડી. એાનાં પાંદડા પાડુ છું. અહીં તેવેા કેાઈ માણસ મારા દેખવામાં આવ્યો નથી.

જટિલશુદ્ધિ

ત્યારબાદ સેનાપતિએ ચારે દિશાઓમાં તેની શેાધ માટે પેાતાના સુભટેાને મેાકલ્યા અને પેાતે પણ સંસારમાં જીવની માફક તે સ્થાનમાં વારંવાર ફરવા લાગ્યેા.

તે સુભટેા પણ ચારે તરફ ફરી ફરીને થાકી ગયા. પછી સેનાપતિને આવીને કહેવા લાગ્યા. કેાઇ પણ સ્થાનમાં એ જટિલનેા પત્તો લાગતેા નથી.

તે સાંભળી સેનાપતિ ભયભીત થઈ ગયેા. પછી તે રાજાની પાસે ગયેા. સર્વ વૃત્તાંત યથાસ્થિત ભૂપતિને નિવેદન કરી બહુ શેાકાતુર થઇ ગયેા.

ત્યારપછી રાજાએ હુકમ કર્યેા. જે કેાઇ માણસ કુમારપાલનેા પત્તો

લગાડશે, તેને મનોવાંછિત ધન હું આપીશ. એમ કહી તેણે ચારે દિશાએ પોતાના સુભટોને મોકલ્યા.

ભીમસિંહ

રાજાના સૈનિકો નિરાશ થઈ ત્યાંથી ચાલ્યા ગયા. ત્યાર પછી ખેડુતને વિચાર થયો કે; હવે અહીં કોઈ છે નહીં, એમ જાણી એક પ્રહર રાત્રિ ગઈ ત્યારે પાંદડાંના ઢગલામાંથી કુમારપાલને બહાર કાઢ્યો.

તેના શરીરે બહુ કાંટા વાગેલા, તેથી સર્વાંગે રૂધિરના પ્રવાહ ચાલતા હતા, તે સમયે ઝરતા ધાતુઓના રસથી ખરડાએલા પર્વતની માફક તે શોભતો હતો.

વળી તે વખતે કુમારપાલ નેત્રકમલ ખુલ્લાં કરી જીવલોકને જોવા લાગ્યો. અને વધ્યસ્થાનમાંથી મુક્ત થયેલા પશુ સમાન પોતાને માનવા લાગ્યો.

ત્યાર પછી કુમારપાલે ખેડુતને કહ્યું. મારા દુઃખના સમયે તું આધાર થયો અને મને પ્રાણ સંકટમાંથી બચાવ્યો.

તારી સહાયથી આજે હું શત્રુના સૈન્યમાંથી છુટયો છું. આ દુઃખમાંથી મને બચાવીને તેં કયો ઉપકાર ન કર્યો ? "સર્વ ઉપકારોમાં પ્રાણીના પ્રાણનું રક્ષણ કરવું, એ મુખ્ય ઉપકાર છે."

તું મને જીવિતદાન આપનાર છે, માટે તેનો બદલો મારાથી કોઈ રીતે વળે તેમ નથી, તો પણ પોતાના બંધુની માફક હું તારો સમય ઉપર ઉપકાર કરીશ.

એમ કહી **ભીમસિંહ** એ પ્રકારે તેનું નામ ધારી લઇ કૃતજ્ઞ પુરૂષોમાં ચૂડામણિ સમાન તે કુમારપાલે તેને વિદાય કર્યો.

ધન લોભી ઉંદર

કુમારપાલે જટા કાઢી નાંખી અને અન્ય વેષ ધારણ કર્યો, જેથી તે ઓળખી શકાય નહીં. ત્યાર પછી પોતાના પરિવારને મળવા માટે ત્યાંથી દધિસ્થલી તરફ ચાલ્યો.

માર્ગમાં ચાલતો હતો, તેવામાં એક વૃક્ષ આવ્યું, તેની છાયમાં વિશ્રાંતિ માટે તે બેઠો.

ત્યાં એક જગાએ ઉંદરનું બિલ હતું. તેમાંથી એક ઉંદર રૂપાની મુદ્રા (રૂપીઓ) મુખ વડે ખેંચતો હતો, તે તેના જોવામાં આવ્યું.

તે ઉંદર કેટલી મુદ્રાઓ લાવે છે, તેવી જીજ્ઞાસાથી કુમારપાલ તે તરફ જોઈ રહ્યો, તેટલામાં એકવીશ મુદ્રાઓ તે ખેંચી લાવ્યો.

તે મુદ્રાઓને જોઈ બહુ હર્ષથી ઉંદર ઉંચો થઇ વારંવાર નૃત્ય કરવા લાગ્યો.

તે જોઇ કુમારપાલને વિચાર થયો કે;—

नो भोगो गृहादिकार्यकरणं नो राजदेयं किम-
प्यन्यस्याऽपि न सत्कृतिर्न सुकृतं सत्तीर्थयात्रादिकम् ।
यद् गृहणन्ति तथाऽपि लोलुपधियः सूच्याननाद्या धनं,
तन्मन्ये भुवनैकमोहनमहो ! नास्मात्परं किंचन ॥ १ ॥

"અશનાદિક ભોગ ભોગવવાના નથી. ગૃહાદિકનું કંઈ કામ નથી. રાજાને કંઇ આપવાનું નથી. અન્ય લોકોને પણ આપવાનું નથી.

સત્કાર કરવાનો નથી. પુણ્યોપાર્જન નથી.

ઉત્તમ તીર્થોની યાત્રાદિક નથી.

છતાં પણ લોભબુદ્ધિથી ઉંદર વિગેરે પ્રાણીઓ જે ધન ગ્રહણ કરે છે, તેથી હું માનું છું કે,

અહો ! જગતને ખાસ મોહિત કરનાર ધન સિવાય અન્ય કોઈ વસ્તુ નથી."

તે ઉંદર મુદ્રાઓની ઉપર ક્ષણમાત્ર બેસે છે. ક્ષણમાં સુઈ જાય છે. એમ કરતો છતો તેમાંથી એક મુદ્રા લઈ પોતાના બિલમાં ગયો એટલે બાકીની મુદ્રાઓ લઈને કુમારપાલ ગુપ્ત રીતે ત્યાં ઉભો રહ્યો.

એક મુદ્રા અંદર મૂકી ઉંદર પાછો આવ્યો અને ત્યાં જોયું તો બીજી મુદ્રાઓ મળે નહીં. તેથી તે ઉંદર બહુ દુઃખી થઇ તરતજ ત્યાં મરી ગયો.

તે જોઈ કુમારપાલ ચિંતાતુર થઈ ગયો અને પશ્ચાત્તાપ કરવા લાગ્યો.

અરે! આ મેં શું કર્યું? એમ બહુ શોકાતુર થઈ ત્યાંથી તે આગળ ચાલ્યો.

દેવશ્રી

કુમારપાલને ભોજન કરે ત્રણ દિવસ થયા, તેથી તપસ્વિની માફક તે સર્વાંગે દુર્બલ થઈ ગયો.

કુક્ષિઓમાં કુવા પડી ગયા. પ્રચંડ મૂછાંથી સર્પ ડંશેલાની માફક આંખો મીંચાવા લાગી. આવી દુર્દશામાં આવી પડેલો કુમારપાલ રથમાં બેસી પોતાના સાસરેથી પીયર જતી કોઈક સ્ત્રીના જોવામાં આવ્યો.

તેને જોઇ સ્ત્રીના હૃદયમાં દયા આવી. અરે! આ કોઇ મહા પુરુષ દુઃખમાં આવી પડયો છે. એમ જાણી તેણીએ બંધુના સ્નેહથી કુમારપાલને પોતાના રથમાં બેસાડયો અને કપૂરના ચૂર્ણથી સુંગધમય ચોખાનો દહી મિશ્રિત રાંધેલો ભાત તેને આપ્યો, તેથી તે શાંત થયો.

અહો! દુઃખ સમયે પણ દૈવને ચિંતા હોય છે, એમાં સંશય નથી.

ઉદુંભર નામે ગામમાં **દેવસિંહ**ની પુત્રી અને **દેવશ્રી** તેનું નામ એવી રીતે પોતાની ઉપકારિણી જાણીને તેણે કહ્યું,

હે ભગિનિ! મારા રાજ્યાભિષેક સમયે તારે મને તિલક કરવું. એમ કહી કુમારપાલ સંપત્તિથી સ્થુલ એવી દધિસ્થલી તરફ ગયો.

સજ્જન કુંભકાર

પ્રથમથી ત્યાં મૂકેલા રાજાના સુભટોએ અહીં કુમારપાલ આવ્યો છે, એ પ્રમાણે પોતાના સ્વામીને નિવેદન કર્યું. તે વાત સાંભળી રાજાએ તેને મારવા માટે ત્યાં સૈન્ય મોકલ્યું.

સૈન્યના સંચારથી ઉડેલી ધૂળવડે સૂર્ય પણ ઢંકાઈ ગયો. અનુક્રમે સૈનિકો નગરીની નજીકમાં ગયા અને ચારે દિશાઓમાં ઘેરો ઘાલ્યો,

કુતરાઓના મંડલમાંથી સસલાની માફક કુમારપાળે ત્યાંથી નીકળી જવાને ઘણાંએ ફાંફાં માર્યાં, પરંતુ કંઈ લાગ ફાવ્યો નહીં.

તેવામાં એક **સજ્જન** નામે કુંભાર ઈંટોનો નિભાડો પકવતો

હતો. તે તેના જોવામાં આવ્યો કે, તરતજ તે તેની પાસે ગયો અને પ્રાર્થના કરી કહ્યું.

આ નિભાડાની અંદર મને સંતાડીને મારૂ તું રક્ષણ કર.

કુંભાર પોતે સજ્જન હોવાથી નિધાનની માફક કુમારપાલને તે ઇંટોના પાકની અંદર ગોપવીને તેની નજીક ત્યાં ઉભો રહ્યો.

ઇંટોની વચ્ચે રહેવાથી તેનું શરીર બહુ પીડાવા લાગ્યું અને શ્વાસના રોકાણથી જીવતો મુડદા સમાન થઈ ગયો.

સૈનિકો દધિસ્થલીની અંદર ગયા. ચૈત્ય, આશ્રમ અને મઠ વિગેરે સર્વ સ્થાનોમાં તપાસ કરી, પણ કોઇ ઠેકાણે કુમારપાલનો પત્તો લાગ્યો નહી. પછી તે સૈન્ય ત્યાંથી પાછુ ગયું.

ત્યારબાદ સજ્જને કુમારપાલને નિભાડામાંથી બહાર કાઢયો. અને પોતાને ઘેર લાવી સ્નાનાદિક શુદ્ધિ કરાવી મિત્રની માફક સુંદર રસોઈ કરી તેને જમાડયો.

બોસરીમિત્ર

ત્યારપછી વિશ્વાસના સ્થાનભૂત અને સરસ હૃદયનો **બોસરી** નામે કુમારપાલનો મિત્ર દ્વિતીય–બીજું પોતાનું જીવિત હોય ને શું? તેમ તેની પાસે ગયો અને બહુ પ્રેમથી મળ્યો.

તે રાત્રીએ ત્યાં તેને રાખ્યો. સજ્જન અને બોસરિની આગળ કૃતજ્ઞતાને ઉચિત એવાં કેટલાંક વચન કુમારપાલે કહ્યાં.

હે સજ્જન! પિતાની માફક આ સમયે તે મારૂં રક્ષણ કર્યું, તેથી હું માનું છું કે; તે મને પુનર્જન્મ આપ્યો.

આ જગતમાં બે પુરુષો જ પૃથ્વીને ધારણ કરવામાં સમર્થ છે. એક તો પરોપકારી અને બીજો કૃતજ્ઞ, "બાકીના પુરુષો પૃથ્વીને ભારભૂત થાય છે."

કેટલાક નામથી અને કેટલાક ગુણોથી એમ ઘણા સજ્જનો હોય છે. પરંતુ બંને પ્રકારે સજ્જન તો હાલમાં તું એકજ છે.

ગુર્જરેંદ્ર–સિદ્ધરાજની માફક દૈવ પણ હાલમાં મને પ્રતિકૂલ છે. જેથી તે દરેક સ્થળે મને પ્રાણ–ઘાતક કલેશ આપે છે.

માટે હે સજ્જન ! મારા કુટુંબને અહીંથી તું ઉજ્જયનીમાં લઇ જા અને હું આ મિત્રની સાથે દેશાંતરમાં જઈશ.

એ પ્રમાણે કુમારપાલ વાત કરતો હતો, તેવામાં ઘોંઘાટથી જેમ તેના વાર્તાલાપના અવાજથી સજ્જનનાં માતાપિતા જાગી ગયાં.

રાત્રીના ઉજાગરાને લીધે તે બંને જણ વૈરીની માફક બોલવા લાગ્યાં.

હે દુષ્ટો ! વૃથા ઉજાગરાથી તમે શા માટે રાત્રી ગમાવો છો ?

હે બોસરી ! આ રાજા થઇને શું તને લાટ દેશનું રાજ્ય આપવાનો છે ?

હે સજ્જન ! તને શું ચિત્રકૂટનો પટ્ટો આપશે ?

રાજાની માફક તમે બંને નિશ્ચિત થઇને શામાટે સુઈ રહ્યા નથી ? એની જેમ શું તમારે પણ કંઈ વિચાર કરવાનો છે કે ?

એ પ્રમાણે સજ્જનના પિતાનું વચન સાંભળી કુમારપાલે પોતાના વસ્ત્રાંચલે શકુનની ગાંઠવાળી અને મર્મસ્થાનમાં આઘાત લાગ્યાની માફક તે વિચાર કરવા લાગ્યો.

પ્રાણીઓનું દારિદ્ર એજ દૌર્ભાગ્ય છે. જેના આશ્રયથી બોલતો પણ માણસ બીજાઓને શત્રુ સમાન અપ્રિય થાય છે.

ગુણજ્ઞ, કૃતજ્ઞ, કુલીન, મહાન, પ્રિયવાદી અને દક્ષ એવો પણ પ્રાણી જો નિર્ધન હોય તો તે લોકપ્રિય થતો નથી.

એમ વિચાર કરી કુમારપાલે પોતાનું કુટુંબ સજ્જન સાથે ઉજ્જયિનીમાં મોકલ્યું અને પોતે વેષાંતર કરી બોસરી સાથે ચાલતો થયો.

ભિક્ષામાતા

આખા દિવસની મુસાફરી કરી પણ તે દિવસે તેમને કંઈપણ ભોજન મળ્યું નહીં. બીજે દિવસે મધ્યાન્હકાળ થયો, એટલામાં એક ગામડું આવ્યું, ક્ષુધા અને તૃષાની પીડાથી કુમારપાલે પોતાના મિત્રને કહ્યું. હવે કંઈક ઉપાય કર, જેથી કંઇક ખાવાનું મળે.

બ્રાહ્મણ બોલ્યો. મારી માતા ભોજન આપશે.

કુમારપાલ બોલ્યો. તારી માતા કયાં છે ?

બોસરીએ કહ્યું. હે મિત્ર ! ભિક્ષા એજ મારી માતા છે. "સર્વસ્થલે અને અભીષ્ટ ભોજન આપનાર ભિક્ષા એજ ભિક્ષુકોની નવીન માતા છે."

એમ કહી ધૈર્ય ધારણ કરતો બ્રાહ્મણ તે ગામમાં ગયો અને એક ઘડો ભરી કરંબક તથા પુષ્કળ ભિક્ષા લઈ ત્યાંથી ચાલ્યો.

ઘડો પોતાના વસ્ત્રમાં ગોપવ્યો અને ભિક્ષાન્ન કુમારપાલની આગળ મૂકી બંને જણ ખુબ ધરાઈને જમ્યા. ત્યાર પછી તેઓ એક મઠમાં સુઈ ગયા. શત્રુની ભીતિથી કુમારપાલને નિદ્રા આવી નહીં પણ કપટથી ઉંઘી ગયો.

બ્રાહ્મણ તેને ઉંઘેલો જાણી ઘડામાંથી કરંબક રાબ કાઢીને ખાવા બેઠો. તે જોઈ કુમારપાલ વિચાર કરવા લાગ્યો.

આ બ્રાહ્મણને ધિક્કાર છે. જે મારાથી પણ સંતાડીને રંકની માફક ખાય છે. અથવા બ્રાહ્મણનો એ સ્વભાવ છે કે કોઈ દિવસ તેઓ ભોજનથી તૃપ્ત થતા નથી.

એ કારણથી એણે આ અન્ન છાનું રાખ્યું છે.

એમ કુમારપાલ ચિંતવતો હતો, તેવામાં બોસરી ભોજન કરી ઉભો થયો અને બાકીનો કરંબક વસ્ત્રમાં સંતાડી મૂકયા.

કૃતજ્ઞતા

કુમારપાલ જ્યારે નિદ્રામાંથી ઉઠયો, ત્યારે બ્રાહ્મણે કહ્યું, હે મિત્ર ! તમને જો ભોજનની ઇચ્છા હોય તો આ કરંબક જમો. એમ કહી કુમારપાલને તે કરંબક આપ્યો.

કુમારપાલ બોલ્યો, પ્રથમ તે એકલે શા માટે ભોજન કર્યું ?

બ્રાહ્મણ બોલ્યો. ભિક્ષા માગતાં મને એક બ્રાહ્મણીએ કહ્યું હતું. આ કરંબકનો ભરેલો ઘડો છે, પરંતુ રાત્રિએ ઉઘાડો હતો, તે તમારે જોઇએ તો લ્યો. પરંત એમાં મને કોઈપણ પ્રકારનો દોષ આપશો નહીં.

બીજી ભિક્ષા મળશે કે નહીં મળે ? એમ ધારી તૃષ્ણાથી મેં તે ઘડો લઈ લીધો. " બ્રાહ્મણની પ્રકૃતિ બહુ લોભી હોય છે. "

અહીં આવ્યા પછી તે ઘડો મેં તમને દેખાડયો નહીં, કારણકે

ક્ષુધાને લીધે કદાચિત્ તમે તે ખાઈ જાઓ અને તેમાંથી કંઈ વિકાર થાય, તેવી બીકને લીધે મેં તે છાનું રાખ્યું હતું.

મારૂં મરણ થાય તો કંઇ હરકત નથી, પણ એનું મારે રક્ષણ કરવું જોઇએ, કારણ કે જે કાલે રાજા થઈ પિતાની માફક પૃથ્વીનું પાલન કરશે.

એમ વિચાર કરી તમે ઉંઘી ગયા એટલે તે કરંબક મેં ખાધો. તેથી તેને નિર્દોષ જાણી હાલમાં હું કહું છું કે, તમને ભુખ લાગી હોય તો જમો.

કુમારપાલે વિચાર કર્યો. અહો ! મારી ઉપર એનો આટલો બધો સ્નેહ છે. મેં તો નીચની માફક કંઈક બીજો વિચાર કર્યો, તેથી મને ધિક્કાર છે.

એ પ્રમાણે પોતાને નિંદતો કુમારપાલ કરંબક જમીને રામને વિષે કૃષ્ણની જેમ બ્રાહ્મણ ઉપર પ્રસન્ન થયો. ત્યાંથી તેઓ આગળ ચાલ્યા.

સ્થંભતીર્થ

એક દિવસ પરિભ્રમણ કરતો કુમારપાળ સ્તંભતીર્થ–ખંભાત નગરમાં ગયો, ત્યાં હેમચંદ્રાચાર્યની પાસે નિમિત્ત પૂછવા માટે તે ગયો.

તે સમયે હેમચંદ્રસૂરિએ સારી રીતે વાતચીત કરી, કારણ કે " સંતપુરુષો ઉચિત સમયના જાણકાર હોય છે."

કુમારપાલે મુનિની માફક વિનયપૂર્વક સૂરીશ્વરને પૂછયું.

હે ભગવાન ! ભવિષ્યમાં પણ મને સુખ મળશે કે નહીં ?

આચાર્ય મહારાજ કંઇક નિમિત્ત જોઈ અને અંબાદેવીનું વચન સંભારી તેને કહેતા હતા, તેવામાં ત્યાં ઉદયનમંત્રી આવ્યો. તે મંત્રીને જણાવવા માટે સૂરિએ કુમારપાલને કહ્યું.

કેટલોક સમય ગયા બાદ તું પૃથ્વીનો અધિપતિ થઈશ. નિઃશ્વાસ નાખી તેણે કહ્યું,

હે સૂરીંદ્ર ! આપ શા માટે આવું મિથ્યા વચન બોલો છો ! નિર્ધનની માફક મને ભોજન પણ મળતું નથી, તો રાજ્યની શી વાત ?

જો આપ જાણતા હોવ તો મને રાજ્યની કયારે મળશે? તેનો વર્ષ, માસ વિગેરે ચોક્કસ સમય કહો. નહીં તો હું આપની માફક કોઈ પણ ઠેકાણે પરલોકનું કાર્ય સિદ્ધ કરૂં.

સૂરિએ વિચાર કરી કહ્યું, સંવત ૧૧૯૯ ના માર્ગશીર્ષ વદી ૪ અને પુષ્પ નક્ષત્રના ચંદ્રમાં મધ્યાન્હ સમયે જો તને રાજ્ય સંપત્તિ ન મળે તો પછીથી હું મારા નિમિત્ત જોવાનો ત્યાગ કરૂં છું.

એ પ્રમાણે સૂરિએ પ્રતિજ્ઞા કરી ને તેજ વખતે તે પ્રમાણે પત્ર લખી ઉદયન મંત્રીને આપ્યો.

દેવની માફક આચાર્યના જ્ઞાનથી ચમત્કાર પામેલો કુમારપાલ હાથ જોડી ગુરુ મહારાજને કહેવા લાગ્યો.

જો આપનું આ વચન સત્ય થશે, તો આપ રાજા અને હું તો રાજહંસની માફક આપના ચરણ કમલની સેવા કરીશ.

એમ બોલતા કુમારપાલને સૂરિએ કહ્યું.

મારે રાજ્યનું શું કામ છે? સૂર્યની માફક હંમેશાં તારે જૈન-મત રૂપી કમળને વિકસ્વર કરવું.

બપ્પભટ્ટિ સૂરિ

કુમારપાલે તે વચનનો સ્વીકાર કર્યો, ત્યારે સૂરિએ ઉદયનમંત્રીને એકાંતમાં પોતાનો અભિપ્રાય જણાવ્યો.

કન્યકુબ્જ રાજાનો પુત્ર **આમકુમાર** અપમાન પામી જેમ પૃથ્વીપર ફરતો ફરતો પ્રથમ **મોઢેરા** નગરમાં ગયો હતો. ત્યાં શ્રી **સિદ્ધસેનસૂરિએ** તેને ઓળખીને આર્યની માફક તેનો સત્કાર કર્યો અને ગુણગૌરવથી ખુશી કરી તેને પોતાની પાસે રાખ્યો હતો.

પછી તેને રાજ્ય મળ્યું, ત્યારે તેણે સિદ્ધસેનસૂરિના શિષ્ય **બપ્પભટ્ટિસૂરિને** બહુ હર્ષથી ગુરુ કર્યા અને કૃતજ્ઞપણાથી જૈનમતનો ઉદ્યોત કર્યો.

તેવી જ રીતે હાલમાં દુર્દશા ભોગવતો આ ભાવીરાજા અહીં આવેલો છે. તેનો તમે પોતાના સ્વામીની માફક ધનાદિક વડે ઉપકાર કરશો તો,

આમ રાજાની માફક આ કુમારપાલ પણ ભૂપતિ થઈને પરમ શ્રાવક બની જૈન મતનો ઉદ્યોત કરશે.

એ પ્રમાણે સૂરીશ્વરની આજ્ઞાથી ઉદયન મંત્રી કુમારપાલને પોતાના ઘેર લઈ ગયો અને ભોજનવસ્ત્રાદિક વડે બહુ સત્કાર કર્યો.

ત્યાર પછી ત્યાં રહેલો કુમારપાલ ચરો પુરુષોના જાણવામાં આવ્યો એટલે તેઓએ નિષ્કારણ વૈરી બનેલા સિદ્ધરાજને તે વાત નિવેદન કરી.

તેજ વખતે સિદ્ધરાજે હુકમ કર્યો. શત્રુને મારવામાં લંપટ બનેલા સુભટો ખંભાતમાં આવ્યા અને નગરની અંદર ચારે બાજુએ તેની શોધ કરવા લાગ્યા.

ઉદયનમંત્રીના આવાસમાંથી નીકળી કુમારપાલે શરણની ઈચ્છાથી મૈનાકપર્વતે સમુદ્રનો જેમ હેમચંદ્રસૂરિનો આશ્રય લીધો અને કહ્યું, સિદ્ધરાજના સુભટો મને મારવા માટે પ્રચંડ પિતૃના વૈરથી શોધે છે, માટે હું આપને શરણે આવ્યો છું.

હે પ્રભો ! વાઘથી બકરાનું જેમ તે ઘાતકી સુભટોથી દયાવડે મારૂં પણ રક્ષણ કરો.

અથવા આપનું જ્ઞાન સત્ય કરવાની ઈચ્છાવડે પણ આપે મારૂં રક્ષણ કરવું જોઈએ.

એ પ્રમાણે કુમારપાલનું વચન સાંભળી દયાના સાગર સૂરીંદ્ર વિચાર કરવા લાગ્યા.

એક તરફ રાજાનો દ્રોહ થાય અને બીજી તરફ એનું રક્ષણ કરવું જોઈએ; રાજદ્રોહમાં મરણ થાય અને એનું રક્ષણ કરવાથી મોટું પુણ્ય થાય.

આ બંને કાર્યમાં હાલ મારે શું કરવું ? રાજા કોપાયમાન થાય અથવા પ્રાણ ચાલ્યા જાય તો પણ એનું રક્ષણ તો કરીશ." કારણ કે આ ક્ષત્રિયકુમાર જિનશાસનનો બહુ પ્રેમી છે.

ભૂગૃહ

એમ વિચાર કરી સૂરિએ પોતાના સ્થાનમાં ભોંયરાની અંદર તેને ઉતાર્યો અને તેનું દ્વાર પુસ્તકોવડે ઢાંકી દીધું.

તેટલામાં ક્રોધથી ધમધમેલા રાજાના સુભટો નગરની અંદર તપાસ કરતા ત્યાં આવ્યા અને સૂરિને કહેવા લાગ્યા.

તમારા મઠની અંદર કુમારપાલ છે?

પ્રાણીનો બચાવ કરવો, તે મોટું પુણ્ય છે અને મિથ્યા વચન બોલવામાં થોડું પાપ છે, એમ જાણતા સૂરિ બોલ્યા.

અહીંયાં તે કુમારપાલ છે જ નહીં.

તે સાંભળી સુભટો બોલ્યા. જો અહીં કુમારપાલ ન હોય તો રાજાની પ્રતિજ્ઞા કરો.

પ્રતિજ્ઞા કરવાથી પ્રાણ હાનિ થશે, એમ જાણતા છતાં પણ પુણ્યાર્થી સૂરિએ પ્રતિજ્ઞા કરી. કોઇ દુષ્ટના કહેવાથી અહીં કુમારપાલ છે, એમ જાણી સુભટોએ તે સ્થાનની અંદર બલાત્કારે બહુ તપાસ કરી. જોતા જોતા તેઓ ભોંયરાના દ્વાર આગળ આવ્યા. ત્યાં પુસ્તકોનો ઢગલો અને તાડપત્રોથી પુરેલા તે દ્વારની દૈવબલથી તેમણે તપાસ કરી નહીં.

બાદ ત્યાંથી વિલક્ષ થઇ તેઓ ચાલ્યા ગયા.

કુમારપાલને સૂરિએ બહાર કાઢી કહ્યું.

સુભટોનાં વચન તેં સાંભળ્યાં હતાં કે નહીં?

હાથ જોડી કુમારપાલ બોલ્યો.

પ્રભો! એમનું અને તમારૂં વચન અંદરથી મેં સાંભળ્યું હતું.

જિતા પૃથ્વી પૃથ્વી, દલિતમખિલં શાત્રવકુલં,
કૃતઃ કોશો ભૂયાન્ કનકનિકરૈર્ન્યાયજનિતૈઃ ।
મુદા રાજ્યં મુક્તં સુચિરમધુના બન્ધુહનનાત્,
વૃથા વૃદ્ધઃ સિદ્ધક્ષિતિપતિરયં કિં રચયિતા? ॥ ૧ ॥

" વિશાલ એવી પૃથ્વીને જીતી, સમગ્ર શત્રુઓનાં કુલ સંહાર્યાં. ન્યાયપૂર્વક સંપાદન કરેલા સુવર્ણના સમૂહવડે ઘણા ખજાના ભર્યા.

લાંબી મુદત આનંદથી રાજ્ય સુખ ભોગવ્યું.

હાલ વૃદ્ધાવસ્થામાં સિદ્ધરાજભૂપતિ વિના કારણે બંધુઓના હનન-મારવાથી શું કરવા ધારે છે?"

વળી હે સૂરીંદ્ર ! આપે મૃત્યુનો સ્વીકાર કરી જીમૂતવાહનરાજાએ ગરૂડથી શંખચૂડનાગને જેમ સિદ્ધરાજે કરેલાં સંકટાદ્રિથી મારૂં સંરક્ષણ કર્યું.

આપનો ધર્મ દયામય છે, એમ મેં પ્રથમ સાંભળ્યું હતું, પરંતુ હાલમાં મારા રક્ષણથી મને સાક્ષાત્ તેનો અનુભવ થયો.

વળી આ સમયમાં સુખની અંદર પણ ઉપકાર કરનાર પાંચ કે છ, એમ પરિગણિત હોય છે.

પરંતુ પ્રાણાંતમાં રક્ષણ કરનાર તો આપ એક જ છો.

શ્રેષ્ઠ અને અનેક આપના ગુણોવડે પ્રથમ પણ આપનો હું ભક્ત હતો.

હાલમાં તો જીવિતદાન આપવાથી ખરેખર હું આપનો દાસ છું.

નિમિત્ત સેવાથી પ્રથમ મેં આપને રાજ્ય આપવું કબુલ કર્યું છે.

હાલમાં મારૂં જીવિત પણ આપને માટે અર્પણ કરૂ છું.

એ પ્રમાણે કુમારપાલના કેટલાક ઉદ્‌ગાર સાંભળી સૂરિ બોલ્યા.

કુમારેંદ્ર ! હાલમાં ઘણું કહેવાની કંઇ જરૂર નથી. પછીથી સર્વ હકિકત તું જાણીશ.

એમ કહી સૂરિએ ઉદયનમંત્રી પાસેથી ઘણું ભાતું તેને અપાવ્યું. પછી તેને પાછલી રાતનો ત્યાંથી વિદાય કર્યો.

વટપત્તન

કુમારપાલ ત્યાંથી પૃથ્વી પર ફરતો ફરતો **વડોદરા** શહેરમાં ગયો.

ત્યાં બહુ ક્ષુધા લાગવાથી કટુક-કડવા શેઠની દુકાને ગયો. ત્યાં તેણે એક **વિશોપક** (પાલી) ચણા માગ્યા. વાણીઆએ ચણા આપી તેની પાસે પૈસા માગ્યા,

કુમારપાલે તેના બદલામાં પોતાની તરવાર મૂકવા આપી. વાણીઓ સમજી ગયો કે એની પાસે કંઈપણ ધન નથી.

પછી તેણે કહ્યું. મારે કંઈપણ લેવું નથી. આ ચણા તારા સુખને માટે થાઓ.

તે સાંભળી કુમારપાલ ખુશી થયો અને તેનું નામ, સ્થાન વિગેરે પૂછીને પુનઃ જટાધારી થયો.

ત્યાંથી નીકળી આમતેમ ફરતો ફરતો તે ભરૂચ નગરમાં આવ્યો.

ત્યાં એક **શકુનવેદી** મારવાડી રહેતો હતો.

કુમારપાલ તેની પાસે ગયો અને પ્રાર્થના કરી બોલ્યો.

આપ શકુન શાસ્ત્રના જાણકાર છો, માટે શકુન જોઈ કહો કે મને સુખ સંપત્તિ કયારે મળશે ?

પ્રભાતકાળમાં શકુનવેદી કુમારપાલને સાથે લઈ નગરના બહાર ગયો અને મંત્રેલા ચોખા ફેંકીને દેવ ચકલીને બોલાવી.

તેજ વખતે શ્યામ રંગે, મુખમાં ધાન્યને ગ્રહણ કરતી અને પુષ્ટિ અંગવાળી તે દુર્ગા **શ્રીમુનિસુવ્રત** સ્વામીના મંદિર પર આવીને બેઠી.

પછી વિકસ્વર નાદથી બે વખત આમલસારા પર તે બોલી. કલશપર બેસીને ત્રણવાર અને ધ્વજદંડપર બેસીને ચાર વાર બોલી.

તે સ્વરનો વિચાર કરી શકુનવેદી બોલ્યો.

મંદિર પર બેસીને આ દેવ ચકલી બોલી છે તેમજ તેના વિકસ્વર નાદવડે જિનેંદ્ર ભગવાનની ભક્તિથી તારો મોટો ઉદય થશે.

એ પ્રમાણે શાકુનિકનું વચન સાંભળી કુમારપાલ બહુ પ્રસન્ન થયો અને દ્રવ્યાદિક વડે તેને ખુશી કર્યો.

પછી તે જટાધરનો વેશ છોડી દઈ ઉજ્જયિની નગરી તરફ ગયો ત્યાં પોતાના કુટુંબનો સમાગમ થયો.

યોગી સમાગમ

પોતાની પાછળ આવેલા શત્રુના સુભટોને જોઈ કુમારપાલ ત્યાંથી એકદમ નાઠો અને કોલ્લાપુર નગરમાં ગયો.

ત્યાં તે ફરતો હતો તેવામાં સિદ્ધિઓના કરંડીઆ સમાન સર્વાર્થ સિદ્ધિ નામે એક ઉત્તમ યોગી તેની નજરે પડયો.

કુમારપાલ તરત જ તેની પાસે ગયો અને પ્રણામ કરી તેની આગળ બેઠો.

યોગી પોતાનું ધ્યાન સમાપ્ત કરી પ્રસન્ન નેત્રોથી અવલોકન કરતો બોલ્યો.

તારા લક્ષણો વડે તું રાજ્યને લાયક છે, છતાં તારી આવી અવસ્થા શાથી થઈ છે ?

કારણ કે "ઉત્તમ રત્ન ધૂળમાં રખડતું ઉચિત ગણાય નહીં."

કુમારપાલ બોલ્યો. હે યોગી ! મારી આ દુર્દશા આજ સુધી હતી, પરંતુ સૂર્યના દર્શનથી રાત્રી જેમ આપના દર્શનથી હવે મારી દુરવસ્થા રહેવાની નથી.

મેઘના અવલોકનથી મોરની જેમ આપના સમાગમથી મને પણ ઘણો આનંદ થયો છે.

પ્રસન્ન થઈ તમે કોઈપણ એવો તેજસ્વી અને ચિંતામણી સમાન એક મંત્ર આપો, જેના સ્મરણથી હું મહાન્ વૈભવશાળી થાઉં.

યોગીએ તુષ્ટ થઈ કહ્યું. મારી પાસે બે મંત્રો છે, એક સામ્રાજ્યદાયી છે અને બીજો યથેષ્ટ ધન આપનાર છે.

પરંતુ તે બંને મંત્રો ઉપદ્રવ સહિત છે.

જો તું તે સાધવાનો સમર્થ હોય તો તે બંનેમાંથી એક મંત્ર હું તને આપું, તેનો તું સ્વીકાર કર.

મોટી મહેરબાની, એમ કહી કુમારપાલે યોગી પાસેથી રાજ્યદાયક મંત્ર રાજ્યની માફક વિધિપૂર્વક ગ્રહણ કર્યો.

મંત્રસાધના

કુમારપાલે પ્રથમ ત્રણ ઉપવાસ કર્યા. બ્રહ્મચારીની માફક બ્રહ્મવ્રત ધારણ કર્યું. કોઇ એકાંતસ્થલમાં છ માસ સુધી તેણે તે મંત્રનો જાપ કર્યો.

પછી કાળી ચૌદશની રાત્રીના પ્રથમ પ્રહરમાં સાક્ષાત્ ઉત્સાહની મૂર્તિ હોયને શું ? તેવો કુમારપાલ પૂજાનાં સાધનો સહિત મંત્રારાધન કરવા માટે સ્મશાનભૂમિમાં ગયો.

ત્યાં કોઈ સ્થળે ભયંકર અસ્થિ–હાડકાઓના ઢગલા પડેલા છે,

ક્વચિત વેતાલ લોકોના ઠઠ જામેલા છે.
ક્વચિત ચિતાગ્નિની જ્વાલાઓ દેખાતી હતી.
ક્વચિત મુડદાંઓ ખડકેલાં હતાં.
ક્વચિત પિશાચોનાં ટોળાં નૃત્ય કરતાં હતાં.
ક્વચિત દુષ્ટ શાકિનીઓ ફરતી હતી.
ક્વચિત સેંકડો ભૂતો ભમતાં હતાં.

તેમજ કોઈક ઠેકાણે મડદાંઓનાં માંસ ખાતી રાક્ષસીઓ નજરે પડતી હતી.

ક્વચિત ભયંકર એને સ્ફાર શિયાળીઆઓના શબ્દો સંભળાતા હતા.

કોઈ ઠેકાણે ઉછળતા ધૂમના ફેલાવથી આકાશ છવાઈ ગયું હતું અને યમરાજાનું ક્રીડાવન હોયને શું ?

તેવા તે સ્મશાનમાં એક મડદુ લાવીને તેના વક્ષસ્થલમાં એક અગ્નિકુંડ કર્યો. તેની અંદર અગ્નિ સળગાવ્યો. જેની જ્વાલાઓ ચારે તરફ અખંડિત દીપવા લાગી.

તે મડદાના નાભિ પ્રદેશમાં બેસીને કુમારપાલે વિધિ પ્રમાણે તેનું પૂજન કર્યું.

પછી મેરૂસમાન સ્થિરપણે મંત્રનું સ્મરણ કરતો કુમારપાલ અગ્નિકુંડમાં હોમ કરવા લાગ્યો.

હોમ કરતા કુમારપાલને જોઇ તે પ્રેતવનનો અધિપતિ વક્રદંષ્ટ નામે ક્ષેત્રપાલ કાલની માફક કોપાયમાન થયો.

જેના કેશ પિળા અને ઉપર ઉપર બહુ સ્ફૂર્તિવાળા ચળકતા હતા તેમજ

જેની આકૃતિ બહુજ ઉંચી હોવાથી જાણે ઉપરિ ભાગમાં બળતા દાવાનળની જ્વાલાઓથી વીંટાયેલો પર્વત હોયને શું ?

મુખની અંદર બહુ લાંબી દાંતની પંક્તિવડે ભયંકર દેખાવ આપતો, જાણે પોલની અંદર રહેલા સર્પોથી વ્યાકુળ વૃક્ષ હોયને શું ?

આકાશને સ્પર્શ કરતા મસ્તકવડે તારાઓને નીચે પાડતો હોયને શું ?

મુખમાંથી નિકળતી અગ્નિની જ્વાલાઓ વડે અંધકારને ગળતો હોયને શું ?

દૂર પ્રસરી ગયેલા હસ્તવડે વૃક્ષોને ખેંચતો હોયને શું ?

પ્રચંડ ચરણના આઘાતવડે પૃથ્વીને નીચે ફેંકતો હોયને શું ?

વળી અંજનગિરિ સમાન શ્યામ,

મંદરાદ્રિસમાન સ્થૂલ અને વિકરાલદૃષ્ટિથી નિરીક્ષણ કરતો તે **ક્ષેત્રપાલ** કુમારપાલની આગળ પ્રગટ થયો.

તે દુષ્ટ કુમારપાલને ડરાવવા માટે પગના આઘાતથી નજીકમાં રહેલા પર્વતો સાથે વેલીની માફક પૃથ્વીને કંપાવવા લાગ્યો.

બ્રહ્માંડ રૂપી પાત્રને ભેદવામાં સમર્થ એવા લાંબા કિલકિલારવ સુભટ સિંહનાદને જેમ તે કરવા લાગ્યો.

ભૂમિકંપથી અને તેના પ્રચંડ ધ્વનિથી સિંહનાદથી હસ્તીવૃંદ જેમ પિશાચ વગેરે નાશી ગયા, તો શિયાળ વિગેરે તો રહેજ કયાંથી ?

યમરાજાની જીભ સમાન ભયંકર અને તેને હણવાની ઈચ્છાવડે દોડતા સર્પાદિકને વારંવાર વિકુર્વીને તે દુષ્ટ ક્ષેત્રપાલ કુમારપાલને બીવરાવવા લાગ્યો,

મંત્ર ઉપદ્રવ સહિત છે, એ પ્રમાણે ગુરુ વચનનું સ્મરણ કરતા કુમારપાલને તેણે ઘણા ઉપદ્રવ કર્યા પણ તે બીલકુલ ક્ષોભ પામ્યો નહીં, ઉલટો નિર્ભય થઈ તે ધ્યાનકર્મમાં બહુ સ્થિર થયો.

પવને કંપાયેલો પર્વત શું ચલાયમાન થાય ખરો ?

પછી તે ક્ષેત્રપાલની માફક નિષ્ફળ થઈ ત્યાંથી વિદાય થયો અને કુમારપાળે પણ જાપ તથા હોમપૂર્વક મંત્રારાધનની ક્રિયા પૂર્ણ કરી.

લક્ષ્મીદેવી

પોતાના તેજવડે આકાશને સૂર્યની શ્રેણિમય કરતી અને સાક્ષાત્ પુણ્યશ્રીની મૂર્તિ હોય તેમ **લક્ષ્મી** દેવી કુમારપાલની આગળ પ્રગટ થઈ.

દારિદ્રયને દેશવટો આપનાર પોતાની માતાસમાન લક્ષ્મીને જોઈ કુમાર પાલનું મુખ પ્રફુલ્લ થઈ ગયું અને તરત જ તેણે નમસ્કાર કર્યો.

દેવી બોલી. હે વત્સ! તારા મંત્રની અધિષ્ઠાયિકા લક્ષ્મીદેવી હું પોતે છું. ઉત્કૃષ્ટ વૈભવોના સ્થાનભૂત તને જાણી હું તારી પાસે આવી છું. ક્ષેત્રપાલે કરેલા ક્ષુદ્ર ઉપદ્રવો વડે ધ્રુવની માફક નિશ્ચલ તારૂં ધૈર્ય જોઈ હું તારી પર પ્રસન્ન થઇ છું. માટે તું વર માગ.

કુમારપાલ બોલ્યો. ખરેખર આજે મારો પુણ્યરૂપી વૃક્ષ અંકુરિત થયો. કારણ કે કલ્પવલ્લી સમાન દુર્લભ એવી તું મને પ્રત્યક્ષ થઈ.

गार्हस्थ्यं स्थितिमेति यात्युपचयं पुण्यं प्रतिष्ठैधते,
साकल्यं दधते कलाः प्रतिकलं सौरव्यं समुन्मीलति ।
सर्वस्योपकृतिः स्फुरत्यमला कीर्त्तिःसमुज्जृम्भते,
विश्वं लक्ष्मि ! भवत्कटाक्षकणिकाच्छोटेन जीवत्यदः ॥ १ ॥

"હે લક્ષ્મી ! તારા કટાક્ષ લેશની છાયાથી ગૃહસ્થાશ્રમ સ્થિર થાય છે.

પુણ્યની વૃદ્ધિ થાય છે, પ્રતિષ્ઠા વધે છે.

કલાઓ સફળ થાય છે. દરેક ક્ષણમાં સુખ સંપત્તિ પ્રગટ થાય છે.

સર્વનો ઉપકાર થાય છે અને નિર્મલ કીર્તિનો ફેલાવ થાય છે.

એટલું જ નહીં પણ આ જગતના જીવો એનાથી જીવે છે."

હે લક્ષ્મીદેવી ! વાણી એ સરસ્વતી દેવી પ્રસિદ્ધ છે અને તું તો સારસ્વતી–સમુદ્રમાંથી પ્રગટ થયેલી કહેવાય છે, પરંતુ તેનાથી તું માત્રાવડે અધિક છે, તો ગુણોવડે પણ કેમ અધિક નહીં ?

વળી હે લક્ષ્મીદેવી ! તારા આશ્રિત જનોની સ્તુતિઓ વડે વિદ્વાન્ એવા પોતાના પુત્રોનું પોષણ કરતી સરસ્વતી તારી સાથે જે સ્પર્ધા કરે છે, તેથી તે કેવલ મૂર્ખ છે.

તેમજ તારો આશ્રય કરવાથી કૃષ્ણ પણ પુરૂષોત્તમ થયા અને તારો અનાદર કરવાથી શંકરને ભિક્ષાટન રહ્યું.

માટે હે લક્ષ્મી ! પોતાના પુત્રની માફક મારી ઉપર જો પ્રસન્ન થઇ હોય તો તું પ્રેમ વલ્લીના ફલરૂપ ઐશ્વર્ય મને આપ.

લક્ષ્મીએ વર આપ્યો, કે આજથી પાંચમે વર્ષે તારો મનોરથ-રૂપી વૃક્ષ ફલશે.

એમ કહી લક્ષ્મીદેવી અંતર્ધાન થઈ ગઈ.

પછી કુમારપાલ તે યોગી પાસે ગયો.

પ્રભાતમાં સર્વ રાત્રિવૃત્તાંત નિવેદન કર્યું.

યોગી પ્રસન્ન થઈ બોલ્યો. ખરેખર તું ભાગ્યશાલી છે, કારણકે આવો મહાન કઠીન મંત્ર તેં ઉત્કૃષ્ટ ધર્મ ક્રિયાની માફક સિદ્ધ કર્યો.

કાંચીપુરી

સિદ્ધ થયો છે મંત્ર જેને એવો કુમારપાળ યોગીને પ્રણામ કરી ત્યાંથી નીકળ્યો. દેશાટન કરતો તે કર્ણાટક દેશની શોભારૂપ સ્ત્રીની કટીમેખલા સમાન કાંચીપુરીમાં ગયો.

અંદરના ભાગમાં તે ફરતો હતો, તેવામાં પાણી ભરતી સ્ત્રીઓનું ટોળું તેના જોવામાં આવ્યું.

કૌતુક સાંભળવાની ઈચ્છાથી તે પણ ત્યાં ગયો. શત્રુએ મસ્તક ઉડાવી દીધેલું એવું કોઇક પુરૂષનું ધડ ત્યાં પડેલું હતું.

તે જોઈ પનીહારીઓ પરસ્પર બોલતી હતી.

અહો ! એનો કેશકલાપ કેવો સુંદર અને લાંબો દેખાય છે ?

અહો ! એના કાન કેવા દીર્ઘ છે ?

અહો ! એની દાઢી બહુ ગાઢ છે ?

અહો ! મુકતાવલિ સમાન દેદીપ્યમાન દાંતની પંક્તિ અદ્‌ભુત શોભે છે ?

અહો ! હંમેશાં પાનખાવામાં આ પુરુષ બહુ વ્યસની છે.

એ પ્રમાણે તે સ્ત્રીઓનું બોલવું સાંભળી કુમારપાલ ચકિત થઇ ગયો અને વિચાર કરવા લાગ્યો.

આ પુરુષનું મસ્તક નથી, છતાં આ સ્ત્રીઓ કેશકલાપાદિકની સ્થિતિ કેવી રીતે જાણે છે ?

એમ વિચાર કરી તેણે સ્ત્રીઓને પૂછયું.

એના મસ્તક વિના તમે એનું વર્ણન શા ઉપરથી કરો છો ?

હાસ્ય કરી સ્ત્રીઓ બોલી. હે સુભગ !

વસ્તુનું નિરક્ષણ કરીને મૂર્ખાઓ પણ બોલે છે, પરંતુ બુદ્ધિમાન તો તેઓ જ ગણાય કે, જેઓ જોયા વિના પણ વર્ણન કરે.

જો આ ઘડના પૃષ્ઠ ભાગપર ચોટલાનો ઘસારો પડયો છે, તે પરથી એનો કેશપાશ લાંબો હોવો જોઇએ.

કુંડલોનાં ચિન્હ એના સ્કંધપર પડેલાં છે તેથી તેના કાન લાંબા હોવા જોઇએ.

નાભિ સુધી એના હૃદયનો ભાગ ઉજ્વલ દેખાય છે, તેથી દાઢીના વાળ બહુ લાંબા હશે.

તેમજ ટચલી આંગલીનો પ્રાંત ભાગ લાલ છે અને અંગુઠો ચુનાથી ધોળો દેખાય છે, તે પરથી તાંબુલ ખાવાનો એને વધારે અભ્યાસ હશે.

એ પ્રમાણે એના ચિન્હો ઉપરથી તે વાત સાબીત થાય છે.

એમ સ્ત્રીઓની બુદ્ધિવડે કુમારપાલ બહુ ખુશી થયો અને ત્યાંથી આગળ ચાલ્યો.

અમૃતસાગર

આગળ જતાં **અમૃતસાગર** નામે એક તળાવ આવ્યું. જેની મનોહર પાળ ઉપર ગાઢ વૃક્ષ શ્રેણિ શોભતી હતી.

કુમારપાળે અંદર ઉતરી સ્નાન કર્યું. પછી તેના કાંઠાપર રહેલા ભવ્ય મંદિરમાં તે ગયો.

ત્યાં લોકો દેવની માફક એક મસ્તકની પૂજા કરતા હતા. તે જોઇ કુમારપાળે પૂજા કરતા એક માણસને પુછયું.

અહીંયાં આ દેવમૂર્તિઓનો ત્યાગ કરી તમે આ મસ્તકને શા માટે પૂજો છો ?

પૂજક બોલ્યો. હે દેવ ! એની હકીકત આપ સાંભળો.

પૂર્વકાળમાં જેના જયથી ભય પામેલી અમરાવતી સ્વર્ગલોકમાં ગઈ હોય તેવી આ **કાંચીપુરી** છે.

રૂપમાં કામદેવ સમાન **મકરધ્વજ** નામે રાજા અહીં રાજ્ય કરે છે.

સન્માનપૂર્વક દાનથી જે નરેંદ્ર મુનિઓને પણ માનવા લાયક છે, એ મોટું આશ્ચર્ય છે.

જેના બડગૂરૂપી મેઘ વર્ષે છતે હંસની માફક ભયભ્રાન્ત થઈ શત્રુઓ દરેક દિશાઓમાં નાસી ગયા.

તે મકરધ્વજરાજાએ કૌતુકથી આ મોટું સરોવર બંધાવ્યું છે. જેની શોભા અને પાણી જોતાં માનસરોવર પણ ભૂલી જવાય તેમ છે.

શિરોમજ્જન

એક દિવસ આ સરોવરમાં કમલોની મધ્યમાંથી સુંદર કુંડલોથી સુશોભિત એક મસ્તક બહાર નીકળી "બુડે છે, બુડે છે, બુડે છે." એમ ત્રણવાર બોલી જળની અંદર બુડી ગયું.

એવી રીતે હંમેશાં કહીને તે નિમજ્જન કરતું હતું. તે વાત રાજાના સાંભળવામાં આવી. એટલે મકરધ્વજરાજા પણ પોતે ત્યાં જોવા માટે આવ્યો.

તે જોઈ રાજાના મનમાં વિચાર થયો કે, આ બનાવ અમંગલિક છે. એમ જાણી તેના મનમાં કંઈક ભીતિ લાગી.

તેણે પોતાના શ્રેષ્ઠ પંડિતોને બોલાવ્યા અને પૂછ્યું.

સરોવરની અંદર તે મસ્તક ત્રણવાર બોલીને ચાલ્યું જાય છે, તેનું તાત્પર્ય શું છે? તે સ્પષ્ટ રીતે મને સમજાવો.

સિદ્ધાંતસાગરના પારગામી બ્રાહ્મણો પણ જડપુરુષોની માફક તેનું તત્ત્વ કંઈપણ જાણી શકયા નહીં, તેથી રાજાને બહુ ક્રોધ થયો અને તેણે કહ્યું.

રે મૂર્ખાઓ? લાકડાની તરવારથી મારૂં ધન ખાઓ છો, પરંતુ કંઈ જાણતા નથી.

ખરેખર તમે કાચ સરખા છો છતાં મેં ઈન્દ્રનીલમણિની

ભ્રાંતિથી તમારો સત્કાર કર્યો, કારણ કે એક પણ મારો સંદેહ તમે ભાગી શકયા નહીં.

તે સાંભળી પંડિતોએ કહ્યું.

રાજન્! આ પ્રશ્નનો ઉત્તર અમે ચાર મહીને આપીશું.

એમ કહી રાજાને શાંત કરી તેઓ એકાંતમાં વિચાર કરવા લાગ્યા.

એક વૃદ્ધ માણસ જે જાણે, તે કરોડ યુવાન પુરુષો પણ જાણી શકતા નથી."

એ વાત લોકમાં પ્રસિદ્ધ છે.

માટે આ બાબત કોઇ વૃદ્ધપુરુષને પૂછવી જોઇએ.

વળી તેવા વૃદ્ધપુરૂષો પ્રાયે મરૂદેશમાં સંભળાય છે, તેથી ચાલો આપણે મારવાડદેશમાં જઇએ અને કોઇ મારવાડી–મરૂદેશના વૃદ્ધ પંડિતને પૂછીએ.

એમ વિચાર કરી તે ચારે બ્રાહ્મણો ત્યાંથી નીકળ્યા. અનુક્રમે મરૂ-દેશમાં જઈ પહોંચ્યા. કારણકે દરેક માણસો પોતાનું કાર્ય પ્રથમ સિદ્ધ કરે છે

બહુશ્રુત બ્રાહ્મણ

તપાસ કરતા તે બ્રાહ્મણો **વિક્રમપુર**નામે નગરમાં ગયા. તેની અંદર એક બ્રાહ્મણ રહેતો હતો. તે બહુશ્રુત અને બહુ પ્રસિદ્ધ હતો.

જેની સેવામાં બુદ્ધિ મેળવવાની ઇચ્છાથી આચાર્યની પાસે શિષ્યસમુદાયની જેમ ઘણા જીજ્ઞાસુઓ રહેતા હતા.

હૃદયમાં નહી સમાવાથી ઉપર નીકળી આવેલા મૂર્તિમાન બુદ્ધિના અંકુરાઓ હોયને શું! તેવી રીતે જેના મસ્તકપર કાસના પુષ્પ સમાન ઉજ્વલ કેશ દીપતા હતા.

હંસની શ્રેણીવડે સરોવર જેમ ૧૦૦,૮૨,૬૦ અને ૩૮ વર્ષના અનુક્રમે પુત્રપૌત્રાદિક પરિવાર વડે ઘેરાયેલો હતો.

વૃદ્ધઅવસ્થા છતાં પણ જેનું શરીર યુવાનના સરખું હૃષ્ટપુષ્ટ હતું અને ઉંમરમાં તે એકસોવીસ વર્ષનો હતો.

તેને જોઈ તેઓ તેની પાસે ગયા. વિનયપૂર્વક નમસ્કાર કરી તેની પાસમાં તે બેઠા.

બ્રાહ્મણે પૂછયું. ભાઇઓ ! તમે કયાંથી અને અહીં શા માટે આવ્યા છો ?

બ્રાહ્મણોએ મૂળથી આરંભી મસ્તક મજ્જનની સર્વ વાત કહી. પછી તેમણે કહ્યું.

હે વૃદ્ધ ! આ રાજ પ્રશ્નનો જવાબ અમારે કેવી રીતે આપવો, તે આપ કૃપા કરી કહો.

બહુશ્રુતના બળથી વૃદ્ધબ્રાહ્મણે તેનું તાત્પર્ય શોધી કાઢયું અને પોતાના મનમાં નક્કી કરી, તેમને કહ્યું.

પ્રથમ તમે ભોજન કરો, પછી એનો ઉત્તર હું તમને કહીશ. તે સંબંધી કંઈપણ ચિંતા કરશો નહીં.

બ્રાહ્મણો જમવા ઉઠયા. જમી રહ્યા બાદ ફરીથી વૃદ્ધની પાસે ગયા અને પોતાની હકીકત પૂછી.

વૃદ્ધ બોલ્યો. તમારા પ્રશ્નનો જવાબ હું પછી આપીશ, પરંતુ મારા કહેવા પ્રમાણે એક કામ કરો.

કંઇપણ એક વસ્તુ તમે અહીંથી ગ્રહણ કરો. જેથી તમારા માર્ગનો ખરચો પૂરો થાય.

તેઓ બોલ્યા. અહીંયાં અમારે લેવા લાયક કઇ વસ્તુ છે ?

ત્યારે વૃધ્ધે કહ્યું. ચાર નાના કુતરાઓ દરેકની કમ્મરે તમે બેસારી દ્યો. તમારા દેશમાં તેઓ નહીં મળવાથી તેમાંથી તમને ઘણું ધન પ્રાપ્ત થશે.

બ્રાહ્મણો લોભમાં પડી ગયા. જેથી કુતરાનાં બચ્ચાં પોતાની કેડે બેસારી લીધાં,

તે જોઈ વૃદ્ધવિપ્ર હસતે મુખે પોતાનું રહસ્ય કહેવા લાગ્યો કે–

શ્વાનર્ગદભચાંડાલ–મદ્યભાંડરજસ્વલાઃ ।
દેવાર્ચકં ચ સંસ્પૃશ્ય, સચેલઃ સ્નાનમાચરેત્ ॥૧॥

"શ્વાન, ગર્દભ, ચાંડાલ, મદિરાપાત્ર, રજસ્વલા સ્ત્રી અને દેવ-પૂજક-દેવદ્રવ્ય ખાનાર, એ સર્વનો સ્પર્શ કરવાથી સચેલસ્નાન કરવું પડે."

એમ શાસ્ત્રમાં કહેવાથી અન્ય વર્ગના લોકોને પણ શ્વાનનો સ્પર્શ નિષેધેલો છે, તો તમે બ્રાહ્મણ થઇ તમારા શરીર પર આ કુતરાઓને બેસાર્યા છે, આ શું કહેવાય ?

આપના કહેવાથી અમોએ લોભથી આ કામ કર્યું છે. એમ તેઓનું વચન સાંભળી ફરીથી વૃદ્ધ બોલ્યો.

જો એમ હોય તો આ જગત લોભને લીધે પાપરૂપ સમુદ્રમાં ડુબે છે. એ વાત સત્ય છે.

यन्नीचाश्रयणं यदुग्रभुजगव्याघ्रद्विपादिग्रहो-
यत्पाथोधिविगाहनं गिरिमहाकान्तारचारोऽपि यत् ।
यन्मातापितृबान्धवादिहननं चौर्यादि दुष्कर्म य-
त्तल्लोभस्य गुणौघमेघपवनस्यात्यूर्जितं स्फूर्जितम् ॥१॥

"લોભનું પરાક્રમ એટલું બધું બળવાન્ છે કે, જેને લીધે નીચ મનુષ્યોનો આશ્રય લેવો પડે છે. તેમજ પ્રચંડ સર્પ, વ્યાઘ્ર અને હસ્તીઓનું ગ્રહણ, સમુદ્રપ્રવેશ, પર્વત અને ભયંકર વનની અંદર ગમન, માતા, પિતા અને બાંધવાદિકનો ઘાત, તથા ચૌર્યાદિદુષ્કર્મ કરવાં પડે છે.

એટલું જ નહી પણ અનેક સદ્ગુણરૂપી મેઘને વિખેરવામાં પવન સમાન તે લોભ જ ગણાય છે."

ક્રોધાદિક પણ લોભથી પ્રગટ થાય છે.

સર્વ વિપત્તિઓનું સ્થાન લોભ છે. તેમજ લોભમાં સર્વ દોષ રહેલા છે.

લોભથી પ્રાણનો વિનાશ થાય છે.

માટે હે વિપ્રો ! જ્યારે તે મસ્તક બહાર નીકળી "બુડે છે" એમ કહે ત્યારે તમારે તેની આગળ લોભથી બુડે છે, એ પ્રમાણે ઉત્તર આપવો.

તે સાંભળી ફરીથી તે મસ્તક પાણીની બહાર નીકળશે નહીં. એમ છતાં કદાચિત્ તે નીકળે તો મને ખબર આપજો, એટલે હું પોતે ત્યાં આવી તેને બંધ કરીશ.

તે સાંભળી બ્રાહ્મણો ચકિત થયા. કુતરાઓને ફેંકી દઇ વૃદ્ધને કહેવા લાગ્યા.

સર્વજ્ઞની માફક તમારી બુદ્ધિ દરેક માર્ગમાં પ્રવીણ છે.

વળી આપની બુદ્ધિરૂપી નાવનો સમાગમ અમને ન થયો હોત તો અમે બરેબર અપાર સંશયરૂપ સાગરમાં ડુબી જાત.

એ પ્રમાણે વૃદ્ધની સ્તુતિ કરી બ્રાહ્મણો ખુશી થયા. પછી તેણે બ્રાહ્મણોને વિદાય કર્યા.

ચાર માસની સમાપ્તિના અંતિમ દિવસે બ્રાહ્મણો પોતાની કાંચીપુરીમાં ગયા.

પ્રભાત કાળમાં રાજાએ તેમને બોલાવ્યા. મરૂદેશસ્થ વૃદ્ધવિપ્રનું સર્વ વૃત્તાંત રાજાની આગળ બ્રાહ્મણોએ કહ્યું.

પછી રાજાની સાથે તેઓ સરોવર પર ગયા. હંમેશનો સમય થયો એટલે તે મસ્તકે બહાર નીકળી "બુડે છે" એમ ત્રણવાર કહ્યું.

ત્યારે લોભથી ડુબે છે, એવો બ્રાહ્મણોનો જવાબ મળવાથી હસીને ફરીથી તે બોલ્યું.

મારો આશય તમે સમજી શકયા છો.

નૃપપ્રશ્ન

રાજાએ મસ્તકને પૂછયું.

તું કોણ છે? આ પ્રમાણે બોલવાનું તારે શું પ્રયોજન છે?

મસ્તકે કહ્યું. મસ્તકમાં રહેલો **કેલીકિલ** નામે હું વ્યંતર છું અને આપના પંડિતોની હોંશીયારી જોવા માટે એ પ્રમાણે મારે બોલવું થતુ હતું. આજે એનો ઉત્તર મળવાથી હવે હું અહીં આવીશ નહીં. એમ કહીં તે વ્યંતર ત્યાંથી અદૃશ્ય થઈ ગયો.

રાજાએ પંડિતોનો બહુ સત્કાર કર્યો.

આ મસ્તકવાર્તાની પ્રસિદ્ધિ માટે ભૂપતિએ આ ચૈત્ય બંધાવ્યું છે. અને એની અંદર પાષાણનું મસ્તક બનાવરાવીને સ્થાપન કર્યું છે, તેથી સર્વ લોકો એની પૂજા કરે છે, કારણકે રાજઆજ્ઞા બહુ બળવાન હોય છે.

આ પ્રમાણે તે મસ્તકની વાત સાંભળી કુમારપાલનું હૃદય આશ્ચર્યથી ભરાઈ ગયું. પછી તે વનની અંદર કેસરીસિંહની જેમ કાંચીપુરીમાં ગયો.

ત્યાં અનેક પ્રકારના કૌતુક જોવાથી આનંદને આધીન થયેલા કુમારપાલે રાજાની માફક સ્વસ્થ ચિત્તે કેટલોક સમય વ્યતીત કર્યો.

પ્રતાપસિંહ રાજા

ધર્મશ્રદ્ધાલુ અને નિર્દોષ ભક્તિમાન કુમારપાલ ત્યાંથી પ્રયાણ કરી આગળ ચાલ્યો. નિરંતર પ્રયાણવડે તે **મલ્લિનાથ** દેશના આભૂષણ સમાન **કોલંબ** નગરમાં ગયો.

અરણ્યમાં પ્રયાણ કરવાથી બહુ શ્રમને લીધે સુંદર છાયાવાળા વૃક્ષોથી વિભૂષિત એક સરોવરના કાંઠા પર ઇંદ્રની માફક તે વિશ્રાંતિ લેવા બેઠો.

મયૂરોના કલાપને તાંડવ કરાવતો, વારંવાર જલબિન્દુઓનું પ્રેષણ-સિંચન કરતો અને કુમારપાલના સુગંધમય અતિથ્યને વિસ્તારતો.

સરોવરનો વાયુ આચારના જાણકારની માફક આચરણ કરવા લાગ્યો.

તેજ રાત્રીએ **પ્રતાપસિંહ** નામે કોલંબરાજાને સોમેશ્વરનામે દેવે સ્વપ્નમાં કહ્યું.

પ્રભાતકાલમાં અહીં તારા ઉપવનમાં કુમારપાલ આવશે. અને પરાક્રમના આશ્રય સમાન તે ગુર્જરદેશનો રાજા થવાનો છે. માટે તારે તેના સામું જવું અને વિનયપૂર્વક પ્રવેશ મહોત્સવ કરી એની બહુ ભક્તિ કરવી.

પ્રભાતમાં ચક્રવર્તીની માફક બહુ સૈનિકો લઈ પ્રતાપસિંહરાજા તેની સન્મુખ ગયો અને સરોવરના કિનારે બેઠેલા કુમારપાલને તેણે જોયો.

સ્વચ્છ બુદ્ધિવાળો તે રાજા પોતાના જ્યેષ્ઠ બંધુની માફક કુમારપાલને બહુ માનપૂર્વક પોતાના ઘેર લઈ ગયો.

અનન્ય સેવા ભક્તિથી તેને ખુશી કર્યો. બાદ બહુ આનંદથી ત્યાં રહેતા કુમારપાલે રાજાને પૂછયું.

મારો આવો અપૂર્વ સત્કાર તમે શા માટે કર્યો ? રાજાએ કહ્યું. સોમેશ્વરદેવની આજ્ઞાથી મેં આપની ભક્તિ કરી.

દેવના સત્કારવડે કુમારપાલ પોતાને બહુ પુણ્યશાળી માનવા લાગ્યો.

પ્રતાપસિંહનરેશના બહુમાનવડે કુમારપાલ ત્યાં કેટલાક દિવસ રહ્યો. અને તેની સાથે તેણે મિત્રતાનો સંબંધ જોડયો. સજ્જનોનું આ મુખ્ય કર્તવ્ય છે.

પછી કુમારપાલ તેની આજ્ઞા લઈ વક્રગતિ પામેલા ગ્રહની માફક ત્યાંથી પાછો ફર્યો અને શિપ્રા નદી જેના નજીકમાં રહેલી છે, એવી ઉજ્જયિની નગરીમાં આવ્યો.

વિરહાનલથી અત્યંત તપી ગયેલા હૃદયને પોતાના કુટુંબના સમાગમ રૂપ જલસિંચનથી તેણે શાંત કર્યું.

પછી સ્વર્ગ સમાન ઋદ્ધિવાળી તે નગરીનું અવલોકન કરતો કુમારપાલ **કુંડગેશ્વર** નામે દિવ્ય પ્રાસાદમાં ગયો.

ત્યાં મધ્ય ભાગમાંથી નીકળેલી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ સંબંધી ભુજંગની ફણાવડે ઉન્નત એવું શંકરનું લિંગ જોઈ કુમારપાલને બહુ આનંદ થયો.

પ્રેમપૂર્વક તેણે નમસ્કાર કર્યો. લિંગની અંદર રહેલી પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિનાં દર્શન કરી કુમારપાલ જિનેંદ્રભગવાનનું ધ્યાન કરતા શંકરને પણ પોતાના હૃદયમાં બહુ માનવા લાગ્યો.

પછી સર્વને આનંદદાયક અતિ અદ્ભુત તે મંદિરની શોભા તે જોતો હતો, તેવામાં ત્યાં દિવ્ય કાવ્યોથી લખેલી એક પ્રશસ્તિ કુમારપાલની નજરે પડી.

તરત તે વાંચીને તેમાં શ્રીવિક્રમરાજાનું નામ લખેલું, તેની આગળ **શ્રી સિદ્ધસેનદિવાકરે** એક આર્યા લખેલી હતી, તે પણ તેણે વાંચી.

તેનો ભાવાર્થ એ હતો કે, હે વિક્રમનરેંદ્ર ! વિ. સં. ૧૧૯૯ પૂર્ણ થવાથી તારા સરખો સમૃદ્ધિવાળો કુમારપાલરાજા થશે.

એ પ્રમાણે શ્લોકનો ભાવાર્થ પોતાના મનમાં વિચારી તેને નિશ્ચય થયો કે, હું રાજ્યપાલક થઈશ. તેમજ જૈનમુનિઓમાં જ્ઞાનનો પ્રભાવ બહુ રહેલો છે, એમ વિશાળ બુદ્ધિમાન તે માનવા લાગ્યો.

ચિત્રકૂટગમન

બોસરી, સજ્જન અને પોતાના કુટુંબને સાથે લઇ કુમારપાળ ત્યાંથી નીકળીને **ચિત્રકૂટ**ગિરિ પર ગયો.

ત્યાં શ્રી **શાંતિનાથ**ભગવાનના મંદિરમાં **શ્રીરામ** નામે મુનિ રહેલા હતા, તેમને વંદન કરી કુમારપાલે પૂછયું.

હે મુનીંદ્ર ! આ પર્વતને ચિત્રકૂટ શાથી કહેવામાં આવે છે?

મુનિ બોલ્યા. અહીંથી ત્રણ કોશ ઉપર સ્વર્ગપુરી સમાન ઋદ્ધિ-શાલી **મધ્યમા** નામે નગરી છે. તેમાં ત્રણે લોકના ચિત્તને પોતાના પવિત્ર ચરિત્રોવડે ચકિત કરતો અને પૃથ્વીને વિષે ઇંદ્ર સમાન **ચિત્રાં-ગદ** નામે રાજા હતો.

તે હંમેશાં અનેક શત્રુઓને અસત્ એવા એક ભયનું પ્રદાન કરતો હતો, જેથી દાનવીર પુરુષો પણ પોતાના હૃદયમાં વિસ્મય પામતા હતા.

સુમતિ નામે સત્યવાદી તેનો મંત્રી હતો. જેની બુદ્ધિ રાજ સંપત્તિરૂપ વેલીને પલ્લવિત કરવામાં મેઘ સમાન વર્તતી હતી.

ભૂતાનંદયોગી

એક દિવસ દેવસભામાં સુરેંદ્રની જેમ ચિત્રાંગદરાજા સભામાં બેઠો હતો. તે સમયે દર્શનની ઇચ્છાથી **ભૂતાનંદ** નામે એક યોગી ત્યાં આવ્યો.

સુંદર સ્વાદિષ્ટ કેટલાંક ફળ રાજા આગળ મૂકી તેની સાથે કંઈક વાર્તાલાપ કરી ક્ષણમાત્ર વિનોદ કરી તે ચાલ્યો ગયો.

બીજે દિવસે પણ તે કેટલાંક બીજાં ફળ લઇ પૂર્વની જેમ ત્યાં આવ્યો અને સુખ વાર્તામાં કેટલોક સમય વ્યતીત કરી પુનઃ પોતાના સ્થાનમાં ચાલ્યો ગયો.

એવી રીતે નિત્ય નવનવાં ફલોવડે તે યોગીએ દેવની જેમ રાજાની છ માસ સુધી સેવા કરી, પરંતુ કંઈપણ કાર્ય તેણે જણાવ્યું નહીં.

પછી ચિત્રાંગદરાજા તેની ઉપર પ્રસન્ન થયો અને તેણે પૂછયું.

હે યોગી ! તું શા માટે મારી ભક્તિ કરે છે ? જે કંઈ કાર્ય હોય તે તું સુખેથી કહે.

એકાંતમાં યોગીએ રાજાને કહ્યું.

સુવર્ણ પુરુષ સિદ્ધ કરનાર મંત્ર ગુરુપાસેથી મહાકષ્ટ વડે મેં મેળવેલો છે.

તેની પૂર્વ સેવા છમાસ સુધી વિધિ પ્રમાણે મેં કરી છે,

હવે તમારી સહાયથી ઉત્તર ક્રિયા કરવાની મારી ઇચ્છા છે અને તે અનુષ્ઠાન કાળીચૌદશની રાત્રીએ સ્મશાનભૂમિમાં અગ્નિની અંદર હોમ કરવાથી સિદ્ધ થાય છે, અન્યથા સિદ્ધ થતી નથી.

હે નરેંદ્ર ! હાલમાં સત્ત્વ, ઉપકાર, દાક્ષિણ્ય અને શૌર્ય વિગેરે ગુણશાલી પુરુષોમાં આપ મુખ્ય છો, માટે આપની હું પ્રાર્થના કરૂં છું

કૃપા કરી જો તમે ઉત્તર સાધક થાઓ તો આપની સહાયથી મારો મંત્ર સિદ્ધ થાય.

ચિત્રાંગદરાજાએ અતિ દાક્ષિણ્યતાને લીધે તેનું વચન માન્ય, કર્યું. કારણ કે 'પરોપકાર કરવામાં મહાત્માઓ વ્યસની હોય છે.

તે વાત પોતાની બુદ્ધિથી મંત્રીના જાણવામાં આવી. તેના મનમાં શંકા થઈ, રાજા બહુ ભયમાં આવી જશે. તેણે રાજાને એકાંતમાં બોલાવી કહ્યું.

હે પ્રભુ ! દેવની માફક આપ પોતે સર્વ જાણો છો, તો પણ સ્નેહને લીધે મારે આપને કંઇક કહેવાનુ છે.

યોગીની આગળ આપે જે સહાયતા કબુલ કરી છે, તે યોગ્ય છે, પરંતુ એનું પરિણામ બહુ ખરાબ છે, એમ મારી બુદ્ધિથી હું ધારૂં છું

કારણ કે એવા દુષ્ટ યોગીઓ પોતાનાં કાર્ય સિદ્ધ કરવાની ઇચ્છાથી પિશાચની માફક ઉત્તમ પુરુષોને છેતરીને મારે છે.

તેમજ અત્યંત નિર્દય એવા તે દુષ્ટો પ્રાણીઓના ઘાતજન્ય પાપથી કસાઈઓની જેમ યમથી પણ ભય પામતા નથી.

આ યોગી સ્વર્ણપુરુષની સિદ્ધિ માટે તમારી માગણી કરે છે, કારણ કે સ્વર્ણપુરુષની સિદ્ધિ તો બત્રીશ લક્ષણો પુરૂષના હોમ સિવાય થઇ શકતી નથી. માટે સારા લક્ષણોથી સંયુક્ત આપને જોઇ એ દુષ્ટબુદ્ધિ કદાચિત અનિષ્ટ કરે, તેથી હું આગ્રહપૂર્વક આપને કહું છું.

એ બાબતમાં આપને પડવું ઉચિત નથી.

રાજાએ કહ્યું, હું આ હકીકત જાણતો નહોતો, તેથી મેં એનું વચન કબુલ કર્યું છે.

હવે હું નીચની માફક પોતાનું વચન કેવી રીતે અન્યથા કરૂં ?

મંત્રી બોલ્યો. જો એમજ આપને કરવાનું હોય તો હું સેવકની માફક આપની સાથે આવું અને ગુપ્ત રહી યથોચિત મારૂં કામ હું કરીશ, એ પ્રમાણે મંત્રીનો વિચાર રાજાએ કબુલ કર્યો.

ભૂતાનંદનો અત્યાચાર

કાળીચૌદશના દિવસે પૂજની સામગ્રી લઈ **ભૂતાનંદ** યોગી રાજા પાસે આવ્યો.

રાત્રીના સમયે તેની સાથે **ચિત્રાંગદ**રાજા હાથમાં તરવાર લઈ સ્મશાન તરફ ચાલ્યો. તેની પાછળ શ્રેષ્ઠ બુદ્ધિમાન તેનો **મંત્રી** પણ ગુપ્તપણે નીકળ્યો.

સ્મશાનનો દેખાવ બહુ ભયંકર લાગતો હતો. નિર્ભય મનથી ભૂતાનંદ સ્મશાન ભૂમિકામાં ગયો.

ત્યાં પૂજનો સામાન એક બાજુએ મૂકયો. પછી તેણે એક અખંડિત મંડલ ખેચ્યું. તેની અંદર સુંદર એક અગ્નિકુંડ બનાવ્યો.

કુંડની અંદર ખેરનાં પુષ્કળ લાંકડાં નાંખી પોતાને બાળવા માટે ન હોય તેમ તેણે અગ્નિ સળગાવ્યો.

તે સમયે અગ્નિ સાતજીહ્વાથી પ્રસિદ્ધ છે, છતાં પણ સેંકડો જ્વાલારૂપ જીહ્વાઓથી વ્યાકુલ થઈ ભૂતાનંદને ભક્ષણ કરવામાં ઉત્સુક થયો હોય તેમ બહુ જ્વાલાઓ ફેંકવા લાગ્યો.

પછી તે યોગીએ રક્ત ચંદન, પુષ્પ અને અક્ષતાદિ વડે તે મંડલની પૂજા કરી. ધ્યાનમાં એકતાન થઇ મંત્ર સ્મરણનો પ્રારંભ કર્યો. રાજા પણ હાથમાં તરવાર લઈ મૂર્તિમાન પરાક્રમ હોય ને શું ? તેમ નિર્ભયચિત્તે યોગીની રક્ષા કરવા તૈયાર થઇ ઉભો રહ્યો.

તેની પાછળ મહાન બુદ્ધિમાન્ તેનો મંત્રી પણ ગુપ્તપણે ઉભો રહ્યો અને તે દુષ્ટ યોગીનું કર્તવ્ય જોવા લાગ્યો.

યોગીએ પ્રથમ મંત્રનો જાપ કર્યો. પછી વિધિ પ્રમાણે અગ્નિ-કુંડમાં હોમ કર્યો. ત્યારબાદ તેણે અગ્નિકુંડની ત્રણ પ્રદક્ષિણાઓ કરી.

પછી તે અગ્નિકુંડમાં ફેંકવાની ઇચ્છાથી દુષ્ટયોગીએ રાજાને કહ્યું. હે નરેંદ્ર ! તું પણ આ અગ્નિકુંડની ત્રણ પ્રદક્ષિણાઓ કર, જેથી મારી માફક કોઇક સિદ્ધિ તારા પણ હાથમાં આવે અને સારા ઉદ્યમની માફક તારો આ પ્રયાસ પણ સફલ થાય.

એ પ્રમાણે તેના વચનથી શત્રુ સમાન તેની દુષ્ટતા જાણી અને મંત્રીની હિતશિક્ષા સ્મરણ કરી રાજાએ કહ્યું.

હે યોગી ! આ સિદ્ધિ માત્ર તને જ પ્રાપ્ત થાય એટલે બસ છે, મારે એનું કંઈપણ પ્રયોજન નથી. તારો મનોરથ સિદ્ધ થવાથી મારો પ્રયાસ હું સફલ માનું છું.

તે સાંભળી યોગીનાં નેત્ર લાલ થઈ ગયાં અને તે રોષથી બોલ્યો.

અરે અધમ ! મારૂં વચન કેમ માનતો નથી ? હાલ જ તને યમ રાજાની અતિથિ કરૂં છું.

એ પ્રમાણે બોલતા તે યોગીને જ સુમતિ મંત્રીએ કાષ્ટના ટુકડાની માફક ઉપાડીને અગ્નિકુંડમાં ફેંકી દીધો.

તેમાં પડયો કે તરત જ તે બળીને ભસ્મ થઈ ગયો અને એકદમ તે સુવર્ણપુરુષ થઇ ગયો.

અહો ! મંત્રનો મહિમા બહુ અદ્‌ભુત હોય છે.

અહો ! દૈવગતિ બલવાન છે.

યોગીએ રાજા પર જે વિચાર કર્યો હતો, તે પોતાને જ માટે થઇ પડ્યો. અથવા "જે માણસ પરનું અહિત ચિંતવે છે, તે પોતાનું જ અહિત કરે છે" એ વાત સત્ય છે.

સુવર્ણપુરુષ

અગ્નિકુંડની અંદર સુવર્ણ પુરુષને જોઈ ચિત્રાંગદરાજા બહુ વિસ્મય પામ્યો અને મંત્રીને કહેવા લાગ્યો.

અહો ! તારૂ દીર્ઘદર્શિપણું ! તારા બુદ્ધિ વૈભવને ધન્ય છે. અહો તારી સ્વામીભક્તિ ! અહો ! તારી સાવધાનતા !

તેમજ હે મંત્રી ! પુણ્યની માફક તું મારી સાથે અહીં ન આવ્યો હોત તો આ યોગી અગ્નિકુંડમાં હવ્યની માફક મને ફેંકી દેત.

એ પ્રમાણે રાજાની સ્તુતિથી ઋણી થયેલો મંત્રી બોલ્યો.

હે દેવ ! પુણ્યબળને લીધે આપ સર્વત્ર કુશલપણે વર્તો છો.

અરિર્મિત્રં વાર્દ્ધિઃ સ્થલમનલકીલામ્બુલહરી,
તમસ્તેજોઽરણ્યં, નગરમુરગો દામ ભવતિ ।
રણઃ ક્રીડાસ્થાનં, વિષમમૃતમસ્ત્રં સરસિજં,
વિપત્તિઃ સંપત્તિઃ, સ્ફુરતિ સુકૃતે પ્રાગ્ભવકૃતે ॥૧॥

"પૂર્વભવમાં કરેલા સુકૃતના બલથી શત્રુ મિત્રસમાન, સમુદ્ર ભૂમિસમાન, અગ્નિજ્વાલા પાણીની લહેર સમાન,

અંધકાર તેજ સમાન, જંગલ નગર સમાન, સર્પ પુષ્પમાલા સમાન,

રણસંગ્રામ ક્રીડાસ્થાન, વિષ અમૃતસમાન, શસ્ત્ર પુષ્પ સમાન અને વિપત્તિ સંપત્તિ સમાન થાય છે.'

મહાન પરાક્રમી રાજાએ અગ્નિ કુંડમાંથી સુવર્ણપુરુષને બહાર કાઢયો અને મંત્રી સહિત રાજાએ તે રાત્રી ત્યાં જ વ્યતીત કરી.

પ્રભાતકાલ થયો એટલે તેઓ બંને સુવર્ણપુરુષને લઈ પોતાના સ્થાનમાં આવ્યા, પછી ભૂપતિએ સુવર્ણ પુરુષની પૂજા કરી પોતાના ભંડારમાં સુવર્ણશિલાની જેમ તેને સ્થાપન કર્યો.

સાક્ષાત્ સિદ્ધરસની જેમ તે સુવર્ણ પુરુષથી હંમેશાં પુષ્કળ સુવર્ણ મળવા લાગ્યું, જેથી ચિત્રાંગદરાજાએ સ્વર્ગ સમાન રાજ્ય પદ્ધતિ ચલાવી.

ખજાનાઓ સુવર્ણ રાશિથી ભરાઈ ગયા. જેમની રક્ષા માટે એક મોટા કિલ્લાની જરૂર પડી.

તેની તપાસ માટે રાજા પોતે ફરવા લાગ્યો. ફરતાં ફરતાં ચિત્ર ગિરિની પાસે કૂટ નામે આ પર્વત તેની ધ્યાનમાં આવ્યો. મેરૂ સમાન ઉન્નત એવા આ પર્વતપર અતિ દુર્ગ્રાહ્ય–અજેય કિલ્લો બંધાવવાનો તેણે બહુ શ્રમથી પ્રારંભ કર્યો.

કૂટસુર

દિવસે જેટલો તૈયાર કરવામાં આવે છે, તેટલો કિલ્લો રાત્રીના સમયે મૂલમાંથી પડી જાય છે. એમ કરતાં છ માસ ચાલ્યા ગયા. તો પણ ભૂપતિ પોતાના કાર્યથી અટકતો નથી.

પછી તે કૂટગિરિનો અધિષ્ટાયક કૂટ નામે દેવ પ્રગટ થઈ બોલ્યો.

હે રાજન! શા માટે તું દુઃખી થાય છે? અહીંયાં કિલ્લો કરવા માટે કોઇ પણ શક્તિમાન નથી.

ચિત્રાંગદ બોલ્યો. આ પ્રારંભેલું કાર્ય પ્રાણાંતમાં પણ હું છોડવાનો નથી.

દેવ બોલ્યો. જો તારો એવો જ નિશ્ચય હોય તો ચિત્રગિરિ ઉપર તું કિલ્લાનો ગોઠવણ કર. અને એ કિલ્લો મારા નામથી પ્રસિદ્ધ કરવો, જેથી હંમેશાં હું એની રક્ષા કરીશ.

રાજાએ તે પ્રમાણે કબુલ કર્યું. દેવ બહુ ખુશી થયો અને પોતાના સ્થાનમાં તે ચાલ્યો ગયો. તે કિલ્લો એટલો બધો ઉંચો લીધો કે આકાશને અડકવા લાગ્યો.

પછી ચિત્રાંગદરાજાએ ચિત્રકૂટ એવું તેનું નામ પ્રસિદ્ધ કર્યું. જેથી તે મેરૂ સમાન વિખ્યાત થયો.

તેની અંદર રાજાએ અતિ મનોહર પ્રાસાદ, સરોવર અને ઉદ્યાનો તૈયાર કરાવ્યા તેમજ પોતાની રાજધાની પણ ત્યાં લઈ ગયો.

તે સમયે ત્યાં ચૌદસો કોટી ધ્વજાવાસ હતા. ઉપર અને નીચે મળીને હજારો લક્ષાધિપતિઓ હતા.

સર્વ સમૃદ્ધિઓને વિસ્તારની ચિત્રકૂટની સંપત્તિ જોઈ કયો માણસ વિચાર ન કરે, કે ચિત્રાંગદરાજા સ્વર્ગ સંપત્તિનો લુંટારો નથી ? એ પ્રમાણે ચિત્રકૂટની જાહોજલાલી હતી.

શંભલીશરાજા

અન્યદા મહાન પરાક્રમી શત્રુઓને નિર્મૂલ કરનાર **શંભલીશ** નામે કન્યકુબ્જ દેશના રાજાના સાંભળવામાં આવ્યું કે, ચિત્રાંગદની પાસે સુવર્ણદાયક સ્વર્ણ પુરુષ રહેલો છે, તેને લેવા માટે શંભલીશ રાજાએ સુભટો સાથે ચિત્રાંગદપર યુદ્ધ કરવાની તૈયારી કરી.

પ્રલયકાલમાં ક્ષુભિત થયેલા સમૃદ્રોની માફક અતિબલવાન સૈન્યોવડે પૃથ્વીતલને પ્લાવિત કરતો શંભલીશ રાજા ચિત્રકૂટગિરિની પાસમાં આવી પહોંચ્યો અને તેના નીચે તેણે નિવાસ કર્યો.

ચિત્રાંગદરાજાને ખબર પડી કે, કન્યકુબ્જનો રાજા સૈન્ય સાગર સાથે નીચે આવી પડયો છે, તો પણ સ્વર્ગસ્થની માફક તેના મનમાં કિંચિત્ માત્ર ભીતિ થઇ નહીં. ચિત્રકૂટપર રહેલા લોકો પણ વિમાનમાં રહેલા દેવોની માફક આનંદથી ઈચ્છાપૂર્વક વિલાસ કરતા હતા.

ત્યારબાદ શંભલીશરાજાના હુકમની મદોન્મત્ત તેના સુભટો ઉન્મત્ત થયેલા હાથીઓની માફક કિલ્લો તોડવાનો પ્રયત્ન કરવા લાગ્યા કેટલાંક સુભટો ટાંકણાં લઇ તોડવા લાગ્યા. કેટલા પાષાણોથી ભેદવા લાગ્યા. પરતું વજ્રથી બનાવેલો હોય તેમ તે કિલ્લાને કોઇપણ સ્થળેથી તેઓ તોડી શકયા નહીં. અન્તે તેઓ થાકીને બેઠા.

રાજાએ વિચાર કર્યો–" ઉત્સાહ રાખવો એ લક્ષ્મીનું મૂળ છે." એમ નીતિકારો કહે છે. માટે ઉદ્યમ છોડવો નહીં, એમ જાણી ઉદ્ધત એવા પોતાના સુભટોવડે કિલ્લાને રોકી ત્યાં જ તેણે

પડાવ કર્યો, તેથી કિલ્લામાં રહેલા લોકોને કોઈ પ્રકારે હરકત થતી નથી, કારણ કે એમને નીચે આવવાનું કંઈ પ્રયોજન હોતું નથી, એમ કરતાં ઘણો સમય વીતી ગયો.

શત્રુરાજા ગભરાયો. હવે શું કરવું ? પછી તેણે કિલ્લાનું વૃત્તાંત જાણવા માટે પોતાના આપ્ત અને બહુ હોંશીયાર ચરપુરુષોને દુર્ગની અંદર મોકલ્યા.

કિલ્લાની અંદર પ્રવેશ કરી તેઓ સ્વર્ગ કરતાં પણ અધિક અને સર્વ વ્યાપ્ત એવી તેની લક્ષ્મી જોઈને પોતાના હૃદયમાં વિસ્મિત થયા.

શત્રુઓને ભેદવાની ઇચ્છાવડે તેઓ ચારે તરફ ફરવા લાગ્યા. ફરતા ફરતા તેઓ **સુમતિ** મંત્રીના મકાનમાં ગયા. તેની શોભા બહુ અદ્ભુત હતી. તેજ સમયે તે મંત્રીની **રત્નવતી** નામે પુત્રી પોતાનો પુત્ર સાથે લઈ, ગવાક્ષમાં બેઠેલા પોતાના પિતાને નમવા માટે ગઈ.

પિતાને નમસ્કાર કરી ઉભી રહી અને કિલ્લાની નીચે રહેલા લશ્કરને જોતી છતી સરલ સ્વભાવને લીધે તે ગુપ્તચરોને સાંભળતાં બોલી.

હે તાત ! કિલ્લાની નીચે આ વેપારીઓ શા માટે રહેલા છે ! હજુ સુધી એમને વિદાય કેમ નથી કરતા ? અહીં એ લોકોનો ઘણો સમય વ્યતીત થયો.

હાસ્ય કરી મંત્રી બોલ્યો. હે પુત્ર ! એ વેપારી નથી, પરંતુ કાન્યકુબ્જ દેશનો રાજા પોતાના લશ્કરવડે કિલ્લાનો રોધ કરી પડેલો છે.

વળી હે પુત્રિ ! તારા જન્મદિવસે આ રાજા અહીં આવેલો છે. તારું લગ્ન થયું અને તારે પુત્ર પણ થયો, છતાં એની સ્થિતિ તેવી ને તેવી છે.

તે વાત સાંભળી ચકિત થયેલા ચરપુરુષો તરતજ ત્યાંથી નીચે ઉતર્યા અને પોતાના સ્વામી પાસે આવી મંત્રી અને તેની પુત્રીની વાત નિવેદન કરી.

આ સાંભળતાં જ શંભલીશરાજાના હૃદયમાં હર્ષ, આશ્ચર્ય અને

વિષાદ વિગેરેનો પ્રવેશ થયો અને તે અગાધ ચિંતામાં પડયો કે, આવો અજેય કિલ્લો કેવી રીતે પોતાને સ્વાધીન કરવો.

અર્બરીકાવેશ્યા

એક દિવસ ચિત્રાંગદરાજાથી માન પામેલી અર્બરીકા નામે વેશ્યા કન્યકુબ્જ રાજાની પાસે ગઈ અને તેણે કહ્યું કે,

આરોહત્યચલેશ્વરં કિમુ શિશુઃ ? પોતોઽજિતઃ કિં તર–
ત્યમ્ભોધિં ? કિમુ કાતરઃ સરભસં સંગ્રામમાક્રામતિ ? ।
શક્યેષ્વેવ તનોતિ વસ્તુષુ જનઃ પ્રાયઃ સ્વકીયશ્રમં,
તદ્દુર્ગગ્રહણગ્રહે ગ્રહિવતાં ત્વં શંમલીશં ? ત્યજ ॥ ૧ ॥

" શું બાલક મેરૂ પર્વત પર ચઢી શકે ખરો ?
વહાણ વિના મનુષ્ય સમુદ્ર તરી શકે ?
કાયર માણસ રણસંગ્રામમાં ઉતરવાનું સાહસ કરે ખરો ?
પ્રાયે માણસ માત્ર યોગ્ય કાર્યમાં જ પ્રયતનશીલ થાય છે, માટે હે શંભલીશ ? તું સમજીને આ કિલ્લો ગ્રહણ કરવાનો આગ્રહ છોડી દે ?

એ પ્રમાણે વેશ્યાના માર્મિક વચનવડે અંકુશના પ્રહારથી હાથીની જેમ તે રાજા હૃદયમાં ખેદ પામી વિલક્ષ થઈ ગયો.

પછી તેણે બહુ ધન આપી વેશ્યાને પોતાની તરફ મેળવી લીધી.

બાદ તેણીએ આત્મ હિત મિત્રની માફક એકાંત સ્થલમાં જઈને દુર્ગ ગ્રહણ કરવાનો ઉપાય બતાવ્યો.

ચિત્રાંગરાજાને એવો નિયમ છે કે હંમેશાં દરેક દરવાજાઓ ખુલ્લા કરી ભોજનાર્થી પ્રાણીઓને જમાડી યુધિષ્ઠિર રાજાની માફક પોતે જમે ભોજન કરે છે.

જ્યારે હું ગવાક્ષમાં બેસી મારો કેશપાશ છુટો મૂકું, ત્યારે તારે જાણવું કે દરવાજાઓ ઉઘડયા છે, તે સમયે તરત જ તારે અંદર પ્રવેશ કરવો.

એ પ્રમાણે વેશ્યાએ બતાવેલા ઉપાયથી શંભલીશરાજાએ દરિદ્રીના ઘરની જેમ ચિત્રકૂટની અંદર ઉદ્ધત સૈનિકો સાથે પ્રવેશ કર્યો.

શક સમાન પરાક્રમી ચિત્રાંગદરાજા શત્રુ સાથે યુદ્ધ કરવા તૈયાર થયો અને તેણે બાણોની વૃષ્ટિથી મોટું યુદ્ધ કર્યું.

આખરે દુર્વાર એવી શત્રુ બાણોની વૃદ્ધિ વડે વ્યાકુળ થયેલો ચિત્રાંગદ અશકત બની વરસાદના કરાઓ વડે સાંઢની જેમ પલાયન થયો.

બાદ પોતાના બ્રાતામાંથી સુવર્ણપુરુષને લઈ તેણે સજલ કૂપમાં ઝંપાપાત કર્યો. અહો ભયને લીધે માણસ શું નથી કરતો ?

શંભલીશ રાજાના સુભટો તેની પાછળ ગયા અને તે કૂવામાં ઘણી તપાસ કરી પણ અધિષ્ઠાયક દેવની સહાયથી સ્વર્ણપુરુષનો પત્તો લાગ્યો નહીં.

પછી શંભલીશભૂપતિએ કેટલીક સારભૂત લક્ષ્મી પોતાને સ્વનાધી કરી અને તે રાજ્યમાં ચિત્રાંગદના પુત્ર **વારાહગુપ્તને** સ્થાપન કરી તે પોતાના નગરમાં ગયો,

એ પ્રમાણે ચિત્રકૂટગિરિની ઉત્પત્તિ આનંદ પૂર્વક કહી શ્રીરામચંદ્ર મુનિ કોકિલની માફક વિરમીને પોતાના ધ્યાનમાં બેઠા.

અણહિલ્લપત્તન

આચાર્ય મહારાજે કહેલો રાજ્ય પ્રાપ્તિનો સમય નજીક આવ્યો, એમ જાણી કુમારપાલ કુટુંબ સહિત પાટણમાં ગયા. ત્યાં પોતાની બનેવી શ્રીકૃષ્ણદેને ગૌરવ પૂર્વક પોતાના ઘેર તેમને લઈ ગયો અને સર્વનો બહુ સત્કાર કર્યો.

પછી **પ્રેમલદેવી** ભગિનીએ પોતે જ કુમારપાલને સ્નાન કરાવ્યું. તે સ્નાનજલમાં મધુર સ્વરે બોલતી દુર્ગાચકલીએ સ્નાન કર્યું.

તે ઉત્તમ પ્રકારના શકુનને જોઇ કોઈક શકુનવેત્તા બોલ્યો.

હે કુમારપાલ ! સાત દિવસની અંદર આ રાજ્ય તને જરૂર મલશે.

" એ પ્રમાણે અસ્તુ " એમ કહી તેના વાક્યનો સ્વીકાર કરી સયવેદી કુમારપાલે દ્રવ્યાદિક દાન વડે તે પંડિતનો સત્કાર ર્યો. તે જ વખતે દૈવયોગે **જયસિંહ** રાજા ચિરકાળ આ પૃથ્વીને ભોગવી દેવલોક પામ્યો.

બાદ સામંત, અમાત્ય અને અને સભ્ય જનોને એક વિચાર મેળવી કૃષ્ણદેવ, બે અન્ય રાજકુમાર અને એક કુમારપાલ એમ ત્રણને

સ્નાન કરાવી આભૂષણોથી અલંકૃત કરી દિવ્ય અશ્વો પર બેસારી મંત્રીઓ સાથે રાજમંદિરમાં લઈ ગયો.

એ ત્રણ કુમારોમાં રાજ્યને લાયક કોણ છે ? એની સારી રીતે પરીક્ષા કરવા માટે મુખ્ય મંત્રીઓએ તેમને રાજ્યાસને બેસવાની આજ્ઞા કરી.

તેઓમાંથી એક રાજકુમાર ઉભો થયો. વિનય પૂર્વક હાથ જોડી કૃષ્ણદેવ વિગેરે નમસ્કાર કરી તે સિંહાસન પર બેઠો. વિનયગુણ સંપન્ન અને પોતાના ભૃત્યોને પણ હાથ જોડી નમન કરતો આ રાજકુમાર નિર્બળાની માફક દુર્જય શત્રુઓને પોતાના તેજવડે કેવી રીતે વશ કરશે ?

જે રાજા સૂર્ય સમાન ઓજસ્વી હોય, તે ઉત્તમ ગણાય છે. માટે આ કુમાર નિર્બળ હોવાથી રાજ વૈભવને લાયક નથી. એમ વિચાર કરી મુખ્ય મંત્રીઓએ તેને સિંહાસન પરથી ઉઠાડી મૂકયો.

કારણકે " દૈવપ્રતિકુલ હોય ત્યારે ગુણપણ દોષરૂપે પરિણમે છે.

ત્યારબાદ મંત્રીઓના કહેવાથી બીજો રાજકુમાર રાજગાદીએ બેસવાની ઇચ્છાથી ઉભો થયો. જેનાં વસ્ત્રો અંગોપાંગથી ચલિત થતાં હતાં. નેત્રોમાં અધીરતા દેખાતી હતી અને સંકુચિત અંગથી શૂન્યની માફક તે સિંહાસનપર બેઠો.

એક પોતાનું અંગપણ ઢાંકવાને આ શક્તિમાન નથી, તો બલિષ્ઠ એવા સપ્તાંગ રાજ્યનું સંરક્ષણ કેવી રીતે કરશે ?

વળી એના હૃદયનું ઠેકાણું નથી. નેત્રની સ્થિરતા નથી માટે આમ્રવૃક્ષની મંજરીને કાગડાની જેમ આ કુમાર પણ રાજ્ય સંપત્તિને લાયક નથી.

એમ વિચાર કરી સર્વ અધિકારીઓએ તત્કાળ તેને પણ સિંહાસનપરથી ઉઠાડી મૂકયો અને

કુમારપાલને આજ્ઞા કરી કે, આપ રાજ્યાસન બેસો. બંને ખભા-પર વસ્ત્ર-બેસ નાખેલો,

મુખનો ચહેરો અતિ પ્રફુલ્લ, પ્રતાપમાં સૂર્યથી અધિક, સ્ફાર અલંકારોથી વિભૂષિત અને હસ્તમાં ખડગને કંપાવતો કુમારપાલ

ઉંચા શ્વાસે સિંહ સમાન ઉદ્ધત પ્રકૃતિ વડે સિંહાસન ઉપર બેસી ગયો.

ઉત્તમ પ્રકારની તેની ચેષ્ટા જોઈ કૃષ્ણદેવ વિગેરે અધિકારીઓ પ્રસન્ન થયા અને તેઓ બોલ્યા કે, ખરેખર રાજ્યને લાયક આ કુમારપાલ મહીપાલ છે.

કૃષ્ણદેવ વિગેરે સામંત અને મંત્રીઓ રાજ્યાભિષેકને માટે એકત્ર થયા.

રાજ્યાભિષેક

વિક્રમ સંવત્ ૧૧૯૯ના માગશીર્ષ વદી ૪ રવિવાર પુષ્યનક્ષત્રનો ચંદ્ર, સૂર્યાદિ સર્વ ગ્રહોના બલ સહિત મીન લગ્ન વિગેરે શુભ સમયે

બ્રહ્મા સમાન વેદપારગ પુરોહિતને બોલાવી ચક્રવર્તીની માફક કુમારપાલનો રાજ્યાભિષેક કર્યો.

ત્યારબાદ પ્રેમલદેવીવગેરે અતિભાગ્યવતી બહેનોએ મૂર્તિમાન જયની માફક બહુ ઉત્કટ તેની મંગલક્રિયા કરી.

સામંત રાજાઓ હજારો હાથી વિગેરે ભેટણાં લઈ ત્યાં આવ્યા અને તેઓ બહુ હર્ષથી નવીન ચંદ્રની માફક તેને નમવા લાગ્યા.

તે સમયે વૈતાલિક લોકો બિરૂદાવલી બોલવા લાગ્યા.

ગાંધર્વ લોકો ગાયન કરવા લાગ્યા.

નર્તકીઓ નૃત્ય કરવા લાગી. એમ અનેક પ્રકારના ઉમંગથી મહાન ઉત્સવ જામ્યો.

આ પાંચમો લોકપાલ નવીન પ્રગટ થયો, એ પ્રમાણે માંગલિક વાજીંત્રો દિશાઓના અધિપતિઓને જણાવતા હોય ને શું ? તેમ પોતાના ઉદ્યમથી વિરમતાં નહોતાં.

કુંકુમના પાણીથી રંગાયેલી નગરની સર્વ માર્ગ ભૂમિઓ સુંદર અને નવીન સ્વામીને પામી સ્પષ્ટ રાગવાળી હોય તેમ દીપતી હતી.

તેમજ રાજ માર્ગોમાં એટલા બધા પુષ્પોના ઢગ થયેલા હતા.

કે જાણે પૃથ્વી દેવી નવીન પોતાના સ્વામીને જોઇ હસતી હોય તેમ દેખાતી હતી.

દરેક દુકાનોની શ્રેણીઓ લાલપતાકાઓથી શોભતી હતી. જેથી તે નગર સર્વત્ર તેના રાજ્યમાં મુખ્ય શોભા પાત્ર હોય તેમ દીપતું હતું.

વળી મિત્રરૂપ કમલોનો પ્રફુલ્લ કરતો અને શત્રુરૂપ કુમુદવૃંદને હરણ કરતો કુમારપાલ રાજા ચંદ્રની માફક કોને કૌતુકદાયક ન થતો હતો?

રાજ્યતંત્ર

બાદ કુમારપાળભૂપતિએ પોતે આનંદપૂર્વક પ્રીતિરૂપ વેલીના ફલની માફક **ભોપલદેવી**રાણીને પટ્ટરાણી પદ આપ્યું.

ઉદયનમંત્રીએ દુઃસ્થિતિના સમયે ઉપકાર કરેલો તેના પ્રત્યુપકારમાં તેને મુખ્યમંત્રી કર્યો.

મહા પ્રભાવિક તેના પુત્ર **વાગ્ભટ્ટને** અમાત્યપદ આપ્યું

પોતાના જ્ઞાતિમાન્ય જેઓ સત્કાર કરવા લાયક હતા, તેમને યોગ્ય અધિકાર આપ્યા. કારણકે અભ્યુદયનું આ મુખ્ય ફલ છે.

પુરજનપદગ્રામત્રાણં ભટવ્રજસંગ્રહઃ,
કુનયદલનં નીતેર્વૃદ્ધિસ્તુલાર્થમિતિ સ્થિતિઃ ।
વ્રતિષુ સમતા ચૈત્યેષ્વર્ચા સતામતિગૌરવં,
પ્રશમનવિધિં નવ્યે રાજ્યે વ્યધાદિતિ સ પ્રમુઃ ॥૧॥

નવીન રાજ્યમાં શાંતિ ફેલાય તે માટે પુર, નગર, દેશ અને ગ્રામ વિગેરેની રક્ષા, ઉદ્ભટ સુભટોનો સંગ્રહ, ખરાબ નીતિનો વિનાશ, સુનીતિની વૃદ્ધિ, તોલની યોગ્યસ્થિતિ, વૃતધારીઓને વિષે સમતા, મંદિરોમાં પૂજા અને સજ્જનોનો સત્કાર, એ પ્રમાણે શ્રી **કુમારપાલ** ભૂપતિએ વ્યવસ્થા કરી.

હવે રાજાની આગળ હિલચાલ કરતા નવીન અમાત્ય મંડલને જોઇ પ્રથમના જુના મંત્રીઓ કોપાયમાન થયા. કારણકે દરેક લોકો પોતાની જાતિને સહન કરતા નથી.

તે પ્રાચીન મંત્રીઓ એકઠા થઇ વિચાર કરવા લાગ્યા. આ

રાજાની નીતિ કોઇ વિચિત્ર છે. રાજ્ય ધુરંધર આપણે છીએ છતાં આપણો ત્યાગ કરી એણે નવીન અમાત્યોને અગ્રણી કર્યા. અથવા આ જાલમ-ક્રુરતાનો એક શિરોમણિ રાજ્યતંત્રમાં શું સમજે ? કારણકે "દુધ અને પાણીના વિવેકમાં બગલાની હોંશિયારી ન જ હોય." વળી સ્વામીને અનુસરીને ભૃત્યવર્ગ પણ આચરણ કરે છે. કારણકે મૂર્ખના શિરોમણિ આ રાજાએ પોતે મંત્રીઓ પણ મૂર્ખ શોધી કાઢયા છે.

જડ પુરુષ અભ્યુદય પામીને ઉજ્જવલ ગુણોને વમી દે છે. ઉદ્ધત બનેલી સમુદ્રની ભરતી શું રત્નોને બહાર નથી ફેંકી દેતી !

નૃપવધોપાય

હજુ આપણે ચેતવાનો સમય છે, જ્યાં સુધી એનું મૂલ બંધાણું નથી ત્યાં સુધી તેનો નિગ્રહ સુખેથી કરી શકાશે.

છેવટે તેમણે નક્કી કર્યું કે, ઘાતક પુરુષો પાસે એનો ઘાત કરાવીને હાલમાં બીજાને રાજ્યગાદીએ બેસાડવો, જેથી તે આપણા વચનને ઉલ્લંઘન નહીં કરે, અન્યથા આ ઉદ્ધતરાજા શલ્યની માફક આપણને દુઃખદાયક થશે.

એ પ્રમાણે ગોઠવણ કરી પ્રાચીન મંત્રીઓએ પોતાના આત્માની જેમ કુમારપાળને મારવાની ઈચ્છાવડે અંધકારથી વીંટાએલા તેના ઘરના દ્વાર આગળ રાત્રીના સમયે ઘાતકી પુરુષોને તૈયાર રાખ્યા.

આ સર્વ વૃત્તાંત કોઇ આપ્તજનનાં જાણવામાં આવ્યું, જેથી તેણે સર્વ હકીકત ભૂપતિને નિવેદન કરી.

ખરેખર જ્યાં સુધી પુણ્યની જાગ્રતી હોય, ત્યાં સુધી સજ્જન પર શત્રુઓનું ધારવું નિષ્ફળ થાય છે.

ભૂપતિએ તેજ વખતે પોતાના સુભટોને હુકમ કર્યો કે, તરત જ તેઓ ઘરની અંદર પેઠા અને શાસ્ત્રધારી તે સુભટોને શોધી કાઢી યમદૂતની માફક તેઓએ પકડીને નરેંદ્રની આગળ ઉભા કર્યા.

કુમારપાળે પૂછયું. તમોને કોણે મોકલ્યા હતા ?

સુભટો બોલ્યા. હે મહારાજ ! અમને પ્રાચીન મંત્રીઓએ મોકલ્યા હતા, એમ રાજ વિરૂદ્ધ સર્વ વૃત્તાંત યથાર્થપણે તેમણે નિવેદન કર્યું.

રાજાએ ક્રોધથી તેમને બોલાવીને પૂછ્યું. મંત્રીઓએ પોતાનો દોષ કબુલ કર્યો.

ત્યારપછી ભૂપતિએ તેજ ઘાતકોની પાસે તેમને સોંપ્યા, જેથી તેઓએ પોતાનું ઘાતકીપણું સિદ્ધ કર્યું.

અહો ! રાજદ્રોહી પુરુષોનું કલ્યાણ કયાંથી થાય ! ખરેખર શોચનીય છે કે, જેઓ મહાન પુરુષને મારવાની ઇચ્છા કરે છે, તેઓ પોતે જ મોટી આપત્તિમાં આવી પડે છે. પર્વતને ભાગવામાં ઉદ્યુક્ત થયેલા હાથીઓના દાંત શું નથી ભાંગતા ?

એ પ્રમાણે વૃદ્ધ મંત્રીઓનો નાશ જોઈ બીજા લોકો રાજ–સેવામાં સારી રીતે વર્તવા લાગ્યા. સત્ય વાત એ છે કે, જ્યાં ચમત્કાર ત્યાં નમસ્કાર. પ્રાયે ભય વિના લોકો વશ થતા નથી.

કૃષ્ણદેવ

કૃષ્ણદેવને અહંકાર થયો કે કુમારપાળ રાજ્યગાદીએ બેઠો પણ તે મારો સાળો થાય છે અને રાજ્ય પણ મેં અપાવ્યું છે, તો મારે એને માનવાની શી જરૂર છે ?

એમ જાણી તે હંમેશાં કુમારપાળનું ઉપહાસ કરતો અને તેની આજ્ઞા પણ માનતો નહોતો.

તેમજ સભામાં અને રાજપાટીમાં ફરવા નીકળે, તે સમયે હાસ્યવડે તે રાજાને તેની પૂર્વ અવસ્થાની દુર્દશા વારંવાર સંભળાવતો હતો.

તેવા માર્મિક તેનાં ઉપહાસ વચનોથી વજ્રના પ્રહારથી પર્વતની જેમ રાજા બહુ દુઃખી થઈ કૃષ્ણદેવને એકાંતમાં બોલાવી કહ્યું.

તમે મારા બનેવી છો, માટે હું તમારે હાસ્યપાત્ર છું, પરંતુ સમય વિના સર્વથા તે શોભતું નથી.

વળી તમે જે કંઈ બોલો છો, તે મર્મ ભરેલું જ હોય છે. તેમજ જે વચન મનુષ્યોના હૃદયમાં શલ્યની જેમ દુઃખ દે તેવું અશ્રાવ્ય વચન બોલવું પણ ઉચિત નથી.

જે પોતાના દૂષણની માફક પરદૂષણને પ્રગટ કરતો નથી, તે પુરુષ અખિલ વિશ્વને વશ કરવા માટે આ દુનિયામાં સમર્થ બને છે.

વળી ગમે તેટલો મોટો માણસ હોય તો પણ પ્રારબ્ધયોગે દુરવસ્થા કોણે નથી ભોગવી ? જેથી તું વારંવાર બલની માફક મારી દુરવસ્થાનું વર્ણન કરે છે ?"

સંપત્તિ અને વિપત્તિ પણ મહાન પુરુષને પ્રાપ્ત થાય છે." અન્યને તેનો સંભવ હોતો નથી. ક્ષય અને વૃદ્ધિ ચંદ્રની જ હોય છે, તારામંડળની હોતી નથી.

વિશેષમાં આપને કહું છું કે, સારૂ અથવા નરસુ જે કંઈ આપને કહેવાનું હોય, તે એકાંતમાં સુખેથી મને કહેવું, પરંતુ સભાની અંદર મહાત્માની જેમ તમારે શાંતમુદ્રાએ બેસવું.

એ પ્રમાણે શ્રીકુમારપાળનાં શિક્ષા વચન સદ્‌ગુરુનાં દુષ્ટ શિષ્યની જેમ રાજ્ય અપાવવાના ગર્વથી છકી ગયેલ કૃષ્ણદેવે માન્ય કર્યાં નહીં તેમજ પોતાની હાસ્ય પ્રવૃત્તિ પણ છોડી નહીં.

ત્યારપછી અનુચિત હાસ્યને લીધે કુમારપાળને બહુ ક્રોધ ભરાઈ ગયો. તેથી તેણે કૃષ્ણદેવને કહ્યું.

મેં તને ઘણીવાર ના પાડી છતાં તુ હાસ્યપ્રકૃતિને કેમ છોડતો નથી ? પવનથી દાવાનળની જેમ જે હાસ્ય કરવાથી કલહની વૃદ્ધિ થાય છે અને તેથી વૃક્ષોની માફક સહસા સર્વ બાંધવોનો પણ અંત આવી જાય છે. માટે જો તું પોતાનું જીવિત ઈચ્છતો હોય તો,

હે ભગિનીપતિ ! કુકૃત્યની જેમ આ હાસ્યથી તું નિવૃત્ત થા.

તે સાંભળી ક્રુર વચનોના મિષથી ક્રોધાનલના તણખાઓને બહાર કાઢતો હોય તેમ કૃષ્ણદેવ રાજપર ગુસ્સે થઇ બોલ્યો.

દુર્દશાનો ઉદ્ધાર કરી મેં જ તને રાજ્યાસને સ્થાપન કર્યો છે, તે ઐશ્વર્યના મદથી હાલમાં મને આ પ્રમાણે તું ધિક્કારે છે.

ભિક્ષુકની માફક પ્રથમ ઘર ઘર તું ભિક્ષા માગતો હતો, તે દુઃસ્થિતિ મારા ઉપકારની જેમ અરે ! શું ભૂલી ગયો ?

ખરેખર "નીચને મોટું સ્થાન આપવામાં આવે તોપણ તે પોતાનો સ્વભાવ છોડતો નથી." ઉચ્ચ આસને બેઠેલો કા કા કરતો કાગડો કોઇ દિવસ હંસની ચેષ્ટા કરે નહીં.

વળી દુર્જન અને અગ્નિ એ બંને સરખા કહેલા છે. કારણકે તે બંને જણ પોતાની ઉન્નતિ કરનારનો પણ જલદી નાશ કરે છે.

એ પ્રમાણે પોતાની મરજી પ્રમાણે તે બોલતો હતો, જેથી રાજાને બહુ ક્ષોભ થયો છતાં તેણે સમુદ્રની માફક પોતાનો હૃદયગત ભાવ બહાર જણાવ્યો નહીં.

ખલપુરુષની જેમ હંમેશાં આ અધમ વિરુદ્ધવાદથી અટકતો નથી. માટે જરૂર એ શિક્ષાને પાત્ર છે, એ પ્રમાણે ભૂપતિએ પોતાના મનમાં વિચાર કરી, તેને તે સમયે વિદાય કર્યો.

કૃષ્ણદેવને શિક્ષા

બીજે દિવસે કુમારપાળરાજા એકાંતમાં બેઠા હતા, ત્યાં સેવા માટે આવેલા કૃષ્ણદેવને પ્રથમ સંકેત કરી રાખેલા મજબુત શરીરવાળા મલ્લોએ પકડી લીધો અને તેનાં સર્વ અંગો સંધિમાંથી ઉતારી નાખ્યાં. પછી ભૂપતિએ જીવિતની માફક તેનાં બંને નેત્ર ખેંચી લેવરાવ્યાં.

જેથી વારંવાર તે બૂમો પાડવા લાગ્યો. પછી તેનાં અંગ સાજા કર્યાં અને રાજાએ પોતાની બેનને ત્યાં લેટની જેમ તેને મોકલી દીધો.

રાજ્યસંપત્તિ અપાવવામાં મુખ્ય અને બનેવીના સંબંધથી પૂજ્ય એવા કૃષ્ણદેવના અંધત્વની વાત સાંભળી બીજા સર્વ સામંતો સમજ્યા કે,

" દુધ પાઈને પુષ્ટ કરેલો સાપ, નવીન ઘૃતથી તૃપ્ત કરેલો અગ્નિ, સેંકડો વાર સત્કાર કરેલો દુર્જન અને પોતે સ્થાપન કરેલો રાજા પણ કોઈ દિવસ પોતાનો થતો નથી. "

એ વાત યાદ રાખી નીતિ માર્ગમાં પ્રવીણ એવા તે સામંત લોકો દેવેંદ્રને જેમ કુમારપાળરાજાને સેવવા લાગ્યા.

વળી સિદ્ધરાજનો ધર્મપુત્ર **ચારભટ**નામે બહુ બળવાન સુભટ હતો. તે ચૌલુકયની આજ્ઞાનું અપમાન કરી અર્ણોરાજ નરેંદ્રની સેવામાં ગયો.

એ પ્રમાણે શ્રીકુમારપાળરાજાએ નિષ્કંટક રાજ્ય કરી દેશમાં સર્વત્ર મસ્તકપર શેષા-આશિકા જેમ પોતાની આજ્ઞા સ્થાપન કરી.

પ્રત્યુપકાર

રાજા પોતે કૃતજ્ઞ હોવાથી જે જે પોતાના ઉપકારી હતા, તે બેહુત વિગેરેને પોતાના માણસો મોકલી બદલો આપવા માટે પોતાની પાસે બોલાવ્યા.

જે દયાલુએ બોરડીના પત્રની અંદર સ્થાપન કરી રક્ષણ કર્યું હતું, તે **ભીમસિંહ**ને પોતાનો અંગ રક્ષક કર્યો. જે સ્ત્રીએ દયાવડે માર્ગમાં ત્રણ દિવસના ભુખ્યા કુમારપાલને જોઈ પોતાના ગાડામાં બેસારી બહુ આદરથી ભોજન કરાવ્યું હતું, તે **દેવશ્રી**ને પોતાની બેન માની લીધી અને તેની પાસે ભૂપતિએ તિલક કરાવ્યું પછી તેણીને એક ગામ આપ્યું.

"સત્પુરુષોનું વચન કોઈ કાળે અસત્ય થતું નથી."

તેમજ **સજ્જન** કુંભારે પોતાના ઈંટવાડાની અંદર કુમારપાલને ગોપવી રક્ષા કરી હતી, તેને **ચિત્રકુટ** પર્વતપર સામંત પદવી આપી.

માર્ગમાં પોતાની સાથે રહીને જેણે સેંકડો કષ્ટ સહન કર્યાં હતાં તે **બોસરી** નામે પોતાની મિત્રને **લાટદેશ** આપ્યો. અને વિશેષમાં તેણે જણાવ્યું કે,

હે સજ્જન! ઉજાગરેથી પીડાયેલાં તારાં માબાપ જે વચન બોલ્યાં હતાં, તે સત્ય થયું, એ પ્રમાણે તારા માતાપિતાને તું જરૂર કહેજે ભૂલીશ નહીં.

ઉપકાર બુદ્ધિએ જેણે ચણા આપ્યા હતા, તે કેટુક-કડવા શેઠને વટપદ્રક (વડોદરા) આપ્યું.

ઉપકારી માણસનો કોણ સત્કાર ન કરે? "દરેક વ્રતોની અંદર ઉપકારવ્રત એ મુખ્ય વ્રત છે."

કારણકે જે ઉપકાર આલોકમાં પણ તત્કાળ સુંદર ફળ આપે છે. નીચ માણસનો પણ કરેલો ઉપકાર ફલદાયક થાય તેમાં કહેવું જ શું ?

એ પ્રમાણે કુમારપાળભૂપતિએ પોતાના જે જે ઉપકારી હતા તે સર્વેનો સત્કાર કર્યો. માત્ર ધર્મપ્રાપ્તિના અંતરાયને લીધે શ્રીહેમચંદ્રઆચાર્યનું સ્મરણ થયું નહીં.

વિદ્યુતપાત

કર્ણાવતીનગરીમાં શ્રીમાન્ હેમચંદ્રસૂરિને સમાચાર મલ્યા કે, શ્રીકુમારપાળરાજાને પાટણની રાજગાદી મળી.

સૂરીશ્વરે ધર્મિષ્ઠ સજ્જનોને આ વાત જણાવી, જેથી તેઓ બહુ ખુશી થયા.

વળી તે પોતે વિચાર કરવા લાગ્યા કે, નિમિત્ત જોઈ મેં તેને રાજ્ય પ્રાપ્તિનો સમય કહ્યો હતો, ત્યારે તેણે મારી આગળ કબુલ કર્યું છે કે, રાજ્ય મળવાથી હું જૈનધર્મની બહુ ભક્તિ કરીશ.

તે વાત તેને યાદ છે કે ભૂલી ગયો ? તેની તપાસ કરવી જોઈએ, એમ વિચારી રાજહંસ જેમ માનસરોવર પ્રત્યે તેમ સૂરીશ્વરે પાટણ તરફ વિહાર કર્યો.

સંઘસહિત ઉદયનમંત્રી સૂરીશ્વરના સામો આવ્યો અને તેણે મોટા ઉત્સવ સાથે નગરની અંદર પ્રવેશ કરાવ્યો.

સૂરીશ્વરે એકાંતમાં ઉદયનમંત્રીને પૂછયું. શ્રીકુમારપાળરાજા હાલમાં રાજવૈભવની ધમાલમાં મને સંભારે છે કે નહીં ?

ઉદયનમંત્રી બોલ્યો. રાજાની ઉદારતા બહુ અદ્‌ભુત છે, પોતાના બંધુઓની માફક સર્વ ઉપકારીજનોનો તેણે સારી રીતે સતકાર કર્યો છે, માત્ર આપનું સ્મરણ થયું નથી.

સૂરીશ્વરે મંત્રીને કહ્યું, આજે એકાંતમાં રાજાને તારે કહેવું કે; આજ રાત્રીએ નવીન રાણીના મહેલમાં તમારે સુવું નહીં.

તે સાંભળી રાજાને ચમત્કાર થશે અને જો તે પૂછે કે: આ વાત તને કોણે કહી ?

એ પ્રમાણે બહુ આગ્રહથી પૂછે તો મારું નામ તેમની આગળ તારે જાહેર કરવું.

ઉદયનમંત્રી આ પ્રમાણે સૂરીશ્વરનું વચન સ્વીકારી રાજા પાસે ગયો અને સર્વ હકીકત નિવેદન કરી.

રાજાએ પણ તે પ્રમાણે સ્વીકાર કર્યો. રાત્રીનો સમય થયો. નવીન મહેલની ઉપર વિજળી પડી, જેથી નવીન રાણી બળી ગઈ.

તે સાંભળી રાજાને ઘણો ચમત્કાર થયો. પ્રભાત કાળમાં રાજાએ મંત્રીને પૂછયું.

આ ચમત્કારી વાત તને કોણે કહી હતી? તે જ્ઞાની મહાત્મા મારા જીવનદાતા છે. આ બાબત મને ન સૂચવી હોત તો હું પણ જરૂર બળી જાત. માટે એ મહાત્મા કોણ છે? તે તું જલદી કહે,

મંત્રી બોલ્યો હે રાજન્! આ સમય તે વાત કહેવાનો નથી, કારણ કે રાજ્યલીલાને લીધે તે વાત સાંભળવાની બીલકુલ આપને ફુરસદ નથી.

રાજાએ બહુ આદરપૂર્વક કહ્યું. હે મંત્રીશ્વર! તું એમ કેમ બોલે છે? મારા પ્રાણરક્ષકને પણ શું હું નહી સાંભળું? એ પ્રમાણે ભૂપતિએ બહુ આગ્રહ કર્યો ત્યારે મંત્રીએ કહ્યું,

હે રાજન્! પ્રથમ સ્તંભતીર્થ–ખંભાતમાં આપે પૂછયું હતું કે મને સુખશાંતિ કયારે મળશે? તે પ્રશ્નના જવાબમાં જેમણે રાજ્યપ્રાપ્તિની એક પત્રિકા લખી મને આપી હતી, તે **શ્રી હેમચંદ્રસૂરિએ** આ બાબત જણાવી હતી.

એમ કહી મંત્રીએ તે પત્રિકા રાજાને બતાવી અને રાજાએ તરત જ તે વાંચીને વિસ્મિત થઈ સૂરીશ્વરનું સ્મરણ કર્યું. પછી તે બોલ્યા.

હે મંત્રીશ્વર! અહો! આ સૂરીશ્વરનું જ્ઞાન કેવું અદ્‌ભુત છે! રાજ્ય મળવાનો સમય તેમજ આજે વિદ્યુત્પાતની સૂચનાથી મારૂં મન એમના પર બહુ વિશ્વસ્ત થયું છે. હાલમાં તે સૂરીશ્વર કયાં છે?

મંત્રીએ કહ્યું. આપને આશિષ આપવાની ઇચ્છાથી હાલમાં તે **અહીં પધાર્યા છે.**

ભૂપતિએ કહ્યું, એમને અહીં બોલાવો.

ઉદયનમંત્રી આચાર્ય પાસે ગયો અને સર્વ હકીકત નિવેદન કરી. હેમચંદ્રસૂરિને પોતાની સાથે લઈ રાજસભામાં આવ્યો.

સૂરીંદ્રને આવતા જોઈ વિનયથી નમ્ર બનેલા ભૂપતિએ વર્ષાઋતુના મેઘને જોઈ જેમ મયૂર નાચે તેમ અભ્યુત્થાન આપ્યું અને મૂર્તિમાન પોતાની ભક્તિના સમૂહ હોયને શું ? તેવા અદ્ભુત સુવર્ણના સિંહાસન પર સૂરીંદ્રને બેસારી ચરણકમલમાં વિનીતશિષ્યની માફક વિધિ પ્રમાણે વંદન કર્યું.

ત્યારપછી ઉન્નત દાંતની કાંતિવડે દિશાઓને ઉજ્જવલ કરતા ગુરુ મહારાજે ભૂપતિને આશીર્વાદ આપ્યો.

નતામસ્યઃ સ્ફૂર્ત્તિં, દધતિ નવરં યસ્ય પુરતઃ,
શ્રિયઃ તૈજસ્યોઽપિ, ત્રિજગદવગાહૈકરસિકાઃ ।
અચક્ષુઃસંલક્ષ્યં, પરિહૃતપથં વાઙ્મનસયો—
ર્મહસ્તદ્રાજંસ્તે, શમયતુ સમન્તાદપિ તમઃ ॥ ૧ ॥

" હે રાજન ! જેની આગળ અંધકારની છટાઓ સ્ફુરતી નથી એટલું જ નહી પણ ત્રણે લોકમાં અવગાહન કરવામાં રસિક એવી તેજની પ્રભા પણ સ્ફુરી શકતી નથી, તે ચક્ષુથી અગ્રાહ્ય અને વાણી તથા મનને અગોચર એવું મહસૂ-જ્ઞાન સર્વ બાજુના તારા તમસૂ-અજ્ઞાનને શાંત કરો.

એમ આશીર્વાદ આપ્યા બાદ ગુરુના અસ્મરણ રૂપ પ્રમાદવડે અપરાધિની જેમ રાજાને બહુ લજ્જા આવી છતાં હાથ જોડી તે બોલ્યો.

હે ભગવાન ! કૃતઘ્નતાને લીધે બલની જેમ હાલમાં આપને મુખ બતાવવા માટે હું યોગ્ય નથી.

ખંભાત નગરમાં શત્રુઓના મારમાંથી આપે મારૂં રક્ષણ કર્યું હતું.

તેમજ અમુક દિવસે તને રાજ્ય મળશે એવી પત્રિકા લખી આપીને મને શાંત કર્યો હતો.

એમ છતાં આ રાજ્ય વૈભવ મળવાથી આપનો પ્રત્યુપકાર કરવો તો દૂર રહ્યો, પરંતુ આપને મેં સંભાર્યા પણ નહીં.

અહો! મારૂં કૃતજ્ઞપણું ક્યાં રહ્યું?

પ્રથમ પણ આપે કરેલા ઉપકારો વડે હું દેવાદાર હતો.

તેમજ હાલમાં પ્રાણ રક્ષણ કરવાથી ઋણીની માફક અધિક ઋણી થયો છું.

અકૃત્રિમ ઉપકારીઓમાં ખરેખર તમેજ મુખ્ય છો, કારણકે હું આવો કૃતઘ્ન છું, છતાં મારી ઉપર આપનો પ્રેમ આ પ્રમાણે અનહદ સ્ફુરે છે.

આ દુનિયામાં "કૃતજ્ઞપુરુષથી બીજો કોઈ ઉત્તમ નથી અને કૃતઘ્નથી બીજો કોઈ નીચ નથી." કારણકે કૃતજ્ઞપુરુષની લોકો સ્તુતિ કરે છે અને કૃતઘ્નની હમેશાં નિંદા કરે છે.

અહો! આપણે બંને જણ ઉત્તમ કોટીને પામ્યા. ઉપકારી જનોમાં આપ અને કૃતઘ્ન પુરુષોમાં હું.

માટે હે કૃપાનિધાન! મારા સમય અપરાધની ક્ષમા કરી આ રાજ્ય લક્ષ્મીનો સ્વીકાર કરીને હાલમાં મારી ઉપર મહેરબાની કરો.

શ્રીહેમચંદ્રસૂરિ

શ્રીકુમારપાલનરેંદ્રના મુખમાંથી નીકળેલ ભક્તિમય વચનોવડે શ્રીહેમચંદ્રસૂરિ બહુ પ્રસન્ન થયા, જેથી અમૃતરસનું સિંચન કરતા હોય તેમ નરેંદ્ર પ્રત્યે બોલ્યા.

હે મહીપતિ! આ પ્રમાણે પોતાને શામાટે તું વૃથા નિંદે છે. કારણકે હવે તારે ઉપકાર કરવાનો સમય આવ્યો છે.

હે વિદ્વાન! કૃતજ્ઞપુરૂષોમાં ચૂડામણી સમાન કેવલ તું જ છે. પોતાના પૂર્વજની માફક મારે વિષે જેની આવી ઉત્તમ પ્રકારની ભક્તિ શોભે છે. વળી તું જે મને રાજ્યસંપત્તિ માટે પ્રાર્થના કરે છે, તે તારી ભકિત આગળ શા હીસાબમાં છે?

પરંતુ હે રાજન્! તે રાજ્યવૈભવ હમારે ચારિત્રધારીને યોગ્ય

નથી. "સર્વ સંગનો ત્યાગ કરવો તે ચારિત્ર કહેવાય." એમ શ્રીજિનેંદ્ર ભગવાને કહેલું છે.

જળના સંયોગથી જેમ ચિત્રની રાજ્યવડે ચારિત્ર નષ્ટ થાય છે. સંયમશ્રી અને રાજ્યશ્રી એ બંને પરસ્પર વિરોધી છે, કારણકે સપત્ની શોકયની માફક એકના આગમનથી બીજીનો નાશ થાય છે.

હે મહીનાથ! કૃતજ્ઞતાને લીધે જો તું પ્રત્યુપકારની ઈચ્છા કરતો હોય તો પોતાને હિતદાયક એવા જૈનધર્મમાં પોતાનું મન સ્થિર કર.

પ્રથમ પણ તેં આ પ્રમાણે મારી આગળ પ્રતિજ્ઞા કરેલી છે. માટે હાલમાં પોતાનું વચન તું સત્ય કર. કારણકે સત્પુરુષોનું વચન કદાપિ મિથ્યા થતું નથી.

એ પ્રમાણે નિઃસ્પૃહની જેમ સૂરીશ્વરની નિર્લોભતા જોઇ કુમાર પાળ વિસ્મિત થયો અને વિનયપૂર્વક ગુરુ પ્રત્યે બોલ્યો,

હે પ્રભુ! આપના કહેવા પ્રમાણે સર્વથા હું ધીમે ધીમે વર્તીશ પરંતુ નિધિની માફક આપનો સમાગમ હું ઈચ્છું છું.

આપના સમાગમથી મારા હૃદયમાં કંઇક તત્ત્વની પ્રાપ્તિ થાય, કારણકે તત્ત્વ પ્રાપ્તિમાં સત્સંગ એજ મુખ્ય ઉપાય કહેલો છે.

એ પ્રમાણે નરેંદ્રનું વચન અંગીકાર કરી હેમચંદ્રાચાર્ય અવકાશના સમયે રાજા પાસે જઇને પ્રસંગોપાત ધર્મબોધ આપતા હતા.

ગુરુની વિશેષ વાણીરૂપ કતકક્ષોદ-ચૂર્ણના યોગથી જલાશયની માફક રાજાનું હૃદય નિર્મલ થવા લાગ્યું.

દિવસના આઠ ભાગ. તેમાં પ્રથમ ભાગમાં રક્ષણ, આવક અને જાવકનો વિચાર.

બીજા ભાગમાં નગરના લોકોનું નિરીક્ષણ.

ત્રીજામાં દેવપૂજન અને ભોજન.

ચોથામાં નિધાનોનું અવલોકન.

પાંચમામાં અન્યદેશમાં ચરપુરુષોનું પ્રેષણ મોકલવું.

છઠ્ઠા ભાગમાં ઈચ્છા પ્રમાણે પરિભ્રમણ,

સાતમામાં હાથી, ઘોડા અને ધનુષબાણ વિગેરેની રચના,
તેમજ આઠમા ભાગમાં સેનાપતિ સાથે વિજયનો વિચાર,
એમ દિવસના આઠે ભાગમાં કાર્યક્રમ રાખેલો હતો.

તેવી જ રીતે રાત્રીએ પણ પ્રથમ ભાગમાં એકાંતમાં બેસી આપ્ત પુરુષોની વાણીનો વિચાર તથા શ્રવણ.

બીજા ભાગમાં આનંદજનક શાસ્ત્રાર્થનું સ્મરણ
ત્રીજા ભાગમાં વાજિંત્રના નાદપૂર્વક શયન,
ચોથા અને પાંચમાં એ બંને ભાગમાં નિદ્રા.
છઠ્ઠામાં માંગલિક વાદ્યના નાદવડે જાગ્રત થઈ સમગ્ર કર્તવ્યનો વિચાર.

સાતમામાં મંત્રીઓની સાથે ગુપ્ત વિચાર અને આઠમા ભાગમાં વિપ્રોના આશીર્વાદ તેમજ વૈદ્ય વિગેરેનું દર્શન, એ પ્રમાણે રાત્રિ તથા દિવસ જેના સદ્દોદિત કર્તવ્ય પરાયણ જ વ્યતીત થયા હતા.

વળી રાજનીતિમાં કહ્યા પ્રમાણે યશની વૃદ્ધિ કરનાર સ્થિતિનો સાવધાનપણે હમેશાં આશ્રય કરતો શ્રીકુમારપાળભૂપતિ પોતાના ઘરની માફક પૃથ્વીમંડળનું પાલન કરતો હતો.

દિગ્વિજય

શ્રીમાન કુમારપાલરાજાને દિગ્વિજયની ઇચ્છા થઈ.

સંધિ, વિગ્રહ, યાન, પ્રયાણ કર્યા પછી પોતાના સ્થાનમાં રહેવું, અન્ય લોકોનો આશ્રય લેવો, એ છ ગુણ-ઉપાયોના પોતે જાણકાર હતા તેમજ પ્રભુ, મંત્ર અને ઉત્સાહ એ ત્રણ શક્તિ તથા સિદ્ધિ અને ઉદય એ સર્વે જેને સિદ્ધ હતાં.

વળી નીતિ શાસ્ત્રનું રહસ્ય માત્ર એટલું જ છે કે,

પોતાના અને શત્રુના બલની તપાસ કરી રાજાએ શત્રુઓ સાથે વિજયની ઇચ્છા કરવી.

આ સર્વ પ્રકારની આજ્ઞાદી જોઇ ભૂપતિએ મંત્રી, સામંતો સાથે વિચાર કરી ઉત્તમ પ્રકારના મુહુર્તમાં દિગ્વિજય માટે પ્રયાણ કર્યું.

તે સમયે સાતે રાજ્યાંગની લક્ષ્મી સમાન પોતાના ગોત્રની વૃદ્ધસ્ત્રીઓએ મંગલ ક્રિયા કરી. સાક્ષાત જયની મૂર્તિ સમાન પ્રૌઢ હાથી ઉપર શ્રીમાન કુમારપાલ મહીપાલ આરૂઢ થયા.

જેમના મસ્તકપર એકત્ર થયેલું યશ હોયને શું ? તેમ અતિ ઉજ્વલ છત્ર શોભતું હતું.

આગળ બંદીવૃંદ બિરૂદાવલી બોલતા હતા. જેથી કીર્તિરૂપ કલ્લોલોની ક્રીડાઓવડે દિગ્ચક્ર વાચાલિત થઇ ગયું.

તેમજ સ્વર્ણભૂષણોના મિષથી ચારે બાજૂએ મૂર્તિમાન હોયને શું ? તેવી કાંતિના સમૂહવડે આક્રાંત થયેલા સામંત જનો તેમની પાછળ નીકળ્યા.

પલાણ રૂપી પાંખો અને મદરૂપી ઝરણાઓને ધારણ કરતા જંગમ પર્વતો હોયને શું ? તેમ તે સેનાની અંદર ગજેંદ્ર દીપતા હતા.

અન્યરૂપ ધારણ કરી આવેલા તાર્ક્ષ્ય–ગરૂડ, કિંવા દૃષ્ટિગોચર થયેલા પવન હોય તેમ અંચલ ગતિવાળા ઘોડાઓ ચાલતા હતા.

સેનાના ધ્વજદંડોની પ્રચંડ કાંતિરૂપ વિજયના ચમકારા સહિત અને નભોમાર્ગને સ્પર્શ કરતું રથરૂપી મેઘમંડલ ચાલતું હતું.

તેમજ અનેક રૂપને પ્રાપ્ત થયેલા મૂર્તિમાન વીરરસ સમાન, હાથમાં ખડ્ગ લતાઓને કંપાવતા પદાતિ–પગપાળાઓ અપૂર્વ ઉત્સાહથી નીકળ્યા.

યુદ્ધની શ્રદ્ધાવડે યોદ્ધાઓ, પરાધીનતાવડે સેવકલોકો, જોવાની ઇચ્છાવડે રસિક લોકો,

લુંટવાની ઇચ્છાવડે ચોર લોકો, કામ કરવાની ઈચ્છાથી ચાકર લોકો, દ્રવ્યાદિકની ઇચ્છાવડે બ્રાહ્મણ વર્ગ અને

વેપારની ઇચ્છાથી વણિક લોકો સૈન્યની સાથે નીકળ્યા.

નરેંદ્રના પ્રયાણ કાલમાં અતિશય ગર્જના કરતા અનેક વાજીંત્રોના નાદવડે તથા સૈન્યના સંચારવડે શત્રુ રાજાઓ અને પર્વતો બંને કંપવા લાગ્યા.

અશ્વોની ખરીઓના આઘાતથી ઉખડેલા અને અનેક રથોવડે કચરાયેલા ધૂળના સમૂહ મેઘની માફક આકાશમંડલમાં વ્યાપી ગયા.

જેથી સૈનિક લોકો અંધ સમાન બની ગયા.

બહુ દૂર ફેલાયેલા ધૂલીપુંજને હાથીઓએ દયાને લીધે જેમ મદજલવડે શાંત કર્યો.

હાથી, ઘોડા, મનુષ્ય, બળદ અને ઊંટોના સમૂહવડે વ્યાપ્ત તે સૈન્યને જોઈ લોકો જગતને એકત્રિત થયેલું હોય તેમ માનવા લાગ્યા

રાજસેવા

પ્રથમ **જાવાલ**પુરના રાજાએ પોતાના પૂર્વજની માફક ચૌલુક્ય વંશમાં ચંદ્ર સમાન શ્રીકુમારપાલનો બહુ સત્કાર કર્યો અને બહુ પ્રકારની ભેટ પણ કરી.

ત્યાંથી ચાલતાં અનુક્રમે **સપાદલક્ષ** નામે દેશમાં ગયા. ત્યાં પોતાના બનેવી અર્ણોરાજનામે ભૂપતિએ સેવા કરી. તેનો સ્વીકાર કરી શત્રુ રાજાઓના શિક્ષક તરીકે પ્રવૃત થયેલો શ્રી કુમારપાલરાજા ત્યાંથી આગળ ચાલ્યો.

સૈન્યના સંચારથી ઉછળતી ધૂળવડે રાજા તથા પર્વતોને આચ્છાદાન કરતો ગુર્જરેશ્વર કુરૂ દેશમાં ગયો.

તે દેશના રાજાએ લોકોના મુખથી સાંભળ્યું હતું કે, ગુર્જરેશ્વર શત્રુઓને ભેદવામાં મહાન પરાક્રમી છે, તેથી તે પણ વિનયપૂર્વક પોતાના ગોત્રદેવની માફક ભૂપતિના ચરણમાં પડ્યો.

અને તેની પ્રાર્થનાથી કુમારપાલરાજાએ **હસ્તિનાપુર**માં પ્રવેશ કરી યાચક જનોને બહુ દાન આપ્યું, તેથી પ્રગટ થયેલી કીર્તિવડે તેણે અન્યગંગાની પ્રવૃત્તિ કરી.

ત્યારપછી તે ગંગાના તીરથી ગુર્જરેશ્વર પ્રયાણ કરી મધ્ય દેશના રાજાઓને સિદ્ધ કરી ત્યાંથી **માલવદેશ**માં ગયો.

ત્યાં નજીકમાં આવતા કુમારપાલને જાણી ચિત્રકૂટનો અધિપતિ કરેલો **સજ્જન** સામો આવ્યો અને પોતાની કૃતજ્ઞતાને લીધે તેણે બહુ ભક્તિ બતાવી.

પછી ત્યાંથી લક્ષ્મીવડે સ્વર્ગ સમાન **અવંતી** દેશમાં ગયેા. તેના અધિપતિ સાથે કુમારપાલભૂપતિએ યુદ્ધ કર્યું.

માલવદેશના રાજાએ જાણ્યું કે, ગુર્જરેશ્વરોએ મારા પૂર્વજોને પ્રથમ હરાવેલા છે, એમ વિચાર કરી તે પણ શ્રીકુમારપાલભૂપાલની સેવામાં હાજર થયેા. કારણકે બલવાનની આગળ નમવું એજ નીતિ છે.

ત્યાંથી નીકળી નવીન ગ્રીષ્મકાળના સૂર્ય સમાન શત્રુરૂપ કાદવને શેાષણ કરતેા ભૂપતિ સૈનિકેા સાથે નર્મદાનદી પર ગયેા.

જંબુ, જાંબુ, કદંબ, જંબીર અને આમ્રાદિક વૃક્ષેાથી સુશેાભિત, માલતી, મલ્લિકા, મેાગરા અને પાટલના સુંગધિત પુષ્પેાવડે વ્યાપ્ત તેમજ પવનથી ઉછળતા જલબિંદુઓથી શીતળ ભૂમિવાળા નર્મદાના કાંઠે રહેલા વનમાં સૈન્યનેા પડાવ કર્યેા.

માર્ગના શ્રમથી પીડાયેલા કેટલાક સૈનિકેા વૃક્ષેા નીચે રહ્યા,

કેટલાક સુંદર રેતીથી સુખમય તટપર ઉતર્યા,

કેટલાક દુર્વાવનમાં રહ્યા. એમ પેાતપેાતાની ઇચ્છા મુજબ સર્વ સૈનિકેાએ નિવાસ કર્યેા.

તેમજ બહુ સુખદાયક પેાતાની જનની સમાન તે નર્મદા નદીને જોઈ હાથીઓ પ્રથમ તેના જલનું પાન કરી પુષ્ટ થયા અને બહુ આનંદ માનવા લાગ્યા.

વનચારી હાથીઓના અવલેાકનથી પ્રવૃત્ત થયેલા, મદવારિથી વૃદ્ધિ પામેલા નર્મદાના જલમાં ગજેંદ્રોએ ઘણેા સમય ક્રીડાવડે વ્યતીત કર્યેા.

ચૂર્ણ કરેલા કપૂરના સમૂહવડે યુક્ત હેાય તેવા સુંદર રેતીવાળા નદીના કીનારાપર સ્વારેા પેાતપેાતાના ઘેાડાઓને શ્રમ દૂર કરાવવા માટે ફેરવવા લાગ્યા. પછી સૈન્યના સર્વ અશ્વોએ જલની અંદર ઉતરી સ્નાન કર્યું.

તત્કાલ સમુદ્રમાંથી નીકળેલા સૂર્યના અશ્વ સમાન સંખ્યાબંધ તેઓ દીપવા લાગ્યા.

તે નદીનેા કીનારેા આંબા વિગેરે વૃક્ષેાનાં પલ્લવફલેાથી બહુ રમણીય હતેા, છતાં પણ ઊંટનેા સમૂહ બીજાઓના વનમાં આનંદ માનવા લાગ્યેા.

પ્રાયે "દરેક જંતુઓને પોતાને ઉચિત વસ્તુનો લાભ થાય ત્યારે જ આનંદ મળે છે."

બળદોએ અમૃતસમાન સ્વાદિષ્ટ પ્રવાહનું જલપાન કરી નદીના કાંઠાપર દ્રાક્ષાસમાન સુકોમળ દુર્વાદિક ઘાસ ચરી તૃપ્ત થયા.

ગ્રીષ્મઋતુના તાપથી તપી ગયેલા સૈનિક લોકો નદીના ઠંડા જલમાં સ્નાન કરી અમૃતના અભિષેક સમાન આનંદ પામ્યા.

મિત્રોની સાથે શ્રીકુમારપાલ રાજાએ હાથીઓના સમૂહ સાથે ગજેંદ્ર જેમ નદીના મધ્યપ્રદેશમાં જલક્રીડા કરી.

જેનું જલ કમલોના ખરતા પરાગ વડે પીળાશ પર હતું અને મંદ મંદ પવનને લીધે જેની અંદર તરંગો ઉછળતા હતા.

તેમજ તે પ્રવાહની અંદર લક્ષ્મી સમાન સુંદર એવી અંતઃપુરની સ્ત્રીઓ ક્રીડા કરવા ઉતરી. નેત્રોનાં અંજન અને શરીરે શ્રીખંડનો લેપ ધોવાવાથી ક્ષણમાત્ર અસંભવ છતાં પણ તે નર્મદાનદી યમુનાનદીની ભ્રાંતિ આપતી હતી અને બહુ આનંદથી તે સ્ત્રીઓ એક બીજી પર જલ સિંચન કરતી હતી.

તેમજ કંઠમાં પુષ્પમાળાઓ ધારણ કરતી અને સુંદર પલ્લવોના આભૂષણોથી મનોહર સૈનિકોની સ્ત્રીઓ દેવીઓની માફક કાંઠાના વનમાં ચિરકાલ વિહાર કરવા લાગી.

એમ રેવાનદીના કીનારે સર્વ સૈનિકોએ આનંદ કર્યો.

શ્રીકુમારપાલભૂપતિ સૈન્ય સહિત નર્મદાનદી ઉતરીને **આભીર** દેશમાં ગયો. ત્યાં **પ્રકાશા** નગરીના અધિપતિને પોતાના પરાક્રમ વડે ચૌલુક્યરાજાએ પોતાનો સેવક કરી સ્થાપન કર્યો.

વિજયયાત્રા

બાદ ત્યાંથી પાછા ફરીને વિંધ્યાદ્રિ પર્વતમાં આવ્યો. ત્યાં આવેલી **પલ્લીને** હાથી વેલીને તેમ આક્રમણ કરી તેના અધિપતિનો પુષ્કળ દંડ લીધો.

તેમજ દેશાંતરીય ઘણા અશ્વ, મણિરત્ન અને દુકુલાદિક બહુ ભેટ લઈ લાટદેશનો અધિપતિ બોસરી બ્રાહ્મણ ગુર્જરેંદ્રની સામો આવ્યો અને તેણે બહુ સેવા કરી.

ત્યારપછી લવણ સમુદ્રના કીનારે અન્ય રાજાઓને પોતાને વશ કરતો કુમારપાલરાજા તીર્થભૂમિરૂપ સુરાષ્ટ્ર દેશમાં ગયો.

સ્ફુરણાયમાન છે પ્રચંડ બાણ જેનાં એવા શ્રીચૌલુક્યના યુદ્ધના પ્રભાવથી કામીપુરુષના સંગરસથી દ્રવીભૂત સ્ત્રી જેમ સુરાષ્ટ્રદેશનો અધિપતિ પલાયન થઇ ગયો, એમાં શું આશ્ચર્ય !

પછી શ્રીકુમારપાલરાજાએ **પ્રભાસક્ષેત્રમાં** સ્નાન કર્યું. શ્રીચંદ્રપ્રભસ્વામીનાં દર્શન કરી વંદન કર્યું. પછી સૂર્ય સમાન કાંતિમાન્ શ્રીકુમારપાળભૂપતિએ મદોન્મત્ત થયેલા કચ્છદેશના રાજાઓનો પરાજય કરવા તે દેશમાં પ્રયાણ કર્યું.

ત્યાં કચ્છીરાજાઓ એકત્ર થઈ ભૂજબલના પ્રભાવથી બકતર શસ્ત્રાદિક સહિત પોતપોતાની સેના સાથે યુદ્ધમાં ઉતર્યા. મેઘમંડલને જેમ વાયુ તેમ શત્રુઓએ કુમારપાલના સૈન્યનો પરાજય કર્યો.

ત્યારપછી પોતાના સૈન્યનો પરાજય જોઈ ઇંદ્રસમાન પરાક્રમી શ્રીકુમારપાલ રાજાએ અનિવાર્ય બાણોની વૃષ્ટિવડે મેઘની માફક દિવસને અંધકારમય કર્યો.

કચ્છદેશના નેતાઓએ બકતર પહેરેલાં હતાં, છતાં પણ તેમનાં શરીર ચૌલુક્યના બાણોવડે વિંધાઈ ગયાં. જેથી તેમણે ચૌલુક્યની આજ્ઞા મસ્તકે ધારણ કરી.

પછી ગૂર્જરેશ્વરે ત્યાંથી પંજાબદેશમાં પ્રયાણ કર્યું–તે દેશના રાજાને નૌકાસાધન વિશેષ હતું, તેથી તે બહુ ઉદ્ધત હતો. નૌકાઓમાં આરૂઢ થઇ કુમારપાલના સૈનિકોએ તેની સાથે યુદ્ધ કર્યું.

ક્રોધાવેશમાં આવી ગયેલા તેના સુભટો શર–(બાણ) અને ભુજબળના આશ્રયથી લાંબા વખત સુધી મરણીયા થઇ લડયા. છેવટે તેઓ હારી ગયા.

ત્યારપછી પંજાબના નેતાએ લડાઈ કરી. તેને પણ ગુર્જરેશ્વરે હરાવ્યો અને તેનો અહંકાર ઉતાર્યો.

એમ તેના દિગ્વિજયમાં ગ્રીષ્મઋતુમાં સમુદ્રની ભરતીની જેમ જગતને વિસ્મય કરનારી લક્ષ્મી દિવસે દિવસે વૃદ્ધિ પામી.

તિર્યક્–વક્રદંતથી પ્રહાર કર્તા છે હાથીઓ જેને વિષે એવી તે સિંધુ નદીના કીનારેથી પાછા ફરીને ગૂર્જરેશ્વરે મુલતાન દેશના અધિપતિ **મૂલરાજ** પ્રત્યે લડાઈની તૈયારી કરી અને તે રાજહસ્તીએ તેના દેશને પદ્મ ખંડની માફક છિન્નભિન્ન કરી નાખ્યો.

ત્યારપછી પોતાના હિતકારી અને હોંશિયાર એક દૂતને મૂળરાજ પ્રત્યે તેજ વખતે તેણે મોકલ્યો.

યમરાજાની રાજધાની સમાન ભયંકર મૂળરાજની સભામાં જઈને વાક્પ્રપંચમાં પ્રવીણ તે દૂત તેને કહેવા લાગ્યો ;—

दीपः सर्गावशेषः स्फुरदरुणमणीर्दीप्तराभासलेशः,

पर्यायः सप्तजिह्वः प्रतिकृतिरूचिरज्योतिरौर्वो विवर्त्तः ।

पाखण्डं चण्डरश्मिः स्मरहरनयनोदर्चिरुच्चै रहस्यं,

राजन्नाभाति सद्यः कषितरिपुततेर्यत्प्रतापस्य पश्य ॥१॥

જે રાજાએ સર્વ શત્રુઓને કષી નાખ્યા છે એવા જેના પ્રતાપની આગળ પ્રદીપ બુઝાઈ ગયેલો દેખાય છે.

સ્ફુરણાયમાન પદ્મરાગમણીની કાંતિ આભાસ માત્ર શોભે છે.

અગ્નિ નામમાત્ર ભજે છે,

ચંદ્ર નિસ્તેજ પ્રતિમાને ધારણ કરે છે,

વાડવાનલ સત્ત્વહીન થઈ રહ્યો છે,

સૂર્ય પાખંડમય દેખાય છે, એટલું જ નહીં પણ હે રાજન! તું વિચાર કર, જેનું પરાક્રમ જોઈ તત્કાળ શંકરના નેત્રનો અગ્નિ પણ શાંતિમય શોભે છે.”

તેમજ સર્વ શત્રુઓ જેને સાક્ષાત્ જોતા હોય તેમ પોતાના સ્થાનમાં પણ કોઇ દિવસ નિદ્રા લેતા નથી અને હંમેશાં ભીતિવડે જાગ્રત રહે છે.

વળી મહા બલવાન્ જે રાજા દિગ્યાત્રાએ નીકળે છતે કાશ્મીર-દેશનો રાજા બહુ શોકમાં પડ્યો છે.

વિદેહભૂપતિ પોતાના હૃદયમાં આનંદ માનતો નથી.

કલિંગદેશનો અધિપતિ પણ પોતાનું સ્થાન ત્યજી ગયો છે અને યુદ્ધને ઈચ્છતો નથી.

સૌરાષ્ટ્રનો અધિપતિ પોતાના દેશમાં રહેતો નથી અને મગધદેશનો રાજા બહુ આપત્તિમાં આવી પટચો છે.

આશ્ચર્ય માત્ર એટલું છે કે; મહાન પરાક્રમી જેના ભુજનો પ્રતાપ શત્રુઓમાં ફેલાએલો તેમની સ્ત્રીવર્ગના વૈધવ્ય ચિન્હોવડે સ્પષ્ટ દેખાય છે.

તે ગૂર્જરેશ્વર ચૌલુકય શ્રીકુમારપાળરાજા ભૂમંડલનો વિજય કરતો અહીં આવેલ છે. અને તે મારા મુખથી તને જણાવે છે કે;

હે બુદ્ધિમાન ! તે વૃત્તાંત તું સાંભળ.

જો તું હંમેશાં આનંદની ઇચ્છા કરતો હોય તો સ્વર્ણ, અશ્વ, ધન વિગેરે અખંડ દંડ આપીને જલદી મને પ્રસન્ન કર. અન્યથા પરિવાર સહિત તને યમરાજનો અતિથિ કરીશ અને આ તારા નગરને પણ હું અરણ્ય તુલ્ય કરીશ.

આ પ્રમાણે દૂતનું વચન સાંભળી સર્વ સભાના લોકો પણ ક્ષોભ પામ્યા અને વાયુના પ્રકંપથી પ્રાસાદ પર રહેલી ધ્વજશ્રેણીની માફક કંપવા લાગ્યા.

મૂળરાજ

મૂળરાજનૃપતિ બહુ ક્રોધાતુર થઈ ગયો અને ભ્રકુટીના મિષથી ક્રોધાગ્નિના ધૂમસ્તોમને ધારણ કરતો હોય તેમ તે બોલવા લાગ્યો.

રે દૂત ! ભૂતની માફક તું જેમ તેમ શું બોલે છે ? તારા વિના બીજો કોઈ આવી રીતે બોલી શકે નહીં.

જો કે તારો રાજા તો મૂર્ખ છે, પણ તુંએ કેમ મૂર્ખ થયો છે ? અથવા જેવો સ્વામી હોય, તેવો તેનો પરિવાર પણ હોય છે.

આ કુકર્મ કરવાને તૈયાર થયેલા તારા સ્વામીને કોઇ મંત્રીએ પણ ન સમજાવ્યો કે, તુચ્છ બુદ્ધિને લીધે તે અગ્નિમાં પડવાની ઇચ્છા કરે છે.

વળી હે દૂત ! જંગલની અંદર મદોન્મત્ત ગજેંદ્રને કોણ વશ કરે ?

ગિરિગુફામાં સુતેલા સિંહને કોણ જગાડવાને તૈયાર થાય ?

વજ્રસમાન કઠિન પર્વતને મુષ્ટિવડે કોણ ચૂર્ણ કરે ?

કાંઠાને ભેદનાર જળવાળા સમુદ્રને હાથવડે કોણ તરી શકે ?

અનિવાર્ય પોતાના પરાક્રમોવડે મેં દરેક શત્રુઓને વશ કર્યા છે તો હવે કોઇ પણ એવો બલિષ્ટરાજા નથી કે જે મારી સાથે યુદ્ધ કરી શકે !

તારો સ્વામી મારી સાથે યુદ્ધ કરે, તેવી આશા તે શા માટે કરે છે ? કારણ કે ઇંદ્ર પણ વાંકી દૃષ્ટિવડે મને જોવાને સમર્થ નથી ! માટે હે દૂત ! તારા સ્વામીને જઈને તું કહે કે; મૃત્યુરૂપ દંડ હું તને આપીશ, પણ લક્ષ્મીમય દંડ આપીશ નહીં.

એ પ્રમાણે દૂતને કહી સભામાંથી તને વિદાય કર્યો અને મૂળરાજ પોતે તે જ વખતે યુદ્ધક્રીડા માટે તૈયાર થયો.

સૈનિક સાથે પોતે નગરમાંથી બહાર નીકળ્યો અને શત્રુની સામે ગયો. કારણ કે ગંધહસ્તિ સમાન તેજસ્વી પુરુષો અન્યને સહન કરતા નથી.

મહાન તેજસ્વી જે સુભટોના હાથમાં ધનુષદંડ રહેલા છે.

કટી ભાગમાં બાણના ભાથાઓ લટકે છે.

શરીરે બકતર પહેરેલાં છે.

બહુ રોષથી જેમનાં મુખ લાલ થઇ ગયા છે,

નેત્રોનો દેખાવ બહુ જ ભયંકર લાગે છે, એવા તે સુભટો સાક્ષાત્ રૂદ્રરસના અધ્યક્ષ હોયને શું ?

વળી યુગાંત કાળમાં ખળભળેલા સમુદ્રના સર્વત્ર ઉછળતા તરંગો હોયને શું ? તેવા શત્રુઓના સુભટો ગુર્જરેશ્વરના સુભટોના જોવામાં આવ્યા.

પછી તે બંને સૈન્યના સુભટોએ પરસ્પર યુદ્ધનો પ્રારંભ કર્યો. ત્યારે ઘોડા, હાથી અને સુભટોના શબ્દોને લીધે મહાન કોલાહલ થયો.

રણસંગ્રામમાં રસિક એવા મૂળરાજના સુભટો કુમારપાળના સૈનિકોને મારવા માટે તૂટી પડ્યા. તેમજ ધનુષ, ધારણ કરવામાં પ્રચંડ ભુજબળવાળા,

ઇંદ્રના પ્રતાપને ખંડિત કરનાર અને રણસંગ્રામમાં ખર્જ ઉતારનાર એવા ધનુષધારી સુભટોએ બાણોનું નાટક રચ્યું. જેથી તે બાણો ગૂર્જરોના હૃદયને ભેદી તેમના પ્રાણો સાથે ઈર્ષ્યાથી જેમ અદૃશ્ય થઇ ગયા.

વળી વિપક્ષ સુભટોએ કેટલાકને ચૂર્ણની જેમ પિષી નાખ્યા.

કેટલાકને મુષ્ટિના આઘાતવડે સ્થિર કર્યા.

કેટલાકને હૃદયભેદી બાણોવડે મર્મસ્થોળોમાં જખમી કર્યા.

કેટલાકને યુદ્ધમાંથી નાસતા જીવતા પકડી લીધા.

કેટલાકને પોતાના ભુજબળની ચપળતાવડે ચક્રબંધથી બાંધી લીધા.

અસહ્ય શત્રુઓના બાણરૂપી પ્રચંડ પવનથી હણાયેલા ચૌલુક્યના સુભટો રણભૂમિમાંથી પક્ષીઓની માફક પલાયન થઇ ગયા.

પર્વતમાંથી જેમ તે રણસંગ્રામમાંથી પ્રગટ થયેલી નદીઓ ખડ્ગથી હણાયેલાં મસ્તકોની શ્રેણીઓમાંથી ઝરતા રૂધિરવડે પૂરાઇ ગઈ અને તેઓ બંને કાંઠાઓમાં જોસથી વહેવા લાગી.

ગુર્જરેંદ્ર વિજય

પ્રથમ પ્રસન્ન થયેલી લક્ષ્મીદેવીએ આપેલા વરદાનથી અધિક પરાક્રમી શ્રીકુમારપાળરાજા પોતાના સૈન્યનો ક્ષય જાણી ઐરાવણ હાથીની માફક યુદ્ધ કરવા તૈયાર થયો.

વર્ષાઋતુના મેઘની માફક કુમારપાળે ધારાબંધ બાણવૃષ્ટિ કરી. જેથી શત્રુઓના સુભટરૂપી સૂર્ય મંડળ ઢંકાઇ ગયું.

વળી તે ગૂર્જરેશ્વરના બાણોને છેદી નાખે તેવો કોઇ પણ બાણાવળી, કોઈ બકતધારી, કોઈ ધનુષધારી, કોઈ ખડ્ગધારી; કોઈ પદાતિ અને કોઈ સ્વાર પણ નીકળ્યો નહીં.

તેમજ કેટલાકને કેશ પકડીને, કેટલાકને છાતી દબાવીને, કેટલાકને મસ્તક છેદીને મૂર્ચ્છિત કર્યા.

એટલું જ નહીં પણ તે સમયે કુમારપાળરાજા મૃત્યુની જેમ કયા શત્રુઓને મરણદાયક ન થયો ?

પોતે એકાકી છતાં પણ કુમારપાળરાજાએ ઇંદ્રે જેમ દૈત્યોને તેમ શત્રુઓના સમગ્ર બળને હઠાવી દીધું.

કેટલાક શત્રુના સુભટો નાશી ગયા, કેટલાક ત્રાસ પામ્યા, કેટલાક તેના બાણોથી હતપ્રાય થઇ ગયા,

કેટલાક ચૂરેચૂરા થઇ ગયા અને કેટલાક ભાગી ગયા.

ઘરટ્ટ (ઘંટી)ની અંદર ચણાની માફક કુમારપાળના યુદ્ધમાં શત્રુઓની સ્થિતિ થઈ રહી.

ત્યારપાછી જીર્ણપત્રની માફક વિખરાઇ ગયેલા પોતાના સૈન્યને જોઈ ક્રોધાંધ બનેલો મૂળરાજ કુમારપાળના સામો લડાઈ કરવા એકદમ દોડ્યો.

શત્રુઓને ભેદવા માટે અનેક પ્રકારની બાણવૃષ્ટિ ને મેઘની માફક વિસ્તારના મૂળરાજ ભૂપતિએ આકાશમાં નિરાધાર બાણ મંડપ રચ્યો.

તેમજ બાણનું આકર્ષણ, સંધાન, મોચન અને ભેદન વિગેરે મૂળરાજની ક્રિયાઓને દેવતાઓ પણ દેખી શકતા નથી.

વળી તે અર્જુનની માફક જલદી બાણ મારે છે કે; જેથી શત્રુઓનાં મન પણ ભેદાઇ ગયાં તો શરીરનું તો કહેવું જ શું ?

હવે ચૌલુક્ય પણ પ્રતિવાદી દુર્વાદિના વચનોને જેમ પ્રતિવચનો વડે જેમ શત્રુઓના બાણોને પોતાના બાણોવડે છેદતો હતો.

એક બીજાના બાણોના અગ્ર ભાગ પરસ્પર અથડાવાથી અગ્નિના કણીયાઓ ઉછળવા લાગ્યા. જેથી સૈનિકોને બહુ ત્રાસ થવા લાગ્યો.

વળી શ્રીકુમારપાળરાજા મૂળરાજના બાણોના આવતાં જ છેદી નાખતો હતો. તે જોઈ મૂળરાજ એકદમ બહુ ક્રોધાતુર થઇ ગયો.

ત્યારપછી પોતાના અનિવાર્ય બાણોવડે ચૌલુક્યનું ધનુષ તેણે ભાંગી નાખ્યું, તેજ વખતે ગુર્જરેંદ્રે ગર્જના કરતા શત્રુના ધનુષને તેની આશા સાથે દર્ભની માફક તોડી નાખ્યું.

તરતજ શત્રુએ બીજું ધનુષ લીધું અને જેટલામાં બાણ નાખે છે, તેટલામાં ક્ષુરપ્ર (ચંદ્રાકૃતિ) બાણ વડે તે ધનુષૂને પણ કાપી નાખ્યું.

એ પ્રમાણે વારંવાર પોતાના ધનુષૂનો છેદ થવાથી મૂળરાજ બહુ ગભરાયો અને લજ્જાને લીધે નીચું મુખ કરી કુમારપાળરાજા પ્રત્યે બોલ્યો..

હે દેવ ! તારો ભુજબલરૂપી સમુદ્ર કોના આનંદ માટે ન થાય, જેની અંદર મોટા પર્વતો અને રાજાઓ પણ એકદમ ડુબી જાય છે.

જે પ્રતાપરૂપ સૂર્યવડે મેં જલબિંદુની માફક શત્રુઓને નિર્નામ કર્યા હતા, તે મારા પ્રરાક્રમરૂપે સૂર્યનો હાલમાં તું અસ્તાચળ સમાન થયો.

આજસુધી મેં મારા ભુજબળવડે અન્ય રાજાઓ પાસેથી દંડ લીધો હતો, તે હાલમાં તને આપવો પડશે, કારણ કે દૈવગતિ બલવાન છે.

માટે હે રાજન્ ! હવે રણસંગ્રામથી તું નિવૃત થા. મારૂં કહેવું માન્ય કર, જેથી બંને સૈનિકો મરણ ભયથી મુકત થઇ જીવતા રહે.

એ પ્રમાણે મૂળરાજનું વચન સાંભળી શ્રીકુમારપાલરાજા તેનું વચન માન્ય કરી યુદ્ધથી નિવૃત થયો. કારણ કે માનિ પુરુષો માન મળવાથી અનુકૂળ થાય છે.

પછી કુમારપાલનરેંદ્રના સૈન્યમાં ઉછળતા પ્રમોદરૂપ સાગરના તરંગ જન્ય શબ્દોની માફક મધુરસ્વરે જયજય ધ્વનિ થવા લાગ્યા.

પ્રાપ્ત થયેલી જયશ્રીના પ્રાવેશિક ઉત્સવ માટે જેમ વિવિધ પ્રકારનાં વાજીંત્ર વાગવા લાગ્યાં અને ધ્વજ પતાકાઓ સર્વત્ર બંધાઈગઈ.

તે સમયે પોતાને સુભટ માનતા ગુર્જરેશ્વરના સૈનિકો હૃદયમાં આનંદ માનવા લાગ્યા. બરોબર બલવાન શત્રુને જીત્યા સિવાય બલની પરીક્ષા થતી નથી. ”

હ્રસ્વ–નાના કાન વડે ઇંદ્રના અશ્વને જીતનાર ઘોડાઓની ભેટ કરીને મુલતાનનરેશે વિનયપૂર્વક શ્રી કુમારપાલભૂપતિને પ્રસન્ન કર્યો.

પોતાને મોટા માનનાર અને અભિમાની બીજા પણ ઉત્તર દેશના રાજાઓને કુમારપાલભૂપાલે સામંતોની જેમ ક્રીડા માત્રથી પોતાને સ્વાધીન કર્યા.

શકદેશમાંથી પાછા વળતાં ધર્મવિજયી શ્રીગૌર્જરેશ્વરે જલંધર, જય, શલ્ય અને મરૂ વગેરે રાજાઓને પોતાને તાબે કર્યા.

શ્રીકુમારપાલરાજાએ ચારે દિશાઓમાં વિજય મેળવ્યો. તેનું પ્રમાણ શ્રીવીરભગવાનના ચરિત્રમાં શ્રીહેમચંદ્રસૂરિએ બતાવ્યું છે,

પૂર્વ દિશામાં ગંગાસુધી, દક્ષિણમાં વિંધ્યાદ્રિ સુધી, પશ્ચિમમાં સિંધુ નદી સુધી અને ઉત્તર દિશામાં તુર્કી સુધી શ્રીકુમારપાલ વિજય મેળવશે.

રાજધાની પ્રવેશ

એ પ્રમાણે દિગ્વિજય કરી શત્રુઓને પોતાની આજ્ઞા મનાવી શ્રીકુમારપાલરાજા પોતાના નગરપ્રત્યે પાછા વળ્યા. અનુક્રમે પાટણ નગરની પાસમાં આવ્યા.

રાજલોકોને ખબર થઈ, જેથી તેઓ ઘણાં ભેટણાં લઇ ભૂપતિને દર્શન માટે સન્મુખ ગયા. શ્રીકુમારપાલરાજાએ નગરમાં પ્રવેશ કરવાની તૈયારી કરી.

તે સમયે પોતે ગજેંદ્રપર બેઠા હતા અને દિવ્યશૃંગારની રચનાઓવડે એરાવણ હાથી પર આરૂઢ થયેલ ઇંદ્ર સમાન દીપતા હતા,

પૂર્ણિમાના ચંદ્ર સમાન સુંદર અને ઉત્કટ છત્ર ધારણ કરવાથી ચારે દિશાઓના વિજયથી ઉત્પન્ન થયેલા યશોરાશિને વહન કરતા હોય ને શું ?

બંને બાજુએ વીંઝાતા શ્વેત ચામરના યોગથી દિવસે પણ મુખચંદ્રથી પ્રગટ થયેલ કાંતિને બતાવતા હોય ને શું ?

વક્ષસ્થળે પહેરેલા હારના લાલ મણીની કાંતિના મિષથી લોકો પ્રત્યે પોતાના મનોરંગને પ્રત્યક્ષ બતાવતા હોય ને શું ?

સર્વાંગે સ્ફુરણાયમાન વિશાલ કાંતિના મિષથી તુષ્ટ થયેલી જય લક્ષ્મીરૂપ સ્ત્રી સંયોગને ધારણ કરતા હોય ને શું ?

દૈવે નિર્માણ કરેલ દારિદ્ર દશાને નિર્મૂલ કરવાની ઇચ્છાથી ભ્રકુટીના ચિન્હવડે અપાવેલા સુવર્ણના દાનવડે યાચકોને કુબેર સમાન કરતા હોય ને શું ?

વિવિધ પ્રકારનાં વાગતાં સુંદર વાજીંત્રોના નાદથી વૃદ્ધિ પામેલી માગધ લોકોની સ્તુતિઓવડે આકાશને પૂરતા હોય ને શું ?

એવા શ્રીકુમારપાલભૂપાલ પવનથી હાલતી પતાકાઓના મિષથી પોતાના સ્વામીનો સમાગમ થયે છતે હર્ષ વડે નૃત્ય કરતું હોય ને શું ? તેવા તે નગરમાં પ્રવેશ કર્યો.

તે સમયે અનેક પ્રકારના સુંદર અલંકારને ધારણ કરતી,
પ્રૌઢ વિલાસને પ્રસિદ્ધ કરતી,
શોભાવડે પુરુષ રાજ્યમાં પણ સ્ત્રી રાજ્યને બતાવતી હોય ને શું ?
વળી વાજીંત્રોરૂપ માંત્રિક ધ્વનિના હુંકારાઓવડે ખેંચાઈ હોય ને શું ?

તેમ તે નગરની પ્રમદાઓ રાજદર્શનની ઈચ્છાથી દોડતી હતી.

તેમાં કેટલીક સ્ત્રીઓ જોવાના હર્ષથી અર્ધું ભોજન કરી ઉઠી ગયેલી.

કેટલીક સ્ત્રીઓએ રોતાં બાલકને છોડી દીધાં.

કેટલીક સ્ત્રીઓ અર્ધાં વસ્ત્ર આભૂષણ પહેરીને રાજમાર્ગમાં આવી ઉભી

કેટલીક સ્ત્રીઓ ઝરૂખાઓમાં બેસીને જોવા લાગી.

કેટલીક ઘોરી રસ્તાઓમાં ચાલી ગઈ.

કેટલીક વરંડાઓ ઉપર ચઢી ગઇ.

એ પ્રમાણે પૌરાંગનાઓ રાજદર્શનમાં બહુ ઉત્સુકતા ધારણ કરવા લાગી.

તેમજ તે સમયે અગાશીઓ પર અને ગવાક્ષમાં બેઠેલી સ્ત્રીઓનાં કંઠસુધી દેખાતાં મુખવડે ખરેખર સેંકડો ચંદ્રવાળું આકાશ દેખાવા લાગ્યું.

કેટલીક સ્ત્રીઓ અંજલિવડે સમુદ્રનું પાન કરનાર અગસ્તમુનિને જીતવાની ઈચ્છાવડે શ્રીકુમારપાલરાજાના લાવણ્યરૂપ સમુદ્રને દૃષ્ટિના પ્રાંત ભાગવડે પાન કરતી હતી.

કેટલીક સ્ત્રીઓ રાજપ્રવેશના મહોત્સવને ઉચિત-ધાણીને ફેંકતી હોય તેમ પ્રેમરસવડે ઉજ્જવલ એવા કટાક્ષને નરેંદ્ર પર ફેંકતી હતી.

જેનો યશ આ દુનિયામાં પણ નથી માતો તે રાજા સ્ત્રીઓના સૂક્ષ્મ એવા પણ હૃદયની અંદર સમાઈ ગયો એ મોટું આશ્ચર્ય છે.

પ્રૌઢ નેત્રરૂપ અંજલિઓવડે નરેંદ્રના સૌંદર્યરૂપ અમૃતનું વારંવાર પાન કરતી નગરની સ્ત્રીઓની ક્ષુધા શાંત થઇ ગઇ.

નરેંદ્રના દર્શનથી ઉત્પન્ન થયેલો હર્ષ સ્ત્રીઓના હૃદયમાં નહીં માતો હોય તેમ, રોમાંચના મિષથી બહાર પ્રગટ થતો હતો.

એ પ્રમાણે દરેક સ્થળે નગરની સ્ત્રીઓએ નિરીક્ષણ કરાતા શ્રીકુમારપાલરાજા અપૂર્વ લક્ષ્મી શોભાયુક્ત પોતાના પ્રાસાદમાં ગયા.

ત્યાં સિંહાસનપર પોતે બેઠા. ઉદયાચલના શિખરપર આરૂઢ થયેલા અરૂણ–સૂર્યને અઠ્યાસીહજાર સૂર્યોપાસક ઋષિની માફક સર્વ જનોએ રાજાને નમસ્કાર કર્યો.

સૂરિસમાગમ

તે સમયે શ્રીમાન્ હેમચંદ્રાચાર્ય દિગ્વિજય કરી આવેલા નરેંદ્રની પાસે ગયા અને તેના હાથમાં ખડ્ગ જોઇ પોતે વર્ણન કરવા લાગ્યા.

સૈન્યોદ્ભૂતરજોવ્રજૈર્મલિનયન્ દ્યાવાપૃથિવ્યન્તરં,
શત્રુક્ષત્રકલત્રનેત્રનલિનેષ્વશ્રૂણિ વિશ્રાણયન્ ।
ચિત્તાભિજ્વલદુગ્રકોપહુતભુગ્નિષ્ક્રાન્તધૂમભ્રમં,
શ્રીચૌલુક્યપતે ! દધાતિ સમરે કૌક્ષેયકોઽયં તવ ॥૧॥

"શ્રીકુમારપાલભુપ ! યુદ્ધમાં સૈનિકોએ ઉડાડેલી ધૂળના સમૂહ વડે આકાશ અને પૃથ્વીના અંતરને મલિન કરતો

તેમજ શત્રુ રાજાઓની સ્ત્રીઓનાં નેત્રરૂપ કમલોને અશ્રુથી વ્યાપ્ત કરતો આ તારો ખડ્ગ હૃદયમાં બળતા ક્રોધરૂપી અગ્નિમાંથી નીકળતા ધૂમના ભ્રમને ધારણ કરે છે.

વળી હે દેવ ! તારી કીર્તિરૂપ કાંતિના આગળ ચંદ્રજ્યોત્સ્નાનો મદ ઉતરી ગયો છે,

તેમજ મુક્તાવલીની કાંતિ મલિન દેખાય છે.

શંકરનું શરીર ઝાંખું થયું છે.

ગંગાનો પ્રવાહ મંદ સરખો દેખાય છે.

દુકૂલવસ્ત્ર ક્ષીણ થયું છે.

અતિ ઉજ્જવલ હિમાલયપર્વતનો મહિમા પણ હીન દેખાય છે.

અધિક શું કહેવું ? જેની આગળ શ્વેતકમલોના વનની કાંતિ પણ શ્યામ દેખાય છે.

એ પ્રમાણે ગુરુમહારાજના મુખથી પ્રશંસા સાંભળી ભુપતિએ પોતાની સાથે આવેલા સામંતરાજાઓને વિદાય કર્યા અને પોતે ઇંદ્રની માફક સર્વાંગ સુંદર રાજલક્ષ્મીને ભોગવવા લાગ્યો.

મિત્રસમાન પરિણામે હિતકારી એવા ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચારે પુરુષાર્થોમાં યોગ્ય રીતે પ્રવૃત્તિ કરવા લાગ્યો. અને કોઈનું પણ અપમાન કરતો નહીં.

તેમજ શ્રી હેમચંદ્રસૂરિના સમાગમથી પાણીના સિંચનથી જેમ અંકુર તેમ તે નરેંદ્રના હૃદયમાં દિવસે દિવસે ધર્મરંગ વધવા લાગ્યો.

સામર્થ્ય શક્તિરૂપ જલપ્રવાહવડે ભુપતિએ તેવી રીતે ન્યાય વૃક્ષને સિંચ્યો કે, જે ન્યાયતરુ અનેક સંપદાઓવડે અતિશય ફળવા લાગ્યો.

તેમજ તે નરેંદ્રના રાજ્યમાં ચોર લોકો પરધનથી વ્યાવૃત્ત થઈ શ્રેષ્ઠ વૃત્તિવાળા થયા અને સાધુ પુરુષો સુષમ આરાની માફક અતિશય સાધુવૃત્તિને અનુસરવા લાગ્યા.

અન્યાયી લોકોનો નિગ્રહ કરવામાં તત્પર થયેલા શ્રીકુમારપાળ-રાજાને જોઈ અન્યાય પોતાના સ્થાનનો નાશ થવાથી જેમ ખરેખર નાશી ગયો.

તેમજ કલ્પદ્રુમની માફક તે ભુપતિની પ્રસન્નતાથી સર્વ સંપત્તિમય લોકોમાં રહેવાની જગો નહીં મળવાથી જેમ દારિદ્ર કોઇપણ સ્થળે ચાલ્યુ ગયું.

અર્ણોરાજનૃપતિ.

શાકંભરી નામે નગરીમાં શત્રુઓને દુર્જય અને શ્રીકુમાર-પાળરાજાનો બનેવી **અર્ણોરાજ**નામે ભુપતિ રાજ્ય કરે છે.

તેની સ્ત્રી **દેવલ્લદેવી** શ્રીકુમારપાળની બહેન હતી. ઇંદ્રાણી સાથે ઇંદ્રની જેમ તેણીની સાથે અર્ણોરાજ અતિ મનોહર ભોગ ભોગવે છે.

એક દિવસ તે બંને સ્ત્રી પુરુષે પરસ્પર બહુ પ્રીતિથી જોડાઇને રતિ અને કામદેવની માફક બહુ પ્રેમપૂર્વક સોગઠાબાજી રમવાનો પ્રારંભ કર્યો.

મિત્રસમાન તે બંનેની નિર્મર્યાદ ક્રીડા ચાલી. તેમાં બે ત્રણ, બે ચાર અને બે પાંચ એવા દાવ પડવા જોઇએ, એવી રમત સખી-ઓની માફક તે બંનેની વધવા લાગી.

તે ધૂતની અંદર કેટલાંક સોગઠાં કાચીની માફક લાલ હતાં અને કેટલાંક બીજાં પાપીસમાન કાળા રંગનાં હતાં.

એકાદ્વિક સંખ્યાના સંકેત રૂપ બિંદુનાભિષથી સ્ફુરણાયમાન-નિધિવાળાં બંને પાસાઓ ધૂત રૂપ માસના શુકલ તથા કૃષ્ણ પક્ષ હોયને શું ? તેમ ખરેખર શોભતા હતા.

ગૂર્જરોનાં મસ્તકો શિરોવેષ્ટન રહિત હોવાથી ગુર્જરોને મુંડિત એમ કહીને અણોરાજ સોંગઠારૂપ મુંડિઆઓને તું માર, એ પ્રમાણે પોતાની રાણીને કહે છે.

એવી રીતે ગૂર્જરોનું ઉપહાસ કરતા પોતાના સ્વામીને દેવલ્લ-દેવીએ કહ્યું,

હે દેવ! મારા દેશની હાંસી છોડીને મારી સાથે તમારે હાસ્ય કરવું. એ પ્રમાણે સ્ત્રીએ ના પાડી તો પણ અણોરાજ તેને ચીડાવવા માટે બાલકની માફક હાસ્યવડે તેજ વાકય વારંવાર બોલવા લાગ્યા.

રાણી બહુ ક્રોધાતુર થઈ ગઈ અને બોલી,

હે જાલમ ! વિચારીને કેમ બોલતો નથી ? તું જોતો નથી ? ગૂર્જરોની મારી આગળ તું નિંદા કરે છે ?

તારા દેશના આ લોકો શરીરે પુષ્ટ, કોપીન માત્ર વસ્ત્ર પહેરનાર વિવેકહીન, ક્રૂરવાણી અને પિશાચની માફક વિકરાળ અંગવાળા કયાં ? અને સુશોભિત અંગવાળા, વસ્ત્ર તથા અલંકારોથી વિભૂષિત, વિશુદ્ધ ચરિત્રવાળા અને મધુર ભાષણ કરતા પૃથ્વીપર રહેલા દેવ હોયને શું ? તેવા ગૂર્જરદેશના લોકો કયાં ?

રે ! મત્ત થયેલો તું જો પોતાની સ્ત્રી જાણીને મારાથી ડરતો નથી પણ રાજાઓનો ત્રાસ આપવામાં સાક્ષાત્ રાક્ષસ સમાન મારા બધુંથી કેમ ડરતો નથી ?

તારો અંત કરનાર આ વૃત્તાંત મારા ભાઈને જો હું જણાવું તો તું બોલ ? કોના આશ્રયથી જીવીશ ?

તે સાંભળી અર્ણોરાજ બહુ ક્રોધાતુર થઇ ગયો અને તે બોલ્યો.

રે વૃથા માનિનિ ! ભાઈનું બલ જણાવીને નપુંસકની માફક મને કેમ ડરાવે છે ?

શું ? તને મે નથી જોઈ ? અથવા તારા ભાઈને શું મેં નથી જોયો ?

જે હંમેશાં આજ સુધી ભિક્ષા માગતો હતો અને હાલમાં બહુ દુઃખથી તેને રાજ્ય મળ્યું છે.

હે જડબુદ્ધિ ! ઉછળતો પણ ચૌલુક્ય મને પહોંચે તેમ નથી. કારણ કે મદોન્મત્ત હાથી સિંહને મારી શકે નહીં.

મૃત્યુ પણ મારી આગળ અશક્ત છે, તો તારાભાઈની શી ગણતરી ? લક્ષ્મીપતિની માફક સીમારહિત મારા પરાક્રમને શું તું નથી જાણતી !

રે દાસિ ! હાલમાં જલ્દી તું ત્યાં જા અને તારા બંધુની આગળ પોકાર કર કે સૈન્ય સહિત તે પણ મારા સન્મુખ આવે. યુદ્ધની અંદર તેનું બળ જણાશે.

એમ કહી અર્ણોરાજભૂપતિએ ક્રોધથી રાણીને લાત મારી. કારણ કે માની પુરુષ પોતાના બંધુનું પણ દુર્વચન સહન કરતો નથી, તો સ્ત્રીનું ક્યાંથી કરે ?

લાત મારવાથી બહારની પીડા અને બંધુની નિંદાથી અંતરની પીડાવડે દુઃખી થયેલા દેવલ્લદેવીએ પોતાના પતિ આગળ ક્રોધથી પ્રતિજ્ઞા કરી.

રે અબુધ ! જેનાથી તું દુષ્ટ વચન બોલ્યો છે, તે તારી જીભને જો કંઠમાર્ગે ન ખેંચી લેવરાવું તો હું ચૌલુક્યની બહેન નહીં, એમ તે રાણી અભિમાનથી બોલી

તે સાંભળી રાજાને બહુ ક્રોધ થયો અને તરતજ તેણે તેનો ત્યાગ કર્યો.

મોટા મંત્રીઓએ નાપાડી તોપણ દેવલ્લદેવી તત્કાલ ત્યાંથી નીકળી અપમાનથી ખિન્ન થયેલી દેવી હિમથી કરમાયેલીકમલિની જેમ શોકા-

તુર થઈ પાટણનગરમાં આવી અને તેણીએ પોતાના બંધુને તે વૃત્તાંત નિવેદન કર્યું.

ચૌલુક્યનો કોપ

પોતાની નિંદા સાંભળી ચૌલુક્યને બહુ ક્રોધ થયો અને તે બોલ્યો.

હે ભગિનિ ! તું વૃથા વિવાદ કરીશ નહીં, થોડા દિવસમાં તારી પ્રતિજ્ઞા હું પૂર્ણ કરીશ.

ત્યારબાદ અણોરાજભૂપતિની સ્થિતિ જાણવા માટે કુમારપાળ રાજાએ પોતાના જીવિત એક સમાન મંત્રીને મોકલ્યો.

તે મંત્રી શાકંભરીનગરીમાં ગયો અને તે ધૂર્તની જેમ કોઈક જગોએ એક ગુપ્ત ગૃહ રાખીને નિવૃતિપૂર્વક ત્યાં રહ્યો.

પછી તેણે અણોરાજનરેશનું વૃત્તાંત જાણવા માટે તેની દાસીને બહુ ધન આપી પોતાને ભોગવવા લાયક કરી.

અહો ! બુદ્ધિમાન પુરુષોને આ દુનિયામાં કંઈપણ અસાધ્ય હોતું નથી.

આ મંત્રી તેણી ઉપર કૃત્રિમ પ્રેમ રાખતો અને વિરકતની માફક પ્રવૃત્તિ કરતો હતો. પરંતુ તે દાસી તો પોતાના પતિ તરીકે જ તેને માનતી હતી. કારણ કે સ્ત્રીઓની બુદ્ધિ કેટલી હોય !

ત્યાર બાદ તે દાસીને વિશ્વાસવાળી જાણી મંત્રી હમેશાં તેને એકાંતમાં રાજાની ખબર પૂછતો અને તે દાસીપણ સત્ય વાત કહેતી હતી.

એક દિવસે રાત્રીએ આવતાં તે દાસીને બહુવાર લાગી, તેથી મંત્રી ભ્રકૂટી ચઢાવી તેને બહુ ઠપકો આપવા લાગ્યો,

રે ! નિર્ભગે ! આટલી બધી રાત્રી ગઇ ? તારા માટે વૃથા મારે જાગવું પડે છે. તું બીજે સ્થલે ભમે છે અને કોઇ દિવસ પણ સમય સર આવતી નથી.

મને ધિક્કાર છેકે તારી ઉપર મેં પ્રેમની સ્થિરતા કરી.

કોઈપણ સમયે વિજળીની અંદર શું સ્થિરતા હોય બરી ! જે મૂઢબુદ્ધિ સ્ત્રીઓમાં પ્રીતિની સ્થિરતા માને છે, તે પુરુષ બરેબર વિષવલ્લીઓમાં અમૃતની ઉત્પત્તિ જુએ છે.

એ પ્રમાણે કૃત્રિમ ક્રોધના આવેશમાં આવેલા મંત્રીના વચન રસથી હૃદયમાં અત્યંત ભેદાયેલી હોય ને શું ? તેમ પ્રસન્ન થયેલ તે દાસી બોલી.

હે સ્વામિન ! હું આપની ઉપર નિઃસ્નેહ નથી, તમારાથી બીજો કોઇ મને પ્રિય નથી, પરંતુ દાસત્વથી પ્રાપ્ત થયેલું પરવશપણું અહીં કેવલ અપરાધી છે.

અહો ! સેવક જનોનું કોઈપણ અલૌકિક ચાતુર્ય મને ભાસે છે. કારણ કે તેઓ પરાધીનતારૂપ નરકાવાસમાંથી સુખની ઈચ્છા કરે છે. પરંતુ આજે મારા વિલંબનું કારણ તું સાંભળ. જેથી તારો ક્રોધ પાણીથી અગ્નિની માફક જલદી શાંત થાય.

હાલ હું સ્તંભની છાયામાં ઉભી હતી, ત્યારે વ્યાકુલ થયેલા અર્ણોરાજ ભૂપતિએ વ્યાઘ્રરાજ નામે ભટ્ટને બોલાવી એકાંતમાં સ્પષ્ટ રીતે કહ્યું.

મારી સ્ત્રી હાસ્યથી ક્રોધાતુર છે અને વૈરિણીની માફક સ્વેચ્છા ચારિણી બનીને પોતાના બધું ચૌલુક્યની પાસે મારૂં વિરૂદ્ધ કરવા માટે ગયેલી છે. માટે તેનો મોકલેલો તે કુમારપાલ દાવાનલની માફક અહીં ન આવે તેટલામાં તું ત્યાં જઈને તેને મારી નાખ.

તારા વિના બીજો કોઈપણ એને મારવાને સમર્થ નથી, કારણ કે મૃગેંદ્ર જ અવ્યાકુલપણે ગજેંદ્રને મારી શકે છે.

આ બાબતમાં હું તને ત્રણ લાખ સોનૈયા ઈનામ આપીશ.

એ પ્રમાણે અર્ણોરાજનું વચન સાંભળી ભટ્ટ બોલ્યો. જરૂર હું તેને મારીશ.

તે સાંભળી રાજા બહુ ખુશી થયો અને તેજ વખતે મેરૂ શિખરની માફક તેટલા સોનૈયા મંગાવી તેને આપ્યા.

રાજાએ ફરીથી તેને પૂછયું. તું એને કેવી રીતે મારીશ?

સ્વર્ણ દાનથી પ્રસન્ન થયેલ ભટ્ટ બોલ્યો. કુમારપાલરાજા સોમવારના દિવસે નક્કી કર્ણમેરૂ દેવાલયમાં શંકરના દર્શન માટે જાય

છે, ત્યાં હું જટાધારી થઇ દેવશેષા આપવાના બહાનાથી કંકમયી છુરી વડે તેને યમરાજાના સ્થાનમાં મોકલીશ.

તે ઉપાય સાંભળી રાજા બહુ ખુશી થયો અને બહુ સારૂ એમ કહી તને સુવર્ણ આપી તેજ વખતે વિદાય કર્યો.

હે પ્રિય ! આપને કહેવા માટે આ વૃત્તાંત સાંભળવા હું ત્યાં ઉભી રહી હતી. માટે મને અહીં આવતાં વિલંબ થયો છે. તેથી આપને ક્રોધ કરવો નહીં.

તે સાંભળી આજે શત્રુની ખરી હકીકત મારા જાણવામાં આવી એમ સમજી તત્ત્વ પ્રાપ્તિની માફક મંત્રી બહુ ખુશી થયો અને તે સમજ્યો.

જે બાબત શાસ્ત્રમાં પણ સંભળાતી નથી અને જે લોકમાં પણ દેખાતી નથી, તે હકીકત સ્ત્રીઓ કલ્પે છે, બોલે છે અને સિદ્ધ પણ કરે છે.

ત્યાર પછી તેણીના ચિત્તની સ્થિરતા માટે મંત્રીએ કહ્યું કે, આ સર્વ વાર્તા તેં જ કલ્પેલી છે, એમ કેટલાંય વચનોવડે તેને અસત્ય કરી.

ચરપ્રેષણ

ત્યારબાદ મંત્રીએ તેજ વખતે ચાર પોતાના હોંશીયાર ચરોને શ્રીકુમારપાળરાજા તરફ મોકલ્યા અને તેમની મારફત અણહિલરાજનું સર્વવૃત્તાંત જણાવી દીધું.

કુમારપાલરાજા પણ તે ભટ્ટને જાણવા માટે બહુ પરાક્રમી સુભટોને સાથે લઇ સોમવારે મેરૂગિરિસમાન ઉન્નત એવા કર્ણમેરૂમ દિરમાં ગયો.

ત્યાં દર્શન કરી કુમારપાલ નરેશ સાવધાનપણે ઉભો હતો, તેટલામાં વ્યાઘ્ર સમાન નિર્દય એવો વ્યાઘ્રરાજ જટાધારી બની રાજાની પાસે આવ્યો.

શેષા આપવાની ઇચ્છાથી જેટલામાં તે ભટ્ટ નજીકમાં આવ્યો કે તરત જ લખેલા સંકેતોવડે કુમારપાલરાજા તેનો અભિપ્રાય સમજી ગયો.

અને દૃષ્ટિવડે પ્રથમ સંકેત કરેલા મલ્લો પાસે તેને ચોરની માફક બંધાવી તેની તપાસ કરતાં તેની પાસેની કંકપત્રની છરી જોવામાં આવી.

તેથી ભૂપતિને ઘણો ગુસ્સો થયો અને તેને નિશ્ચય થયો કે આ દુષ્ટ જરૂર મને મારવા માટે જ આવેલો છે, છતાં પણ તેણે પ્રફુલ્લ વદને પૂછયું.

તું કોણ છે? તું કોનો સેવક છે? અને તને અહીં કોણે મોકલ્યો છે?

રે! અધમ! તું જીવવાની ઇચ્છા રાખતો હોય તો આ સર્વ સત્ય હકીકત જાહેર કર.

તે સાંભળી વ્યાઘ્રરાજ બહુ ગભરાયો. સત્ય વૃત્તાંત તેણે નિવેદન કર્યું.

રાજાએ કહ્યું. રે દૂત! હવે તું મરણનો ભય રાખીશ નહીં. જીવ માત્ર કર્મ વડે ઉત્પન્ન થાય છે અને હંમેશાં સેવક સ્વામીને આધીન હોય છે, માટે તું મારો અપરાધી નથી.

જેમ કુકર્મથી પ્રેરાયેલો કોઈપણ માણસ સાધુ પુરુષને ઉપસર્ગ કરનાર થાય છે, તેમ તું પણ તારા સ્વામીના કહેવાથી મને મારવા માટે આવ્યો છે.

જેમ મુનિ મહારાજ ઉપસર્ગ કરનારને છોડી દઇ કર્મને હણે છે, તેમ હું પણ તને મુકત કરી હાલમાં તારા સ્વામીને મારીશ.

એમ કહી મહાન પરાક્રમી શ્રીકુમારપાલરાજાએ વ્યાઘ્રરાજને સુંદર બે વસ્ત્ર પહેરાવીને વિદાય કર્યો. અહો! ચાતુર્યની સીમા હોતી નથી.

પોતાની બહેન દેવલ્લદેવીની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા માટે શ્રી **ચૌલુક્યપ્રયાણ**

કુમારપાલભૂપતિએ સૈનિકોના સમૂહ સાથે વાસુદેવ પ્રતિવાસુદેવ પ્રત્યે જેમ શત્રુ રાજા ઉપર ચઢાઈ કરી.

મહાન પરાક્રમી એવા મારી આગળ આ રંક શું કરવાનો છે? એમ ધારી ક્રોધથી જેમ ભૂપતિએ સેનાના રજોભર વડે શૂર (સૂર્ય) ને ઢાંકી દીધો.

ભૂપતિની સેનાથી આકર્ષણ કરાયેલા અચલ-સ્થિર એવા પણ ભૂભૃત્ પર્વતો-રાજાઓ ધ્રૂજવા લાગ્યા, તો ચલાયમાન શત્રુઓ નાશી જાય તેમાં આશ્ચર્ય શું ?

તરંગની માફક ચંચલ સુભટો વડે ઘેરાયેલા અને ભૂમિપર ચાલતા સૈન્યરૂપ સમુદ્રને જોઈ સર્વને ક્ષોભ થયો.

માર્ગમાં ચાલતાં દરેક ગામોના મુખ્ય લોકો સેવાભક્તિ બહુ ઉત્તમ પ્રકારની કરતા હતા, તેનો સ્વીકાર કરતો ભૂપતિ અનુક્રમે **ચંદ્રાવતી** નગરીમાં ગયો.

તે નગરીમાં **વિક્રમસિંહ** નામે ઠાકોર છે. તે બહુ તેજસ્વી અને **મહારાજ** એવા નામથી પ્રસિદ્ધ હતો. વળી તે કુમારપાલરાજાનો જ સેવક હતો.

હંમેશાં રાજસેવા માટે વિક્રમસિંહને પાટણમાં આવવા જવાનો બહુ પ્રયાસ પડતો હતો. વળી તે પોતે બહુ સુકોમલ અંગવાળો હતો. તેથી તે બહુ કંટાળેલો હતો.

તેવામાં ત્યાં ગયેલા કુમારપાલને જોઈ વિક્રમસિંહને બહુ ક્રોધ થયો અને પોતાના સામંતોને બોલાવી તેણે મસલત કરી.

આ કુમારપાલરાજા પ્રથમ જટાધારી બની સમગ્ર પૃથ્વી પર ભીખ માગતો હતો, તે હાલમાં દૈવયોગે આપણો અધિપતિ થયો છે.

મૂર્ખની માફક તે વિશેષ કંઈ જાણતો નથી, મડદા સમાન કૃપણ છે, અહંમન્યની માફક બુદ્ધિનો બઠર છે.

જેથી આ મૂર્ખરાજા કોઈપણ પ્રસંગે આપણને પૂછતો નથી. માટે એને નમવું પણ અનુચિત છે, તો સેવા કરવાની તો વાત જ દૂર રહી. કારણ કે સ્મશાનશૂલી ઇંદ્રસ્તંભની પૂજાને લાયક થાય નહીં.

હંમેશનો આ ભિક્ષાચારો કયાં ? અને રાજપુત્ર આપણે કયાં ? માટે આવા સ્વામીવડે આપણે લજવાઇએ છીએ.

કોઇપણ પાષાણની આગળ મસ્તક નમાવવું સારૂં, પણ કૃતઘ્ન અને મૂર્ખ એવા આ પશુ આગળ નમન કરવું ઉચિત નથી.

માટે જો મારૂં કહેવું, તમે માનો તો આ મૂર્ખને મારી તેના સ્થાનમાં કોઇ બીજા ચૌલુકયને સ્થાપન કરીએ.

કાનમાં પ્રવેશ કરેલાં તેનાં વચનોને મસ્તક ધુણાવવાથી અરૂચિ-વડે દૂર કરતા હોય તેમ સામંતોએ વિક્રમસિંહને કહ્યું.

હે સ્વામિ! આવું શોચનીય વચન તમે કેમ બોલો છો?

કારણ કે ચંદ્ર કોઇ દિવસ વિષવૃષ્ટિ કરે નહીં.

આપના કુલમાં કોઈ દિવસ કોઈએ પણ પ્રથમ સ્વામી દ્રોહ કર્યો નથી.

હાલમાં તમે સ્વામી દ્રોહ કરશો તો જરૂર કુલને કલંક જરૂર દાયક થશો.

ગંગાના જલ સમાન પવિત્ર આપના સરખા નીતિમાન રાજાઓ પણ કદાચિત સ્વામીદ્રોહ કરે તો અધમ પુરુષોનું તો કહેવું જ શું?

યસ્માદ્ ભસ્મીભવતિ મહિમા દાવવન્હેરિવ દ્રુ,
યેન શ્યામં ભવતિ ચ કુલં કજ્જલેનેવ વસ્ત્રમ્ ।
યસ્યોદર્કઃ પ્રથયતિ મુનેઃ શાપવત્તાપમન્ત-
ર્વૈરાત્સ્નેહાદપિ ન કુતિભિસ્તદ્વિધેયં વિધેયમ્ ॥૧॥

"દાવાનલથી વૃક્ષની જેમ જેથી મહિમા ભસ્મ થાય,
કાજલ વડે વસ્ત્રની જેમ જે વડે કુલને કલંક લાગે અને
મુનિના શ્રાપની માફક જેનો પરિણામ અંતઃકરણમાં પીડા ઉત્પન્ન કરે, તેવું કાર્ય બુદ્ધિમાન પુરુષોએ વૈરથી અથવા સ્નેહથી પણ કરવું નહીં.

તેમજ જેવા તેવા પણ સ્વામી અને પિતાની સેવા કુલવાન પુરુષોએ કરવી જ જોઈએ, એમ વિદ્વાનોનું માનવું છે.

આ રાજા ચૌલુકય વંશમાં જન્મેલો છે, એટલું જ નહીં પણ શ્રીસિદ્ધરાજના સ્થાનમાં બેઠેલો છે. માટે ગુણહીન હોય તો પણ દેવની માફક આપણે એમની સેવા કરવી જોઈએ.

કુલવાન પુરુષોને પોતાના સ્વામીનો ત્યાગ કરવો, તે પણ ઉચિત નથી, તો તેને મારી શકાય કેવી રીતે ?

અહો ! મૂર્ખતાનો પ્રકાશ કેવો હોય છે ? અથવા ઇંદ્ર સમાન પરાક્રમી આ રાજાને કેવી રીતે મારવો ?

વળી અન્ય કોઈ પણ રાજા મારી શકાતો નથી અને આ રાજા તો સૈન્ય સાથે આવેલો છે, માટે જો તમે પોતાના કુલનું કલ્યાણ ઇચ્છતા હોવ તો પોતાના દ્રોહની માફક સ્વામી દ્રોહ કરશો નહીં.

વિક્રમસિંહનું પરાક્રમ

શત્રુઓનો પરાજય કરનાર વિક્રમસિંહરાજા પોતાના સામંતોએ કહેલાં વચન સાંભળી કોપાયમાન થયો અને તે બોલ્યો.

તમે મરણના ભયથી દુષિત રાજાની પણ સ્તુતિ કરો છો. ભયને વશ થયેલા તમારા ભુજ સ્તંભને પણ ધિક્કાર છે.

મહાન તેજસ્વી હું વિદ્યમાન છું. તમારે મરણની ભીતિ બીલકુલ રાખવી નહીં. ગજેંદ્રની હાજરીમાં નાના હાથીઓનો પરાજય થાય ખરો ?

કપટકલાથી આ રાજાને હું સુખેથી મારી નાખીશ. જ્યાં આગળ બળ નિષ્ફળ થાય ત્યાં કપટનો ઉપયોગ કરાય છે,

પોતાના પરાક્રમથી અધિક પરાક્રમી સિંહાદિક પણ કપટથી હણાય છે; એની તો ગણતરી શી છે ? કારણ કે જેની અંદર તૃણ સમાન પણ સાર નથી.

મારા મકાનની અંદર અગ્નિના યંત્રવાળું એક ઘર તમે બનાવો. પછી તે ચૌલુકચને અહીં બોલાવીને જમવા માટે તેમાં બેસારીશું.

ત્યારપછી નીચેથી અગ્નિ સળગાવીશું. જેથી તે ઘર એકદમ સળગી ઉઠશે. એટલે તે રાજા કાષ્ટની જેમ બળી જશે.

આ ઉપાયથી તેનો નાશ કરી આપણા સ્વાધીન રહેનાર બીજા કોઈ ચૌલુકચવંશના ક્ષત્રિયને રાજ્ય ગાદીએ બેસારીને આપણે અદ્‌ભુત સુખ ભોગવીશું.

એ પ્રમાણે વિક્રમસિંહરાજાએ કહેલું વચન પથ્ય ન હોતું છતાં પણ તે પોતાના સ્વામીનો હુકમ પથ્યની માફક સર્વ સામંતોએ માન્ય કર્યો અને તેઓએ પોતાના હૃદયમાં વિચાર કર્યો કે,

આ રાજા પોતાનું મકાન બળાવે છે, તે ભાવિ વિપત્તિને સૂચવે છે. પરંતુ ભવિતવ્યતાનો કોઈ સમયે નાશ થતો નથી. એમ વિચાર કરી તેઓએ અગ્નિ યંત્રની ગોઠવણનો જલદી પ્રારંભ કર્યો.

શ્રીવિક્રમસિંહરાજાના મહેલની અંદર એકાંત સ્થલમાં નીચે અગ્નિ યંત્ર ગોઠવ્યો, જેની અંદર બળતો અગ્નિ સંપૂર્ણ ભરેલો છે.

જેનો ઉપરનો ભાગ તેલથી ખરડેલાં કાષ્ટવડે બનાવેલો છે. તિલ, સર્ષવ અને લાક્ષાદિક ગુપ્ત દ્રવ્યો જેની અંદર પૂરેલાં છે,

જે યંત્રગૃહ આકાશની માફક ચંદ્રોદય–ચંદ્રનોઉદય=ચંદ્રવાઓથી સુશોભિત,

તેમજ તારારૂપી મૌક્તિક માલાઓ વડે વિભૂષિત, ઉદ્યાનની માફક ઉત્તમ છાયા અને સુગંધમય પુષ્પો જેની અંદર ખીલી રહ્યાં છે.

સુવાસિત પદાર્થોથી ભરેલી દુકાનની જેમ સ્ફાર સુગંધિત વૈભવોથી અલંકૃત અને વિમાનની માફક તેજસ્વી એક પ્રાસાદ પોતાના આપ્ત પુરુષોએ બંધાવ્યો.

શ્રીકુમારપાલ નિમંત્રણ

વિક્રમસિંહરાજા અગ્નિયંત્ર સહિત બંધાવેલું ઘર જોઈ બહુ ખુશી થયો અને કૃતાર્થની માફક પોતે કુમારપાલ રાજાને નિમંત્રણ કરવા ગયો.

વિનયપૂર્વક તેણે પ્રાર્થના કરી કહ્યું, હે ભૂપાલ ! મારા પ્રાચીન પુણ્યના પ્રભાવથી દેવેંદ્રની માફક આપ પોતે અહિં પધાર્યા છો.

આજે આપ જો મારા ઘેર ભોજન કરવા પધારો તો હું મારા આત્માને પુણ્યશાલી લોકોમાં મુખ્ય માનું.

"મરૂદ્દેશસ્થનો વિશ્વાસ કરવો નહીં." એ પ્રમાણે લોકોક્તિને જાણતા કુમારપાલરાજાએ તેના આગ્રહનો ભંગ કરી પોતાના પરિવારને તેના ત્યાં જમવા માટે મોકલ્યો.

વિક્રમસિંહરાજાએ પણ બહુ ભક્તિપૂર્વક નરેંદ્રનો પરિવાર જમાડયો. પછી તે લોકો પ્રાસાદની શોભા જોવાની ઇચ્છાથી ચારે બાજુએ ફરવા લાગ્યા.

તે મકાનના નીચેના ભાગમાં કોલસાઓ ધગધગતા હતા અને વારંવાર તેમની સુગંધીને ગ્રહણ કરતો એક વૃદ્ધ પુરુષ ત્યાં બેઠેલો તેમના જોવામાં આવ્યો.

આ સુગંધ કયાંથી ? અને આ વૃદ્ધ પુરુષ શા માટે સુંઘે છે? એમ વિચાર કરતા ગુર્જરેંદ્રના માણસોએ ત્યાં ચારે તરફ બરોબર તપાસ કરી.

પોતાની હોંશીયારીથી તે લોકો સમજી ગયા કે; અગ્નિના કપટથી આ ઘર બનાવ્યું છે. એમ જાણી તે લોકો સંભ્રાંતની માફક એકદમ રાજાની પાસે ગયા અને સર્વ હકીકત તેઓએ નિવેદન કરી.

તે સમયે વિક્રમસિંહરાજાએ પણ ફરીથી શ્રીકુમારપાલરાજાની પાસે જઇ ભોજન માટે વેવાઇની માફક બહુ પ્રાર્થના કરી.

પોતાના માણસોના કહેવાથી ગૂર્જરેંદ્ર તો પ્રથમથી જ તેના કપટની વાત જાણતો હતો,

તેમજ તેના અતિ આગ્રહ અને નેત્રાદિકની ચેષ્ટા ઉપરથી પણ તેના મનનો તેને નિશ્ચય થયો, છતાં અજાણતાની જેમ ગૂર્જરેંદ્રે ભોજનના આગ્રહથી તેને નિવૃત્ત કરીને સત્કાર પૂર્વક વિદાય કર્યો. અને પોતે પણ પોતાનું કાર્ય સાધવા ત્યાંથી ચાલતો થયો.

અખંડિત પ્રયાણવડે માર્ગને ઓલંઘતો રાજા સંપત્તિઓના સ્થાનભૂત વિરોધિના દેશમાં ગયો.

ગૂર્જરેંદ્રના સૈનિકોએ તે દેશની પાયમાલી કરી. જેથી દેશના લોકો એકદમ ભાગાભાગ કરી આમ તેમ નાસવા લાગ્યા.

મહાન પરાક્રમી ગૂર્જરેશ્વર સવાલાખ દેશીય ગામોનું આક્રમણ કરતો **શાકંભરી**નગરી પાસે મુકામ કરી રહ્યો.

અર્ણોરાજને સૂચના

શ્રીકુમારપાલરાજાએ પોતાના પરાક્રમનો પ્રકાશ કરનાર એક કાવ્ય ઓલવામાં હોંશીયાર દૂતના હાથમાં આપી તને અર્ણોરાજની પાસે મોકલ્યો.

તે કાવ્યનો ભાવાર્થ એવો હતો કે "પ્રચંડ યમદંડની ઉગ્રતાને વહન કરતી,

પ્રલયાગ્નિની જ્વાલાઓના ગર્વને હરણ કરતી,

ઉગ્રવિષવાળા ભુજંગોના પ્રચંડ ફૂત્કારોનો પરાજય કરતી અને વજ્રની કાંતિ સમાન તેજસ્વી એવી જેના ભુજદંડની અર્જ ઉલૂખલ (ખાણીઆ)માં ડાંગરને મુશળ જેમ યુદ્ધની અંદર શત્રુઓને પીડે છે."

વળી જે ભૂપતિ દિગ્વિજયમાં ઉદ્યુક્ત થાય છે, ત્યારે તેના ચાલતા સૈનિકોએ ઉડાડેલા રજકણો ઉન્નત એવા પણ રાજાઓ અથવા પર્વતોને ચૂડામણી સમાન થાય છે.

પિતાની આજ્ઞાને પુત્રો જેમ હંમેશાં સેવામાં તત્પર રહેલા રાજાઓ જેની આજ્ઞાને પોતાના મસ્તકે ધારણ કરે છે.

તે શ્રીકુમારપાલભૂપાલ પોતાની બહેનની પ્રતિજ્ઞા પૂર્ણ કરવા માટે અહીંયા આવ્યા છે અને તમારે લાયક આ એક કાવ્ય તેમણે મોકલ્યું છે.

એમ કહી તેણે ભેટની માફક તે કાવ્ય રાજાને આપ્યું.

પછી તેની આજ્ઞાથી તેના પ્રધાને તે કાવ્ય વાંચવા માંડ્યું કે—;

રે રે ભેક! ગલદ્વિવેક! કટુકં કિં રારટીષ્યુત્કટો,
गत्वैव क्वचनाऽपि कूपकुहरे त्वं तिष्ठ निर्जीववत् ।

सर्पोऽयं स्वमुखप्रसृत्वरविषज्वालाकरालो महान्,
जिह्वालस्तव कालवत्कवलनाकांक्षी यदाजग्मिवान् ॥१॥

"રે રે વિવેક હીન દર્દુર! ઉન્મત્ત બની તું કટુક વચન વારંવાર શા માટે બોલે છે?

કોઇપણ કુવાની બખોલમાં જઈ તું મડદાની માફક પડચો રહે, કારણ કે પોતાના મુખમાંથી પ્રસરતી વિષજ્વાલા વડે ભયંકર અને કાળની માફક જીહ્વાને પ્રસારતો મોટો આ સર્પ તને ગળવાની ઇચ્છાથી આવેલો છે."

આ પ્રમાણે દૂતે કહેલું વાકય સાંભળીને કાવ્યના ભાવાર્થનો વિચાર કરી અર્ણોરાજ અવજ્ઞાવડે હસતો છતો તેને કહેવા લાગ્યો.

રે દૂત ! બંદીની માફક તેં શું પોતાના નાયકની સ્તુતિ કરી ?

પુત્રની સ્તુતિવડે પિતાની જેમ સેવકની સ્તુતિવડે રાજા મોટો થાય નહીં.

વળી તું જે કહે છે કે; મારો સ્વામી રણભૂમિમાં શત્રુઓને કણની માફક પિશી નાખે છે, તે તારું બોલવું ખોટું છે.

કારણકે તેણે દરિદ્રપણામાં દાણા દળ્યા હશે. વળી તેના પરાક્રમની અનેક પ્રકારે તું મિથ્યાસ્તુતિ કરે છે,

છતાં પણ મેં જન્મથી આરંભી ભિક્ષુકતા સિવાય તેનું કંઈપણ અધિક પરાક્રમ સાંભળ્યું નથી.

રે દૂત ! તારા સ્વામીને તેં પૂજ્ય કહ્યો અને મને દેડકો કહ્યો, તારા દેશનું તેં વાકચાતુર્ય સારૂં બતાવ્યું.

વળી એક વચન તેં યોગ્ય કહ્યું.

પોતાની અંદર ભુજંગપણું સ્થાપન કર્યું. નહીં તો બીજાને દુર્જન કરવાને તારી દ્વિજીહ્વતા કયાંથી થાત ?

પરંતુ સંગ્રામની અંદર પોતાનું સર્પપણું તું બરોબર જાણીશ. અને અનન્ય પરાક્રમ વડે મારું દેડકાપણું અથવા ગરૂડપણું સારી રીતે તું સમજી શકીશ.

એમ કહી ચાવડાના વંશરૂપી સમુદ્રમાં ચંદ્ર સમાન અર્ણોરાજે પ્રત્યુત્તર લખી એક કાવ્ય આપીને દૂતને વિદાય કર્યો.

અર્ણોરાજપ્રયાણ

દૂતને વિદાય કરી તરત જ અર્ણોરાજે પોતાના સેનાપતિને આજ્ઞા કરી એટલે સેનાપતિએ શત્રુઓને સાક્ષાત્ વિઘ્ન સમાન પોતાના સૈન્યને તૈયાર કર્યું.

ચાલતા પર્વતો હોયને શું ? તેવા ઉન્નત ગજેંદ્રો, ઇંદ્રના અશ્વ સમાન વેગવાળા ઘોડાઓ, શૌર્યની મૂર્ત્તિ સમાન ઉદ્ધત અંગવાળા પદાતિ-સૈનિકો સાથે અ[illegible] ભૂપતિ પોતાના નગરમાંથી નીકળ્યો.

નભસ્તલને સ્પર્શ કરતી પતાકાઓ વડે આકાશનું પાન કરતો, સૈનિકોએ ઉડાડેલા ધૂળના સમૂહવડે સૂર્યને આચ્છાદન કરતો અને પગપાળાઓને પ્રચંડ શબ્દોવડે વિશ્વને બધિરિત કરતો હોય તેમ અર્ણોરાજનૃપતિ ચૌલુક્યના સૈન્યની નજીકમાં જઈ ઉભો રહ્યો.

તેટલામાં દૂત પણ શત્રુના કહેલા સમાચાર શ્રીકુમારપાળરાજાને કહ્યા. અને તેણે આપેલું કાવ્ય પણ આપ્યું. પછી ભુપતિએ તે વાંચ્યું.

રે રે સર્પ ! વિમુચ્ચ દર્પમસમં કિં સ્ફારફુત્કારતો–
વિશ્વં ભીષયસે ? ક્વચિત્કુરુ બિલે સ્થાનં ચિરં નન્દિતુમ્ ।
નોચેત્પ્રોદ્ભગરુત્સ્ફુરત્તરમ દ્રુજાધૂતપૃથ્વીધર–
સ્તાર્ક્ષ્યો ભક્ષયિતું સમેતિ ઝગિતિ ત્વામેષ વિદ્વેષવાન ॥૯॥

રે રે સર્પ ! ઘણો ગર્વ તું કરીશ નહીં.
સ્ફાર ફૂતકારથી જગતને કેમ બીવરાવે છે ?
લાંબા વખત સુધી સુખની ઈચ્છા હોય તો તું કોઈ બિલમાં નિવાસ કર.
નહીં તો બળવાનૂ પાંખોના અતિશય સ્ફુરતા પવનવડે પર્વતોને કંપાવનાર મહાન્ શત્રુ
આ ગરૂડ તારા ભક્ષણ માટે જલદી આવે છે.”

કલ્પાંતકાલના પવનથી સમુદ્રનું જેમ જલ તેમ તે કાવ્ય સાંભળવાથી સર્વ સભા ક્ષોભાયમાન થઇ ગઈ.

બંનેના સૈન્યમાં પણ અહંકારી લોકો સંગ્રામ કરવામાં ઉત્સાહ ધરાવતા પરસ્પર હસતા હતા અને સોગઠાબાજી વિગેરે ક્રીડાઓ કરવા લાગ્યા.

કેટલાક સુભટો નાળીયેરીનાં ફલ ખાવા લાગ્યા.
કેટલાક મદ્યપાન કરતા હતા.
કેટલાક મલ્લોની માફક વળગતા હતા.
કેટલાક કસરત કરતા હતાં.
કેટલાક ઘોડા ખેલાવતા હતા.
કેટલાક હાથી ફેરાવતા હતા અને

કેટલાક સુભટો શસ્ત્રોને ઉત્તેજિત કરતા હતા.

ત્યારપછી ચૌલુકયના સૈન્યમાં સર્વત્ર ઘણી તૈયારી જોઈ અર્ણોરાજ પોતાના હૃદયમાં વિચાર કરવા લાગ્યો કે

હાથીઓવડે ગજેંદ્રની જેમ ઉદ્ધત ભટોવડે વીંટાયેલો આ ચૌલુકય રાજા અહીં આવ્યો છે,

યુદ્ધમાં એની આગળ હું કેવી રીતે વિજય મેળવીશ.

એમ વિચાર કરતાં તેને યાદ આવ્યું કે,

જે **ચારભટનામેકુમાર** ચૌલુકયથી વિરોધ કરી મારી પાસે આવ્યો હતો, તે તેના મર્મનો જાણનાર છે, માટે તેને પૂછવાથી તે તેની સર્વ હકીકત કહેશે.

એમ વિચારી તરતજ તેણે ચારભટને પોતાની પાસે બોલાવ્યો. અને પૂછયું

શત્રુનું રહસ્ય તું બરાબર જાણે છે, માટે તેને જીતવાનો ઉપાય તું કહે.

ચારભટકુમાર

ચારભટ વિનયપૂર્વક બોલ્યો.

હે દેવ ! હાલમાં કોઈ આપ્તપુરુષના મુખથી મેં સાંભળ્યું છે કે, ચૌલુકય રાજા પ્રાયે કૃપણ અને અકૃતજ્ઞ છે, તેથી તેના કેટલાક સામંતો વિકૃત થયા છે, તો તેમને સુવર્ણાદિક ધન આપી જલદી પોતાના સ્વાધીન કરવા તમે યત્ન કરો.

કારણ કે વશીકરણ વસ્તુઓમાં ધન એ મુખ્ય છે. એમ કરવાથી પુત્રો જેમ પિતાને તજી દે છે, તેમ તેઓ એકદમ ચૌલુકયનો ત્યાગ કરશે. જેથી તે નિર્વિષ સર્પની માફક શકિતહીન થઇ જશે.

પોતાના સામંતોથી તજાયેલો આ રાજા ઘણું કરીને પલાયન થશે. અથવા ગર્વથી યુદ્ધ કરશે તો નપુંસકની માફક માર્યો જશે.

વળી વિશેષમાં તમારા પ્રસાદવડે **ભગદત્ત**રાજાની માફક હું સંગ્રામમાં હાથીને ફેરવવાનું અને સિંહનાદ મૂકવાનું જાણું છું.

માટે હાથીનું ભ્રમણ અને ગાઢ સિંહનાદોવડે યુદ્ધમાં કુશલ એવો પણ ચોલુકયરૂપી હાથી દૂર નાશી જશે.

હે પ્રભુ ! આ ઉપાયથી જરૂર તું શત્રુઓને જીતી કન્યાની માફક જય લક્ષ્મીને હસ્ત ગોચર કરીશ.

એ પ્રમાણે ચારભટની યુકિત સહિત વાણી સાંભળી અણોરાજ ભૂપતિએ બહુ સારૂ, એમ કહી તેનાં બહુ વખાણ કર્યા. અણોરાજ ભૂપતિએ પોતાના હિતકારી અધિકારીઓને પુષ્કળ સુવર્ણ ધન આપી રાત્રીએ ચૌલુકયના સામંતો પાસે મોકલ્યા અને તેમણે કુમારપાળના સામંતોને પુષ્કળ ધન આપી પોતાની તરફ ખેંચી લીધા.

અતિલોભથી ભેદાયેલા સામંતોએ તે આપ્ત પુરુષોની મારફતે અણોરાજને પોતાનો અભિપ્રાય જણાવ્યો કે;

અમે બધાયે તમારા પક્ષમાં છીએ, તથાપિ યુદ્ધ સમયે તૈયાર થઇ પોતાના સૈન્યમાં અમે ઉભા રહીશું, પરંતુ તમારી સાથે યુદ્ધ કરીશું નહીં.

જો કે કુમારપાળરાજા બહુ બલવાન છે, છતાં પણ અમારી ઉપેક્ષાથી સિંહ જેમ હાથીને તેમ તું એને સુખેથી હરાવીશ.

શત્રુ રાજાના સામંતોનું મન તેવા પ્રકારનું જાણી અણોરાજ મનમાં સમજી ગયો કે, હવે શત્રુને જીતવો મુશ્કેલ નથી.

એમ વિચારમાં ને વિચારમાં રાત્રી ચાલી ગઈ. પ્રભાતમાં સૂર્ય પૂર્વાચલપર આરૂઢ થયો. તેમજ વીરપુરુષોના હૃદયમાં યુદ્ધનો ઉત્સાહ થયો.

તે સમયે સરોવરમાં કમલો અને રણસંગ્રામમાં સુભટોનાં મુખ પણ અસાધારણ શોભા પાત્ર થયાં.

આકાશમાં અને બંને સૈન્યોમાં સ્ફુરણાયમાન વૈરિરૂપ અંધકારના સમૂહને તિરસ્કાર કરવાની ઈચ્છાથી શૂર (સુભટો=સૂર્ય) નો પ્રકાશ જામી ગયો.

ગુર્જરેશ્વર

શત્રુરાજાને મથન કરવાની ઈચ્છાથી ગૂર્જરેશ્વરે પોતાનું લશ્કર તૈયાર કર્યું. સૈનિકો બક્તર પહેરવા લાગ્યા. જેથી સર્વદિશાઓમાં

અવ્યક્ત શબ્દો વ્યાપી ગયા. જેના સાંભળવાથી કાયર લોકો કંપવા લાગ્યા અને શૂરવીરસૈનિકો આનંદ માનવા લાગ્યા.

યુદ્ધનું નામ સાંભળવાથી પણ યોધ્ધાઓનાં અંગ એટલાં બધાં પ્રફુલ્લ થયાં કે વિશાલ બક્તરોમાં પણ તેઓ કોઈ પ્રકારે માઈ શકયા નહીં.

કેટલાક સુભટો પોતાના જીવનમાં પણ નિરપેક્ષ થઈ સમીપમાં રહેલાં બક્તરોને પણ શરીરે પહેરતા નહોતા.

વળી તે સમયે સુભટોની સ્ત્રીઓ જળના ઘડા અને કરંભક વિગેરે ભાતાં લઈ પ્રીતિપૂર્વક પોતાના પતિની પાછળ જવા માટે તત્કાળ તૈયાર થઈ.

ત્યારબાદ હાથીને ચલાવવાની ક્રિયામાં કુશલ **શ્યામલ** નામના મહાવતે તૈયાર કરેલા **કલભપંચાનન** નામે પટ્ટહસ્તી પર આરૂઢ થઈ શ્રીકુમારપાળરાજા યુદ્ધમાં તૈયાર થયા.

આ સમયે તેમનું શરીર સમરાંગણને ઉચિત પોષાકવડે દીપતું હતું.

ધનુષ વિગેરે શસ્ત્રોના સંયોગથી શરીરની કાંતિ બહુ પ્રકાશ આપતી હતી.

મહાન, પરાક્રમી કેલ્હણાદિક સામંતો જેની શાછળ તૈયાર થઈ નીકળ્યા. એ પ્રમાણે અર્જુનની માફક તૈયાર થઈ નીકળેલા શ્રીગૂર્જરેશ્વરવડે સમરાંગણ દીપવા લાગ્યો.

અર્ણોરાજ પણ પોતાના પ્રબળ ભુજબલની પ્રભાવથી હાથીપર આરૂઢ થયો.

તેની પાછળ ઘણા સૈનિકો નીકળી પડયા.

રાજા પોતાના મનમાં જાણતો હતો કે; શત્રુ સામંતોના ભેદથી મારી જીત થશે. તેથી તે દુર્યોધનની માફક ઉદ્ધત બની રણભુમિમાં નીકળ્યો.

પ્રથમ રજોમંડળ, પછી વાજીંત્રોના શબ્દ, ત્યારબાદ સૈનિકો એમ બંને સૈન્ય પરસ્પર એકઠાં થયાં.

પરસ્પર યુદ્ધ કરવા માટે ઉદ્યત થયેલા સુભટોને બોલાવતાં હોય ને શું ? તેમ બંને સૈન્યમાં હજારો વાજીંત્રો વાગવા લાગ્યાં.

વળી તે વાજીંત્રોના નાદ સાંભળવાથી રોમાંચ સાથે યોધાઓ યુદ્ધમાં નીકળ્યા, એટલું જ નહી પરંતુ તેમના કેશ પણ ઉભા થયા.

તે સમયે બંદીજનો સુભટોનાં પરાક્રમ વર્ણવવા લાગ્યા.

તે સાંભળી કાયર સુભટોનાં હૃદયમાં યુદ્ધનો મહિમા દૃઢ થયો.

બુભુક્ષિત લોકો જેમ ભોજનને તેમ પોતાને વીર માનતા સુભટો હૃદયને ઇષ્ટ એવી રણભુમી પામીને બહુ ખુશી થયા.

મેઘમંડલસમાન શ્યામ ધુળનો સમૂહ વ્યાપ્ત થયે છતે પગે ચાલતા સુભટોના દીપતા ખડ્ગોની કાંતિઓ વીજળી સમાન દીપતી હતી.

ત્યારબાદ બંને સૈન્યના મુખ્ય સૈનિકો પરસ્પર મળ્યા.

પોતાનાં પરાક્રમ ફેલાવવા લાગ્યા અને યુદ્ધ માટે દોડવા લાગ્યા.

ધનુષ અને શત્રુઓની જીવ (દોરી–પ્રાણ)ને ખેંચવામાં કુશળ એવા ધનુષધારી સુભટો બાણોની વૃષ્ટિવડે પોતાના ધનુર્વેદને પ્રગટ કરવા લાગ્યા.

ભુપતિએ દૂર ફેંકેલો બાણનો સમૂહ શત્રુપક્ષમાં સાર્થક થયો. તો પણ લજ્જા વડે જેમ નીચે મુખે રહ્યો.

દેદીપ્યમાન બાણરૂપી કીરણો શત્રુરૂપ અંધકારને હરવા માટે ધનુષરૂપ સૂર્યમંડલમાંથી બહુ વેગપૂર્વક નીકળવા લાગ્યા.

લોઢાના ભક્તરોપર અથડાતા ખડ્ગોના આઘાતથી પર્વતના પ્રાંત ભાગમાં હાથીઓના દાંતની માફક વારંવાર ખટ્કારા સંભળાવા લાગ્યા.

તેમજ બંને સૈન્યમાં શકિત, યષ્ટિ, કુઠાર અને પટ્ટિશ વિગેરે શસ્ત્રધારી પુરુષો હાથકિયાનું લાઘવપણું બતાવવા લાગ્યા.

બહુ પરાક્રમી પદાતિ વર્ગ પણ ઉંછળી ઉચ્છળીને તેવી રીતે યુદ્ધમાં ચાલવા લાગ્યો કે; જેથી બંને પ્રકારે ઉચ્ચાઈ=પરાક્રમવડે અશ્વવારો નીચા થઈ ગયા.

સેનાના મધ્ય ભાગમાં યુદ્ધ કરવા પ્રેરાયેલો ઉત્તમ જાતિનો અશ્વ શત્રુની તરવાર વડે પગ કપાઈ ગયા હતા, તો પણ તે પોતાના

સ્વામીને યુદ્ધની બહાર લઈ ગયો.

કોઈક સવારને અશ્વના પૃષ્ઠ સાથે શત્રુએ બાણથી વીંધિ નાખ્યો, જેથી તે મરી ગયો તો પણ તે ઘોડાપરથી જીવતાની માફક નીચે પડયો નહીં.

પોતાની ઉપર આરૂઢ થયેલા સુભટપર પદાતિએ કરેલા તરવારના આઘાતનો બચાવ કરતા ઉત્તમ જાતિના શ્રીવૃક્ષકી (હૃદયમાં શ્વેતરોમ વાળા) ઘોડાએ યુદ્ધમાં પોતાનું ઉંચાઈપણું સાર્થક કર્યું.

અર્ધઆકાશમાં ઘોડાઓને વારંવાર કુદાવતા સવારો નીચા છતાં પણ હાથીપર રહેલા સુભટોને મારવા લાગ્યા.

રણભુમિમાં ઉતરેલો કોઈક હાથી સુંઢથી સુભટને ઉપાડી ક્રોધવડે કંદુક (દડા)ની માફક ઉંચે ઉછાળીને યમ રાજાને આપવાને જેમ દુર ફેંકવા લાગ્યો.

વજ્ર સમાન બંને દાંત વડે પ્રહાર કરતા હાથીની સુંઢ શત્રુની તરવાર વડે કપાઈ ગઇ છતાં પણ તે વિહસ્ત (હસ્ત વગરનો=વ્યગ્ર) થયો નહીં, એ મોટું આશ્ચર્ય થયું.

યુદ્ધ કરવા માટે બંને હાથીઓ એક બીજાની સુંઢ લડાવીને જયલક્ષ્મીના પ્રવેશમાં તોરણ કરતા હોય તેમ ઝુંબતા હતા. તેમજ તે હાથીઓ પાદના આઘાત વડે સુભટોને કમલખંડની માફક મર્દન કરતા અને એક બીજાના સૈન્ય રૂપી સરોવરને ડખોળવા લાગ્યા.

યુદ્ધ કરતાં પરસ્પરનાં શસ્ત્રો ખુટી ગયાં, ત્યારે મહાન પરાક્રમી કેટલાક સુભટો મલ્લની માફક ભુજના અવલંબનથી યુદ્ધ કરવા લાગ્યા.

શૌર્ય લક્ષ્મીના આલિંગનથી કુંકુમ વડે રંગાયેલા હોય, તેમ શસ્ત્રોના પ્રહારથી નીકળતા રૂધિર વડે લાલ અંગવાળા સુભટો શોભતા હતા.

પોતાના નશ્વર પ્રાણોવડે ચિરસ્થાયી યશ ખરીદીને કેટલાક સુભટોએ વાણિજ્ય કલામાં હોંશીયારી મેળવી.

કેટલાક સુભટોએ આલોકમાં પોતાના સ્વામી પાસેથી માન અને અતુલ્ય યશ મેળવી એક શૌર્યવડે છેવટે મરીને સ્વર્ગલોક મેળવ્યો.

રણક્ષેત્રમાંથી ચાલતી રૂધિરની નદીઓ વૃષ્ટિવડે ધોવાયેલી ધાતુઓના રસથી મિશ્ર થયેલી પર્વતમાંથી નીકળતી નદીઓના ભ્રમ કરતી હતી.

એ પ્રમાણે યમરાજાને તૃપ્ત કરનાર રણસંગ્રામ પ્રવૃત્ત થયે છતે અણોરાજના સુભટોએ ચૌલુક્યના સુભટોને ચૂર્ણ કર્યાં.

શત્રુના સુભટોએ એકદમ પાછા હઠાવ્યા, જેથી ત્રાસ પામી શાસ્ત્રોના ઘાતથી જીર્ણ થયેલા ગૂર્જરેશ્વરના સુભટો ચૌલુક્યક્ષિતિપતિના શરણે ગયા.

પછી ગુર્જરેશ્વરે પોતાના સુભટોને આશ્વાસન આપ્યું અને યુદ્ધ કરવા માટે કેલ્હણાદિક સર્વ સામંતોને પોતે પ્રેરણા કરી,

શ્રીકુમારપાલે યુદ્ધની આજ્ઞા આપી છતાં તેમનાં મન ઉદાસ જાણી શ્યામલ નામે પોતાના મહાવતને પૂછયું કે, આ સામંત લોકો કેમ ઉદાસ દેખાય છે?

સામંતોનો વિચાર શ્યામલના જાણવામાં હતો, તેથી તેણે કહ્યું.

હે રાજન્! આ લોકો પ્રથમથી જ તમારા ઉપર વિરક્ત હતા, જેથી તમારા વૈરીએ આ લોકોને ગઈ રાત્રીએ પુષ્કળ સુવર્ણ ધન આપી પોતાના સ્વાધીન કર્યા છે.

વળી એવો તેમનો સંકેત છે કે; તૈયાર થઈ યુદ્ધમાં ઉતરવું ખરૂં પણ શત્રુઓ સાથે લડાઇ કરવી નહીં.

એ પ્રમાણે વિચાર કરી આ લોકો તમારા દ્રોહી થાય છે.

તે સાંભળી ફરીથી રાજાએ પૂછયું,

હે શ્યામલ! હવે આપણે શું કરવું?

શ્યામલ બોલ્યો. તમે, હું અને આ હાથી એ ત્રણ સ્થિર છીએ.

રાજા બોલ્યો. હાથી અને તું પાછા નહીં પડો તો હું આ શત્રુને જીતેલો જાણું છું.

આ હાથીને તું શત્રુના સૈન્યમાં લઇ જા.

એ પ્રમાણે ચૌલુક્યે મહાવતને ઉત્સાહ આપ્યો અને વિશેષમાં કહ્યું કે, સાહસિક પુરુષે ચલાવેલું હળ દૈવના મસ્તકપર પણ ચાલી શકે છે, એમાં કંઇ આશ્ચર્ય નથી.

શત્રુના સુભટો અગ્નિની જ્વાલા સમાન જળહળી રહ્યા છે, પરંતુ એનો પરાજય થવાનો હશે તો તે એની મેળે જ ભાગી જશે.

એ પ્રમાણે ચૌલુક્યરાજાની વાણી સાંભળી કોઇક ચારણ અવસરોચિત વચન રાજા પ્રત્યે બોલ્યો.

હે કુમારપાલ! "તું કોઈ પ્રકારની ચિંતા કરીશ નહીં, પોતાનું ચિંતવેલું સિદ્ધ થતું નથી, જેણે તને રાજ્ય આપ્યું છે, તેજ પુરુષ તારી ચિંતા કરશે."

શત્રુઓનો પરાજય કરવામાં બળવાન એવી તે ચારણની વાણીરૂપ શકુનનો સ્વીકાર કરી ગૂર્જરેશ્વર હજારો સુભટોથી યુકત વૈરીઓ ઉપર ઉતરી પડ્યો.

શત્રુઓના પ્રાણ સાથે ધનુષ ખેચ્યું અને પોતાના જયની આશા સાથે ધનુષપર બાણ ચઢાવ્યું.

એકત્ર થયેલે દુર્વારવૈરીઓની પરંપરાઓને પણ મૃગલીઓની માફક વિદારતા શ્રીગૂર્જરેશ્વરે બાણોની પંક્તિઓ પ્રવર્તાવી.

ગૂર્જરેશ્વર એવી રીતે બાણ મારે છે કે; ગ્રહણ અને મોચનની ક્રિયા કોઇપણ જોઈ શકતા નથી અને ભયને લીધે તેઓ નહી વિંધાયેલા છતાં પણ પોતાને વિંધાયેલા માનતા હતા.

આ સામંતો શત્રુઓ સાથે મળેલા છે, એ પ્રમાણે તેમની માફક આપણી પણ આ લોકમાં નિંદા મા થાઓ, એમ વિચાર કરી તિક્ષ્ણ મુખવાળા સર્વે ચૌલુક્યનાં બાણો શત્રુઓનાં હૃદય ભેદી બહાર નીકળી બહુ દૂર ગયાં.

સર્વ અંગે લાગેલાં ચૌલુક્યનાં બાણોવડે પુરાઈ ગયેલા સુભટો વીરલક્ષ્મીના આલિંગનથી રોમાંચિત થયા હોય તેમ શોભતા હતા.

સૈનિકોએ ઉડાડેલી ધૂળના સમૂહ વડે કલ્યાયેલા મેઘમંડલમાં ભૂપતિએ રચેલી બાણપંક્તિઓ વૃષ્ટિની ધારા સમાન દેખાતી હતી.

હસ્તપક (મહાવત)ના અભિપ્રાય મુજબ ચાલતો રાજકુંજર (હાથી), રાજાની સંમતિ પ્રમાણે યુદ્ધમાં હાથીને ચલાવતો મહાવત

અને દૃષ્ટિગોચર થયેલા શત્રુઓનો બાણોવડે સંહાર કરતો ભૂપતિ, એ ત્રણેને જોઇ કોને આશ્ચર્ય ન થાય ?

ધ્વજસહિત દંડોનું ખંડન કરતો,
સવાર સહિત ઘોડાઓનો નાશ કરતો,
પ્રત્યંચા (દોરી) સહિત ધનુષને છેદતો,
હાણનાં બકતર સહિત ભુંજ દંડને હરણ કરતો,
બકતર સહિત શરીરોને બહુ રૂધિર વડે સ્નાન કરાવતો,
બકતરમાં ગુપ્ત રહેલાં મસ્તકોને પણ નીચે પાડતો,
દેહમાંથી બલને બસેડતો અને
હૃદયમાંથી જીવને દૂર કરતો,
શ્રી ચૌલુકયરાજા શત્રુના સૈન્યોને દાણાની માફક પિષવા લાગ્યો.

એ પ્રમાણે વૈરીમંડલને વાદળની માફક દૂર કરે છતે આગળ સ્ફુર્તિમાં આવેલા સૂર્યની માફક અર્ણોરાજને ભૂપતિએ જોયો.

બંને રાજાઓ એક બીજાની અલૌકિક સ્ફુર્તિ જોઈ રામ અને રાવણની માફક બહુ વૈર માનવા લાગ્યા અને તેજ વખતે વૈરને સફલ કરવાને જેમ મહાપરાક્રમી તે બંને જણે પોત પોતાના માનવોને આજ્ઞા કરીકે, તરત જ તેઓ ગજેંદ્રોને ચલાવવા લાગ્યા.

હવે અર્ણોરાજ અને કુમારપાલ બંને સાળો બનેવી થાય, એમ જાણી ઉપહાસની માફક ક્રોધવડે પરસ્પર ઉક્તિ પ્રત્યુક્તિ કરવા લાગ્યા.

हंहोश्याल ! तपस्विवत् स्वशिरसि क्षित्वा जटाः प्राक् त्वया,
भिक्षित्वा प्रतिमन्दिरं प्रतिपदं नष्टवा च नीतं जनुः ।
प्राप्तं पुण्यवशेन राज्यमधुना निःस्वेन चिन्ताश्मवत्,
भगिनीप्रेरणया कुतोऽद्य समरे व्यापद्यसे मत्करे ॥ १ ॥

" રે રે શાળા ! પ્રથમ તેં તપસ્વિની માફક મસ્તકે જટા ધારણ કરી ઘરે ઘરે ભિક્ષા માગી.

દરેક સ્થળે નાશીને પોતાને જન્મ ગાળ્યો છે અને

હાલમાં નિર્ધનને ચિંતામણી જેમ પુણ્યને લીધે તને રાજ્ય મળ્યું છે.

છતાં હાલમાં તારી બહેનના કહેવાથી આ યુદ્ધમાં મારા હાથે મરવાને શા માટે તું તૈયાર થયો છે ?

તે સાંભળી કુમારપાળ બોલ્યો;

भगिनीवल्लभ ! यज्जटादिधरणं शक्तस्य वा वैभवं,
रामादेरिव तद्विधिर्विंतनुते तत्तस्य नो दूषणम् ।
आजन्माऽपि परं त्वयाऽद्भुततमे राज्ये प्रवर्त्तिष्णुना,
दुःसाधं किमु साधितं कथय मे यद् दर्पमुत्सर्पसि ॥१॥

"હે ભગિની પતિ! પરાક્રમી પુરુષને જે જટાદિક ધારણ કરવુ અથવા વૈભવ પામવો તે દૈવકૃત હોય છે. વળી તે રામચંદ્રાદિકની માફક શોભાપાત્ર ગણાય છે, દૂષણ ગણાતું નથી.

પરંતુ જન્મથી આરંભીને આજ સુધી પણ બરોબર અદ્ભુત રાજ્યમાં તેં પ્રવૃત્તિ કરી છે, તો દુઃસાધ્ય એવું કાર્ય તેં શું કર્યું ? જેથી તું આટલો બધો ગર્વ કરે છે, એનો જવાબ આપ."

અર્ણોરાજ બોલ્યો. હે શ્યાલક ! સમર્થ શત્રુ રાજાઓને ભેદવામાં પ્રવીણ એવાં આ મારાં બાણ પ્રથમ ભિક્ષુક દશામાં રહેલા તારી ઉપર પડવા માટે લજ્જા પામે છે.

અતિશય મદોન્મત્ત હસ્તીઓને સંહારવામાં પ્રસિદ્ધ મહિમાવાળા સિંહના નખ વેગ સહિત શિયાળીઆ ઉપર પડે ખરા ?

કુમારપાળે કહ્યું. હે ભગિનીપતિ ! તારા બાણવડે એક પણ શત્રુ રાજા હણાયો હોય તે વાત કોઇ વખત મારા સાંભળવામાં આવી નથી. આવી ખોટી બડાઈ તું શા માટે જાહેર કરે છે ?

એમ છતાં જો તારી મહત્તા સત્ય હશે, તો ગર્વિષ્ટ રાજાઓના પ્રાણ હરવામાં કુશળ, એવા મારા બાણોને યુદ્ધમાં કોઈ પણ રીતે તું રોકી શકીશ.

ચૌલુક્ય તથા અર્ણોરાજ

ચૌલુક્ય તથા અર્ણોરાજ, એ બંને રાજાઓએ પરસ્પર યુદ્ધની ઇચ્છા કરી, તેટલામાં તે બંનેના ગજેંદ્રો દુર્મત્ત થઈ યુદ્ધ કરવા માટે દોડવા લાગ્યા.

પ્રહાર કરવાની ઈચ્છાથી સન્મુખ આવતા ચૌલુક્યના હાથીને જોઇ,

ચારભટ નામનો અર્ણોરાજનો માવત પવનના ચક્રની માફક પોતાના ગજેંદ્રને અત્યંત ભમાવવા લાગ્યો અને પોતે અતિ બળવડે મૃગેંદ્રની માફક સિંહનાદ કરવા લાગ્યો,

જેથી પર્વતોની ગુહાઓ ગર્જના કરવા લાગી, એટલુંજ નહીં પણ સત્ય સિંહનાદની માફક ચારભટે કરેલા સિંહનાદે અન્ય હાથીઓનો મદ ઉતાર્યો.

વળી તે સિંહનાદ સાંભળવાથી ઘોડાઓ બંધન તોડીને ત્રાસ પામવા લાગ્યા,

સત્વહીન પુરુષો મૂર્છિત થઈ ગયા અને શૂરવીર પુરુષો કંપવા લાગ્યા.

અર્ણોરાજના હાથીના ભ્રમણથી અને ચારભટે કરેલા સિંહનાદથી મહા બળવાન પણ ગુર્જરેંદ્રનો હાથી ભયભીત થઈ પાછો વળ્યો.

પછી ગુર્જરેંદ્રના માવતે શત્રુના હાથીને હણવા માટે બહુ જોસથી પ્રેરેલો હાથી ફરીથી સિંહનાદ સાંભળી પાછો પડયો.

કુમારપાળ રાજાએ પોતાના હાથીને પાછો પડતો જોઈ શ્યામલને કહ્યું.

આ હાથી યુદ્ધમાંથી વારંવાર કેમ પાછો પડે છે?

શ્યામલ બોલ્યો. હે દેવ! ચારભટ નામે સુભટ પ્રથમ જે આપની પાસે હતો, તે હાલમાં આપને રાજ્ય મળવાથી રીસાઈને આપના ત્યાંથી નીકળી આ શત્રુને મળેલો છે.

તે ચારભટ પોતાના હાથીને ભમાવે છે અને વારંવાર સિંહનાદ કરે છે, તેથી આ હાથી યુદ્ધમાં કુશળ છે, તો પણ બીકણની માફક ભયને લીધે નાશી જાય છે.

તેજ વખતે ભૂપતિએ પોતાની બુદ્ધિથી શ્યામલની પાસે છરીથી વસ્ત્ર ચીરીને હાથીના કાન પુરાવી દીધા.

કાન પુરાવાથી સિંહનાદ તેના સાંભળવામાં આવ્યો નહીં એટલે તે હાથી શત્રુના હસ્તી પ્રત્યે નિર્ભય થઇ યુદ્ધ કરવા માટે દોડયો.

બંને હસ્તીઓ એક બીજાને પ્રહાર કરતા અને ચક્રની માફક વારંવાર ભ્રમણ કરવા લાગ્યા.

સુંઢના અગ્ર વડે બહુ ક્રોધથી પરસ્પર પકડવાનો દાવ શોધતા હતા,

મદ્યપનથી અત્યંત ઉન્મત્ત થયેલા અને લાલ નેત્ર કરી તે બંને હાથીઓ પિતૃ વૈરની જેમ યુદ્ધ કરવા લાગ્યા.

એમ બંને હાથીઓને યુદ્ધ કરતા જોઈ બંને રાજાઓ પણ ક્રોધથી બાણોની વૃષ્ટિ કરતા છતા ભારે યુદ્ધ કરવા લાગ્યા.

અતિ ઉત્કટ એવા તે બંનેના સંગ્રામને કૌતુકથી જોતા કેટલાક સુભટો ચૌલુક્ય પક્ષના હતા અને કેટલાક અર્ણોરાજની તરફના હતા.

વળી હું માનું છું કે; તેમનાં બાણો એટલાં બધાં અવર નવર પડતાં હતાં કે, જેમની અંદર શૂર પુરુષ પણ કપાવાના ભયને લીધે જેમ પોતાના હાથ લંબાવતા નહોતા.

બહુ ક્રોધથી અખંડિત ધારાએ બાણ વૃષ્ટિને વિસ્તારના બંને રાજાઓના તૂણીર (ભાથાઓ) વહુ બાણોને લીધે અક્ષય બાણવાળા થયા.

પરસ્પર મૂકેલો અને મધ્ય ભાગમાં કમળનાલની માફક ખંડિત કરેલો બાણોનો ઢગલો બંને હાથીઓની વચ્ચે હાથી પ્રમાણ થઈ ગયો હતો.

ધનુષ પ્રત્યંચા (દોરી) અને બાણને વારંવાર છેદતા બંને રાજાઓ કર્ણ અને અર્જુનની માફક અધ્યક્ષ બની ચિરકાળ આશ્ચર્ય કરવા લાગ્યા.

જુગારીઓ પાશાઓ વડે પાશાઓને તેમ તે બંને રાજાઓએ યથોચિત શાસ્ત્રોવડે અન્ય શાસ્ત્રોનો છેદ કરી ઘણો સમય યુદ્ધ ક્રીડામાં વ્યતીત કર્યો.

ત્યાર બાદ અર્ણોરાજનાં અસ્ત્રોવડે નિર્ધનના મનોરથની જેમ પોતાનાં અસ્ત્રો મધ્ય ભાગમાં છેદાયેલાં જોઈ ચૌલુક્યને બહુ ક્રોધ થયો.

જેથી તે સિંહની માફક હાથી ઉપરથી ફાળ મારીને વીજળીની જેમ શત્રુના હાથીપર પડયો.

પછી તરત જ તેણે છરીવડે બાંધેલી દોરી કાપી નાખી અને શત્રુને પલાણ સહિત હાથી ઉપરથી નીચે ફેંકી દીધો.

તેના સૈનિકો પણ જોઇ રહ્યા હતા, છતાં પણ તેની છાતીપર પગ મૂકી હાથમાં તરવાર કંપાવતો શ્રીકુમારપાળ બોલ્યો.

રે રે! મૂર્ખ! દુષ્ટ વાચાલ! સોગઠાં બાજી રમતાં હાસ્યથી ગૂર્જરો મુંડિત છે, એમ જે જીભથી વારંવાર તું બોલતો હતો, તે તારી જીભને આ તરવાર વડે કંઠ માર્ગે ખેંચી લઈ હાલમાં મારી બહેનની પ્રતિજ્ઞા હું પૂરણ કરીશ.

એમ કહી શ્રીકુમારપાલરાજાએ શૌર્યવડે સ્ફુરણાયમાન યમ સમાન પોતે તેની જીભ ખેંચવા માટે શસ્ત્ર તૈયાર કર્યું.

પૂર્વ કાલમાં મુરારિએ દુષ્ટબુદ્ધિવાળા કંસની જેમ કુમારપાળે લોકોના દેખતાં શત્રુને દબાવી દીધો.

પોતાના સ્વામીની તેવી દુર્દશા જોતા છતા પણ તેના સુભટો કુમારપાળની સામા થયા નહીં, કારણ કે દરેકને મરણ ભય મોટો હોય છે.

સિંહના ચરણથી દબાયેલા મૃગની માફક મૃત્યુના મુખમાં આવી પડેલો અર્ણોરાજ બોલ્યો.

હે શરણ્ય! મારૂં રક્ષણ કર, રક્ષણ કર, તેવી તેની અવસ્થા અને દીનવાણી વડે રાજાને દયા આવી.

જેથી તેની છાતીપરથી પોતાનો પગ ઉઠાવી લઇ તેણે કહ્યું.

હે અર્ણોરાજ! દયાવડે હું તને મુકત કરૂં છું,

પરંતુ જીવતા છતાં તારે પોતાના દેશમાં જીભના આકર્ષણનું ચિહ્ન કંઠને વિષે ધારણ કરવું કે; આજ સુધી તારા દેશના લોકો મસ્તકે વસ્ત્ર બાંધતા હતા. અને હવેથી ડાબા જમણી બંને બાજુએ તેઓ જીભના આકારવાળા બંને છેડાઓ મૂકે.

તેમજ પાછળ પણ એક જીભનો છેડો લટકતો રહે.

આ પ્રમાણે મારા હુકમથી તારે પ્રવૃત્તિ કરવી. જેથી આ દુનિયામાં મારી બહેનની પ્રતિજ્ઞા પૂર્ણ થવાની પ્રસિદ્ધિ થાય.

અર્ણોરાજે તે પ્રમાણે કુમારપાલનનું વચન માન્ય કર્યું.

પછી ભૂપતિએ અર્ણોરાજને કાષ્ટના પાંજરામાં પૂરી પોતાના સૈન્યની વચ્ચે લવરાવ્યો.

તે સમયે કુમારપાલના સૈન્યમાં હૃદયને આનંદ આપનાર જય-ધ્વનિ થયો.

વાજીંત્રોના નાદ થવા લાગ્યા.

જેમના સાંભળવાથી વૈરીઓના કાન બહુ પીડાવા લાગ્યા.

તેમજ તે ચૌલુક્યનું સૈન્ય જોઇ કેલ્હણાદિક સામંતો લજ્જા પામ્યા અને ભયને લીધે કંપવા લાગ્યા, એમાં કંઈ આશ્ચર્ય નથી.

કારણ કે, સ્વામી દ્રોહિઓના હૃદયમાં ભીતિ રહ્યા કરે છે.

પરંતુ કુમારપાલે મસ્તક કાપવા તૈયાર થયેલા એવા પણ તે સામંતોને ઠપકો આપ્યો નહીં, કારણ કે તેવા સજ્જન પુરુષો મહા-સાગરની માફક ગંભીર હોય છે.

ત્રણ રાત્રી સુધી પોતાનાં સૈન્યમાં અર્ણોરાજને રાખ્યો, પછી વસ્ત્રાદિક અલંકાર પહેરાવી રાજ્ય આપી પોતાનો બનેવી જાણી કુમાર-પાલે તેને વિદાય કર્યો.

તે પણ પોતાના સ્થાનમાં ગયો. જીવતો મરેલાની માફક હૃદયમાં બહુ પીડાને ધારણ કરતો તે વિચાર કરવા લાગ્યો.

અહો ! હાસ્ય કરવાથી કેવો દુઃખસાગર મને પ્રાપ્ત થયો.

જેની અંદર જીવિત, વંશ અને રાજ્ય એ સર્વે લોઢાની માફક ડૂબી જાય છે.

વળી લોકો કહે છે કે, હાસ્ય કરવું તે અધું વૈર ગણાય છે.

એ વાક્ય સર્વથા અસત્ય છે. કારણકે પરિણામે મૃત્યુ થવાથી હાસ્ય એજ સંપૂર્ણ વૈર છે.

અથવા હાસ્ય કરવાથી શું ? આ દુઃખ માત્ર મારી સ્ત્રીએ જ હોય છે.

ખરેખર હું માનું છું કે, દુઃખરૂપી ઝાડનું મૂલ સ્ત્રીઓ જ હોય છે.

અનર્થનું મૂળ કારણ, સંસારદ્વારને ઉઘાડવાની કુંચી, કજીઆનું સ્થાનનું સ્થાન અને વિપત્તિઓનો ભંડાર એવી સ્ત્રી જાતિને ધિક્કાર છે."

"લંકા અને કુરૂદેશમાં કરોડો પરાક્રમી સુભટોનો નાશ થવાથી રામાયણ અને મહાભારત થયું. તેનું પણ મૂળકારણ સ્ત્રીઓ જ હતી"

રાક્ષસી સમાન તે સ્ત્રીઓ વડે તેવા રાવણાદિક ઉત્તમ પુરુષો પણ ક્ષય પામ્યા,

હું તો જીવતો રહ્યો છું, તે કંઇક સારૂં થયું.

ત્યારબાદ અર્ણોરાજ હમેશાં શ્રીકુમારપાલની આજ્ઞામાં રહી રાજ્ય કરવા લાગ્યો. કારણકે દૈવની આગળ કોઈની સત્તા ચાલતી નથી.

પછી શ્રી કુમારપાળરાજા ત્યાંથી કૃતાર્થ થઈ પાછા વળ્યા.

મેડત સ્થાનને માર્ગમાં પોતાના પરાક્રમવડે સ્વાધીન કર્યું. તેમજ પલ્લીકોટને સૈનિકો પાસે કબજે કરાવ્યો.

પછી રાજાએ દરેક ઠેકાણે એકઠા થયેલા પુણ્યની માફક ચૈત્યોને જોઇ પોતાના મંત્રી વાગ્ભટને પૂછ્યું.

માલવદેશના રાજાઓ દુર્જન પુરુષો જેમ પોતાના સત્કર્મોને તેમ પોતાની કીર્તિ માટે ચૈત્યોને પાડી નાખે છે. પિતૃના નાશની માફક આ કામ કરવું તેમને ઉચિત નથી,

આ દેશમાં ધર્મની જાગૃતી માટે હવે શું કરવું ?

વાગ્ભટ વિચાર કરી બોલ્યો. હે દેવ ! પુણ્ય રાશિની પુષ્ટિ માટે તિલ પીલવાના યંત્રો સૈનિકો પાસે ભાગી નંખાવો.

આ પ્રમાણે મંત્રીનો અભિપ્રાય સ્વીકારી સૈનિકોને આજ્ઞા કરી કે, તેઓએ મૂર્તિમાન પાતકોની માફક સર્વ તિલયંત્રો ચૂરી નાખ્યા.

ત્યાર બાદ શ્રીકુમારપાળરાજા ચંદ્રાવતીનગરીમાં આવ્યા ત્યાં પૂર્વની જેમ અગ્નિયંત્ર તૈયાર કરાવી દુષ્ટબુદ્ધિ વિક્રમસિંહરાજા કુમારપાલની પાસે આવ્યો અને પોતાને ત્યાં ભોજન માટે તેણે બહુ આગ્રહ કર્યો.

રાજા મનમાં સમજી ગયો. આ વિક્રમસિંહ બહુ દુષ્ટ છે, કારણ કે બુદ્ધિમાન પુરુષો અન્યનો આશય જાણી જાય છે.

પછી અગ્નિ યંત્ર કુમારપાલના જોવામાં આવ્યો, તેથી તેણે મલ્લો પાસે વિક્રમસિંહને બંધાવી તેનું કપટ જાહેર કર્યું અને તેનું મકાન બાળી નંખાવ્યું.

ત્યારબાદ ગુર્જરેશ્વરે મલ્લોની પાસે તેનાં અંગ સાંધામાંથી ઉતારીને આસ્તરણ વિનાના ગાડામાં બેસારી પોતાની સાથે તેને ચલાવ્યો.

ગાડામાં બેઠેલો તે વિક્રમસિંહ નીચા ઉંચા માર્ગમાં ગાડાના ધબકારાથી આમ તેમ માથુ ભટકાવાને લીધે બહુ દુઃખી થયો અને બહુ પોકાર લાગ્યો, જેથી હું માનું છું કે,

પોતાની દુર્દશા જોઈ તે પોતાના સેવકોને શિખામણ આપતો હતો કે, કોઈએ સ્વામી દ્રોહ કરવો નહીં.

વળી તે પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે; મારી દુર્બુદ્ધિને ધિક્કાર છે, કારણ કે મારા માણસોએ મને બહુ વાર્યો, છતાં પણ મેં પોતાના અનર્થની જેમ સ્વામીદ્રોહ કાર્યો રૂપી વૃક્ષનું આ દુઃખરૂપી પુષ્પ મળ્યું છે. હવે એનું ફલ શું મળશે, હું જાણતો નથી.

એ પ્રમાણે વિચાર કરતો દુઃખથી પીડાતા અને કાંતિહીન થયેલો તે રાજા રૂદન કરતો હતો.

આ લોકમાં પણ તીવ્ર પાપથી પ્રગટ થયેલા નારકીની પીડાનો અનુભવ કરતો હોય તેમ તે દુઃખી થયો.

તેમજ તેની દુર્દશા જોઈ કેટલાક સુભટોને દયા આવી, તેથી તેમણે કુમારપાલને વિનતિ કરી તેમની આજ્ઞાથી તેની નીચે ઘાસની પથારી કરી આપી.

રાજધાની પ્રવેશ

અનુક્રમે ગુર્જરેશ્વર શ્રીકુમારપાલરાજા મહોત્સવપૂર્વક પાટનગરમાં ગયા. હે ભગિનિ ! તારી પ્રતિજ્ઞા પૂર્ણ કરી, એમ કહી તેણે પોતાની બહેનને પ્રસન્ન કરી.

તે સાંભળી દેવલદેવી કૃતાર્થની માફક બહુ ખુશી થઈ અને પોતાના બંધુને મનોહર અનેક આશીર્વાદ વડે સંતુષ્ટ કર્યો.

પછી કુમારપાલે પોતાની બેનને સાસરે જવાનું કહ્યું પણ અભિમાનને લીધે તે ત્યાં ગઇ નહીં, પરંતુ તપશ્ચર્યા કરતી તે પોતાના બંધુ પાસે જ રહી.

ત્યારબાદ સભામાં બેઠેલા કુમારપાલે વિક્રમસિંહને પોતાની પાસે બોલાવ્યો. મલ્લો પાસે તેનાં અંગ ચઢાવીને સાજાં કરાવ્યાં.

પછી સામંતલોકોને સાંભળતાં તેણે પૂછયું.

રે દુર્જનશિરોમણિ ! તું સાચું બોલ ? અગ્નિયંત્રથી રાજાઓને મારવા અને સામંતોને ન મારવા એવી શિખામણ તને કયા હિતેચ્છુએ આપી હતી.

તારા બનાવેલા તે અગ્નિયંત્રમાં પશુની માફક કુંટુંબ સહિત તને જો હોમું તો તારું શું થાત ?

એ પ્રમાણે તને બહુ ધિક્કારી કુમારપાલે ક્રોધથી નરકાવાસની માફક ક્લેશમય કારાગૃહમાં નાખી દીધો અને રામદેવનાપુત્ર **યશોધવલ** નામે તેના ભત્રીજાને ચંદ્રાવતી નગરીનો અધિપતિ કર્યો.

બાદ નિગ્રહ કરવા લાયક કેલ્હણાદિક સામંતોનો યથાયોગ્ય નિગ્રહ કરી પોતે ઐશ્વર્યરૂપ કમલ-કમલા=લક્ષ્મીનો પુષ્પાંધય-ભ્રમરની માફક અનુભવ કરવા લાગ્યો.

મલ્લિકાર્જુન ભટ

એક દિવસ શ્રીકુમારપાલરાજા સભામાં બેઠા હતા, તેવામાં ત્યાં કોકણ દેશનો અધિપતિ મલ્લિકાર્જુન નામે રાજાનો ભટ આવ્યો.

અનેક વાક્પતિ-બૃહસ્પતિ=બુદ્ધિમાન્ પુરુષો જેની અંદર બેઠેલા એવી સભાને જોઇ તે ભટના મનમાં આશ્ચર્ય થયું કે, આ સભાની આગળ સ્વર્ગસ્થાન પણ નિરર્થક છે.

પછી ભટ્ટે આશીર્વાદ આપ્યો. રાજા તેની પર પ્રસન્ન થયો.

પોતાની આગળ ભટને બેસાર્યો, ભૂપતિએ પૂછયું.

તું કોણ છે ? અને કોની પાસે રહે છે ? ભટ્ટ બોલ્યો.

भंक्त्वा प्रौढकलानिलापतिवरान् दुर्वारदोर्विक्रमै-
रात्मीयान् विरचट्य चानवरतं तान् पालयन् पौत्रवत् ।
धत्ते ' राजपितामहे ' ति बिरुदं यो विश्वविश्वैश्रुतं,
सोऽयं राजति मल्लिकार्जुननृपः कोदण्डविद्यार्जुनः ॥ १ ॥

"દુઃખે વારી શકાય તેવા ભુજદંડના પરાક્રમ વડે પ્રૌઢ કલાવાન રાજાઓને જીતી પોતાને તાબે કરી હંમેશાં પૌત્રની માફક તેમનું પાલન કરતો અને

સર્વ જગતમાં પ્રસિદ્ધ 'રાજપિતામહ' એવા બિરૂદને જે ધારણ કરે છે, તે સુપ્રસિદ્ધ મલ્લિકાર્જુનરાજા વિરાજે છે.

વળી તે ધનુષવિદ્યામાં અર્જુનસમાન શોભે છે."

હે દેવ! તે નરેંદ્રનો હું ભટ્ટ છું અને ભટ્ટ લોકોએ ગવાયેલી, સર્વત્ર વ્યાપક અને સુપ્રસિદ્ધ આપની કીર્તિ સાંભળી હું અહીં આવ્યો છું.

મલ્લિકાર્જુનરાજાનું મોટું બિરૂદ સાંભળી શ્રીકુમારપાલરાજા ઘૃત (ઘી)થી તૃપ્ત થયેલા અગ્નિની જેમ ક્રોધથી બળવા લાગ્યો.

તેના બિરૂદનો નાશ કરવામાટે ભૂપતિએ સભા તરફ દૃષ્ટિ કરી એટલે તરતજ ઉદયનમંત્રીના પુત્રે **આમ્રભટે** હાથ જોડ્યા.

તે જોઈ રાજાને આશ્ચર્ય થયું, રાજાએ તેને એકાંતમાં બોલાવીને અંજલિનું કારણ પૂછયું.

આમ્રભટ બોલ્યો. હે દેવ! આપે તેનું બિરૂદ સાંભળી સભા તરફ દૃષ્ટિ કરી કે; જે એને મારે તેવો કોઇપણ સુભટ છે?

એવો તમારો અભિપ્રાય જાણી આપની આજ્ઞામાં તૈયાર થઇ મેં તે બીડું લેવા માટે આપની આગળ હાથ જોડ્યા.

પોતાનો અભિપ્રાય જાણવાથી ભૂપતિને ઘણો ચમત્કાર થયો અને પોતાના ચિત્તને જાણનાર આભટની તેણે પ્રશંસા કરી. ખરેખર આ જગતમાં ગુણવાનની કોઇ સ્તુતિ ન કરે?

તે જ વખતે ભૂપતિએ અદ્‌ભુત પ્રકારનાં છત્રાદિક રાજચિન્હ આમ્રભટને આપ્યાં અને તેને રાજા તરીકે કર્યો. કારણ કે તુષ્ટ થયેલો અધિપતિ કલ્પવૃક્ષની તુલના કરે છે.

દુર્વાર સૈન્ય ચક્ર આપી મલ્લિકાર્જુનને જીતવા માટે ચક્રવર્તિના ચક્રની જેમ આમ્રભટને ભૂપતિએ મોકલ્યો.

નદીનું પૂર જેમ વૃક્ષોને તેમ અનમ્રને ભાગતો અને નમ્રનું પાલન કરતો આમ્રભટ કલાપિનીનામે નદી ઉતરીને કોંકણ દેશની નજીકમાં ગયો.

ત્યાં તેણે વિશાળ પોતાના સૈન્યનો પડાવ કર્યો અને એક હોંશિયાર દૂતને મલ્લિકાર્જુનરાજા પાસે મોકલ્યો.

સંપત્તિઓની વિશ્રાંતિ સમાન તેના સ્થાનમાં જઈને તે દૂતે ભાલતી તથા શ્વેતસુવર્ણ સમાન કીર્તિને ધારણ કરનાર મલ્લિકાર્જુન-નરેંદ્રને પ્રણામ કર્યો.

પ્રસન્ન નેત્રોવડે રાજાએ તેનો સત્કાર કર્યો. પછી તેણે પૂછયું. તું કોણ છે? તે દૂતે જવાબ આપ્યો;—

न हस्त्यादि सैन्यं, न निशिततमः शस्त्रनिवहो,
न लौहः संनाहो-न गुमरुणिमंत्रौषधिबलम् ।
यदुग्रासेस्त्रातुं, सहमिति विहायैतदखिलं,
तृणं वक्त्रेष्वेकं, दधति रिपवस्त्राणनिपुणम् ॥ १ ॥

"હાથી વિગેરે સૈન્ય, તીક્ષ્ણધારવાળાં શસ્ત્રો, લોખંડનાં બકતર, તથા મોટા મણિ, મંત્ર અને ઔષધિઓનું બલ જેના ઉગ્રખડ્ગથી રક્ષણ કરવા માટે સમર્થ નથી,

એમ જાણી એ સર્વનો ત્યાગ કરી શત્રુઓ પોતાનું રક્ષણ કરવા સમર્થ એવા એક તૃણ-ઘાસને મુખની અંદર ધારણ કરે છે."

તેમજ શત્રુરૂપી વંશ (વાંસડાઓ)ને બાળતો જેનો પ્રતાપરૂપી દાવાનળ તેમની સ્ત્રીઓના અશ્રુપ્રવાહ વડે કોઇ વખત શાંત થાય છે.

તે શ્રીકુમારપાલરાજા સભામાં બેઠા હતા, ત્યારે કોઇક માગધના મુખથી 'રાજપિતામહ' એવું તાજું બિરૂદ તેમના સાંભળવામાં આવ્યું.

મેઘના મોટા ગર્જારવને જેમ સિંહ તેમ તે બિરૂદને નહી સહન કરતો ગુર્જરેંદ્ર યમની માફક તારી ઉપર કોપાયમાન થયો છે અને તે ભૂપતિએ તેજ વખતે કણની માફક તને પિસવાને શ્રીમાન્ આમ્રભટને રાજા બનાવી હાલમાં અહીં મોકલેલો છે.

સૈન્યવડે સાગરસમાન તે આમ્રભટ તમારા સીમાડામાં ઉતર્યો છે, તે બહુ ન્યાયવાન છે.

તેથી તમારા હિતને માટે તેમણે મને મોકલ્યો છે. યમરાજાની રાજધાની જોવાની ઈચ્છા ન હોય તો

તું પોતાના બિરૂદનો ત્યાગ કરી શ્રીકુમારપાલરાજાની સેવા કર ગર્વનો ત્યાગ કર. દેવની આજ્ઞા સમાન તેમની આજ્ઞાને તું મસ્તકે ધારણ કર તેમજ દરેક વર્ષે દંડ આપ.

નહિ તો શત્રુઓને ચૂરવામાં દીક્ષિત થયેલો તે આમ્રભટ કાષ્ટને અગ્નિ જેમ કુલ સહિત તને બાળી નાખશે.

મારૂં કહ્યું માનીશ, તો તું લાંબો વખત જીવતો રહીશ, નહીં તો ગર્વવડે રાવણની માફક તું જલદી મરી જઇશ.

એ પ્રમાણે દૂતનું વચન સાંભળી બહુ પ્રતાપી મલ્લિકાર્જુનરાજા પોતાના હૃદયમાં બળતા કોપરૂપી અગ્નિની જ્વાળાસમાન વચનો બોલવા લાગ્યો.

રે દૂત! મારા બિરૂદને અસત્ય કરવા માટે ઇંદ્ર પણ સમર્થ નથી, તો આ કુમારપાળ કોણ? તેમજ વળી રંક એવો આમ્રભટ કોણ છે?

શિયાળીઆના શબ્દોવડે ત્રાસ પામતો કેસરી પોતાના પરાક્રમથી મેળવેલું 'મૃગેંદ્ર' એ પ્રકારનું પોતાનું નામ છોડે ખરો?

વળી આ તારો સ્વામી જે મારી પાસેથી સેવાની ઇચ્છા રાખે છે, તે તુષાગ્નિના યોગવડે ઠંડકની ઈચ્છા કરે છે.

તેમજ આ તારો આમ્રભટ દંડ લેવા અહીં આવ્યો છે, પરંતુ હું તેને સંગ્રામ આપવાને તૈયાર છું. મને જોઈ લે, એ પ્રમાણે દૂતને ધિક્કારી તત્કાલ તેણે તેને વિદાય કર્યો.

પછી મલ્લિકાર્જુનરાજાએ પોતાના સમગ્ર સૈન્યને તૈયાર કરી પ્રયાણ કર્યું. તેના સૈનિકોએ આક્રમણ કરેલી પૃથ્વી અત્યંત પીડાયેલી સતી ધૂળના મિષવડે નાશીને આકાશનો આશ્રય લેતી હોય ને શું? તેમ

તે રાજા પોતાના નગરમાંથી નીકળી આમ્રભટના સૈન્યની નજીકમાં જઇ સૈન્યનો પડાવ કરી ત્યાં રહ્યો.

આમ્રભટનો વિજય

ચૌલુક્યના દૂતે પણ આમ્રભટના આગળ આવી મલ્લિકાર્જુનનાં સર્વ વચન નિવેદન કર્યા.

પ્રભાતકાળમાં ઉદ્ધત સુભટરૂપી તરંગોથી વ્યાપ્ત પૂર્વ અને પશ્ચિમ દિશાના સમુદ્ર સમાન તે બંને સૈન્યો યુદ્ધ માટે રણભૂમિમાં આવ્યા.

તેમજ તે સમયે પ્રૌઢ ગજેંદ્રપર બેઠેલા,

વિવિધ પ્રકારના શસ્ત્રોવડે ભયંકર,

હૃદયમાં ધૈર્યરૂપ અને બહારથી લોહમય કવચને વહન કરતા શ્રીઆમ્રભટ તથા શ્રી મલ્લિકાર્જુનરાજા બંને જણ ઉત્કટ પરાક્રમશાલી શરભ (સિંહવિશેષ)ની માફક એક બીજાની સુન્મુખ થયા.

યુદ્ધને ઉચિત અને વાણીથી ન કહી શકાય તેવી શરીરની આકૃતિ જોઈ તેઓ બંને હૃદયમાં ક્ષણમાત્ર પરસ્પર આશ્ચય પામ્યા.

આમ્રભટ બોલ્યો. હે રાજન્! આ સુભટોને લડાવીને મનુષ્ય-કીટોનો વિનાશ વ્યર્થ શામાટે કરવો જોઈએ?

'રાજપિતામહ' એ બિરૂદ તે પોતે જ મેળવેલું છે, માટે હાલમાં તારૂં પરાક્રમ જોવાની હું ઈચ્છા રાખું છું. ચાલો આપણે બંને યુદ્ધ કરીએ અને આ સર્વે સૈનિકો આપણા બંનેનું પરાક્રમ હાલમાં જાણી શકે.

તે સાંભળી મલ્લિકાર્જુન બોલ્યો.

હે મહા સુભટ! બહુ સારૂં, બહુ સારૂ. એમ તેની પ્રશંસા કરી અને વિશેષમાં તેણે કહ્યું કે,

આ તારા દૃઢ ધૈર્યવડે હું બહુ ખુશી થયો છું. તને અવશ્ય પ્રચંડ મારૂં ભુજબળ બતાવું.

પરંતુ તું વાણીઓ છે, માટે તને મારવાને સ્ફુરણાયમાન આ ભુજાબળ લજ્જા પામે છે.

વળી પૃથ્વીનેા ભંગ કરવામાં શક્તિવાળા પર્વતેાની પણ પાંખેાને જે વજ્ર પાષાણના ટુકડાને તેાડવા માટે ઉત્સાહ ધરાવે ખરેા ?

તે સાંભળી ફરીથી આમ્રભટ બેાલ્યેા.

ક્ષત્રિયપુત્ર શૂરવીર હેાય અને વણિકપુત્ર ન હેાય તે તારૂં માનવું અસત્ય છે. કેાઈક ક્ષત્રીય તેા ઘાસ કાપવામાં પણ અશક્ત હેાય છે અને કેાઈક વણિક પણ પર્વત ભેદવામાં વજ્રની માફક મહા પરાક્રમી હેાય છે.

જ્યાં સુધી શૌર્યરૂપી સુવર્ણને કસેાટી સમાન યુદ્ધ થાય નહીં, ત્યાં સુધી માત્ર બેાલવાથી ક્ષત્રિયતા અને વણિકપણું જણાતું નથી.

નપુંસકની માફક અતિ શૌર્યવડે આમ્રભટની ઉદ્ધતાઈ જોઈ મલ્લિકાર્જુન બહુ વિસ્મય પામ્યેા અને બેાલ્યેા,

चिकीर्षसि सरीसृपेश्वरशिरःशिखाकर्षणं,
जिहीर्षसि गजान्तकृद्विकृ (वृ) तवकजदंष्ट्रांकुरम् ।
दिधीर्षसि समीरणप्रबल कील दावानलं,
जिगीषसि यदद्य मां बलनिधिं वणिक्पुत्र ! रे ॥ १ ॥

"રે વણિકપુત્ર ! બલવાન્ એવા મને હાલમાં તું જે જીતવાની ઇચ્છા રાખે છે

તે શેષનાગના મસ્તકની શિખા ખેંચવા ધારે છે.

તેમજ સિંહની દંષ્ટ્રા (દાઢ) લેવાની ઇચ્છા કરે છે અને

પવનથી પ્રેરાયેલી પ્રબળ જ્વાલાવાળા અગ્નિને ધારણ કરવા બરેાબર છે.

તે સાંભળી આમ્રભટને બહુ ક્રોધ થયેા અને તે બેાલ્યેા.

વાચાલની માફક તારી વાકશૂરતા વૃથા છે. જો તારામાં પરાક્રમની શક્તિ હેાય તેા શસ્ત્ર ધારણ કર.

વળી "હે ક્ષત્રિય પુત્ર ! શલભ (પતંગીઆ)માં દીપ, પૃથ્વીમાં હળ,

વનમાં દાવાનલ, અંધકારમાં સૂર્ય.

મેઘમાં પવન, કિંપાકના ઝાડમાં કુઠાર (કુહાડો),
સર્પ ઉપર ગરૂડ, ગજેંદ્રપર સિંહ,
પાણીમાં ગ્રીષ્મઋતુ અને પર્વતમાં વજ્ર,
જે કામ કરે છે, તે કાર્ય હું વણિકપુત્ર તારે વિષે કરીશ.

એમ કહી આમ્રભટ બહુ ક્રોધથી બાણવૃષ્ટિ કરવા લાગ્યો. તે જોઇ મલ્લિકાર્જુને પોતાનાં બાણોવડે બહુ સહેલાઈથી તે બાણવૃષ્ટિ હઠાવી દીધી.

નભસ્તલ અને ભુતલમાં પણ સ્વેચ્છા પ્રમાણે ફરતાં બંને રાજાઓનાં બાણો પોતાનું પક્ષિપણું વિસ્તારવા લાગ્યાં.

તેમજ તેમણે મુકેલાં બાણો પણ ખરેખર યુદ્ધ કરવા લાગ્યાં,

પરસ્પર અથડાઈને જે બાણો ખંડિત થયાં તેઓ રણભુમિમાં નીચે પડતાં હતાં.

ગાઢ એવી મેઘવૃષ્ટિવડે તો એક સૂર્યની શોભા ક્ષીણ થાય છે, પરંતુ તેમની બાણવૃષ્ટિવડે તો સેંકડો શૂરાઓની શોભા હણાય છે.

જલદી બાણ નાખવાના અભ્યાસવાળા તથા ઉત્કટ હાથની લાઘવતા વડે યુદ્ધમાં તત્પર થયેલા આમ્રભટને મલ્લિકાર્જુન રાજાએ સાક્ષાત્ દ્રોણાચાર્ય સમાન માન્યો.

વળી તે સમયે આમ્રભટે પોતે ધનુષધારિપણાથી વીર માનનાર સુભટોને પણ ખુશી કરી વણિકજાતિના ક્લિબપણાનો દોષ દૂર કર્યો.

આમ્રભટ સેંકડો બાણ મૂકતો અને મલ્લિકાર્જુન તેમનું ખંડન કરતો, એમ તેઓ બંને વીર પુરુષો વજ્ર સંધયણવાળા હોયને શું? તેમ કિંચિત્ માત્ર પણ વિરામ પામતા નહોતા.

એ પ્રમાણે એકબીજાના શસ્ત્રોને પ્રતિશસ્ત્રોવડે ખંડન કરતા તે બંનેનું દેવ અને દાનવની માફક પ્રચંડ યુદ્ધ થયું.

મલ્લિકાર્જુનમરણ

ત્યારબાદ પોતાના હાથીપરથી કુદકો મારી વાનર જેમ વૃક્ષ પ્રત્યે તેમ આમ્રભટ નિર્ભય મનશ્રી ક્રીડાવડે શત્રુના હાથીપર ચઢી ગયો અને તેણે કહ્યું.

પ્રથમ તું મને પ્રહાર કર, અથવા હાલમાં ઈષ્ટદેવનું સ્મરણ કર.

રે ક્ષત્રિયોત્તમ ! હું વાણીયો છું, તો પણ તને મારૂં છું.

એ પ્રમાણે કહીને આમ્રભટે ખડ્ગવડે મલ્લિકાર્જુનનું મસ્તક દંડવડે વૃક્ષના ફલની જેમ છેદીને પૃથ્વીપર પાડી નાખ્યું.

શત્રુને માર્યો તે સમયે આમ્રભટની સ્તુતિ કરતા હોયને શું ? તેમ તેના સૈનિકો હર્ષવડે જયધ્વનિ વારંવાર કરવા લાગ્યા.

નિર્નાયકતાને લીધે રંકની માફક મલ્લિકાર્જુનના સૈનિકો આમ્રભટને સેવવા લાગ્યા. કારણ કે તેમને તે પ્રમાણે વર્તવું ઉચિત છે.

ત્યારબાદ મલ્લિકાર્જુનના મસ્તક સહિત બહુ ઋદ્ધિથી ભરેલા બજનાઓ તેણે પોતાને સ્વાધીન કર્યા.

તેમજ ઉત્તમ કોટીની સેના પણ પોતાને તાબે કરી.

પછી તે દેશમાં શ્રીકુમારપાળ રાજાની આજ્ઞા પ્રવર્તાવી.

આમ્રભટ એકદમ ત્યાંથી નીકળી પોતાના સ્વામી પાસે આવ્યો.

અનેક મંત્રી તથા સામંતોની સમક્ષ શ્રીકુમારપાલ રાજા સભામાં બેઠા હતા, ત્યાં આવી આમ્રભટે પોતાના સ્વામીના ચરણમાં મલ્લિકાર્જુનનું મસ્તક મૂકયું.

તેમજ શૃંગાર કોટી નામે એક સાડી,

માણિક્ય નામનું પટ–વસ્ત્ર,

પાપક્ષય નામે હાર.

વિષને દૂર કરનાર યોગસિદ્ધિ નામે શુક્તિ (છીપ)

ચૌદભાર પ્રમાણના બત્રીશ સુવર્ણકુંભ,

છ મુડા મૌક્તિક–મોતિ,

ચૌદકોટી સોનૈયા, એકસો વિશ ઉત્તમપાત્ર,

ચારદાંતનો હાથી અને શત્રુનો બજનો,

એ સર્વ સાર વસ્તુઓ લાવીને આમ્રભટે ભેટ કરી.

શ્રીકુમારપાલે તેવા પ્રકારની તેની ભેટ જોઈ મનમાં વિચાર કર્યો કે, ખરેખર આ શત્રુ અનેક પાર્શ્વમણિ તથા અતિશય સંપત્તિઓનો લુંટારો છે.

આ પ્રમાણે આમ્રભટનું પરાક્રમ જોઈ પ્રથમના સામંતો લજ્જા પામ્યા અને નીચે જવાની ઇચ્છા કરતા હોયને શું ? તેમ ભુતલનું અવલોકન કરવા લાગ્યા.

તે ચરિત્રવડે પ્રસન્ન થયેલા શ્રીકુમારપાલ ભુપતિએ 'રાજપિતામહ' એવું શત્રુનું બિરૂદ આમ્રભટને આપ્યું.

તે બિરૂદવડે ઉંચે સ્વરે માગધલોકોએ સ્તુતિ કરાયેલો આમ્રભટ કલ્પવૃક્ષની માફક તેમના દારિદ્રને દૂર કરતો પોતાના સ્થાનમાં ગયો.

મહાન્ પ્રતાપી શ્રીકુમારપાળે પોતાના પરાક્રમવડે પૃથ્વીનો જય કરી ગ્રીષ્મકાળનો સૂર્ય કાદવને જેમ સર્વ શત્રુકુલનો સંહાર કરી ઘણા સમય સુધી રાજ્ય પાલન કર્યું.

સોમનાથ પૂજારા

એક દિવસ શ્રીકુમારપાલરાજા ઉત્તમ પ્રકારના શણગાર સજી પ્રભાત કાળમાં સુધર્મા (દેવસભા)ની અંદર ઇંદ્ર જેમ સભામાં ગયા અને તેના મધ્યભાગમાં રહેલા પુરૂષ પ્રમાણ ઉંચા સોનાના સિંહાસન ઉપર મેરૂપર્વતના શિખરપર સૂર્ય જેમ વિરાજમાન થયા.

તેમના મસ્તક ઉપર પોતાના વિશુદ્ધ યશોરાશિરૂપ ચંદ્રના સાક્ષાત્ બિંબ સમાન ઉજ્જવલ છત્ર શોભતું હતું.

પોતાની કીર્તિવડે જીતાયેલી ગંગા નદીનો પ્રવાહ સેવા માટે આવ્યો હોય તેમ બંને શ્વેત ચામર તેમની બંને બાજુએ વીંઝતા હતા.

પોતાના મુકુટ મણિના કિરણોવટે ભુપતિના ચરણકમલને પ્રફુલ્લ કરતા મંત્રી, સામંત અને સેનાધિપતિ વિગેરે અધિકારિઓ સેવામાં હાજર હતા.

મહારાજાના સંબંધવાળા કેટલાક કવિ અને વ્યાસાદિકવડે પણ તે સભા કમલોવડે સરોવર જેમ શોભતી હતી.

તે સમયે પ્રભાસપાટણથી સોમનાથમહાદેવના કેટલાક પૂજારીઓ ત્યાં આવ્યા અને શ્રીકુમારપાલ નરેંદ્રને પ્રણામપૂર્વક વિનતિ કરી કહ્યું.

સોમનાથનું મંદિર કાષ્ટની અતિ જીર્ણતાને લીધે સમુદ્રના તરંગોવડે મૂળ વિનાના તટ પર રહેલા વૃક્ષની માફક હાલમાં પડી જાય છે.

હે દેવ ! સંસારથી આત્મોદ્ધારની માફક તે મંદિરનો જો ઉદ્ધાર કરાય તો આપને. ખજાનો પુણ્યશાળી થાય અને લોકમાં આપની અખંડિત કીર્તિ થાય.

એ પ્રમાણે પૂજકોનું વચન અંગીકાર કરી ભુપતિએ પોતાનું **પંચકુલ** ત્યાં મોકલ્યું અને સૂત્રધારો પાસે પત્થરનું મંદિર બંધાવવાનો પ્રારંભ કરાવ્યો.

પછી ભૂપતિએ પોતાની પાસમાં રહેલા શ્રી હેમચંદ્ર આચાર્યને પૂછયું.

હે ભગવાન્ ! મારા મનોરથની માફક એ મંદિર જલદી કેવીરીતે સિદ્ધ થાય તે કહો.

સૂરિએ વિચાર કરી કહ્યું.

હે રાજન્! તું કંઇક વ્રત ગ્રહણ કર, જેથી પુણ્યની વૃદ્ધિ થાય અને તે પુણ્યની વૃદ્ધિવડે તારૂં ધારેલું કાર્ય સિદ્ધ થશે, એમ કહી વિશેષમાં તેમણે જણાવ્યું કે;

જ્યાં સુધી એ મંદિર તૈયાર થાય, ત્યાં સુધી તારે બ્રહ્મચર્યવ્રત પાલવું.

વળી એ જો તારાથી ન થઇ શકે તો માંસનો નિષેધ કર.

જીવનો ઘાત થયા વિના કોઈ દિવસ માંસની પ્રાપ્તિ થતી નથી, અને જીવઘાત સમાન બીજું કોઈ દુષ્ટ કાર્ય નથી, માટે માંસનો ત્યાગ કરવો ઉચિત છે.

અદ્‌ભુત સ્વાદવાળું અન્ય ભોજન મળે છતે કયો બુદ્ધિમાન માંસ ભક્ષણ કરે ? કારણ કે; પોતાની પાસમાં અમૃત હોય છતાં વિષની ઇચ્છા કોણ કરે ?

મહાભારતના શાંતિ પર્વ વિગેરેમાં કહ્યું છે,

માંસનો ત્યાગ કરવાથી ઘણા રાજાઓ સ્વર્ગે ગયા છે, પણ

ભોગાદિવડે સ્વર્ગ મળતો નથી.

વળી હે દેવ ! માંસત્યાગનાં ભીષ્મપિતાએ કહેલાં કેટલાંક વચનો મહાભારતમાં રહેલાં છે,

न भक्षयति यो मांसं, न हन्यात्र च घातयेत् ।
स मित्रं सर्वभूतानां, मनुः स्वायंभुवोऽब्रवीत् ॥१॥

"જે પુરુષ માંસ ભક્ષણ કરતો નથી, તેમજ પશુ વધ કરતો નથી અને અનુમોદન પણ આપતો નથી,

તે સર્વ પ્રાણીઓનો મિત્ર ગણાય છે, એમ સ્વયંભૂ મનુએ કહ્યું છે."

દ્રવ્ય વડે જે ખરીદે છે તે હંતા–મારનાર, ઉપભોગવડે જે ખાય અને વધ બંધનવડે જે ઘાત કરાવે તે, ત્રણ પ્રકારનો વધ કહેવામાં આવ્યો છે.

તેમ યોજના કરનાર, અનુમોદન કરનાર, મારનાર, ક્રયવિક્રય કરનાર, સંસ્કાર કરનાર અને ઉપભોગ કરનાર એ સર્વે ખાદક (ખાનાર) કહ્યા છે.

સુવર્ણ, ગાય, ભૂમિ અને રત્નાદિકના દાનથી પણ માંસ નહીં ખાવામાં વિશેષ ધર્મ થાય છે. એમ શ્રુતિકારનું માનવું છે.

ચોમાસાના ચાર માસ સુધી જે માંસનો ત્યાગ કરે છે, તે પુરુષ કીર્તિ, આયુષ્, યશ અને બલ એ ચાર માંગલિકને પ્રાપ્ત કરે છે.

માંસની માફક મદ્ય પણ વૈકલ્યાદિક અનેક દૂષણોને પ્રગટ કરે છે. માટે બુદ્ધિમાન પુરુષે ઇષ્ટ કાર્યની સિદ્ધિ માટે માંસ તથા મદ્યનો સર્વથા ત્યાગ કરવો.

હે રાજન્ ! તું પણ પોતાના ઇષ્ટ કાર્યની સિદ્ધિ માટે મદ્ય માંસનો ત્યાગ કર.

એ પ્રમાણે ગુરુનું વચન સાંભળી ભૂપતિએ મદ્ય માંસના ત્યાગની પ્રતિજ્ઞા કરી.

પછી મહાપરાક્રમી ભૂપતિ તે કામમાં રહેલા લોકો માટે કાર્યવાહક ઉપર હંમેશાં અનેક સુવર્ણ કોટી મોકલતો હતો. કારણકે

"પોતે આરંભેલા કામમાં કયો માણસ ઉદ્યમી ન હોય?" બે વર્ષની અંદર તે ચૈત્ય તૈયાર થઈ ગયું.

ભૂપતિએ પોતાનો નિયમ છોડવા માટે સૂરીંદ્રને પૂછયું;

ગુરુ મહારાજ બોલ્યા, જો કે ચૈત્ય તો પુરૂ થયું છે તો પણ તારો નિયમ તો શિવયાત્રા કરીને તેમની આગળ મૂકવો તે યોગ્ય છે.

એ પ્રમાણે ગુરુનું વચન કુમારપાળે માન્ય કર્યું. ગુરુમહારાજ પોતાના સ્થાનમાં ગયા.

પછી ભૂપતિએ તુષ્ટ થયેલા ભક્તની માફક સભાની અંદર આચાર્યના ગુણગ્રામની પ્રશંસા કરી.

તે સાંભળી પુરોહિતના હૃદયમાં ઈર્ષ્યા ઉત્પન્ન થઈ અને એકદમ તે શિખા સુધી બળતો હોયને શું? તેમ તપી ગયો. કારણ કે ખલ પુરુષોનો એવો સ્વભાવ હોય છે.

વળી વિશેષમાં તેણે કહ્યું; હે દેવ! તમારા ચિત્તને વશ કરવા માટે આ શઠ આચાર્ય તમારા ઇષ્ટધર્મનો ઉપદેશ કરે છે. પરંતુ તે શત્રુની માફક તમારી પર રાજી નથી જ.

જો એમ ન હોય તો એ પણ સોમનાથના દર્શન માટે આપની સાથે આવે. પરંતુ તમે કહેશો તો પણ તે આવશે નહીં.

સોમનાથની યાત્રા

સોમનાથની યાત્રા કરવા જવું એવો નિશ્ચય પોતાના મનમાં કરી ભૂપતિએ પ્રભાતકાળમાં હેમાચાર્ય આવ્યા એટલે યાત્રા માટે પ્રાર્થના કરી.

આ સર્વ પુરોહિતનું દુરાત્મપણું છે, એમ જાણી ચૌલુક્ય (કુમારપાળ)ને જૈન ધર્મી કરવા માટે સૂરીશ્વરે કહ્યું.

હે રાજન! ભુખ્યા માણસને ભોજન માટે શું નિમંત્રણ કરવું પડે ખરૂં? તેમજ મહાત્માને યાત્રા માટે કોઈપણ સમયે ઘણું શું કહેવું પડે?

તીર્થયાત્રા કરવી એજ મારૂં મુખ્ય કર્તવ્ય છે, તીર્થાટન વિના ક્ષણમાત્ર પણ મને હારેલા જુગારીની માફક સુખ પડતું નથી.

એમ સૂરીશ્વરે કહે છતે રાજાએ પુરોહિતના સન્મુખ જોયું. તે સમયે તેની મુખાકૃતિ મષીથી લિંપાયેલી હોય તેમ શ્યામ થઇ ગઇ.

કુમારપાળે કહ્યું. હે સૂરીંદ્ર ! આપને આવવાની ઇચ્છા હોય તો આપ બેસવા માટે સુખાસન(પાલખી) નો સ્વીકાર કરો.

આચાર્ય બોલ્યા. હે રાજન્ ! અમે પાદચારી છીએ. અમારે સુખાસનનું શું પ્રયોજન છે ?

વિવેકી એવો ગૃહસ્થ માણસ પણ તીર્થયાત્રામાં વાહન વડે ચાલતો નથી, તો હંમેશાં પાદચારી જે યતિ–ચારિત્રધારી હોય તે કેવી રીતે વાહનમાં બેસે ?

માટે હાલમાં તમને પૂછીને થોડો થોડો (ટુંકો) વિહાર કરી શ્રીશત્રુંજયની યાત્રા કરી પ્રભાસપાટણમાં હું મળીશ.

એમ કહી તેજ વખતે રાજાને પૂછી તીર્થયાત્રા માટે હેમચંદ્રસૂરિએ પ્રયાણ કર્યું. "ખરેખર સંતપુરુષો સત્યવાદી હોય છે."

તે સમયે પ્રૌઢ સંપત્તિઓવડે લોકોને આશ્ચર્ય પમાડતા શ્રીકુમારપાળે પણ ચક્રવર્તીની જેમ યાત્રાપ્રયાણ કર્યું.

અનુક્રમે ચાલતો શ્રીગૂર્જરેશ્વર કેટલાક દિવસો વડે પ્રભાસપાટણમાં ગયો અને મેઘના આગમનને જેમ મયૂર તેમ સૂરિના આગમનની વાટ જોવા લાગ્યો.

સોમનાથને નમવા માટે કુમારપાળ જેટલામાં પ્રયાણ કરે છે, તેટલામાં સ્નેહી બંધુ જેવા હેમચંદ્રસૂરિ ત્યાં આવ્યા અને રાજાને મળ્યાં.

હેમચંદ્રસૂરિનાં દર્શન થવાથી ચૌલુક્યનો આનંદસાગર બહુ ઉછળવા લાગ્યો, તેમાં કંઇ આશ્ચર્ય નહીં.

રાજા પ્રફુલ્લમુખે બોલ્યો. હે સૂરીંદ્ર ! પરિણેતાની માફક આપે આવેલી વેળાને (સમય) સારી રીતે સાધી.

એમ કહી ભૂપતિ બહુ પ્રેમવડે આચાર્યને સાથે લઈ સોમનાથને નમવા માટે મોટો ઉત્સવ પૂર્વક ચાલ્યો.

પોતે બનાવેલા અવર્ણનીય દેવાલયની વિમાન સમાન સુંદરતા જોઈ કુમારપાળના હૃદયમાં હર્ષ માયો નહીં. શરીર રોમાંચિત થઈ

ગયું. આનંદસાગરમાં મગ્ન થઈ ભૂપતિએ વિનયપૂર્વક મહેશ્વરને નમસ્કાર કર્યો.

જૈનો જિનેંદ્ર વિના અન્ય દેવને નમતા નથી. એ પ્રમાણે લોકોક્તિનો જાણકાર ગૂજરેશ્વર બોલ્યો.

હે પ્રભો ! આપને યોગ્ય લાગે તો શંકરને વંદન કરો.

હે રાજન્ ! એમાં શું કહેવું ? આ સર્વ પ્રયાસ દેવવંદન માટે જ છે. એમ કહી હેમચંદ્રસૂરિએ ઉચ્ચસ્વરેગંભીર સ્તુતિ કરી.

भवबीजाङ्कुरजनना–रागाद्याः क्षयमुपागता यस्य ।
ब्रह्मा वा विष्णुर्वा, महेश्वरो वा नमस्तस्मै ॥

"સંસારરૂપી બીજાંકુરને ઉત્પન્ન કરનાર રાગાદિક વિષયો જેના ક્ષીણ થયા હોય, તે બ્રહ્મા, વિષ્ણુ અથવા શંકરને નમસ્કાર થાઓ."

यत्र तत्र समये यथा तथा, योऽसि सोऽस्यभिधया यया तया ।
वीतद्वेषकलुषः स चेद्भवा–नेक एव भगवन्नमोऽस्तु ते ॥

"હે ભગવન્ ! ગમે તે સમયે, ગમે તે પ્રકારે, ગમે તે નામ વડે ગમે તે હો, પરંતુ તે આપ એક જ રાગાદિક દોષથી રહિત હો, તો તમને મારો નમસ્કાર છે."

વગેરે સ્તુતિ પાઠ વડે શ્રીહેમચંદ્રસૂરિએ **સોમનાથની** સ્તુતિ કરી, પણ વસ્તુતઃ પોતાના ઈષ્ટદેવ **શ્રી વીતરાગ** ભગવાનની જ તેમણે સ્તુતિ કરી.

પરમાત્મ રૂપી સાગરને અનુસરતી, અવિરોધપણે સૂરીશ્વરે રચેલી સ્તુતિ રૂપ નદીને જાણી શ્રીકુમારપાળ ભૂપતિ ચમત્કાર પામ્યો.

ત્યાર બાદ ભૂપતિ યાત્રાને ઉચિત સર્વ કાર્ય સમાપ્ત કરી શ્રીહેમચંદ્રસૂરિ સાથે દેવના ગભારામાં ગયા. અને કહ્યું,

હે પ્રભો ! મહાદેવ સમાન દેવ નથી. તમારા સરખા મહર્ષિ નથી તેમજ મારા સરખો બીજો તત્ત્વાર્થી નથી.

વળી આ તીર્થમાં ઉત્કૃષ્ટ પ્રગટ થયેલા પ્રાચીન પુણ્ય યોગને લીધે ત્રિવેણીના સંગમની જેમ હાલમાં આ ત્રિક (ત્રિપુટી)નો યોગ પ્રાપ્તિ થયો છે.

પરસ્પર વિરૂદ્ધ સિદ્ધાંતવાદમાં ભ્રાંત થયેલા પુરુષોના વાગ્જાલરૂપ કાંકરાઓવડે સત્યધર્મ, સત્ય દેવ અને સત્ય તત્ત્વો રત્નની જેમ આચ્છાદિત થઈ ગયાં છે.

માટે હે ભગવન્ ! સત્ય વિચારી કરી દ્વેષરહિતપણે આ તીર્થમાં મને કહો કે; સત્યધર્મ કયો ? સત્યદેવ કયો ? અને મોક્ષ લક્ષ્મી આપનાર તત્ત્વ કયું ? જેથી હું હંમેશાં તેના ધ્યાનરૂપી ગંગાજલ વડે મલીન વસ્ત્રની માફક મારા આત્માને શુદ્ધ કરું.

આપ સરખા ગુરુ મળવાથી પણ જો તત્ત્વનો સંશય રહે, તો સૂર્યના ઉદયમાં પણ વસ્તુ નહીં દેખાવા બરોબર થાય.

એમ કહી રાજા પોતે મૌન રહ્યો.

ત્યારબાદ સૂરીંદ્ર પોતાના હૃદયમાં કંઈક ધ્યાન કરી યોગ્ય વચન બોલ્યાં;

પરસ્પર વિરૂદ્ધ એવી શાસ્ત્રોની ગોષ્ઠીઓથી સર્યું. હું આ દેવને તારી આગળ પ્રત્યક્ષ કરું છું. આ મહાદેવ જે ધર્મ અથવા દેવની સાખીતી આપે, તેની તારે ઉપાસના કરવી.

કારણકે; દેવવાણી સત્ય હોય છે.

શંકરને પ્રગટ કરવા માટે હું માત્ર સ્મરણ કરું છું અને તું તેમની આગળ ઉત્તમ પ્રકારનો ધૂપ કર.

એ પ્રમાણે કુમારપાળને કહી મંત્રસ્નાન કરી મેરૂસમાન સ્થિર વૃત્તિએ સૂરીશ્વરે મંત્રનું ધ્યાન કરવાનો પ્રારંભ કર્યો.

અહો ! શંકર પણ શું સાક્ષાત્ થાય ? એમ વિસ્મિત થઈ ગુરુના કહ્યા પ્રમાણે આચરણ કરતો ભૂપતિ શંકરની આગળ ઉભો રહ્યો.

શંકરનો સાક્ષાત્કાર

ક્ષણ વાર પછી પ્રચંડ સૂર્ય મંડલની શોભાને અનુસરતો મહાન્ તેજનો સમૂહ શંકરના લિંગમાંથી પ્રગટ થયો.

તેના મધ્યમાંથી દેદીપ્યમાન કાંતિમય મહેશ્વર પ્રગટ થયા. ગંગા સહિત જટા, ચંદ્રકળા અને ત્રણ નેત્ર વિગેરે વિભૂતિથી જેની મૂર્ત્તિ શોભતી હતી.

પછી ધ્યાનથી મુક્ત થઈ સૂરીશ્વર બોલ્યા. હે નૃપ! આગળ રહેલા આ શંકરનાં તું દર્શન કર. એમને પ્રસન્ન કરી બરોબર પૂછીને સત્ય તત્ત્વનો તું સ્વીકાર કર.

તત્કાળ દર્શનથી પ્રગટ થયેલા આનંદસાગરમાં મગ્ન થયેલા ભૂપતિએ ભૂતળનો અષ્ટાંગ સ્પર્શ કરી શંકરને નમસ્કાર કર્યો.

ત્યારપછી હાથ જોડી કહ્યું. હે જગત્પતે! અધ્યાત્મદૃષ્ટિઓને પણ આપનું દર્શન સદૈવ દુર્લભ હોય છે, તો મારા સરખા ચર્મચક્ષુ વાળાઓને થાય જ કયાંથી?

પરંતુ સિદ્ધાંજનની સહાયથી જેમ લોકોત્તમનિધિ તેમ આ ગુરુ મહારાજના ધ્યાનથી આપનાં દર્શન મને થયાં.

કલ્પદ્રુમને પામી દરિદ્ર અને અમૃતને પામી તૃષાતુરની જેમ આજે ભાગ્યવડે આપનાં દર્શન કરી મારો આત્મા નૃત્ય કરતો હોયને શું? તેમ આનંદિત થયો છે.

એમ કહી ગૂર્જરેશ્વરે શંકરને પૂછયું.

ત્યારે તે પોતાના ધ્વનિવડે દેવાલયના મધ્યભાગને ગજાવતા હોયને શું? તેમ કહેવા લાગ્યા.

હે ચૌલુક્ય નરેંદ્ર! તને ધન્યવાદ છે અને તું વિવેકી છે. હાલમાં મુમુક્ષની જેમ તને ઉત્તમ પ્રકારની ધર્મજીજ્ઞાસા પ્રગટ થઈ છે. અન્યથા આત્મવૈરીની માફક રાજાઓ પ્રાયે રાજ્ય મેળવીને મદોન્મત્ત થાય છે. અને પ્રાપ્ત થયેલા પણ ધર્મને કરતા નથી.

વળી મદોન્મત્તની જેમ રાજાઓ સદાચાર પાલતા નથી. હિતવચન સાંભળતા નથી અને પોતાની આગળ રહેલા પૂજ્યગુરુઓને પણ દેખતા નથી.

નિદ્રામાં સુતેલા, વિષથી ઘેરાયેલા અને આચારથી પતિત થયેલાની જેમ રાજાઓ સાંભળતાયે નથી, તો ધર્મકાર્ય તો કરે જ કયાંથી?

અનેક ભદ્ર (શ્રેયસ) વડે શ્રેષ્ઠ મહોદય જેનો અવશ્ય થવાનો હોય, તેજ પુરુષ ધનાર્થી જેમ લક્ષ્મીપતિને તેમ ધર્મની સેવા કરે છે.

વળી હે રાજન! ભુક્તિ અને મુક્તિ આપનાર નિર્માયિક ધર્મને

તું ઇચ્છતો હોય તો મૂર્તિમાન પરબ્રહ્મ સમાન આ સૂરીશ્વરની સેવા કર.

વળી આ સૂરીશ્વર સર્વદેવનો અવતાર છે.

નિષ્કપટ (શુદ્ધ) બ્રહ્મચારી છે.

બાલ્યાવસ્થાથી આરંભીને ચારિત્રધારી છે.

સિદ્ધાન્તના પારગામી છે.

જ્ઞાનવડે કરમાં રહેલા આમળાની માફક સમ્યક્પ્રકારે અન્ય જનોના મનની સ્થિતિ જાણે છે.

એટલું જ નહીં પણ હાલમાં બ્રહ્મા સમાન તત્ત્વજ્ઞાની આ મહામુનિ પૃથ્વીપર વિજયવંત વર્તે છે.

હે ભુપાળ! એમના કહ્યા પ્રમાણે વર્તવાથી તું પોતાનું ઇષ્ટ કાર્ય સિદ્ધ કરીશ. એ પ્રમાણે કહી શંકર સ્વપ્નદૃષ્ટની માફક અદૃશ્ય થઈ ગયા.

ગુરુ પ્રાર્થના

ત્યારબાદ પ્રસન્ન થયેલા ગૂર્જરેશ્વરે સૂરિને કહ્યું.

હે ભગવન્! ખરેખર તમે જ ઈશ્વર છો, કારણ કે મહેશ્વર પણ આપના સ્વાધીન છે.

વળી હે જગદ્‌ગુરુ! મેં પૂર્વભવમાં પાકાં પુણ્ય કર્યાં હશે કે, જેના તમારા સરખા તત્ત્વદર્શી ગુરુ વિરાજે છે.

આજથી આરંભી મારા ગુરુ, પિતા, માતા, બંધુ અને મિત્ર પણ તમે એક જ છો. અન્ય કોઈ નથી.

તેમજ આપે પ્રથમ મને જીવિતદાન આપવાથી આલોક આપ્યો છે અને હવે શુદ્ધધર્મના ઉપદેશવડે પરલોક પણ આપો.

ગુરુ મહારાજ બોલ્યા. જો એવો તારો નિશ્ચય હોયતો હાલમાં પાપની માફક માંસાદિક અભક્ષ્ય વસ્તુનો તું ત્યાગ કર. પછી હું તને ધર્મોપદેશ આપું.

હવેથી હું આપના કહ્યા પ્રમાણે વર્તીશ, એમ કહી બહુ આનંદ

માનતા રાજાએ તેજ વખતે પુણ્યની પ્રાપ્તિથી પવિત્ર દિવસની માફક અભક્ષ્યનો નિયમ કર્યો.

ત્યારપછી ત્યાંથી હેમચંદ્રસૂરિ સહિત શ્રીકુમારપાળરાજા પ્રયાણ કરી પતાકાઓવડે આકાશને પીળાસપર બનાવતા પ્રભાસ પાટણનગરમાં આવ્યા.

ત્યારબાદ સુંદર વચનની માફક સોમેશ્વરની વાણીનું સ્મરણ કરતો શ્રીકુમારપાળરાજા હંસની માફક હમેશાં સૂરીશ્વરના ચરણકમળની સેવા કરવા લાગ્યો.

વળી તે રાજા કોઈ દિવસ તેમના સ્થાનમાં જઇને, કોઈ દિવસ સભામાં બોલાવીને સૂરીશ્વરના મુખકમળમાંથી ભ્રમરની માફક ધર્મ-રસનું પાન કરતો હતો.

સૂરીશ્વરના અમૃતસમાન ઉપદેશરસનું પાન કરવાથી વિષવેગની જેમ નરેંદ્રનું મિથ્યાત્વ ધીમે ધીમે નષ્ટ થવા લાગ્યું. અનુક્રમે કુમારપાળરાજા સ્વધર્મની આરાધના કરતો નવીન શ્રાવક જેમ કંઇક જૈનધર્મ પર શ્રદ્ધાળુ થયો.

દેવબોધસંન્યાસી

ભૃગુક્ષેત્ર (ભરૂચ) માં શંકરસમાન મહાવ્રતધારી **દેવબોધિ**નામે સંન્યાસી રહેતો હતો. તેનું મન બહુ શુદ્ધ હતું.

તે દેવબોધિ કોઇક પર્વના દિવસે સ્નાન કરવા માટે ગંગાપર ગયો.

તે સમયે ત્યાં બહુ કલાવાન અને લોકમાન્ય **દીપક** પણ આવ્યો.

પછી દીપકે તીર્થસ્થાનમાં ઉંચે સ્વરે તાણીને કહ્યું,

હે લોકો! મારી પાસેથી સરસ્વતીમંત્ર અને સુવર્ણ ગ્રહણ કરો.

સુવર્ણનું નામ સાંભળી એકદમ ઘણા લોકોએ તે વચનનો સ્વીકાર કર્યો.

સરસ્વતીમંત્રનો તો એક પણ માણસે સ્વીકાર કર્યો નહીં, કારણ કે સર્વ જગત લક્ષ્મીને આધીન છે.

વળી હું માનું છું કે; વાણી વર્ણમયી છે અને લક્ષ્મી સુવર્ણ-મયી છે, માટે વર્ણહીન વાણીનો ત્યાગ કરી લોકો વર્ણથી અધિક એવી લક્ષ્મીનો સ્વીકાર કરે છે.

મરણાભિમુખ દીપક

પોતાના આયુષની સમાપ્તિ જાણી માનવદેહનો ત્યાગ કરવાની ઇચ્છાથી દીપકના મનમાં વિચાર થયો કે, આ બંને કલાઓ મારે કોને આપવી.

સરસ્વતીના મંત્રસમાન આ દુનિયામાં બીજો કોઇ સાર નથી અને સુવર્ણસિદ્ધિસમાન કોઇ સ્થિર નથી.

આ બંને કળાઓ પાત્રના અભાવથી જરૂર મારી સાથે આવશે.

આ વાત દેવબોધિના જાણવામાં આવી એટલે તે દીપકની બહુ સેવા કરવા લાગ્યો અને સારવાળા સારસ્વમંત્રને તેણે વિધિ સહિત દીપક પાસેથી ગ્રહણ કર્યો.

પછી બહુ બુદ્ધિમાન તે દેવબોધિ ભૃગુક્ષેત્રમાં ગયો અને નર્મદા-કિનારે બેસી મંત્રના ધ્યાન માટે તેણે પ્રારંભ કર્યો.

મનની સ્થિરતાવડે દેવબોધિ સરસ્વતીનું ધ્યાન કરવા લાગ્યો. અને સ્થાણુ–વૃક્ષની માફક સ્થિરવૃત્તિએ ક્ષુધાતૃષાદિકને પણ કિંચિત્ માત્ર જાણતો નહોતો.

અનુક્રમે લક્ષજાપ થયો તોપણ સરસ્વતી પ્રસન્ન થઈ નહીં, પરંતુ આશાને લીધે તેણે ફરી ફરીને આગ્રહ પૂર્વક પાંચ લાખ જાપ કર્યો. એકંદર છ લાખ જાપ થયો, છતાં પણ દેવી પ્રસન્ન થઈ નહીં.

તેથી દેવબોધિને બહુ ક્રોધ ચઢયો. તેણે પુષ્પમાલાની માફક જપમાલાને રીસથી આકાશમાં ફેંકી દીધી.

આકાશમાં કોઈએ અટકાવેલી હોયને શું ? તેમ તે જપમાળાને તારાની પંક્તિ સમાન સ્થિર રહેલી જોઇ દેવબોધિને આશ્ચર્ય થયું અને તે વિચારવા લાગ્યો.

આ સારસ્વત મંત્ર જો અસત્ય હોય તો પક્ષિણી સમાન આ જપમાળા આકાશમાં નિરાધાર કેવી રીતે રહી શકે ?

પરંતુ મારા દુર્ભાગ્યને લીધે જ આ મંત્ર મને સફલ થયો નહીં. કારણ કે, દૈવ જ્યારે પ્રતિકૂળ હોય ત્યારે સર્વનિષ્ફલ થાય છે.

એમ તે ચિંતા કરતો હતો, તેવામાં ત્યાં દિવ્યવાણી થઇ.

હે મહાશય ! તું શો વિચારે કરે છે ? તું તારી પાછળ જો ? તારા મંત્રની અસિદ્ધિનું કારણ તું જાણીશ.

તેણે પાછળ જોયું તો પોતાની પાછળ પિશાચિની સમાન મહાભયંકર છ સ્ત્રીઓ ઉભી હતી.

જેમનાં મુખ અને શરીર બહુ શ્યામ હતાં.

તેમજ વસ્ત્રો પણ શ્યામ હતાં. તે જોઈ દેવબોધિ વિચારમાં પડ્યો.

મૂર્તિમાન આ મારી પ્રાચીન પાપ સંપત્તિઓ છે અથવા દુર્ધ્યાનની પંકિતઓ સમાન આ રાક્ષસીઓ મને ખાવા માટે આવી હશે ? એમ તે વિતર્ક કરતો હતો, તેટલામાં ફરીથી આકાશવાણી થઈ.

હે દેવબોધિ ! પૂર્વભવના પાપવિપાકથી ઉત્પન્ન થયેલી આ છ જીવહત્યાઓ તે કરેલી છે.

હવે તે રાત્રીરૂપ જીવહત્યાઓ રહે છતે તારા હૃદયમાં સર્વથા સરસ્વતીના મંત્રપ્રસાદરૂપ સૂર્યનો પ્રકાશ કેવી રીતે થાય ?

એકેક લાખ જાપ કરવાથી તે છયે જીવહત્યાઓ તારા આત્માથી છુટી થઈ તારી પાછળ સ્ત્રીનું સ્વરૂપ ધારણ કરી ઉભી રહી છે.

બહુ ક્રોધથી તેં આ અક્ષમાલા (જપમાળા) જ્યારે આકાશમાં ફેંકી દીધી, ત્યારે પોતાના પ્રભાવવડે મેં તારા વિશ્વાસ માટે તેને આકાશમાં સ્થિર કરી.

હવે આ મંત્ર તારે થોડો જપવાનો બાકી રહ્યો છે, તેટલો જાપ કર એટલે સરસ્વતીદેવી તને પ્રસન્ન થશે. એમ કહી સરસ્વતીદેવી મૌન રહી.

પોતાના ઇષ્ટ કાર્યમાં સંદેહ સહિત અને બુદ્ધિશાલી દેવબોધિએ ફરીથી કરકમલમાં અક્ષમાલા લીધી અને જાપનો પ્રારંભ કર્યો.

સરસ્વતીદેવી

પૂર્ણિમાના ચંદ્રસમાન શરીરની કાંતિવડે શબ્દજ્ઞાનમય તેજને પ્રત્યક્ષ પ્રગટ કરતી હોયને શું ?

પ્રસન્ન નેત્રોવડે પ્રેમામૃતને વરસાવતી હોયને શું ? તેમ સરસ્વતીદેવી દેવબોધિની આગળ પ્રગટ થઇ.

કલા, વિદ્યા અને સાહસિકલોકોના ઉપકારમાં પણ અપાર એવા જલનો જેમ સમુદ્ર તેમ તું આધાર છે, માટે હે શ્રુતદેવી ! તારી આગળ આ મારી સ્તુતિ શા હિસાબમાં છે ?

કારણકે, ત્રણે લોકમાં જે સાંભળવામાં આવે છે, તે સર્વ તારી વિભૂતિ છે.

વળી હે બ્રહ્મપુત્રી ! પશુ સમાન પુરુષો તારી ઉપર અત્યંત વિરકત થઈ આલોકમાં જ માત્ર મહિમાને પ્રગટ કરનાર લક્ષ્મીને ધારણ કરે,

પરંતુ સમગ્ર વિદ્વાન્ વર્ગ સ્વર્ગ અને મોક્ષસુખ આપનાર એક તારા વિના બીજા કોઇને હૃદયમાં ધારણ કરતો નથી.

એ પ્રમાણે દેવબોધિ સરસ્વતીની સ્તુતિ કરી પ્રાર્થના કરવા લાગ્યો.

હે જનની ! વિદ્યા, ભકિત અને મુકિત મને તું આપ.

કલ્પવૃક્ષના મહિમા સમાન મારા વરદાન વડે તારૂં ધારેલું કાર્ય સિદ્ધ થાઓ, એ પ્રમાણે દેવબોધિને કહી સરસ્તી દેવી અદૃશ્ય થઈ ગઈ.

ત્યારપછી દેવીના પ્રસાદથી દેવબોધિ તત્કાલ વેદ વિદ્યામાં કુશલ થયો.

દોહદ (સ્ત્રીના પાદસ્પર્શ) થી સમય વિના પણ વૃક્ષ શું ફલતો નથી ?

એમ ત્રણે લોકને આનંદ આપનાર બીજી પણ ઉત્તમ કલાઓને શુકલપક્ષના ચંદ્રની માફક દેવબોધિએ ગ્રહણ કરી.

દેવબોધિપ્રયાણ

તેવામાં લોકોના મુખથી દેવબોધિના સાંભળવામાં આવ્યું, હેમચંદ્રસૂરિએ કુમારપાલરાજાને જૈનધર્મી કર્યો છે.

તેણે વિચાર કર્યો કે; મારા સરખો કલાવાન ગુરુ વિદ્યમાન છતાં ભ્રાંતની માફક રાજા પોતાના કુલક્રમથી આવેલા ધર્મનો કેમ ત્યાગ કરે છે ?

ફરીથી પણ જ્યારે એને વૈષ્ણવધર્મમાં સ્થાપન કરૂં તો જ આ મારી કલારૂપ લતાઓ સફલ થાય.

એમ વિચાર કરી અહંકારરૂપી ખીલા વડે બંધાયેલાની માફક દેવબોધિ તેજ વખતે કુમારપાલને ઉપદેશ કરવા માટે તેના નગરમાં આવ્યો.

ત્યાં મુકામ કરી તે ઇંદ્રજાલીની માફક અનેક પ્રકારનાં કૌતુક દેખાડીને બહુ ગુણવાન એવા નગરવાસી જનોને મોહિત કરવા લાગ્યો.

તેમજ વશીકરણાદિક વિવિધ પ્રકારની વિદ્યાઓનો ફેલાવ કરવા લાગ્યો. જેથી વિસ્મય પામી સર્વ નગરના લોકો સિદ્ધની માફક હંમેશાં તેની સેવા કરવા લાગ્યા. જો કે ત્યાગી પુરુષ કલારહિત હોય તો પણ તે લોકમાન્ય થાય છે, તો પછી કલાવાન તો ઘણું કરીને થાય તેમાં શું આશ્ચર્ય ?

સ્વભાવથી સુવર્ણ દરેકને પ્રિય હોય છે, વળી તે રત્નથી પ્રકાશિત હોય તો પછી તેનું તો કહેવું જ શું ?

દેવબોધિનો ચમત્કાર

કલાવાન પુરુષોના પ્રસંગમાં લોકો દેવબોધિની બહુ પ્રશંસા કરતા હતા,

એટલું જ નહી પણ એના જેવો કોઈ કલાઓમાં હોંશીયાર છે જ નહી, એ વાત કુમારપાલના સાંભળવામાં આવી. મયૂર પક્ષી જેમ મેઘને તેમ તેને જોવા માટે કુમારપાલને બહુ ઉત્સાહ થયો.

તેણે પોતાના આપ્તપુરુષો તેને તેડવા માટે મોકલ્યા.

કેળના પત્રનું આસન, કમલનાલનો દાંડો અને બહુ સૂક્ષ્મ સુતરના કાચા તંતુઓથી બાંધેલું એક સુખાસન તૈયાર કર્યું.

આઠ વર્ષના બાલકોની પાસે તે ઉપડાવ્યું અને તેની અંદર તે દેવબોધિ બેઠો.

પ્રભાતમાં રાજસભામાં જવા માટે નીકળ્યો.

તેવા પ્રકારનું આશ્ચર્ય જોઈ લોકોનાં નેત્રકમલ વિકસ્વર થઈ ગયાં.

મંત્રના આકર્ષણથી જેમ નગરના લોકો તેની ચારે બાજુએ વીંટાઇ વળ્યા. તેમજ પોતાના સેવકોવડે જેમ સ્વામી તેમ લોકોવડે વીંટાયેલો દેવબોધિ સભાસદોને ચકિત કરતો રાજસભામાં ગયો.

દેવબોધિને જોઈ રાજા પોતાના મનમાં વિચાર કરવા લાગ્યો કે, કેળના પત્રથી બનાવેલા સુખાસનમાં આ મોટા પેટ વાળો, ભારે માણસ કેવી રીતે બેઠો હશે? એની કળા કોઇ અદ્‌ભુત પ્રકારની જણાય છે.

દેવબોધિ સુખાસનમાંથી નીચે ઉતરી સુવર્ણમય સિંહાસન પર બેઠો અને પોતાના પગમાં પડેલા કુમારપાલને સદ્‌ભાવથી તેણે આશીર્વાદ આપ્યો, —

નિષ્કામોઽપિ મહાવ્રતી પ્રમથિતાઽનઙ્ગોઽપિ દેહેઽઙ્ગનાં,
બિભ્રત્પ્રેતવને વસન્નપિ શુચિર્ભીમોઽપિ શાન્તાત્મકઃ ।
પાર્શ્વસ્થૈકવૃષોઽપિ વાજિગજતાદ્યુદ્દામલક્ષ્મીપ્રદો—
દુર્લક્ષ્યોરુચરિત્રભૃદ્ ભવતુ તે શ્રીશઙ્કરઃ શઙ્કરઃ ॥ ૧ ॥

“ સર્વકામથી રહિત છતા પણ મહાવ્રતધારી,
કામદેવને મથન કરનાર છતા પણ શરીરે સ્ત્રીને ધારણ કરનાર,
સ્મશાનભૂમિમાં વાસ કરતા છતા પણ પવિત્ર,
બાહ્ય આકારથી ભયંકર છતા પણ શાંત આત્માવાળા,
એક વૃષના અધિપતિ છતા પણ અનેક હાથી ઘોડા વિગેરેને ઉત્કટ લક્ષ્મી આપનાર અને
દુર્લક્ષ્ય એવાં અનેક ચરિત્રોને ધારણ કરતા શ્રીમહાદેવ તમારા સુખદાયક થાઓ.”

હું માનું છું કે, હે કુમારપાલનરેશ! કમળ કાદવમાંથી ઉત્પન્ન થયેલું છે.

એ હેતુથી પોતાના સ્થાનભૂત તે કમલનો ત્યાગ કરી લક્ષ્મી, દેવગુરુ અને પંડિતાદિકના પૂજનવડે અત્યંત પવિત્ર થયેલા તારા હાથમાં હંમેશાં વાસ કરે છે,

એમ ન હોય તો આ તારો હાથ યાચકોને અતિશય ઈચ્છિત ધન કેવી રીતે આપે?

એમ કહી વિવિધ કલાઓને પ્રગટ કરવાથી અને સુંદર વચનમય વાતોવડે દેવબોધિએ રાજાને સારી પેઠે રંજીત કર્યો.

ત્યારબાદ એક પ્રહર દિવસ થયો એટલે તેણે રાજાને કહ્યું.

હે દેવ ! આપને દેવપૂજનનો અવસર થયો છે, એમ મારા જોવામાં આવે છે.

દેવબોધિનું વચન માન્ય કરી રાજાએ સ્નાન કર્યું. શુદ્ધવસ્ત્ર પહેર્યાં અને દેવબોધિને સાથે લઈ તે દેવમંદિરમાં ગયો.

ત્યાં સોનાના પાટલાપર શંકર વિગેરે દેવોને સ્થાપન કરી રાવણની માફક સ્થિર વૃત્તિએ તેણે વિધિ પ્રમાણે પૂજન કર્યું.

પછી દેવબોધિ બોલ્યો.

હે દેવ ! પરંપરાથી પ્રાપ્ત થયેલા અને ભૂર્ભુવઃ સ્વર્ગમય આ ત્રણ દેવનો તેમજ અતિશય પ્રિય એવા વેદોક્ત ધર્મનો ત્યાગ કરી તું શા માટે મૂર્ખની માફક જૈન મતનો સ્વીકાર કરે છે ?

વેદ અને સ્મૃતિથી વિરુદ્ધ એવો જૈન ધર્મ ઉત્તમ નથી, એજ કારણથી તત્ત્વજ્ઞાની પંડિતો તેનો ત્યાગ કરે છે.

જો આ જૈન માર્ગ મોક્ષપુરમાં જવાને સરલ હોય, તો તારા પૂર્વજો અન્ય માર્ગવડે શામાટે સંચાર કરે ?

માટે જો તું તારા આત્માનું હિત ઇચ્છતો હોય, તો નિર્દોષ એવા આ તારા પૂર્વધર્મ ત્યાગ કરીશ નહીં.

તે સાંભળી કુમારપાલ બોલ્યો. આ વેદોક્ત ધર્મ મોટો છે, પરંતુ તે હિંસામય છે. તેથી મારા મનને તેનો વિશ્વાસ રહેતો નથી.

છએ દર્શનોની વાણી પરસ્પર અત્યંત વિરોધી હોવાથી શોકયોની માફક કોઇ પણ ઠેકાણે મળતી નથી.

ફરીથી દેવબોધિ બોલ્યો. જો એમ હોય તો બ્રહ્માદિક દેવ અને તારા પૂર્વજોને પણ હું પ્રત્યક્ષ પ્રગટ કરી તને બતાવું, એટલે તું તેમને પૂછી જો. એમ કહી તેણે મંત્રના સામર્થ્યથી તેની આગળ પ્રથમ સંકેત કરેલાની માફક તે સર્વને બોલાવ્યા.

બ્રહ્મા, વિષ્ણુ, શંકર અને મૂળરાજ, ચામુંડરાજ, વલ્લભરાજ, દુર્લભરાજ, ભીમદેવ, કર્ણદેવ, તથા સિદ્ધરાજ એ સાત પોતાના પૂર્વજોને

પોતાની આગળ પ્રત્યક્ષ જોઈ કુમારપાલ ચકિત થઇ ગયો અને વિનય પૂર્વક તેમને નમ્યો.

વેદના ઉચ્ચારવડે કાનને વિષે અમૃતની વૃષ્ટિ કરતા, સત્યજ્ઞાનોત્પત્તિના સ્થાનભૂત, શરીર અને જ્ઞાનથી પણ ચાર મુખવાળા બ્રહ્મા,

હૃદયની અંદર રહેલી લક્ષ્મીના મુખનો પ્રકાશ હોયને શું ? તેમ વક્ષસ્થલમાં કૌસ્તુભમણિને ધારણ કરતા

તેમજ ચારે હાથમાં શંખ, ચક્ર, ગદા અને પદ્મ રહેલાં છે એવા વિષ્ણુ,

ત્રણ લોકને જોવા માટે જેમ ત્રણ નેત્રને ધારણ કરતા,

હાથમાં ત્રિશૂળ, મસ્તકે જટા અને ભાલમાં બાલચંદ્રને ધારણ કરતા શંકર,

એ ત્રણે દેવ એકઠા થઈ શરીરની ઉત્કૃષ્ટ કાંતિના મિષથી પરમજ્યોતિષને બતાવતા હોય ને શું ? તેમ કુમારપાલને કહેવા લાગ્યા.

હે નરેંદ્ર ! અમને બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર તું જાણ. વળી ત્રણે લોકની ઉત્પત્તિ, સ્થિતિ અને સંહારના કર્તા અમે છીએ.

તેમજ પોતાના ભક્તોને કરેલા કર્મના અનુસારે સંસાર અને મોક્ષ પણ કપટ રહિત અમે જ આપીએ છીએ.

અમારો રચેલો વેદધર્મ બહુ પવિત્ર છે. એની ઉપાસના કરનારા કયા પુરુષો સ્વર્ગ અને મોક્ષની નિઃસીમ લક્ષ્મીને નથી પામ્યા ?

માટે બહુકાલની ભ્રાંતિનો ત્યાગ કરી મુકિત માટે તું અમારૂં ભજન કર. કારણ કે;

અમારા જેવા બીજા કોઇ ઉત્તમ દેવ નથી. તેમજ તું મોક્ષની ઇચ્છા રાખતો હોય તો વેદોકત ધર્મનું આરાધન કર. એના જેવો કોઇ બીજો શુદ્ધ ધર્મ નથી.

વળી હે રાજન ! આ દેવબોધિયતીંદ્ર અમારી મૂર્તિ છે. એનું વચન માન્ય કરી પોતાનું કાર્ય તારે કરવું.

ત્યારબાદ તેના પૂર્વજો બોલ્યા. હે વત્સ ! અમે સાતે મૂલરાજ

વિગેરે તારા પિતરાઇઓ છીએ. તને ઉપદેશ આપવા માટે અમે અહીં આવ્યા છીએ, એ વાત નક્કી સમજવી.

તારા પૂર્વજોએ આચરેલા માર્ગનો શા માટે તું ત્યાગ કરે છે ? પ્રાચીન માર્ગનો ત્યાગ કરવાથી રથની માફક મનુષ્યોનો નક્કી નાશ થાય છે.

આ ત્રણ દેવ અને એમણે કહેલા ધર્મનો ભાવથી આશ્રય કરી ત્રણે લોકની લક્ષ્મીને અમે હંમેશા ભોગવીએ છીએ.

હે વત્સ ! જેમ અમે પોતાના પૂર્વજોના ક્રમને ઓલંધ્યો નથી, તેવી રીતે તું પણ સત્યની માફક પ્રાચીનમાર્ગનું ઉલ્લંઘન કરીશ નહીં. એમ કહી તેઓ ત્યાંથી અદૃશ્ય થઇ ગયા.

રાજા આશ્ચર્યસાગરમાં ગરક થયો. સોમેશ્વર અને તેમના વચનનું સ્મરણ કરતો રાજા જડ સરખો થઇ ગયો.

તારા કહ્યા પ્રમાણે હું વર્તીશ. એમ કહી કુમારપાલે દેવબોધને વિદાય કર્યો. પછી ચક્રવર્તીની જેમ પોતે સુંદર ભોજન કર્યું.

હેમાચાર્યચમત્કૃતિ

વાગ્ભટમંત્રી તે જ વખતે હેમચંદ્રસૂરિની પાસે ગયો અને દેવબોધિની સર્વ હકીકત નિવેદન કરી.

તેણે કહ્યું. હે ભગવન્ ! તે પૂજ્ય મહાત્મા કોઇપણ અલૌકિક ચમત્કારી દેખાય છે.

તેણે મંત્રો વડે બાંધિને જેમ શંકર વિગેરે દેવોનું આકર્ષણ કર્યું. એવા એના પ્રભાવે અયસ્કાંતમણિ લોહની જેમ રાજાના ચિત્તને નક્કી વશ કર્યું છે. માટે આપે એવું કરવું જોઇએ કે; કુમારપાલ પોતાના ધર્મમાં ગળીનો રંગ વસ્ત્ર પર જેમ અતિશય સ્થિર થાય.

સૂરિએ મંત્રીને કહ્યું. આ બાબતમાં તારે કોઇપણ પ્રકારની ચિંતા કરવી નહીં, પરંતુ સવારે કોઈપણ રીતે રાજાને વ્યાખ્યાનમાં તારે લાવવો. એ પ્રમાણે સૂરીંદ્રનો પ્રભાવ જાણી મંત્રી બહુ ખુશી થયો. પછી તે સાયંકાલના સમયે રાજસભામાં ગયો.

કુમારપાલે મંત્રીને કહ્યું. હે મંત્રિ ! બોલતો ખરો ? દેવબોધિ મહાત્માનું સામર્થ્ય ઈશ્વરના સરખું છે, તેં જોયું ?

મંત્રી વિનયપૂર્વક બોલ્યો. હે સ્વામિ ! એના મહિમાની શી વાત કહું !

તેની આજ્ઞામાં સુર અને અસુરો શિષ્યની માફક વર્તે છે. ચંદ્ર કલાવાન છે, તો પણ તેનામાં સોળ જ કલાએ રહેલી છે અને એનામાં તો ઘણી કલાઓ છે. જેથી તેણે ત્રણે જગતના લોકોને રંજીત કર્યા છે.

ત્યારપછી ભૂપતિએ વાગ્ભટને પૂછયું.

આપણા ગુરુ હેમાચાર્યમાં આવું કલાકૌશલ્ય છે કે નહીં ? તે તું કહે.

'આપણા ગુરુ એમ કહેવાથી પણ સ્વામીના હૃદયમાં હેમાચાર્ય ઉપર વિશેષ પ્રીતિ છે, એમ જાણી મંત્રી ખુશી થયો અને તે બોલ્યો,

હે સ્વામી ! આ આપણા આચાર્ય સર્વકલાદિકમાં પ્રાયે કુશળ હશે, કારણ કે રત્નાકરમાં રત્નોનો અસંભવ હોય નહીં.

રાજાએ વિચાર કર્યો. આ બાબતનો નિર્ણય તો કરવો. એમ ધારી તેણે કહ્યું. સવારે ત્યાં જઈ આચાર્યશ્રીને પૂછીશું.

એ પ્રમાણે નક્કી કરી મંત્રીને વિદાય કર્યો. મંત્રી પણ સૂરિની પાસે ગયો અને આ સર્વવૃત્તાંત નિવેદન કર્યું. પછી તે પોતાના સ્થાનમાં ગયો.

સૂરિએ પોતાના શિષ્યને કહ્યું. પ્રભાતમાં વ્યાખ્યાન સમયે નૃપાદિકના સમક્ષ મારૂં આસન તારે નીચેથી ખેંચી લેવું.

ભીંતથી દૂર સાતગાદીનું આસન રચ્યું. તેની ઉપર વ્યાખ્યાન માટે આચાર્ય બેઠા.

અધ્યાત્મ વિદ્યાવડે આંતરિક પાંચે પ્રાણવાયુનો નિરોધ કરી સિંહાસનથી કંઈક ઉંચા રહી ગુરુમહારાજે અમૃતના ઝરણા સમાન સુંદર વ્યાખ્યાનનો પ્રારંભ કર્યો.

તે સમયે કુમારપાલ વિગેરે જનોથી સભા ચિકાર ભરાઈ હતી. પરમતત્વનો બોધ આપનાર સૂરિની દેશના સાંભળતાં સભ્ય લોકો પરબ્રહ્મનો આસ્વાદ લેતા હોય ને શું ? તેમ આનંદમાં લીન થઇ ગયા.

વળી સૂરીશ્વરના વચનરૂપ અમૃતના સિંચનથી સભાસદોના શરીરે રોમાંચના મિષથી પુણ્યના અંકુરાઓ પ્રગટ થયા. એમાં કંઈ આશ્ચર્ય નહીં.

બરોબર વ્યાખ્યાનનો રંગ જામ્યો હતો, તે સમયે પ્રથમ શિક્ષા આપેલો શિષ્ય ઉભો થઇ ત્યાં આવ્યો અને સભ્ય લોકોના દેખતાં ગાંડાની માફક તેણે ગુરુનું આસન ખેંચી લીધું, છતાંપણ દેવની માફક ગુરુમહારાજ નિરાધાર રહ્યા અને અસ્ખલિત વાણીવડે પૂર્વની માફક વ્યાખ્યાન કરવા લાગ્યા.

એ પ્રમાણે ગુરુમહારાજની સ્થિતિ જોઈ કુમારપાલ વિગેરે સભ્યજનો બહુ વિસ્મય પામ્યા અને ચિત્રામણની માફક ક્ષણમાત્ર સ્થિર રહી મનમાં વિચાર કરવા લાગ્યા.

સર્વકલાઓના સ્થાનભૂત દેવબોધિને પ્રથમ જોયો હતો, પરંતુ તેને કેળના આસનનો પણ આધાર હતો. વળી તે મૌનધારી હતો. તેથી તેના શરીરના વાયુ જીતવામાં મુશ્કેલી આવે નહીં અને આ સૂરીંદ્ર તો નિરાધાર રહી વ્યાખ્યાન આપે છે, માટે આ સ્થિતિ ઘણી આશ્ચર્ય ભરેલી છે.

આ સૂરીંદ્ર સિદ્ધ, બુદ્ધ, બ્રહ્મા કે, શું ઈશ્વર છે ? અન્યથા એમની શકિત આવી શકિત આવી અદ્ભુત કયાંથી હોય ? અમારા ગુરુમાં નિરાધાર રહેવાની કલા છે કે નહીં, તે સંદેહને દૂર કરવા માટે આ સૂરીંદ્ર પોતે આ પ્રમાણે નિરાધાર સ્થિતિની કલા બતાવે છે.

આ સૂરીંદ્રને વિષે કેવલ કલાઓ દીપે છે, એટલું જ નહીં પરંતુ પરચિત્તના અવધારણથી સર્વજ્ઞપણું પણ સ્પષ્ટ દેખાય છે. તે સમયે નિરાધાર રહી સૂરીશ્વરે દોઢપ્રહર સુધી અમૃતની વૃષ્ટિ કરતા હોય, તેમ અમૃતની નદી સમાન ધર્મદેશના આપી.

અધ્યાત્મિક તથા કથા સાહિત્ય

પાંચો____પંચાવો____પસાવો_____

પુસ્તક નું નામ	કિંમત	વ્યવસ્થા
૧ કર્મયોગ ભા.૧.૨.૩	૬૦-૦૦	પૂ.આ શ્રીમદ્ બુધ્ધિસાગર સૂરિ.મ.સા.
૨ આનંદઘન પદ ભાવાર્થ ભા.૧.૨.૩	૭૫-૦૦	" "
૩ ભજન પદસંગ્રહ	૫-૦૦	" "
૪ શ્રાવક ધર્મ સ્વરૂપ	૫-૦૦	" "
૫ ષડ્ દ્રવ્ય વિચાર	૫-૦૦	" "
૬ પરમાત્મ જ્યોતિ	૧૧-૦૦	" "
૭ પરમાત્મ દર્શન	૨૧-૦૦	" "
૮ તત્વ અને દ્રવ્ય	૧૦-૦૦	" "
૯ પાથેય	૫-૦૦	" "
૧૦ જિન સ્તુતિ-ચતુર્વિંશતિકા તથા ઐન્દ્ર સ્તુતિ	૧૦-૦૦	પૂ.આ.શ્રીમદ્ અજીતસાગર સૂરિ.મ.સા. " "
૧૧ લઘુસ્તોત્ર રત્નાકર	૫-૦૦	" "
૧૨ તરંગાવતી (પ્રત) સંસ્કૃત	૨૦-૦૦	" "
૧૩ ગીત રત્નાકર	૫-૦૦	" "
૧૪ ગીત પ્રભાકર	૫-૦૦	" "
૧૫ આંબાડાળી આગ [ધનસેન ચરિત્ર]	૨૦-૦૦	" "
૧૬ સુર સુંદરી ચરિત્ર-ભા.૧.૨	૪૦-૦૦	" "
૧૭ ઘંટાકર્ણ-કલ્પ [સંસ્કૃત-ગુજરાતી]	૨૦-૦૦	પૂ.આ શ્રીમદ્ રાજિત ચન્દ્રોપાધ્યાય સૂરિ.મ.સા
૧૮ ચિકણગારી	૨૫-૦૦	મુનિ શ્રી દિવ્ય કિર્તીસાગર

પ્રાપ્તિસ્થાન

- મહુડી જૈન શ્વે.મૂ.પૂ. ટ્રસ્ટ મહુડી વા. (વિજાપુર) ફોન.નં.૫૬
- શ્રી બુધ્ધિસાગર સૂરિ જૈન સમાધિ મંદિર, સ્ટેશન રોડ, પિલાપુર (ઉ.ગુ.) ૩૮૧૭૦, ફોન.૨૦૮
- શ્રી બુધ્ધિ-કીર્તિ-જ્ઞાન-પ્રકાશન ટ્રસ્ટ. ફોન.નં.૪૧૨૨૨૮.
'સુલકોષા' નવપદ સોસાયટી, નવા વિકાસગૃહ સામે, પાલડી, અમદાવાદ-૩૮૦૦૦૭.
- નવનીત જે. મહેતા. સાગર પ્રીન્ટર્સ પાદશાહ ની પોળ, અમદાવાદ- ૩૮૦૦૦૧.